
યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# યોગદૃષ્ટિસમુચ્ચય

## શબ્દશઃ વિવેચન

## (ભાગ - ૨)




વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યોગદૃષ્ટિસમુચ્ચય

## શબ્દશઃ વિવેચન

## (ભાગ-૨)

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક પ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજ તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા
વિદ્વાન પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✱ સંકલન-સંશોધનકારિકા ✱

પ.પૂ. શાસનસમ્રાટ નેમિસૂરિ મહારાજાના સમુદાયના સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા. ના
પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન
## (ભાગ - ૨)

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૩ વિ. સં. ૨૦૬૩

આવૃત્તિ : પ્રથમ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૦૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

"પરમારાધ્યપાદ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** સમુદાયવર્તી સિદ્ધહસ્ત લેખક પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન તપસ્વી મુનિરાજ શ્રી **પ્રશમપૂર્ણવિજયજી મહારાજ સાહેબની** પાવન પ્રેરણાથી શ્રી આલવાડા જૈન સંઘ તરફથી આ પુસ્તકના પ્રકાશનમાં જ્ઞાનખાતાની રકમ મળી છે."

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૭૬

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❖ મુદ્રક ❖

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

## પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

**❖ મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

**❖ Bangalore :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

### વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મહારાજ સાહેબ

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

### વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ

૧. યોગદૃષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૧૬. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી (ભાગ-૧)

### પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ સંપાદિત

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

**લેખક :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ**

૧. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

## हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) महाराज साहब**

१. जैनशासन स्थापना

२. चित्तवृत्ति

३. श्रावक के बारह व्रत एवं विकल्प

४. प्रश्नोत्तरी

**लेखक :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) महाराज साहब**

१. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ENGLISH

**Lecturer : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB**

1. Status of religion in modern Nation State theory

**Author : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB**

1. Is Jaina Order Independent Religion or Denomination ?

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનના ગ્રંથો

## ગુજરાતી

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન

૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

# 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવીને પંચેન્દ્રિયત્વ પામ્યા પછી મનુષ્યભવમાં ધર્મની સામગ્રી મળતાં જીવે ધર્મ તો અનેક વાર કર્યો, છતાં મોક્ષ ન પામ્યો; કેમ કે યોગમાર્ગની જિજ્ઞાસા કરીને જીવે યોગમાર્ગમાં પ્રવેશ જ કર્યો નથી. તેવા જીવોની કરુણાથી તે જીવોને સન્માર્ગ બતાવવા યાકિનીમહત્તરાસૂનુ ૧૪૪૪ ગ્રંથના રચયિતા સૂરિપુરંદર પૂજ્ય **હરિભદ્રસૂરિ મહારાજા**એ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથની રચના કરી છે.

મધ્યમ વિસ્તારવાળો આ ગ્રંથ, અપુનર્બંધકાદિ અવસ્થાને નહિ પામેલા પણ સરળ બુદ્ધિથી સત્યને સ્વીકારવાની તૈયારીવાળા પ્રજ્ઞાપનીય જીવોને અપુનર્બન્ધકાદિ અવસ્થા પમાડવા માટે અને અપુનર્બંધકાદિ અવસ્થા પામેલા જીવોને યોગમાર્ગની ક્રમસર ભૂમિકાઓ પમાડીને કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત ઉપકારક થાય તેમ છે.

'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા એ આઠ દૃષ્ટિઓથી આઠ વિભાગ પડે છે.

ચારિત્ર અંગીકાર કરતાં પહેલાં મેં શ્રી **મહેન્દ્રભાઈ પંડિત**ને (પૂ. **મોહજિતવિજય** મ.સા.) જોયેલા, અને એમણે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે જ્ઞાન પ્રાપ્ત કરવાની મારી ઇચ્છા હતી. તેથી એમની પાસે ભણેલાં અરુણાબેન, હાલમાં પૂ. **ભક્તિસૂરિ** મ.સા.ના સમુદાયનાં પૂ. **સા. બોધિરત્નાશ્રીજી**નો પરિચય કર્યો. ત્યારપછી પૂ. **સા. બોધિરત્નાશ્રીજી** દ્વારા પ. પૂ. **મુનિશ્રી યુગભૂષણ વિ.** મ.સા. અને **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા**નો પરિચય થયો. શાસનસમ્રાટ પૂ. આ. ભ. **નેમિસૂરિ મહારાજ**ના સમુદાયના પૂ. **ચંદ્રોદયસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન પૂ. **પંન્યાસ નિર્મળચંદ્ર વિ.** મ.સા.ની (સંસારી પક્ષે ભાઈ) સંમતિ મેળવીને **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ** પાસે અભ્યાસ શરૂ કર્યો. મેં એક વાર વાંચેલું કે મોક્ષ પામવા માટે યોગમાર્ગ જાણવો અત્યંત આવશ્યક છે, અને કોઈક પરમ પુણ્યોદયે તત્ત્વજ્ઞ અધ્યાત્મરસિક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા પાસે **'યોગદૃષ્ટિસમુચ્ચય'** ગ્રંથનો અભ્યાસ કરવાની મને સોનેરી તક સાંપડી, તે બદલ આ ઉપકારી મહાત્માઓની હું ઋણી છું.

આ ગ્રંથના ગુજરાતી વિવરણના પ્રૂફસંશોધનાદિ કાર્યમાં શ્રુતોપાસક-શ્રુતપિપાસુ સુશ્રાવક **શ્રી શાંતિલાલ શિવલાલ શાહ**નો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે. તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની-વાંચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અને ઉપકૃતતા અનુભવેલ છે.

આ ગ્રંથરત્ન દ્વારા મને અને અન્ય વાંચકોને યોગમાર્ગની પ્રાપ્તિ થાય, સંસાર ટૂંકો થાય અને મોક્ષધામ પ્રતિ શીઘ્ર ગતિએ પ્રયાણ કરીએ અને પરમપદને પામીએ એ જ અભ્યર્થના.

**– શાસનસમ્રાટ પ. પૂ. નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના**
**પૂ. સાધ્વીજી ચારિત્રશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા**
**સાધ્વીજી ઋજુમતિશ્રીજી**

# 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ ભાગ-૨ ના પદાર્થોની સંકલના

**(૪) દીપ્રાદૃષ્ટિ :-**

દીપ્રાદૃષ્ટિમાં પ્રાણાયામ નામનું ચોથું યોગાંગ પ્રગટે છે, ઉત્થાન દોષનો અભાવ હોય છે અને તત્ત્વશ્રવણ નામનો ગુણ પ્રગટે છે; છતાં સૂક્ષ્મ બોધરહિત છે અર્થાત્ પહેલી ચારે દૃષ્ટિઓ સૂક્ષ્મ બોધરહિત છે, તે શ્લોક-૫૭માં બતાવેલ છે.

ચોથી દૃષ્ટિમાં પ્રગટ થતા ભાવપ્રાણાયામનું કારણ, ભાવરેચકાદિનું સ્વરૂપ અને ઉત્થાન દોષના અભાવનું સ્વરૂપ શ્લોક-૫૮-૫૯-૬૦માં બતાવેલ છે.

તત્ત્વશ્રવણ ગુણનું સ્વરૂપ અને તેનું વિશેષ ફળ શ્લોક-૬૧ થી ૬૪ સુધી બતાવેલ છે.

પ્રથમની ચાર દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ નથી. તેથી સૂક્ષ્મબોધ કેવા પ્રકારનો હોય છે, તેનું સ્વરૂપ શ્લોક-૬૫-૬૬માં બતાવેલ છે.

વળી, પહેલી ચાર દૃષ્ટિમાં યોગમાર્ગ વિષયક બોધ હોવા છતાં સૂક્ષ્મબોધ કેમ નથી, તે બતાવતાં કહે છે કે પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ તેવું બળવાન છે, જેથી તત્ત્વવિષયક બોધ થવા છતાં સંપૂર્ણ નિવર્તન પામતું નથી; તેથી પહેલી ચાર દૃષ્ટિમાં સૂક્ષ્મ બોધ નથી, અને તત્ત્વવિષયક જે સ્થૂલ બોધ છે, તે બોધ પક્ષીચ્છાયામાં જલચરની પ્રવૃત્તિ જેવા બોધ સદૃશ વેદ્યસંવેદ્યપદથી છે, તે શ્લોક-૬૭માં બતાવેલ છે.

પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ ઉલ્બણ કેમ છે ? તે સ્પષ્ટ કરતાં શ્લોક-૬૮માં કહે છે કે પહેલી ચાર દૃષ્ટિમાં નરકાદિ અપાયશક્તિનું મલિનપણું સૂક્ષ્મબોધને અટકાવનાર છે. માટે અવેદ્યસંવેદ્યપદ ઉલ્બણ છે.

વળી, પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોને ભગવાનના વચનરૂપ શ્રુતરૂપી દીપકથી અપાયનું દર્શન તાત્ત્વિક થતું નથી, પરંતુ પરમાર્થની આભા જેવું તત્ત્વદર્શન થાય છે. આથી જ પહેલી ચાર દૃષ્ટિમાં અનાભોગાદિથી પાપપ્રવૃત્તિ થાય છે, તે શ્લોક-૬૯માં બતાવેલ છે.

વળી, વેદ્યસંવેદ્યપદવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોની કદાચ પાપમાં પ્રવૃત્તિ થાય તોપણ તપ્તલોહપદન્યાસ તુલ્ય થાય છે, તે કથન શ્લોક-૭૦માં સ્પષ્ટ કરેલ છે.

વેદ્યસંવેદ્યપદવાળા યોગીની પાપપ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસતુલ્ય કેમ થાય છે, તેની યુક્તિ શ્લોક-૭૧માં આપેલ છે.

અવેદ્યસંવેદ્યપદવાળાને પરમાર્થથી બોધ નથી, પરંતુ વેદ્યસંવેદ્યપદવાળાને જ પરમાર્થથી બોધ છે, તે શ્લોક-૭૨માં બતાવેલ છે.

વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ શ્લોક-૭૩-૭૪માં બતાવેલ છે અને અવેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ શ્લોક-૭૫માં બતાવેલ છે. ભવાભિનંદિ જીવોને અવેદ્યસંવેદ્યપદ હોય છે. તેથી શ્લોક-૭૬માં ભવાભિનંદિ જીવનું સ્વરૂપ બતાવેલ છે.

ભવાભિનંદિ જીવોને અસદ્ પરિણામ હોવાને કારણે તેઓને થતો બોધ સુંદર નથી, તે કથન શ્લોક-૭૭ થી ૮૪ સુધી કરેલ છે.

અવેદ્યસંવેદ્યપદ મહાઅનર્થકારી છે. માટે કલ્યાણના અર્થીએ તેને જીતવા માટે કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ, તે શ્લોક-૮૫માં બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ચાર દૃષ્ટિવાળા જીવો કલ્યાણના અર્થી છે, માટે મહાત્મા છે; આમ છતાં તેઓમાં અવેદ્યસંવેદ્યપદરૂપ આન્ધ્ય છે, તેથી હવે જો તેઓ અવેદ્યસંવેદ્યપદને જીતવા માટે ઉત્તમ પુરુષોનો યોગ અને સત્શાસ્ત્રોનો સંબંધ કરે તો જીતી શકે, જેથી હિતની પ્રાપ્તિ થાય.

અવેદ્યસંવેદ્યપદ જિતાયું છે કે નહિ, તેનો નિર્ણય કરવા માટે અવેદ્યસંવેદ્યપદના જયનાં લિંગો શ્લોક-૮૬માં બતાવેલ છે.

અવેદ્યસંવેદ્યપદને જિવાડનાર કુતર્ક છે. તેથી કુતર્ક કેવો અનર્થકારી છે, તે શ્લોક-૮૭માં બતાવેલ છે.

કુતર્કને જીતવા માટે ઉત્તમ પુરુષોનો યોગ અને આગમોનો સંબંધ આવશ્યક છે, તે શ્લોક-૮૫માં બતાવ્યું. તેમ કુતર્કને જીતવા માટે અન્ય શું કરવું જોઈએ, તે બતાવવા શ્લોક-૮૮માં કહ્યું કે કુતર્કમાં અભિનિવેશને છોડીને શ્રુત, શીલ અને સમાધિમાં અભિનિવેશ કરવો જોઈએ, જેથી અવેદ્યસંવેદ્યપદ જિતાય.

વળી શ્રુત, શીલ અને સમાધિનું બીજ પરાર્થકરણ છે. તેથી કુતર્કમાં અભિનિવેશને છોડીને પરાર્થકરણમાં અભિનિવેશ કરવો જોઈએ, તે શ્લોક-૮૯માં બતાવેલ છે. કુતર્ક કેવો અસાર છે, તે શ્લોક-૯૦-૯૧માં બતાવેલ છે.

યોગમાર્ગની પ્રવૃત્તિમાં કુતર્કો કઈ રીતે પ્રવર્તે છે અને કેવા અસંબદ્ધ પ્રલાપવાળા છે, તે શ્લોક-૯૨ થી ૯૬ સુધી બતાવેલ છે.

કુતર્કથી તત્ત્વસિદ્ધિ થતી નથી, તે શ્લોક-૯૭-૯૮માં બતાવેલ છે.

અતીન્દ્રિય અર્થરૂપ ધર્માદિની સિદ્ધિ આગમથી જ થાય છે, તે શ્લોક-૯૯માં યુક્તિથી બતાવેલ છે.

આગમને પ્રધાન કરનારા કઈ રીતે ઉત્તમ તત્ત્વને પ્રાપ્ત કરે છે, તે શ્લોક-૧૦૦-૧૦૧માં બતાવેલ છે.

આગમથી, અનુમાનથી અને યોગના અભ્યાસથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, એમ શ્લોક-૧૦૧માં કહ્યું, તે અર્થને શ્લોક-૧૦૨ થી ૧૫૨ સુધી સ્પષ્ટ કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે આગમથી અતીન્દ્રિય પદાર્થોનો બોધ કરવા માટે યત્ન કરવો જોઈએ.

વળી, બધા દર્શનવાદીઓનાં આગમો જુદાં છે. તેથી કયા આગમથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે, તે બતાવતાં કહે છે કે આગમ સર્વજ્ઞના વચનરૂપ છે, અને સર્વ દર્શનકારો સર્વજ્ઞના વચનનો જ આશ્રય કરે

છે; માટે સર્વજ્ઞ જુદા છે, તેમ માનીને આગમને જુદાં માનવાં તે યુક્ત નથી. તે બતાવવાનો પ્રારંભ શ્લોક-૧૦૨થી કરે છે.

વ્યક્તિના ભેદથી સર્વજ્ઞ ભિન્ન હોવા છતાં બધા સર્વજ્ઞો એક જ અભિપ્રાયવાળા છે, તે શ્લોક-૧૦૨-૧૦૩માં બતાવેલ છે.

સર્વ દર્શનકારો સર્વજ્ઞને સામાન્યથી સ્વીકારે છે. તેથી સર્વ દર્શનકારો એક સર્વજ્ઞના ઉપાસક છે, તે શ્લોક-૧૦૪ થી ૧૦૮ સુધી સ્પષ્ટ કરેલ છે.

વળી, કોઈ પોતાના ઉપાસ્ય એવા સર્વજ્ઞને બુદ્ધ કહે છે, તો કોઈ મહાવીર કહે છે, તો વળી કોઈ અન્ય નામથી કહે છે. તેથી પોતાના ઇષ્ટ એવા ઉપાસ્યનો નામભેદ હોવા છતાં તે સર્વ એક સર્વજ્ઞના ઉપાસક છે, તે શ્લોક-૧૦૯માં બતાવેલ છે.

શાસ્ત્રગર્ભ એવી ઉપપત્તિથી ભિન્ન ભિન્ન દર્શનમાં રહેલા ઉપાસકો એક સર્વજ્ઞના ઉપાસક છે, તે શ્લોક-૧૧૦ થી ૧૧૪ સુધી બતાવેલ છે.

વળી, સદ્યોગશાસ્ત્રમાં દેવવિષયક ચિત્રભક્તિ અને અચિત્રભક્તિ બતાવેલ છે. તેથી ચિત્રભક્તિ કરનારા સંસારી જીવો છે અને અચિત્રભક્તિ કરનારા સંસારથી અતીત અવસ્થામાં જનારા છે. તેથી અચિત્રભક્તિ કરનારા કોઈ પણ દર્શનમાં રહેલા હોય તોપણ પરમાર્થથી તેઓ સંસારથી અતીત અવસ્થાને પ્રાપ્ત કરાવનાર માર્ગને સેવનારા છે. તેથી તેઓ સંસારથી અતીત અવસ્થાને પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવનારા એક સર્વજ્ઞની ઉપાસના કરનારા છે, તે શ્લોક-૧૧૦ થી ૧૧૪ સુધી બતાવેલ છે.

સંસારના કારણભૂત એવાં ઇષ્ટાપૂર્ત કર્મોમાં પણ અધ્યવસાયના ભેદથી ફળભેદ થાય છે, તે શ્લોક-૧૧૫માં બતાવેલ છે.

ઇષ્ટકર્મ અને પૂર્તકર્મનું સ્વરૂપ શ્લોક-૧૧૬-૧૧૭માં બતાવેલ છે.

સમાન પણ અનુષ્ઠાનમાં અભિસંધિના ભેદથી ફળભેદ થાય છે. આથી ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિમાં પણ અભિસંધિ મુખ્ય છે, તે શ્લોક-૧૧૮માં બતાવેલ છે.

ધર્માનુષ્ઠાનની કોઈ પણ પ્રવૃત્તિમાં ભિન્ન ભિન્ન અભિસંધિ થવાનું કારણ શું છે ? તે શ્લોક-૧૧૯માં બતાવેલ છે.

બુદ્ધિથી, જ્ઞાનથી કે અસંમોહથી અનુષ્ઠાન થાય છે, માટે એક અનુષ્ઠાનમાં ભિન્ન ભિન્ન અભિસંધિ પ્રાપ્ત થાય છે. તેથી બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહનું સ્વરૂપ શ્લોક-૧૨૦-૧૨૧માં બતાવેલ છે.

રત્નનો ઉપલંભ, રત્નનું જ્ઞાન અને રત્નની પ્રાપ્તિના દૃષ્ટાંતથી બુદ્ધિ આદિ ત્રણ જ્ઞાનોનું સ્વરૂપ શ્લોક-૧૨૨માં બતાવેલ છે.

સદ્અનુષ્ઠાનનું લક્ષણ શ્લોક-૧૨૩માં બતાવેલ છે. બુદ્ધિપૂર્વક કરાતી સંસારની ક્રિયા કે ધર્મની ક્રિયા, સંસારફળવાળી છે, તે શ્લોક-૧૨૪માં બતાવેલ છે.

જ્ઞાનપૂર્વક સર્વ અનુષ્ઠાનનું સેવન કુલયોગીઓને મુક્તિનું અંગ બને છે, તે શ્લોક-૧૨૫માં બતાવેલ છે.

અસંમોહથી કરાયેલું અનુષ્ઠાન ભવથી અતીત અવસ્થા તરફ જનારા યોગીઓને શીઘ્ર મોક્ષફળ આપનાર છે, તે શ્લોક-૧૨૬માં બતાવેલ છે.

ભવથી અતીત અવસ્થા તરફ જનારા યોગીઓ કેવી પ્રકૃતિવાળા હોય છે, તે શ્લોક-૧૨૭માં બતાવેલ છે.

ભવથી અતીત અવસ્થા તરફ જનારા સર્વ યોગીઓનો એક શમપરાયણ માર્ગ છે, તેથી તે સર્વ એક સર્વજ્ઞના ઉપાસક છે. તે શ્લોક-૧૨૮માં સ્પષ્ટ કરેલ છે.

ભવથી અતીત અવસ્થા તરફ જનારા સર્વ યોગીઓ એક પરતત્ત્વની ઉપાસના કરે છે. તેથી પરતત્ત્વનું સ્વરૂપ શું છે, તે શ્લોક-૧૨૯માં બતાવેલ છે.

વળી આ પરતત્ત્વને જુદા જુદા દર્શનકારો જુદા જુદા નામથી કહે છે. આમ છતાં સર્વને નિર્વાણ અવસ્થા જ અભિપ્રેત છે, તે શ્લોક-૧૩૦-૧૩૧માં સ્પષ્ટ કરેલ છે.

સર્વ દર્શનમાં રહેલા યોગીઓ ઉપાસ્યરૂપ પરતત્ત્વને જુદા જુદા નામે સ્વીકારે છે. તેનાથી શું ઐદંપર્ય પ્રાપ્ત થાય, તે બતાવતાં શ્લોક-૧૩૨માં કહે છે કે સંમોહ વગર નિર્વાણતત્ત્વનું પારમાર્થિક જ્ઞાન થયે છતે વિચારકોને તેની ભક્તિમાં વિવાદ થતો નથી=અમે પરતત્ત્વની ઉપાસના કરીએ છીએ તે સાચી છે, અને અન્ય દર્શનકારો પરતત્ત્વની ઉપાસના કરે છે તે ખોટી છે, તેવો વિવાદ થતો નથી, પરંતુ બધા દર્શનકારો એક પરતત્ત્વની પ્રાપ્તિ અર્થે ઉદ્યમ કરે છે, તેવો નિર્ણય થાય છે; અને પરતત્ત્વની પ્રાપ્તિ સર્વજ્ઞપૂર્વક થાય છે; તેથી સર્વ દર્શનના ઉપાસ્ય એક સર્વજ્ઞ છે, તેથી સર્વજ્ઞના વચનોમાં મતભેદ નથી. માટે સર્વજ્ઞકથિત આગમોનું આલંબન લઈને તેનાથી બોધ કર્યા પછી અનુમાન અને યોગના અભ્યાસ દ્વારા ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, એમ શ્લોક-૧૩૩નો શ્લોક-૧૦૧ સાથે સંબંધ છે.

અહીં પ્રશ્ન થાય કે જો સર્વ દર્શનકારો એક સર્વજ્ઞને માનતા હોય તો તેઓના ઉપાસ્ય એવા સર્વજ્ઞના વચનમાં મતભેદ નથી, છતાં તે તે દર્શનની દેશનાનો ભેદ કેમ છે ? અર્થાત્ કપિલ સર્વજ્ઞએ નિત્ય દેશના આપી અને સુગત સર્વજ્ઞએ અનિત્ય દેશના કેમ આપી ? તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૧૩૪ થી ૧૩૮ સુધી કરેલ છે.

સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વગર 'અમારા દર્શનના ઉપાસ્ય સર્વજ્ઞ છે, અન્ય દર્શનના ઉપાસ્ય સર્વજ્ઞ નથી,' એ પ્રકારનો પ્રતિક્ષેપ કરવો તે મહાઅનર્થનું કારણ છે, એમ શ્લોક-૧૩૯માં બતાવેલ છે.

વળી પરમાર્થને જાણ્યા વગર સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો તે અનુચિત કેમ છે, તે યુક્તિથી શ્લોક-૧૪૦ થી ૧૪૨ સુધી બતાવેલ છે.

વળી, ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા કે બુદ્ધ સર્વજ્ઞ હતા કે કપિલ સર્વજ્ઞ હતા, તેનો વિશેષ નિર્ણય યોગીજ્ઞાન=અતીન્દ્રિય પદાર્થ જોનાર એવા અતિશય જ્ઞાન વિના થઈ શકે તેમ નથી. તેથી અન્ધકલ્પ એવા વિશેષ તત્ત્વને નહિ જોનારાએ સર્વજ્ઞના વિષયમાં વિવાદ કરવો ઉચિત નથી. વળી અનુમાનથી પણ આ સર્વજ્ઞ છે અને આ સર્વજ્ઞ નથી, તેવો વિશેષ નિર્ણય થઈ શકે તેમ નથી. તે શ્લોક-૧૪૩-૧૪૪માં બતાવેલ છે.

વળી, અનુમાનથી પણ સર્વજ્ઞવિશેષનો નિર્ણય થઈ શકે તેમ નથી, તેમાં ભર્તૃહરિએ આપેલ યુક્તિ શ્લોક-૧૪૫માં બતાવેલ છે.

વળી અતીન્દ્રિય એવા સર્વજ્ઞાદિ પદાર્થોનો નિર્ણય યુક્તિથી પણ થઈ શકતો નથી, તે યુક્તિથી શ્લોક-૧૪૬માં બતાવેલ છે.

વળી, શુષ્ક તર્ક દ્વારા તત્ત્વની પ્રાપ્તિ થતી નથી, પરંતુ આગમ, અનુમાન અને યુક્તિથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે. તેથી તત્ત્વની પ્રાપ્તિના અર્થી જીવે શુષ્ક તર્કનો ત્યાગ કરીને શ્રુત, શીલ અને સમાધિમાં અભિનિવેશ કરવો જોઈએ, એમ શ્લોક-૧૪૭નો શ્લોક-૮૮ સાથે સંબંધ છે.

વળી મહાત્માઓએ સત્સંગ અને આગમ દ્વારા અવેદ્યસંવેદ્યપદને જીતવા અર્થે યત્ન કરવો જોઈએ, એમ શ્લોક-૮૫માં બતાવ્યું. ત્યારપછી તેને જીતવા માટે કુતર્કનો ત્યાગ કરવો જોઈએ, તેમ અનેક દૃષ્ટિકોણથી અત્યાર સુધી બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષના અર્થીએ ક્યાંય આગ્રહ રાખવા જેવો નથી, પરંતુ શ્રુત, શીલ અને સમાધિમાં આગ્રહ રાખવા જેવો છે, એમ શ્લોક-૮૮માં કહેલ, તેની પુષ્ટિ શ્લોક-૧૪૮ થી ૧૫૨ સુધી કરેલ છે.

**વિ. સં. ૨૦૬૩ તિથિ–વૈશાખ સુદ ૩** **— પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૨૦–૪–૨૦૦૭, શુક્રવાર**
**૩૦૨, વિમલ વિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ–૭.**

## અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **-: શ્લોક-૫૭ થી ૧૫૩ સુધી દીપ્રાદૃષ્ટિનું નિરૂપણ :-** | **૧૯૩ થી ૩૯૬** |
| ૫૭. | દીપ્રાદૃષ્ટિનું સ્વરૂપ. | ૧૯૩ થી ૧૯૫ |
| ૫૮. | ભાવરેચકાદિ ત્રણનું સ્વરૂપ. | ૧૯૫ થી ૧૯૮ |
| ૫૯-૬૦. | દીપ્રાદૃષ્ટિમાં વર્તતા ધર્મરાગનું સ્વરૂપ. | ૧૯૮ થી ૨૦૦ |
| ૬૧-૬૨. | તત્ત્વશ્રવણ ગુણનું સ્વરૂપ. | ૨૦૧ થી ૨૦૪ |
| ૬૩. | તત્ત્વશ્રવણ ગુણનું ફળ. | ૨૦૪ થી ૨૦૬ |
| ૬૪. | તત્ત્વશ્રવણ ગુણનું વિશેષ ફળ. | ૨૦૬ થી ૨૦૮ |
| **૬૫.** | **વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ :-** | **૨૦૮ થી ૨૧૦** |
| ૬૬-૬૭. | ચાર દૃષ્ટિઓમાં સૂક્ષ્મ બોધના અભાવની યુક્તિ. | ૨૧૦ થી ૨૧૫ |
| ૬૮. | નરકાદિ અપાયશક્તિના માલિન્યને કારણે સૂક્ષ્મ બોધનો અભાવ. | ૨૧૬ થી ૨૧૭ |
| ૬૯. | શાસ્ત્રથી પણ ચાર દૃષ્ટિ સુધી તાત્ત્વિક બોધનો અભાવ. | ૨૧૭ થી ૨૨૦ |
| ૭૦. | વેદ્યસંવેદ્યપદવાળાની તપ્તલોહપદન્યાસતુલ્ય પાપપ્રવૃત્તિ. | ૨૨૦ થી ૨૨૩ |
| ૭૧. | વેદ્યસંવેદ્યપદવાળાની સંવેગના અતિશયને કારણે ચરમ પાપપ્રવૃત્તિ. | ૨૨૩ થી ૨૨૭ |
| ૭૨. | પરમાર્થથી અવેદ્યસંવેદ્યપદનો પદરૂપે અસ્વીકાર અને વેદ્યસંવેદ્યપદનો પદરૂપે સ્વીકાર. | ૨૨૭ થી ૨૨૮ |
| ૭૩-૭૪. | વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ. | ૨૨૮ થી ૨૩૪ |
| ૭૫. | અવેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ. | ૨૩૪ થી ૨૩૮ |
| ૭૬. | ભવાભિનંદી જીવનું સ્વરૂપ. | ૨૩૯ થી ૨૪૩ |
| ૭૭. | ભવાભિનંદી જીવોના બોધની અસુંદરતા. | ૨૪૩ થી ૨૪૪ |
| ૭૮થી ૮૨. | ફલથી ભવાભિનંદી જીવોનું સ્વરૂપ. | ૨૪૪ થી ૨૫૫ |
| ૮૩-૮૪. | ભવાભિનંદી જીવોની પ્રવૃત્તિ. | ૨૫૫ થી ૨૫૯ |
| ૮૫. | ચારદૃષ્ટિવાળા યોગીઓમાં રહેલ અવેદ્યસંવેદ્યપદને જીતવાનો ઉપાય. | ૨૫૯ થી ૨૬૨ |
| ૮૬. | અવેદ્યસંવેદ્યપદ જિતાયું છે તેનાં લિંગો. | ૨૬૨ થી ૨૬૫ |
| ૮૭. | કુતર્કનું સ્વરૂપ. | ૨૬૫ થી ૨૬૭ |
| ૮૮-૮૯. | અવેદ્યસંવેદ્યપદને જીતવાનો ઉપાય. | ૨૬૭ થી ૨૭૧ |
| ૯૦. | કુતર્કની અસારતા. | ૨૭૧ થી ૨૭૪ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯૧-૯૨. | કુતર્કનું સ્વરૂપ. | ૨૭૪ થી ૨૮૩ |
| ૯૩-૯૪. | કુતર્કમાં પ્રવર્તતા અનુચિત વિકલ્પો. | ૨૮૩ થી ૨૮૭ |
| ૯૫ થી ૯૭. | દૃષ્ટાન્તમાત્રના આલંબનથી કુતર્કની પ્રવૃત્તિ. | ૨૮૭ થી ૨૯૨ |
| ૯૮. | શુષ્ક તર્કથી અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિ. | ૨૯૨ થી ૨૯૫ |
| ૯૯. | આગમથી અતીન્દ્રિય અર્થની પ્રાપ્તિ. | ૨૯૪ થી ૨૯૫ |
| ૧૦૦-૧૦૧. | અતીન્દ્રિય અર્થની પ્રાપ્તિનો ઉપાય : આગમ, અનુમાન અને યોગનો અભ્યાસ. | ૨૯૫ થી ૨૯૯ |
| ૧૦૨-૧૦૩. | સર્વજ્ઞના વિષયમાં પરમાર્થથી સર્વજ્ઞના ભિન્ન અભિપ્રાયનો અભાવ, અને મોહથી સર્વજ્ઞના ભેદનું આશ્રયણ. | ૨૯૯ થી ૩૦૧ |
| ૧૦૪. | સામાન્યથી સર્વ દર્શનકારો એક સર્વજ્ઞના ઉપાસક. | ૩૦૧ થી ૩૦૩ |
| ૧૦૫. | વિશેષથી છદ્મસ્થને સર્વજ્ઞવિશેષનો અનિર્ણય. | ૩૦૩ થી ૩૦૫ |
| ૧૦૬. | સામાન્યથી સર્વજ્ઞના ઉપાસકનું સ્વરૂપ. | ૩૦૪ થી ૩૦૫ |
| ૧૦૭-૧૦૮. | સર્વ દર્શનકારો દૂરાસન્ન ભેદથી એક સર્વજ્ઞના ઉપાસક. | ૩૦૫ થી ૩૦૮ |
| ૧૦૯. | બુદ્ધ-કપિલાદિ નામભેદ હોવા છતાં સર્વજ્ઞમાં ભેદનો અભાવ. | ૩૦૮ થી ૩૧૦ |
| ૧૧૦. | દેવવિષયક ચિત્રભક્તિ અને અચિત્રભક્તિનું સ્વરૂપ. | ૩૧૦ થી ૩૧૨ |
| ૧૧૧. | ચિત્રભક્તિ અને અચિત્રભક્તિ કરનારા જીવોનો ભેદ. | ૩૧૨ થી ૩૧૩ |
| ૧૧૨. | ચિત્રભક્તિ અને અચિત્રભક્તિ કરનારા જીવોનું સ્વરૂપ. | ૩૧૩ થી ૩૧૫ |
| ૧૧૩-૧૧૪. | સંસારી દેવોમાં ચિત્રભક્તિ થવાનું કારણ. | ૩૧૬ થી ૩૧૯ |
| ૧૧૫. | ઇષ્ટાપૂર્ત કર્મોમાં લોકોના જુદા જુદા પ્રકારના અધ્યવસાય. | ૩૧૯ થી ૩૨૧ |
| ૧૧૬. | ઇષ્ટકર્મનું સ્વરૂપ. | ૩૨૧ |
| ૧૧૭. | પૂર્તકર્મનું સ્વરૂપ. | ૩૨૨ |
| ૧૧૮. | સમાન પણ અનુષ્ઠાનમાં અધ્યવસાયના ભેદથી ફળભેદ અને ફળપ્રાપ્તિ પ્રત્યે અધ્યવસાયની પ્રધાનતા. | ૩૨૨ થી ૩૨૪ |
| ૧૧૯. | અનુષ્ઠાનમાં અધ્યવસાયનો ભેદ થવાનું કારણ. | ૩૨૫ થી ૩૨૭ |
| ૧૨૦. | સમાન પણ અનુષ્ઠાનમાં બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહથી ફળભેદ. | ૩૨૭ થી ૩૨૮ |
| ૧૨૧. | બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહનું સ્વરૂપ. | ૩૨૮ થી ૩૩૨ |
| ૧૨૨. | બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહના ભેદમાં દૃષ્ટાન્ત. | ૩૩૦ થી ૩૩૨ |
| ૧૨૩. | સદનુષ્ઠાનનું લક્ષણ. | ૩૩૨ થી ૩૩૪ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૨૪. | બુદ્ધિપૂર્વકના કરાયેલા ધર્માનુષ્ઠાનથી સંસારફળની પ્રાપ્તિ. | ૩૩૫ થી ૩૩૬ |
| ૧૨૫. | જ્ઞાનપૂર્વકના કરાયેલા ધર્માનુષ્ઠાનથી મોક્ષફળની પ્રાપ્તિ. | ૩૩૬ થી ૩૩૯ |
| ૧૨૬. | અસંમોહપૂર્વક કરાયેલા ધર્માનુષ્ઠાનથી શીઘ્ર મોક્ષફળની પ્રાપ્તિ. | ૩૩૯ થી ૩૪૦ |
| ૧૨૭. | અસંમોહપૂર્વક ધર્માનુષ્ઠાન કરનારા જીવોનું સ્વરૂપ. | ૩૪૧ થી ૩૪૨ |
| ૧૨૮. | ભવથી અતીત માર્ગમાં જનારા સર્વ દર્શનકારોનો એક શમપરાયણ માર્ગ. | ૩૪૨ થી ૩૪૪ |
| ૧૨૯. | પરતત્ત્વનું સ્વરૂપ. | ૩૪૪ થી ૩૪૬ |
| ૧૩૦. | પરતત્ત્વને કહેનારાં ભિન્ન ભિન્ન દર્શનોનાં નામો. | ૩૪૬ થી ૩૫૦ |
| ૧૩૧. | પરતત્ત્વનું લક્ષણ. | ૩૫૦ થી ૩૫૧ |
| ૧૩૨-૧૩૩. | સર્વ દર્શનકારોના ઉપાસ્ય એક સર્વજ્ઞ - તેના સ્વીકારની યુક્તિ. | ૩૫૨ થી ૩૫૬ |
| ૧૩૪-૧૩૫. | કપિલ અને સુગત સર્વજ્ઞ હોવા છતાં દેશનાભેદનું કારણ. | ૩૫૬ થી ૩૬૨ |
| ૧૩૬-૧૩૭. | તીર્થંકરની એક દેશનાથી શ્રોતાના ભેદથી બોધનો ભેદ. | ૩૬૨ થી ૩૬૬ |
| ૧૩૮. | નયભેદથી કપિલ-સુગત આદિ ઋષિઓની દેશનાનો ભેદ. | ૩૬૭ થી ૩૬૮ |
| ૧૩૯. | અન્ય દર્શનકારોના દેશનાભેદના પરમાર્થને જાણ્યા વગર તેના નિરાકરણમાં અનર્થની પ્રાપ્તિ. | ૩૬૯ થી ૩૭૧ |
| ૧૪૦-૧૪૨. | કોઈપણ દર્શનકારના કથનના અભિપ્રાયને જાણ્યા વગર તેના નિરાકરણમાં દોષપ્રાપ્તિની યુક્તિ. | ૩૭૧ થી ૩૭૫ |
| ૧૪૩. | અતીન્દ્રિય પદાર્થવિષયક છદ્મસ્થના વિવાદમાં અનર્થકારિતા. | ૩૭૫ થી ૩૮૦ |
| ૧૪૪. | અનુમાનથી પણ અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિ. | ૩૮૦ થી ૩૮૨ |
| ૧૪૫. | અનુમાનથી પણ અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિમાં ભર્તૃહરિની યુક્તિ. | ૩૮૨ થી ૩૮૩ |
| ૧૪૬. | હેતુવાદથી અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિમાં યુક્તિ. | ૩૮૩ થી ૩૮૪ |
| ૧૪૭. | મુમુક્ષુ માટે શુષ્ક તર્ક ત્યાજ્ય. | ૩૮૫ થી ૩૮૬ |
| ૧૪૮. | મુમુક્ષુ માટે શુષ્ક તર્ક ત્યાજ્યના સ્વીકારની યુક્તિ. | ૩૮૬ થી ૩૮૭ |
| ૧૪૯-૧૫૨. | ધર્મના વિષયમાં શુષ્ક તર્કને છોડીને બુદ્ધિમાનોએ કરવા યોગ્ય ઉચિત પ્રવૃત્તિઓ. | ૩૮૭ થી ૩૯૪ |
| ૧૫૩. | દીપ્રાદૃષ્ટિનો ઉપસંહાર. | ૩૯૪ થી ૩૯૬ |

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।।

## સૂરિપુરન્દર શ્રીહરિભદ્રસૂરિસન્દબ્ધ સ્વોપજ્ઞવ્યાખ્યાસમેત

# શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

## દીપ્રાદૃષ્ટિ

**અવતરણિકા :-**

उक्ता बला, साम्प्रतं दीप्रामाह –

**અવતરણિકાર્થ :-**

શ્લોક-૪૯ થી ૫૬ સુધી બલાદૃષ્ટિ કહેવાઈ. હવે દીપ્રાને=દીપ્રાદૃષ્ટિને, કહે છે –

**શ્લોક :-**

प्राणायामवती दीप्रा, न योगोत्थानवत्यलम् ।
तत्त्वश्रवणसंयुक्ता, सूक्ष्मबोधविवर्जिता ।।५७।।

**અન્વયાર્થ :-**

प्राणायामवती दीप्रा=પ્રાણાયામવાળી દીપ્રા अलम्=અત્યંત योगोत्थानवती न=યોગઉત્થાનવાળી નથી, तत्त्वश्रवणसंयुक्ता, सूक्ष्मबोधविवर्जिता=તત્ત્વશ્રવણસંયુક્ત, સૂક્ષ્મબોધરહિત છે. ।।૫૭।।

**શ્લોકાર્થ :-**

પ્રાણાયામવાળી દીપ્રા અત્યંત યોગઉત્થાનવાળી નથી, તત્ત્વશ્રવણસંયુક્ત સૂક્ષ્મબોધથી રહિત છે. ।।૫૭।।

**ટીકા :-**

'प्राणायामवती' चतुर्थाङ्गभावतः भावरेचकादिभावात् 'दीप्रा-' चतुर्थी दृष्टिः, 'न योगोत्थानवती'-तथाविधप्रशान्तवाहितालाभेन 'अलम्'=अत्यर्थम् 'तत्त्वश्रवणसंयुक्ता' शुश्रूषाफलभावेन 'सूक्ष्म-बोधविवर्जिता' निपुणबोधरहितेत्यर्थः ।।५७।।

**ટીકાર્થ :-**

**'प्राणायामवती' ..... निपुणबोधरहितेत्यर्थः ।। યોગનાં આઠ અંગોમાંથી ચોથા અંગના સદ્ભાવને કારણે ભાવરેચકાદિભાવ હોવાથી પ્રાણાયામવાળી દીપ્રા=ચોથી દૃષ્ટિ, છે; અલમ્=અત્યંત, યોગઉત્થાનવાળી નથી; કેમ કે તેવા પ્રકારની પ્રશાંતવાહિતાનો લાભ છે=ઉત્થાનદોષનું નિવારણ કરે તેવા પ્રકારની પ્રશાંતવાહિતાનો લાભ છે.**

**વળી આ દૃષ્ટિ શુશ્રૂષાગુણના ફળનો સદ્ભાવ હોવાને કારણે તત્ત્વશ્રવણગુણથી સંયુક્ત છે.**

**વળી આ દૃષ્ટિ સૂક્ષ્મબોધરહિત છે=નિપુણબોધથી રહિત છે. ।।૫૭।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૬માં યોગનાં આઠ અંગો પાતંજલઋષિના વચન પ્રમાણે બતાવ્યાં, તે પ્રમાણે ચોથી દૃષ્ટિમાં યોગના ચોથા અંગનો સદ્ભાવ હોય છે. આ ચોથું અંગ પ્રાણાયામરૂપ છે અને પ્રાણાયામના ત્રણ અવયવો છે : રેચક, પૂરક અને કુંભક.

હઠયોગના પ્રાણાયામમાં રેચક, પૂરક અને કુંભક વાયુને આશ્રયીને છે, જ્યારે યોગમાર્ગમાં પ્રાણાયામ શુભભાવો અને અશુભભાવોને આશ્રયીને છે. ચોથી દૃષ્ટિવાળા જીવો પોતાના બોધના બળથી અશુભભાવોનું રેચન કરે છે, શુભભાવોનું પૂરણ કરે છે, અને પૂરણ થયેલા શુભભાવોનું કુંભન કરે છે અર્થાત્ સ્થિરીકરણ કરે છે. તેથી ભાવપ્રાણાયામવાળી દીપ્રાદૃષ્ટિ છે, અને ભાવરેચકાદિનાં કાર્યો ગ્રંથકાર સ્વયં આગળ બતાવવાના છે.

અંધકારમાં કાષ્ઠના અગ્નિકણથી બોધ થાય તેવો બોધ બલાદૃષ્ટિનો છે, અને ગાઢ અંધકારમાં દીવાથી જેવો બોધ થાય તેવો બોધ ચોથી દૃષ્ટિમાં છે. માટે ત્રીજી દૃષ્ટિ કરતાં ચોથી દૃષ્ટિનો બોધ ઘણો અધિક છે, અને તેના કારણે ભાવપ્રાણાયામમાં તે યોગી યત્ન કરે છે.

વળી ચોથી દૃષ્ટિવાળા યોગીઓ જે ધર્મઅનુષ્ઠાન કરે છે, તેમાં અત્યંત યોગનું ઉત્થાન નથી અર્થાત્ ચિત્તમાં ઉત્થાનદોષ નથી; કેમ કે તેવા પ્રકારની પ્રશાંતવાહિતાની પ્રાપ્તિ થયેલી છે. આશય એ છે કે યોગમાર્ગના વિષયમાં ઘણો સ્પષ્ટ બોધ હોવાને કારણે આ યોગીઓનું ચિત્ત બાહ્ય પદાર્થોમાં આકર્ષણ વગરનું થયેલું છે. તેથી તેમના ચિત્તમાં શાંતરસનો પ્રવાહ વર્તે છે, તેના કારણે તે યોગી જે કોઈ ધર્મઅનુષ્ઠાન કરે છે, તેના દ્વારા વિશેષ વિશેષ પ્રકારના યોગની નિષ્પત્તિ કરી શકે છે. જ્યારે ત્રીજી દૃષ્ટિવાળા યોગીઓ ક્ષેપદોષ વગર પ્રવૃત્તિ કરતા હોવા છતાં ચિત્તમાં તેવા પ્રકારનો કષાયોનો ઉપશમ નહિ હોવાથી યોગની પ્રવૃત્તિમાં ઉત્થાનદોષ સંભવે છે. તેથી જે અનુષ્ઠાનના સેવનથી ત્રીજી દૃષ્ટિવાળા યોગીઓ યોગમાર્ગને ઉલ્લસિત કરી શકે છે, તેના કરતાં ચોથી દૃષ્ટિવાળા યોગીઓ ઉત્થાનદોષનો સંભવ નહિ હોવાને કારણે વિશેષ પ્રકારના યોગમાર્ગને ઉલ્લસિત કરી શકે છે.

અહીં અત્યંત યોગઉત્થાન નથી, એમ કહીને એ બતાવવું છે કે યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્ન કરે તેવો લેશ પણ ઉત્થાનદોષ તેમને નથી.

વળી, ચોથી દૃષ્ટિમાં તત્ત્વશ્રવણ નામનો ગુણ પ્રગટે છે જે શુશ્રૂષાગુણના ફળસ્વરૂપ છે. આશય એ છે કે ત્રીજી દૃષ્ટિવાળા જીવોને શુશ્રૂષાગુણથી તત્ત્વ સાંભળવાનો તીવ્ર અભિલાષ હોય છે, આમ છતાં શ્રવણની ક્રિયા ન પણ થાય, અને સામગ્રી મળે તો શ્રવણની ક્રિયા કરે, તોપણ ત્રીજી દૃષ્ટિમાં શ્રવણગુણ પ્રગટેલો નહિ હોવાથી ચોથી દૃષ્ટિવાળાને શ્રવણગુણથી જે રીતે સમ્યગ્બોધ થાય છે, તેવો સમ્યગ્ બોધ શુશ્રૂષાગુણવાળા જીવને શ્રવણસામગ્રીથી પણ થઈ શકતો નથી. વળી કોઈક ત્રીજી દૃષ્ટિમાં રહેલા શુશ્રૂષાગુણવાળા યોગીને શ્રવણસામગ્રી મળે તો તેનાથી શ્રવણગુણ પ્રગટે અને ચોથી દૃષ્ટિની પ્રાપ્તિ પણ થાય, અને ચોથી દૃષ્ટિવાળાને તો શુશ્રૂષાગુણના ફળરૂપે શ્રવણગુણ પ્રગટેલો છે, તેથી શક્તિના પ્રકર્ષથી શ્રવણની સામગ્રી મેળવવા પ્રયત્ન કરે, અને કદાચ તેવા ઉપદેશક ન મળે તોપણ યોગગ્રંથાદિનું અધ્યયન કરીને પણ શ્રવણગુણના બળથી યોગમાર્ગના બોધમાં યત્ન કરે, તો ચોથી દૃષ્ટિમાં પ્રગટ થયેલો શ્રવણગુણ શીઘ્ર બોધનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૫૪માં બતાવ્યું કે શુશ્રૂષાગુણવાળાને શ્રવણક્રિયાનો અભાવ હોય તોપણ શુશ્રૂષાગુણથી કર્મક્ષયરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તેમ ચોથી દૃષ્ટિમાં એમ ન કહ્યું કે શ્રવણગુણવાળા એવા યોગીને શ્રવણસામગ્રીનો અભાવ હોય તોપણ શ્રવણગુણને કારણે નિર્જરારૂપ ફળ પ્રાપ્ત થાય છે. તેથી ફલિત થાય છે કે શુશ્રૂષાગુણવાળાને શ્રવણની ક્રિયા હોય પણ અને ન પણ હોય; જ્યારે શ્રવણગુણવાળાને અવશ્ય શ્રવણક્રિયા હોય છે. આથી અર્થથી એ જણાય છે કે બાહ્ય ઉપદેશક ન મળે તોપણ શાસ્ત્રના બળથી ચોથી દૃષ્ટિવાળા યોગીઓ યોગમાર્ગને જાણવા માટે અવશ્ય યત્ન કરે છે, જે શ્રવણગુણનું કૃત્ય છે.

વળી, અંધકારમાં દીવાથી દેખાય તેવો ઘણો યોગમાર્ગનો બોધ આ ચોથી દૃષ્ટિમાં છે, તોપણ સૂક્ષ્મબોધથી રહિત છે; કેમ કે મિથ્યાત્વ અવસ્થામાં સૂક્ષ્મબોધ આવી શકતો નથી, અને ચોથી દૃષ્ટિ સુધી કંઈક મિથ્યાત્વના અંશો છે.

આનાથી અર્થથી એ પ્રાપ્ત થયું કે પ્રથમની ત્રણ દૃષ્ટિ પણ આ દૃષ્ટિની જેમ સૂક્ષ્મબોધરહિત છે. અહીં દીવા જેવો બોધ હોવા છતાં સૂક્ષ્મબોધ નથી તેમ બતાવવા માટે સૂક્ષ્મબોધરહિત કહેલ છે. જેમ ગાઢ અંધકારમાં દીવાથી ઘણા પદાર્થો દેખાય છે, તોપણ સૂક્ષ્મ પદાર્થો તો દીવામાં દેખાતા નથી, પરંતુ અંધકાર જાય અને દિવસ પ્રગટે ત્યારે દેખાય છે. તેમ આ ચોથી દૃષ્ટિમાં સૂક્ષ્મ તત્ત્વને જોઈ શકે તેવો બોધ નથી, જે સ્વયં ગ્રંથકાર આગળ બતાવશે. **॥૫૭॥**

**અવતરણિકા :-**

**भावरेचकादिगुणमाह –**

**અવતરણિકાર્થ :-**

**ભાવરેચકાદિના ગુણને=ફળને, કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે દીપ્રાદૃષ્ટિ ભાવરેચકાદિભાવવાળી હોવાથી પ્રાણાયામવાળી છે. તેથી જિજ્ઞાસા થાય કે ભાવરેચકાદિ શું છે ? તેનો બોધ કરવા માટે ભાવરેચકાદિના ફળને બતાવે છે, જેથી ભાવરેચકાદિના કાર્ય દ્વારા ભાવરેચકાદિના સ્વરૂપનો બોધ થાય.

**શ્લોક :-**

**प्राणेभ्योऽपि गुरुर्धर्मः, सत्यामस्यामसंशयम् ।**
**प्राणांस्त्यजति धर्मार्थं, न धर्मं प्राणसङ्कटे ।।५८।।**

**અન્વયાર્થ :-**

**अस्याम् सत्याम्=આ હોતે છતે=દીપ્રા હોતે છતે असंशयम्=સંશય વગર प्राणेभ्योऽपि=પ્રાણથી પણ धर्मः गुरुः=ધર્મ મહાન છે (જે કારણથી) धर्मार्थं=ધર્મ માટે प्राणान्=પ્રાણોનો त्यजति=ત્યાગ કરે છે, प्राणसङ्कटे=પ્રાણના સંકટમાં धर्मं न=ધર્મનો ત્યાગ કરતો નથી. ।।૫૮।।**

**શ્લોકાર્થ :-**

**દીપ્રા હોતે છતે સંશય વગર પ્રાણથી પણ ધર્મ મહાન છે, જે કારણથી ધર્મ માટે પ્રાણોનો ત્યાગ કરે છે, પ્રાણસંકટમાં ધર્મનો ત્યાગ કરતો નથી. ।।૫૮।।**

**ટીકા :-**

**'प्राणेभ्योऽपि'=इन्द्रियादिभ्यो, 'गुरुर्धर्मो'-महत्तर इत्यर्थः, 'सत्यामस्याम्' अधिकृतदृष्टौ दीप्रायाम् 'असंशयम्,' एतत्कुत इत्याह 'प्राणांस्त्यजति' 'धर्मार्थं'-तथोत्सर्गप्रवृत्त्या, 'न धर्मं प्राणसङ्कटे' त्यजति-तथोत्सर्गप्रवृत्त्यैव ।।५८।।**

**ટીકાર્થ :-**

'प्राणेभ्योऽपि' ..... तथोत्सर्गप्रवृत्त्यैव ।। આ હોતે છતે=અધિકૃત દૃષ્ટિ દીપ્રા હોતે છતે, સંશય વગર પ્રાણથી પણ=ઇંદ્રિયાદિથી પણ, ધર્મ, ગુરુ=મહાન, છે. एतद्=આને=દીપ્રાદૃષ્ટિવાળા જીવને, પ્રાણથી પણ ધર્મ મહાન જણાય છે એ, કેમ છે ? એથી કરીને કહે છે –

તે પ્રકારની ઉત્સર્ગની પ્રવૃત્તિથી=ધર્મરક્ષણનું કારણ બને તેવા પ્રકારના ઉત્સર્ગની પ્રવૃત્તિથી, ધર્મ માટે પ્રાણોને ત્યાગ કરે છે, અને તેવા પ્રકારના ઉત્સર્ગની પ્રવૃત્તિથી જ=ધર્મના રક્ષણનું કારણ બને તેવા પ્રકારની ઉત્સર્ગની પ્રવૃત્તિથી જ, પ્રાણનું સંકટ હોતે છતે=પ્રાણનાશનો પ્રસંગ હોતે છતે, ધર્મનો ત્યાગ કરતો નથી. ।।૫૮।।

**ભાવાર્થ :-**

ગાઢ અંધકારમાં પણ દીવા જેવો બોધ હોવાને કારણે દીપ્રાદૃષ્ટિવાળા યોગી ભાવરેચન, ભાવપૂરણ અને ભાવકુંભન કરે છે અર્થાત્ અશુભભાવોનું રેચન કરે છે, શુભભાવોનું પૂરણ કરે છે અને પૂરણ થયેલા શુભભાવોનું કુંભન કરે છે અર્થાત્ સ્થિરીકરણ કરે છે; અને તેના કારણે ચોથી દૃષ્ટિવાળા જીવોને સંશય વગર ઇંદ્રિયાદિ દશ પ્રાણો કરતાં ધર્મ મહાન દેખાય છે. તે ધર્મ મહાન કેમ દેખાય છે ? તે બતાવવા માટે પોતાનામાં પ્રગટ થયેલી ધર્મની મહાનતાની બુદ્ધિ કેવું કાર્ય કરે છે તે બતાવે છે :

ચોથી દૃષ્ટિવાળા જીવોને ધર્મનું અત્યંત મહત્ત્વ હોય છે, તેથી પ્રાણના ભોગે પણ ધર્મનું રક્ષણ થતું હોય તો અવશ્ય ધર્મનું રક્ષણ કરે છે, પરંતુ પ્રાણના સંકટમાં પણ ક્યારેય ધર્મનો ત્યાગ કરતા નથી. એ બતાવે છે કે ચોથી દૃષ્ટિમાં ધર્મનું મહત્ત્વ અતિશયિત થયેલું છે, જે શુભભાવના કુંભનરૂપ છે અર્થાત્ પોતાનામાં શુભભાવો સ્થિર થયા છે તેનું ફળ છે.

અહીં કહ્યું કે તે પ્રકારની ઉત્સર્ગની પ્રવૃત્તિથી ધર્મ માટે પ્રાણત્યાગ કરે છે. તેથી એ ફલિત થયું કે જો પ્રાણના ત્યાગથી શુભભાવરૂપ ધર્મનું રક્ષણ થતું હોય તો ઉત્સર્ગની પ્રવૃત્તિ હોવાથી અવશ્ય તે પ્રાણત્યાગ કરે છે; અને જો એમ જણાય કે ધર્મના રક્ષણ માટે હું પ્રાણત્યાગ કરીશ તો તેવા વિષમ સંયોગમાં મને દુર્ધ્યાન થશે, અને બાહ્ય શુભઅધ્યવસાયરૂપ ધર્મનું રક્ષણ થાય તેમ નથી; તો અપવાદથી ધર્મના રક્ષણ અર્થે પ્રાણત્યાગ ન પણ કરે, પરંતુ જો પ્રાણના ભોગે શુભઅધ્યવસાયરૂપ ધર્મનું રક્ષણ થતું હોય તો અવશ્ય પ્રાણનો ત્યાગ કરે. જેમ સુસાધુ જંગલમાંથી પસાર થતા હોય અને કોઈ હિંસક પ્રાણી સામેથી આવતું હોય અને પોતાની ચિત્તની ભૂમિકા તેવી સંપન્ન હોય તો સમિતિ આદિનું ઉલ્લંઘન કરીને દેહનું રક્ષણ કરવા યત્ન ન કરે, પરંતુ દેહના ભોગે પણ સમિતિ આદિના પાલનમાં જ યત્ન કરે. જેમ વજ્રાચાર્યે સામેથી આવતા સિંહને જોઈને વિચાર કર્યો કે જો ત્વરાથી વૃક્ષ આદિ ઉપર હું ચડી જાઉં તો દેહનું રક્ષણ થાય તેમ છે, તોપણ જીવરક્ષાના શુભ અધ્યવસાયથી ત્યાં જ ધ્યાનમાં બેસી જાય છે, અને સિંહ આવીને તેમનો વિનાશ કરે છે, તોપણ સમતાના પરિણામથી કેવલજ્ઞાનને પામે છે; અને જે સાધુ એ ભૂમિકામાં નથી, તે સાધુ દેહના રક્ષણ માટે યત્ન ન કરે તો હિંસક પ્રાણીના હુમલાથી દુર્ધ્યાનને પ્રાપ્ત કરીને સંયમના પરિણામથી પણ ભ્રષ્ટ થાય. તેવા સાધુને આશ્રયીને દેહના રક્ષણ માટે અપવાદથી વૃક્ષાદિ ઉપર ચડવાની ભગવાનની આજ્ઞા છે. તે રીતે ચોથી દૃષ્ટિવાળા જીવો પણ જો ઉત્સર્ગની પ્રવૃત્તિથી ધર્મનું રક્ષણ થતું હોય તો પ્રાણના ભોગે પણ ધર્મનું રક્ષણ કરે છે, અને અપવાદથી પ્રાણનું પણ રક્ષણ ધર્મના રક્ષણ અર્થે કરે છે. તે બતાવવા માટે કહ્યું કે 'तथोत्सर्गप्रवृत्त्या'=ધર્મનું રક્ષણ થાય તે પ્રકારની ઉત્સર્ગની પ્રવૃત્તિથી ધર્મ માટે પ્રાણત્યાગ કરે છે. વળી ટીકામાં બીજી વખત કહ્યું કે પ્રાણસંકટમાં તે પ્રકારની ઉત્સર્ગની પ્રવૃત્તિથી જ ચોથી દૃષ્ટિવાળા જીવો ધર્મત્યાગ કરતા નથી, ત્યાં પણ 'तथोत्सर्गप्रवृत्त्या' નો એ અર્થ છે કે જે પ્રકારે ધર્મનું રક્ષણ થતું હોય તે પ્રકારની ઉત્સર્ગની પ્રવૃત્તિથી પ્રાણસંકટમાં ધર્મનો ત્યાગ ચોથી દૃષ્ટિવાળા જીવો કરતા નથી. માટે બાહ્ય આચરણારૂપ ધર્મનું રક્ષણ કરવા માટે પ્રાણનો ત્યાગ કરવા તૈયાર થાય, અને ચિત્તમાં ધર્મનું રક્ષણ ન થાય તેમ જણાય, તો ચિત્તમાં ધર્મના રક્ષણ માટે પ્રાણનું રક્ષણ કરે, અને અપવાદથી બાહ્ય આચરણારૂપ ધર્મનો ત્યાગ કરે, એ પ્રકારનો વિવેક ચોથી દૃષ્ટિવાળાને હોય છે.

અહીં વિશેષ એ છે કે કોઈ નિમિત્તને પામીને જિનમંદિર આદિનો વિનાશ થતો હોય અને કોઈ જીવને પ્રાણના ભોગે જિનમંદિર આદિના રક્ષણનો પરિણામ થાય એટલા માત્રથી તે ચોથી દૃષ્ટિમાં છે એવો નિયમ બંધાય નહિ. ચોથી દૃષ્ટિમાં ઘણો વિવેક છે. તેથી જીવના શુભપરિણામરૂપ ધર્મને ધર્મ તરીકે જોઈ શકે છે, તેનું રક્ષણ ઉત્સર્ગથી પ્રાણના ભોગે થતું હોય તો પ્રાણના ભોગે પણ કરે છે, પરંતુ શુભપરિણામરૂપ ધર્મના રક્ષણ માટે પ્રાણનું રક્ષણ આવશ્યક જણાય તો બાહ્ય તે પ્રકારની ધર્મરક્ષણની પ્રવૃત્તિને છોડીને પણ પ્રાણનું રક્ષણ કરે છે. જેમ, અપવાદથી મુનિ સમિતિનું ઉલ્લંઘન કરીને પણ હિંસક પ્રાણીથી દેહનું રક્ષણ કરે છે. **॥૫૮॥**

**અવતરણિકા :-**

**अत्र प्रतिबन्धनिबन्धनमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=ધર્મમાં, પ્રતિબંધના કારણને=પ્રાણ કરતાં પણ અધિક રાગરૂપ પ્રતિબંધના કારણને, કહે છે -**

**શ્લોક :-**

**एक एव सुहृद्धर्मो, मृतमप्यनुयाति यः ।**
**शरीरेण समं नाशं, सर्वमन्यत्तु गच्छति ।।५९।।**

**અન્વયાર્થ :-**

एक एव=એક જ धर्मः=ધર્મ सुहृत्=મિત્ર છે, यः=જે मृतमपि=મૃત્યુ પામેલાને પણ=પરલોકમાં ગયેલા જીવને પણ अनुयाति=અનુસરે છે. तु=વળી शरीरेण समं=શરીરની સાથે अन्यत् सर्वम्=અન્ય સર્વ नाशं गच्छति=નાશ પામે છે. ।।૫૯।।

**શ્લોકાર્થ :-**

**એક જ ધર્મ મિત્ર છે, જે મૃત્યુ પામેલાને પણ અનુસરે છે. વળી શરીરની સાથે અન્ય સર્વ નાશ પામે છે. ।।૫૯।।**

**ટીકા :-**

'एक एव सुहृद्धर्मो'-नान्यः, तल्लक्षणयोगात् तदाह 'मृतमप्यनुयाति य' इति, 'शरीरेण समं नाशं'-व्ययं, 'सर्वमन्यत्तु गच्छति' स्वजनादि ।।५९।।

**ટીકાર્થ :-**

'एक एव ..... स्वजनादि ।। એક જ ધર્મ મિત્ર છે, અન્ય નહિ; કેમ કે તેના લક્ષણનો યોગ છે= ધર્મમાં મિત્રના લક્ષણનો યોગ છે. તેને=ધર્મમાં મિત્રનું લક્ષણ છે તેને, કહે છે : મૃત્યુ પામેલાને પણ જે અનુસરે છે.

**'इति'=એથી, ધર્મમાં મિત્રના લક્ષણનો યોગ છે, એ અર્થ 'इति' થી દ્યોતિત થાય છે. વળી શરીરની સાથે અન્ય સ્વજનાદિ સર્વ નાશ પામે છે. ।।૫૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે દીપ્રાદૃષ્ટિવાળા યોગીઓ ધર્મ માટે પ્રાણોનો પણ ત્યાગ કરે છે. આ પ્રકારના ધર્મ પ્રત્યેના રાગનું કારણ શું છે ? તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે :

ચોથી દૃષ્ટિવાળા યોગીઓને આત્માના ઉત્તમ પરિણામરૂપ ધર્મનું અત્યંત મહત્ત્વ હોય છે, અને તેથી તે વિચારે છે કે 'ધર્મ એક જ મિત્ર છે, અન્ય કોઈ મિત્ર નથી'; કેમ કે મિત્રના લક્ષણનો યોગ ધર્મ સિવાય ક્યાંય ઘટતો નથી. તે મિત્રનું લક્ષણ ધર્મમાં શું છે ? તે બતાવવા માટે કહે છે :

'ધર્મ મરેલાને પણ અનુસરે છે, જ્યારે શરીરની સાથે સ્વજનાદિ સર્વ નાશ પામે છે.' જે સદા પોતાને અનુસરે તે મિત્ર કહેવાય. તેથી પરલોકમાં સાથે આવે છે માટે ધર્મ એક જ મિત્ર છે, અને શરીરાદિ સાથે સ્વજનાદિ નાશ પામે છે, માટે મિત્ર નથી. અહીં ધર્મ શબ્દથી શુભ ક્રિયાઓના સેવનથી આત્મામાં પ્રગટ થયેલા ઉત્તમ અધ્યવસાયોનું અને તેનાથી બંધાયેલા પુણ્યનું ગ્રહણ કરવાનું છે. આ ઉત્તમ અધ્યવસાયરૂપ ધર્મ આ ભવમાં તો સંસ્કારરૂપે કે ઉપયોગરૂપે વિદ્યમાન રહે છે, પરંતુ મર્યા પછી પરલોકમાં પુણ્યરૂપે અને સંસ્કારરૂપે સાથે આવે છે; અને મિત્રની જેમ તે પુણ્ય ઉત્તમ ભવની પ્રાપ્તિ કરાવે છે, ઉત્તમ સામગ્રી આપે છે અને પૂર્વભવમાં ધર્મના સેવનથી પડેલા ઉત્તમ સંસ્કારોને પુણ્યરૂપે આવેલો ધર્મ જાગૃત કરે છે, અને મિત્રની જેમ તેના હિતની પરંપરાનું સર્જન કરે છે. જ્યારે ધન, કુટુંબ આદિ કોઈ વસ્તુ મૃત્યુ પછી સાથે આવતી નથી, તેથી જીવના મિત્ર જેવી નથી. આથી ચોથી દૃષ્ટિવાળા યોગીઓને પ્રાણથી પણ ધર્મ પ્રત્યે અધિક રાગ હોય છે અને સર્વ યત્નથી ધર્મના રક્ષણ માટે ઉદ્યમ કરે છે. **।।૫૯।।**

**શ્લોક :-**

**इत्थं सदाशयोपेतस्तत्त्वश्रवणतत्परः ।**
**प्राणेभ्यः परमं धर्मं, बलादेव प्रपद्यते ।।६०।।**

**અન્વયાર્થ :-**

**इत्थं=આ રીતે=શ્લોક-૫૯માં બતાવ્યું એ રીતે, सदाशयोपेतस्तत्त्वश्रवणतत्परः=સદાશયથી યુક્ત, તત્ત્વશ્રવણમાં તત્પર એવા ચોથી દૃષ્ટિવાળા યોગી प्राणेभ्यः=પ્રાણથી परमं धर्मं=શ્રેષ્ઠ એવા ધર્મને बलादेव=બલથી જ=અત્યંત प्रपद्यते=સ્વીકારે છે. ।।૬૦।।**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૫૯માં બતાવ્યું એ રીતે સદાશયથી યુક્ત, તત્ત્વશ્રવણમાં તત્પર એવા ચોથી દૃષ્ટિવાળા યોગી, પ્રાણથી શ્રેષ્ઠ એવા ધર્મને અત્યંત સ્વીકારે છે. ।।૬૦।।**

**ટીકા :-**

**'इत्थम्'-एवं 'सदाशयोपेतः' सन्, 'तत्त्वश्रवणतत्पर' एतत्प्रधानः, 'प्राणेभ्यः परमं धर्मं बलादेव प्रपद्यते' तत्स्वभावत्वात्, अतः एव न योगोत्थानमस्य ।।६०।।**

**ટીકાર્થ :-**

**'इत्थम्' ..... योगोत्थानमस्य ।। इत्थम्-एवं=આ રીતે=શ્લોક-૫૯માં બતાવ્યું એ રીતે, સદાશયથી યુક્ત, તત્ત્વશ્રવણમાં તત્પર=તત્ત્વશ્રવણપ્રધાન એવા ચોથી દૃષ્ટિવાળા યોગી, પ્રાણથી શ્રેષ્ઠ એવા ધર્મને બળથી જ=અત્યંત, સ્વીકારે છે; કેમ કે તત્સ્વભાવપણું છે=ધર્મને અત્યંત સ્વીકાર કરવાનું સ્વભાવપણું છે. આથી જ=ચોથી દૃષ્ટિવાળા યોગી ધર્મને અત્યંત સ્વીકારે છે આથી જ, આને=ચોથી દૃષ્ટિવાળા યોગીને, યોગમાં=યોગમાર્ગની પ્રવૃત્તિમાં, ઉત્થાન નથી=ઉત્થાનદોષ નથી. ।।૬૦।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૫૯માં બતાવ્યું કે ચોથી દૃષ્ટિવાળા યોગીને ધર્મ જ એક માત્ર મિત્ર જણાય છે, તેથી પ્રાણ કરતાં પણ ધર્મ પ્રત્યે તેને અધિક રાગ છે. આવા પ્રકારના સુંદર આશયથી યુક્ત ચોથી દૃષ્ટિવાળા યોગી હોય છે.

વળી આ યોગી ધર્મની વૃદ્ધિના અર્થી હોવાથી ધર્મના ઉપાયભૂત તત્ત્વશ્રવણમાં અત્યંત યત્નશીલ હોય છે, અને પ્રાણથી પણ શ્રેષ્ઠ એવા ધર્મને અત્યંત સ્વીકારે છે અર્થાત્ શક્તિના પ્રકર્ષથી જીવનમાં સેવવા યત્ન કરે છે; કેમ કે ચોથી દૃષ્ટિવાળા યોગીઓનો સ્વભાવ હોય છે કે ધર્મ સેવવામાં અત્યંત પ્રયત્ન કરે; અને ચોથી દૃષ્ટિવાળા યોગીઓનો આવો સ્વભાવ હોવાને કારણે યોગનું ઉત્થાન હોતું નથી અર્થાત્ યોગમાર્ગની પ્રવૃત્તિમાં ઉત્થાનદોષ હોતો નથી.

અહીં વિશેષ એ છે કે ચોથી દૃષ્ટિવાળા યોગીઓને ધર્મ જ એક માત્ર મિત્ર જણાય છે, માટે ધર્મની વૃદ્ધિના ઉપાયભૂત તત્ત્વશ્રવણમાં હંમેશાં ઉદ્યમશીલ હોય છે, અને પ્રાણથી પણ શ્રેષ્ઠ એવા ધર્મને સેવવામાં શક્તિના પ્રકર્ષથી યત્ન કરનારા હોય છે. આથી ધર્મસેવનકાળમાં તેઓના ચિત્તમાં અત્યંત પ્રશાંતવાહિતા વર્તતી હોય છે, જેથી ધર્મથી નિષ્પાદ્ય પરિણામને નિષ્પન્ન કરવામાં ચિત્ત અત્યંત સંશ્લેષવાળું બની રહે છે, પરિણામે યોગમાર્ગની પ્રવૃત્તિમાં ઉત્થાન નામનો દોષ આવતો નથી.

જેમ સંગીત સાંભળવામાં અત્યંત રસ હોવાથી સંગીતરસિક જીવનું ચિત્ત ઉત્થિત અવસ્થાવાળું હોતું નથી, પરંતુ સંગીતના રસમાં મગ્ન હોય છે; તેમ ચોથી દૃષ્ટિવાળા યોગીઓ સેવાતા ધર્મથી ઉપશમની પરિણતિ નિષ્પન્ન કરવા માટે મગ્ન પરિણામવાળા હોય છે. આથી શ્લોક-૧૫ની ટીકામાં કહ્યું કે ચોથી દૃષ્ટિવાળા યોગીઓ વંદનાદિ કરે છે, ત્યારે તેઓની ક્રિયા ભાવથી હોય છે; આમ છતાં સમ્યગ્દૃષ્ટિ જેવો સૂક્ષ્મબોધ નહિ હોવાને કારણે તેઓની વંદનક્રિયાને દ્રવ્યથી કહેલ છે. **।।૬૦।।**

**અવતરણિકા :-**

तत्त्वश्रवणगुणमाह –

**અવતરણિકાર્થ :-**

શ્લોક-૫૭માં કહેલ કે દીપ્રાદૃષ્ટિ તત્ત્વશ્રવણસંયુક્ત છે. તેથી હવે તત્ત્વશ્રવણના ગુણને=ફળને, કહે છે –

**શ્લોક :-**

**क्षाराम्भस्त्यागतो यद्वन्मधुरोदकयोगतः ।**
**बीजं प्ररोहमादत्ते, तद्वत्तत्त्वश्रुतेर्नरः ।।६१।।**

**અન્વયાર્થ :-**

क्षाराम्भस्त्यागतो=ખારા પાણીના ત્યાગથી मधुरोदकयोगतः=મધુર પાણીનો યોગ થવાને કારણે यद्वत्=જેમ बीजं=બીજ प्ररोहं=પ્રરોહને=વિકાસને आदत्ते=ધારણ કરે છે, तद्वत्=તેની જેમ नरः=મનુષ્ય तत्त्वश्रुतेः=તત્ત્વશ્રવણની ક્રિયાથી યોગમાર્ગના પ્રરોહને=વિકાસને, ધારણ કરે છે. ।।૬૧।।

**શ્લોકાર્થ :-**

**ખારા પાણીના ત્યાગથી મધુર પાણીનો યોગ થવાને કારણે જેમ બીજ વિકાસને ધારણ કરે છે, તેની જેમ મનુષ્ય તત્ત્વશ્રવણની ક્રિયાથી યોગમાર્ગના વિકાસને ધારણ કરે છે. ।।૬૧।।**

**ટીકા :-**

'क्षाराम्भस्त्यागतो यद्वन्मधुरोदकयोगतः', तन्माधुर्यानवगमेऽपि स्पष्टसंवित्त्या 'बीजं प्ररोहमादत्ते तद्वत्तत्त्वश्रुतेर्नरः', तत्त्वश्रुतेरचिन्त्यसामर्थ्यात् महाप्रभावत्वादिति ।।६१।।

**ટીકાર્થ :-**

'क्षाराम्भस्त्यागतो ..... महाप्रभावत्वादिति ।। ખારા પાણીના ત્યાગથી મધુર ઉદકના યોગને કારણે જેમ સ્પષ્ટ સંવિત્તિથી=સ્પષ્ટ સંવેદનથી, તેના માધુર્યના અનવગમમાં પણ=મધુર પાણીના માધુર્યના અનવગમમાં પણ=આ મધુર છે એવો સ્પષ્ટ બોધ નહિ હોવા છતાં પણ, બીજ પ્રરોહને=વિકાસને, ધારણ કરે છે; તેમ મનુષ્ય તત્ત્વશ્રુતિથી યોગમાર્ગના વિકાસને ધારણ કરે છે; કેમ કે તત્ત્વશ્રુતિનું અચિંત્ય સામર્થ્ય હોવાને કારણે મહાપ્રભાવપણું છે=ગુણના વિકાસમાં કારણ બને તેવા પ્રકારનું મહાપ્રભાવપણું છે.

❖ 'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૬૧।।

❖ 'तन्माधुर्यानवगमेऽपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે સ્પષ્ટ સંવિત્તિથી મધુર પાણીના માધુર્યના બોધમાં તો બીજ પ્રરોહને પામે, પરંતુ સ્પષ્ટ સંવિત્તિથી તેના માધુર્યનો બોધ નહિ હોવા છતાં બીજ પ્રરોહને પામે છે.

**ભાવાર્થ :-**

કોઈ જમીનમાં કોઈક વૃક્ષનું બીજ પડેલું હોય અને ત્યાં ખારા પાણીનો યોગ હોય તો તે બીજ વિકાસ પામતું નથી, પરંતુ કોઈક રીતે ખારા પાણીનો ત્યાગ થાય અને તે બીજને મધુર પાણીનો યોગ પ્રાપ્ત થાય તો તે બીજ 'આ પાણી મધુર છે' તેવો સ્પષ્ટ બોધ કરી શકતું નથી, તોપણ વિકાસને પામે છે. તેમ ચોથી દૃષ્ટિવાળા જીવોમાં તત્ત્વશ્રુતિથી યોગમાર્ગને અનુકૂળ બીજ વિકાસ પામે છે; કેમ કે તત્ત્વશ્રુતિમાં યોગમાર્ગનો વિકાસ કરવાને અનુકૂળ અચિંત્ય સામર્થ્ય હોવાને કારણે મહાપ્રભાવપણું છે.

આશય એ છે કે જમીનમાં રહેલા બીજને મધુર પાણીનો યોગ થાય ત્યારે તે મધુર પાણીના યોગથી માધુર્યનો કંઈક બોધ થાય છે, તોપણ બીજ સ્પષ્ટ સંવેદનથી નક્કી કરતું નથી કે આ પાણી મધુર છે અને અન્ય પાણી ખારું છે, છતાં તે બીજ મધુર પાણીના યોગથી અવશ્ય વિકાસને પામે છે; તેમ ચોથી દૃષ્ટિમાં 'આ તત્ત્વ છે અને આ અતત્ત્વ છે' તેવો સ્પષ્ટ બોધ નથી, તોપણ તત્ત્વના અનન્ય કારણભૂત એવી તત્ત્વશ્રવણની ક્રિયાથી તેઓને કંઈક તત્ત્વનો બોધ પણ થાય છે. તેથી સ્પષ્ટ સંવિત્તિથી=સંવેદનથી તત્ત્વ-અતત્ત્વનો બોધ નહિ હોવા છતાં તેઓની તત્ત્વશ્રવણની ક્રિયા, પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરના યોગમાર્ગના વિકાસનું કારણ બને છે; કેમ કે તત્ત્વને કહેનારાં સર્વજ્ઞના વચનોમાં અચિંત્ય સામર્થ્ય છે. તેથી તેના પ્રભાવથી યોગ્ય જીવોને યોગમાર્ગનો સૂક્ષ્મબોધ નહિ હોવા છતાં પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરમાં અધિક અધિક બોધ અવશ્ય થાય છે, જેથી તેઓ પૂર્વ પૂર્વ કરતાં વિશેષ પ્રકારના યોગી બને છે. **॥૬૧॥**

**અવતરણિકા :-**

**अस्यैव भावार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**આના જ=તત્ત્વશ્રવણના ફળના જ, ભાવાર્થને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં તત્ત્વશ્રવણનું ફળ બતાવ્યું. તેનું તાત્પર્ય પ્રસ્તુત શ્લોકમાં કહે છે :

**શ્લોક :-**

**क्षाराम्भस्तुल्य इह च भवयोगोऽखिलो मतः ।**
**मधुरोदकयोगेन, समा तत्त्वश्रुतिस्तथा ।।६२।।**

**અન્વયાર્થ :-**

च=**અને** इह=**અહીં=સંસારમાં** अखिलो भवयोगः=**સઘળો ભવયોગ** क्षाराम्भस्तुल्यः=**ખારા પાણી જેવો** मतः=**મનાયો છે,** तथा=**અને** तत्त्वश्रुतिः=**તત્ત્વશ્રુતિ** मधुरोदकयोगेन समा=**મધુર પાણીના યોગ જેવી છે.** ॥૬૨॥

**શ્લોકાર્થ :-**

**અને સંસારમાં સઘળો ભવયોગ ખારા પાણી જેવો મનાયો છે, અને તત્ત્વશ્રુતિ મધુર પાણીના યોગ જેવી છે. ।।૬૨।।**

**ટીકા :-**

**'क्षाराम्भस्तुल्य इह च भवयोगोऽखिलो मतो'ऽतत्त्वश्रवणरूपोऽपि, 'मधुरोदकयोगेन, समा तत्त्वश्रुतिस्तथा' तदङ्गतया तत्त्वश्रुतिरपीति ।।६२।।**

**ટીકાર્થ :-**

'क्षाराम्भस्तुल्य ..... तत्त्वश्रुतिरपीति ।। **અને અહીં=સંસારમાં, સઘળો ભવયોગ ખારા પાણી જેવો મનાયો છે.**

અહીં પ્રશ્ન થાય કે ભવના યોગવાળા તો યોગીઓ પણ છે, અને તેમનો ભવનો યોગ ખારા પાણી જેવો નથી, તો સર્વ ભવયોગને ખારા પાણી જેવો કેમ કહ્યો ? એથી ટીકામાં ખુલાસો કરે છે :

**'અતત્ત્વશ્રવણરૂપ પણ ભવયોગ છે,' તેને આશ્રયીને જ સર્વ ભવયોગ ખારા પાણી જેવો કહ્યો છે, અને 'મધુર પાણીના યોગ જેવી તત્ત્વશ્રુતિ છે.'**

અહીં પ્રશ્ન થાય કે જીવના વિકાસના કારણીભૂત મધુર પાણી જેવો તો સમ્યગ્બોધ છે, જ્યારે તત્ત્વશ્રુતિ તો સમ્યગ્બોધરૂપ નથી, તો તત્ત્વશ્રુતિને મધુર પાણીના યોગ જેવી કેમ કહી ? તેથી કહે છે :

**તદ્અંગપણાથી=સમ્યગ્બોધના હેતુપણાથી, તત્ત્વશ્રુતિ પણ મધુર પાણીના યોગ જેવી છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૬૨।।**

❖ 'अतत्त्वश्रवणरूपोऽपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે યોગીનો ભવયોગ તત્ત્વશ્રવણરૂપ છે, પરંતુ અન્ય જીવોનો ભવયોગ અતત્ત્વશ્રવણરૂપ પણ છે.

❖ 'तत्त्वश्रुतिरपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે તત્ત્વનો બોધ તો મધુર પાણીના યોગ જેવો છે, પરંતુ તત્ત્વશ્રુતિ પણ કારણમાં કાર્યના ઉપચારથી મધુર પાણીના સંબંધ જેવી છે.

**ભાવાર્થ :-**

સંસારમાં જીવ અનાદિકાળનો છે, અને અનાદિકાળથી જે સર્વ ભવોનો સંબંધ છે તે ખારા પાણી જેવો છે, જેનાથી જીવ સંસારની પ્રવૃત્તિઓ કરીને યોગમાર્ગના વિકાસથી વિમુખ રહેલો છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે યોગીઓને પણ ભવનો યોગ છે, અને યોગીઓને ભવનો યોગ ખારા પાણી જેવો નથી, તો પછી સર્વ ભવયોગને ખારા પાણી જેવો કેમ કહ્યો ? તેથી કહે છે :

'અતત્ત્વશ્રવણરૂપ પણ ભવનો યોગ છે,' અને મોટા ભાગના જીવોનો ભવનો યોગ અતત્ત્વના શ્રવણરૂપ છે. આથી આત્મહિતને છોડીને, આત્માના અહિતના કારણીભૂત પદાર્થોની વિચારણા કરીને, તેમનો

ભવનો યોગ આત્માની વિડંબનાનું કારણ બન્યો; તેને આશ્રયીને ભવનો યોગ ખારા પાણી જેવો છે તેમ કહેલ છે, યોગીઓના ભવને આશ્રયીને ભવના સંબંધને ખારા પાણી જેવો કહેલ નથી.

વળી 'મધુર પાણીના સંબંધ જેવી તત્ત્વશ્રવણની ક્રિયા છે.' તેથી જીવ અતત્ત્વના શ્રવણનો ત્યાગ કરીને તત્ત્વશ્રવણની ક્રિયા કરે છે ત્યારે યોગમાર્ગની ભૂમિકામાં ખીલે છે. જેમ, બીજને ખારા પાણીનો યોગ જાય અને મધુર પાણીનો યોગ થાય તો ખીલે છે.

અહીં પ્રશ્ન થાય કે મધુર પાણીના સંબંધ જેવો તો ભગવાનના વચનનો પારમાર્થિક બોધ છે, અને તત્ત્વશ્રવણની ક્રિયા તો બોધરૂપ નથી, તેથી તત્ત્વશ્રવણની ક્રિયાને મધુર પાણીનો યોગ કેમ કહ્યો ? તેથી ટીકામાં ખુલાસો કરે છે -

મધુર પાણીના યોગ જેવા બોધનું કારણ હોવાને કારણે તત્ત્વશ્રુતિને પણ મધુર પાણીના યોગરૂપે કહેલ છે. **॥૬૨॥**

**અવતરણિકા :-**

**अस्या एव गुणमाह –**

**અવતરણિકાર્થ :-**

**આના જ=તત્ત્વશ્રુતિના જ, ગુણને=ફળને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૨માં બતાવ્યું કે તત્ત્વશ્રુતિ મધુર પાણીના યોગ જેવી છે; અને જેમ મધુર પાણીના યોગથી બીજ વિકાસને પામે છે, તેમ તત્ત્વશ્રુતિથી મનુષ્ય યોગમાર્ગમાં વિકાસને પામે છે. તેથી જિજ્ઞાસા થાય કે તત્ત્વશ્રુતિનું કેવું ફળ છે કે જેથી જીવ હિતને પ્રાપ્ત કરે છે ? તે બતાવવા માટે તત્ત્વશ્રુતિના ફળને કહે છે :

**શ્લોક :-**

**अतस्तु नियमादेव, कल्याणमखिलं नृणाम् ।**
**गुरुभक्तिसुखोपेतं, लोकद्वयहितावहम् ।।६३।।**

**અન્વયાર્થ :-**

**अतस्तु=આનાથી જ=તત્ત્વશ્રુતિથી જ गुरुभक्तिसुखोपेतं लोकद्वयहितावहम् अखिलं कल्याणं=ગુરુભક્તિના સુખથી યુક્ત, લોકદ્વયના હિતને કરનારું સર્વ કલ્યાણ नृणाम्=મનુષ્યોને नियमादेव=નિયમથી જ પ્રાપ્ત થાય છે. ।।૬૩।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વશ્રુતિથી જ ગુરુભક્તિના સુખથી યુક્ત, લોકદ્વયના હિતને કરનારું સર્વ કલ્યાણ મનુષ્યોને નિયમથી જ પ્રાપ્ત થાય છે. ।।૬૩।।**

**ટીકા :-**

**'अतस्तु' इत्यत एव तत्त्वश्रुतेः किमित्याह 'नियमादेव कल्याणं' परोपकारादि 'अखिलं नृणां-' तत्त्वश्रुतेस्तथाविधाशयभावात्, तदेव विशिष्यते 'गुरुभक्तिसुखोपेतं' कल्याणं, तदाज्ञया तत्करणस्य तत्त्वतः कल्याणत्वात्, अत एवाह 'लोकद्वयहितावहं' अनुबन्धस्य गुरुभक्तिसाध्यत्वादिति ।।६३।।**

**ટીકાર્થ :-**

**'अतस्तु' ..... साध्यत्वादिति ।। આનાથી જ=તત્ત્વશ્રુતિથી જ, નિયમથી જ પરોપકારાદિ સર્વ કલ્યાણ મનુષ્યોને થાય છે; કેમ કે તત્ત્વશ્રુતિથી તેવા પ્રકારનો આશય થાય છે=પરોપકારાદિ કૃત્યો કરે તેવો આશય થાય છે.**

**તેને જ=કલ્યાણને જ, વિશેષણથી વિશેષિત કરે છે : ગુરુભક્તિના સુખથી યુક્ત એવું કલ્યાણ છે; કેમ કે તેમની આજ્ઞાથી=ગુરુની આજ્ઞાથી, તેના કરણનું=પરોપકારાદિ કૃત્યોના કરણનું, તત્ત્વથી કલ્યાણપણું છે. આથી જ=ગુરુભક્તિના સુખથી યુક્ત પરોપકારાદિ કૃત્યો છે આથી જ, કહે છેઃ લોકદ્વયહિતાવહ છે; કેમ કે અનુબંધનું=પરંપરાનું, ગુરુભક્તિથી સાધ્યપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૬૩।।**

❖ 'परोपकारादि' માં 'आदि' પદથી અન્ય ઉચિત અનુષ્ઠાનો ગ્રહણ કરવાં.

**ભાવાર્થ :-**

શ્લોક-૬૨માં કહ્યું કે તત્ત્વશ્રુતિથી યોગમાર્ગમાં મનુષ્ય વિકાસને પામે છે, અને તે વિકાસનું સ્વરૂપ પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ છે કે તત્ત્વશ્રુતિથી મનુષ્યને પરોપકારાદિ ઉચિત કૃત્યોરૂપ સર્વ કલ્યાણ નિયમથી જ થાય છે; કેમ કે તત્ત્વશ્રુતિથી તેવા પ્રકારનો આશય થાય છે.

આશય એ છે કે યોગમાર્ગના પરમાર્થને જાણવા અર્થે ચોથી દૃષ્ટિવાળા યોગી તત્ત્વશ્રવણમાં પ્રવૃત્તિ કરે છે; અને જેમ જેમ સ્વભૂમિકા પ્રમાણે શું ઉચિત કૃત્યો છે તેનું જ્ઞાન થતું જાય છે, તેમ તેમ તે કૃત્યોના સેવનના આશયવાળા બને છે. તેથી ગુરુ પાસેથી તત્ત્વશ્રવણને કારણે જે બોધ પોતાને થયો તે પ્રમાણે ઉચિત કૃત્યો કરવાના પરિણામવાળા થાય છે. એટલું જ નહિ પણ યોગમાર્ગનો બોધ કરાવનાર ગુરુ પ્રત્યે ભક્તિ ઉત્પન્ન થાય છે, અને તેમને પૂછીને તે કૃત્ય સેવવામાં તેમને આનંદ આવે છે. તેથી ગુરુ પ્રત્યેની ભક્તિના સુખથી યુક્ત તે સર્વ ઉચિત કૃત્યો કરે છે; કેમ કે ચોથી દૃષ્ટિવાળા યોગી જાણે છે કે 'જે ગુરુ પાસેથી મને ઉચિત કૃત્યોનો બોધ થયો, તેમની આજ્ઞાથી તે કૃત્યો કરવામાં આવે તો તે કૃત્યો પરમાર્થથી કલ્યાણનાં કારણ બને; અને જો તેમની આજ્ઞા લીધા વગર સ્વમતિ પ્રમાણે તે કૃત્યો કરવામાં આવે તોપણ ઉપકારક એવા ગુરુનો અનાદર થાય છે, અને તત્ત્વથી ગુરુનો અનાદર યોગમાર્ગના અનાદરરૂપ છે.' તેથી વિવેકી એવા ચોથી દૃષ્ટિવાળા યોગી ગુરુભક્તિમાં સુખને જોનારા છે, અને આને કારણે તેમનાં પરોપકારાદિ કૃત્યો

આલોક અને પરલોકના હિતને લાવનારાં છે; કેમ કે જે જીવને ગુરુ પ્રત્યે ભક્તિ છે, તે જીવ ગુરુ આજ્ઞાનુસારે તે કૃત્યો કરે છે ત્યારે ચિત્તમાં ગુરુ પ્રત્યેની ભક્તિથી જન્ય સુખ ઉત્પન્ન થાય છે, જેનાથી વર્તમાનમાં પણ પુણ્યપ્રકૃતિ જાગૃત થાય છે, તેથી આલોકમાં તેનું હિત થાય છે; અને સમ્યગ્ રીતે સેવાયેલો યોગમાર્ગ પુણ્યાનુબંધીપુણ્ય દ્વારા અને યોગના સંસ્કારો દ્વારા ઉત્તર ઉત્તર અધિક યોગમાર્ગ પ્રાપ્ત કરાવીને અંતે મોક્ષનું કારણ બને છે. **॥૬૩॥**

**અવતરણિકા :-**

**अस्य एव विशेषतः परं फलमाह –**

**અવતરણિકાર્થ :-**

**આના જ=ગુરુભક્તિના જ, વિશેષથી પ્રકૃષ્ટ ફળને કહે છે :**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૩માં કહ્યું કે ગુરુભક્તિ લોકદ્વયના હિતને કરનાર છે તે ગુરુભક્તિનું સામાન્ય ફળ છે. હવે તે ગુરુભક્તિનું વિશેષથી પ્રકૃષ્ટ ફળ બતાવે છે :

**શ્લોક :-**

**गुरुभक्तिप्रभावेन, तीर्थकृद्दर्शनं मतम् ।**
**समापत्त्यादिभेदेन, निर्वाणैकनिबन्धनम् ।।६४।।**

**અન્વયાર્થ :-**

**गुरुभक्तिप्रभावेन=ગુરુભક્તિના પ્રભાવથી समापत्त्यादिभेदेन=સમાપત્તિ આદિના ભેદથી निर्वाणैकनिबन्धनम् तीर्थकृद्दर्शनं=નિર્વાણનું એક કારણ એવું તીર્થંકરનું દર્શન मतम्=મનાયું છે=સ્વીકારાયું છે. ।।૬૪।।**

**શ્લોકાર્થ :-**

**ગુરુભક્તિના પ્રભાવથી સમાપત્તિ આદિના ભેદથી નિર્વાણનું એક કારણ એવું તીર્થંકરનું દર્શન મનાયું છે. ।।૬૪।।**

**ટીકા :-**

'गुरुभक्तिप्रभावेन-' गुरुभक्तिसामर्थ्येन तदुपात्तकर्मविपाकत इत्यर्थः, किमित्याह 'तीर्थकृद्दर्शनं मतं'-भगवद्दर्शनमिष्टम्, कथमित्याह 'समापत्त्यादिभेदेन'-'समापत्तिर्ध्यानतः स्पर्शना' तथा, आदिशब्दात्तन्नाम-कर्मबन्धविपाकतद्भावापत्त्युपपत्तिपरिग्रहः, तदेव विशिष्यते 'निर्वाणैकनिबन्धनं'-अवन्ध्यमोक्षकारणम-साधारणमित्यर्थः ।।६४।।

**ટીકાર્થ :-**

**'गुरुभक्तिप्रभावेन-' ..... साधारणमित्यर्थः ।। ગુરુભક્તિના પ્રભાવથી=ગુરુભક્તિના સામર્થ્યથી અર્થાત્ ગુરુભક્તિથી પ્રાપ્ત થયેલા કર્મોના વિપાકથી=ગુરુભક્તિથી થયેલ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમભાવથી, તીર્થંકરનું દર્શન મનાયું છે=ભગવાનનું દર્શન ઈચ્છાયું છે=શાસ્ત્રકારો વડે સ્વીકારાયું છે.**

**કઈ રીતે તીર્થંકરનું દર્શન શાસ્ત્રકારોએ સ્વીકાર્યું છે ? એથી કરીને કહે છે :**

**સમાપત્તિ આદિના ભેદથી તીર્થંકરનું દર્શન સ્વીકારાયું છે, એમ અન્વય છે. સમાપત્તિ એટલે ધ્યાનથી સ્પર્શના=ધ્યાનથી તીર્થંકરના સ્વરૂપ સાથે એકતાથી સ્પર્શના, અને 'આદિ' શબ્દથી તેના નામકર્મનો બંધ=તીર્થંકરના નામકર્મનો બંધ, તેના વિપાકથી તદ્ભાવની આપત્તિ=તેના વિપાકથી તીર્થંકરપણાની પ્રાપ્તિ, અને ઉપપત્તિ=તીર્થંકરપણારૂપે ઉપપત્તિનો પરિગ્રહ કરવો=ગ્રહણ કરવું.**

**તે જ=તીર્થંકરનું દર્શન જ, વિશેષણથી વિશેષિત કરે છે :**

**નિર્વાણનું એક કારણ એવું તીર્થંકરનું દર્શન છે=મોક્ષનું અવંધ્ય કારણ છે=મોક્ષનું અસાધારણ કારણ છે. ।।૬૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૩માં બતાવ્યું કે તત્ત્વશ્રુતિથી ગુરુભક્તિના સુખથી યુક્ત એવું પરોપકારાદિ સર્વ કૃત્ય થાય છે, અને તે સર્વ કૃત્ય ગુરુભક્તિથી યુક્ત હોવાને કારણે આલોક અને પરલોકના હિતને કરનાર છે.

હવે તે ગુરુભક્તિનું પ્રકૃષ્ટ ફળ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે, તે આ પ્રમાણે :

જે જીવને તત્ત્વનો બોધ કરાવનાર ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિ છે, તેને તે ભક્તિ અર્થથી યોગમાર્ગમાં છે; કેમ કે જે ગુરુએ યોગમાર્ગ બતાવીને હિતની પરંપરાનો ઉપાય બતાવ્યો, તે ગુરુ પ્રત્યે જે ભક્તિ થાય છે, તેનું બીજ જીવના હૈયામાં રહેલ યોગમાર્ગ પ્રત્યેની ભક્તિ છે; અને જેને યોગમાર્ગ પ્રત્યે ભક્તિ હોય તેને યોગમાર્ગની નિષ્પત્તિમાં પ્રતિબંધક એવા મોહનીયકર્મનો ક્ષયોપશમભાવ પ્રગટે છે, જેનાથી તીર્થંકરનું દર્શન થાય છે. તે બતાવવા માટે ટીકામાં કહ્યું કે ગુરુભક્તિથી ઉપાત્ત કર્મના વિપાકથી તીર્થંકરનું દર્શન મનાયું છે.

અહીં પ્રશ્ન થાય કે તીર્થંકર સાક્ષાત્ વિદ્યમાન હોય તો જોનારને તેનું દર્શન થઈ શકે, પરંતુ જ્યારે તીર્થંકરો ન હોય ત્યારે તેમનું દર્શન કઈ રીતે થઈ શકે ? તેથી બતાવે છે :

અહીં ચક્ષુથી તીર્થંકરનું દર્શન ગ્રહણ કરવાનું નથી, પરંતુ સમાપત્તિ આદિ ભેદથી તીર્થંકરનું દર્શન ગ્રહણ કરવાનું છે. સમાપત્તિ આદિમાં 'આદિ' પદથી તીર્થંકરનામકર્મનો બંધ અને તીર્થંકરનામકર્મના વિપાકને કારણે તીર્થંકરના ભવની પ્રાપ્તિ, અને કેવલજ્ઞાન થાય ત્યારે તીર્થંકરરૂપે ઉપપત્તિ ગ્રહણ કરવાની છે.

સમાપત્તિનો અર્થ કરે છે 'ધ્યાનથી સ્પર્શના.' તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે જે જીવને યોગમાર્ગ પ્રત્યે અત્યંત ભક્તિ છે, અને તેના કારણે ગુણવાન ગુરુને પરતંત્ર રહીને સર્વ કૃત્યો કરે છે, તેવા જીવને,

મોહનીયકર્મનો તેવા પ્રકારનો ક્ષયોપશમભાવ પ્રગટે છે, કે જેના કારણે યોગમાર્ગના બતાવનારા તીર્થંકરોની સાથે ધ્યાનથી તન્મયભાવ પ્રાપ્ત થાય છે; અને આ ધ્યાનથી થયેલો તન્મયભાવ મોક્ષનું અસાધારણ કારણ છે; અને કોઈક જીવને તે તન્મયભાવ વિશેષ પ્રકારનો થાય તો તીર્થંકરનામકર્મનો બંધ પણ થાય, અને તે જીવ જન્માંતરમાં તીર્થંકરના ભવની પ્રાપ્તિ કરીને તીર્થંકરની જેમ તીર્થને પ્રવર્તાવનાર બને. તેથી યોગમાર્ગને બતાવનારા ગુરુ પ્રત્યેની ભક્તિ પ્રકૃષ્ટ કલ્યાણની પરંપરાનું એક કારણ છે.

ચોથી દૃષ્ટિ મિથ્યાત્વવાળી અવસ્થા છે, અને મિથ્યાત્વવાળી અવસ્થામાં તીર્થંકરનામકર્મનો બંધ આદિ થાય નહિ; પરંતુ ચોથી દૃષ્ટિમાં તત્ત્વશ્રવણ નામનો ગુણ પ્રગટે છે, અને પ્રગટ થયેલ તત્ત્વશ્રવણ ગુણથી ગુરુ પ્રત્યે ભક્તિ પ્રગટે છે, જે ગુરુભક્તિ સમ્યગ્બોધનું કારણ બને છે. તે સમ્યગ્બોધથી કોઈકને સમ્યક્ત્વ, દેશવિરતિ આદિ ગુણસ્થાનકો પ્રગટે છે, અને તેવો જીવ સમ્યક્ત્વ પામીને તીર્થંકરની સાથે તન્મય થઈ જાય તો તીર્થંકરનામકર્મ બાંધે. તેને સામે રાખીને ગુરુભક્તિના પ્રભાવથી સમાપત્તિ આદિના ભેદથી તીર્થંકરનું દર્શન પ્રસ્તુત શ્લોકમાં કહેલ છે. **॥૬૪॥**

**અવતરણિકા :-**

**इह प्रतिषिद्धसूक्ष्मबोधलक्षणाभिधित्सयाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=ચોથી દૃષ્ટિમાં, પ્રતિષિદ્ધ એવા સૂક્ષ્મબોધના લક્ષણને કહેવાની ઇચ્છાથી કહે છે –**

❖ અહીં 'अभिधित्सया' નું કર્મ 'प्रतिषिद्धसूक्ष्मबोधलक्षणम्' છે. તેથી ત્યાં દ્વિતીયા વિભક્તિ જોઈએ. તે પ્રમાણે प्रतिषिद्धसूक्ष्मबोधलक्षणमभिधित्सयाह જોઈએ. પાઠ ઉપલબ્ધ નથી. શુદ્ધિ વિચારવી.

**ભાવાર્થ :-**

શ્લોક-૫૭માં દીપ્રાદૃષ્ટિનું સ્વરૂપ બતાવ્યું અને ત્યાં કહ્યું કે દીપ્રાદૃષ્ટિ સૂક્ષ્મબોધરહિત છે. તેથી જિજ્ઞાસા થાય કે સૂક્ષ્મબોધ શું ચીજ છે કે જે સૂક્ષ્મબોધનો યોગ દીપ્રાદૃષ્ટિમાં નથી ? માટે પ્રસ્તુત શ્લોકમાં સૂક્ષ્મબોધનું સ્વરૂપ બતાવે છે :

**શ્લોક :-**

**सम्यग्घेत्वादिभेदेन, लोके यस्तत्त्वनिर्णयः ।**
**वेद्यसंवेद्यपदतः, सूक्ष्मबोधः स उच्यते ।।६५।।**

**અન્વયાર્થ :-**

**हेत्वादिभेदेन=હેતુ આદિના ભેદથી लोके=લોકમાં=વિદ્વાનલોકમાં वेद्यसंवेद्यपदतः=વેદ્યસંવેદ્યપદથી यः सम्यग् तत्त्वनिर्णयः=જે સમ્યગ્ તત્ત્વનો નિર્ણય सः सूक्ष्मबोधः=તે સૂક્ષ્મબોધ उच्यते=કહેવાય છે. ।।૬૫।।**

**શ્લોકાર્થ :-**

**હેતુ આદિના ભેદથી વિદ્વાનલોકમાં વેદ્યસંવેદ્યપદથી જે સમ્યગ્ તત્ત્વનો નિર્ણય તે સૂક્ષ્મબોધ કહેવાય છે. ।।૬૫।।**

**ટીકા :-**

**'सम्यग्'=अविपरीतेन विधिना, हेत्वादिभेदेनेति हेतुस्वरूपफलभेदेन, 'लोके'=विद्वत्समवाये, 'यस्तत्त्वनिर्णयः'=परमार्थपरिच्छेदः, कुत इत्याह 'वेद्यसंवेद्यपदतः'=वक्ष्यमाणलक्षणाद्वेद्यसंवेद्यपदात्, 'सूक्ष्मबोधः स उच्यते' निपुण इत्यर्थः ।।६५।।**

**ટીકાર્થ :-**

**'सम्यग्' ..... निपुण इत्यर्थः ।। હેતુ આદિના ભેદથી=હેતુ, સ્વરૂપ અને ફળના ભેદથી, લોકમાં=વિદ્વાનોના સમુદાયરૂપ લોકમાં, જે સમ્યગ્=અવિપરીત વિધિથી, તત્ત્વનો નિર્ણય=પરમાર્થનો પરિચ્છેદ, તે સૂક્ષ્મબોધ=નિપુણબોધ, કહેવાય છે, એમ અન્વય છે.**

**કોનાથી તત્ત્વનો નિર્ણય થાય છે ? એથી કહે છે :**

**વેદ્યસંવેદ્યપદથી=વક્ષ્યમાણ લક્ષણવાળા વેદ્યસંવેદ્યપદથી, તત્ત્વનો નિર્ણય થાય છે. ।।૬૫।।**

**ભાવાર્થ :-**

જીવો માટે જે પૂર્ણ સુખમય મોક્ષરૂપ અવસ્થા છે, તે તત્ત્વ છે; અને મોક્ષરૂપ અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય તે પણ તત્ત્વ છે; અને મોક્ષપ્રાપ્તિના ઉપાયરૂપ તત્ત્વનો હેતુ, સ્વરૂપ અને ફળના ભેદથી અવિપરીત રીતે જે સમ્યગ્ નિર્ણય=તે સૂક્ષ્મબોધ છે. તે આ રીતે :-

સિદ્ધ અવસ્થામાં જીવો સંપૂર્ણ રાગાદિ ઉપદ્રવ વગરના છે. તે અવસ્થાને પ્રગટ કરવા માટે તેના ઉપાયભૂત જે નિર્લેપદશા તે સ્વરૂપથી તત્ત્વ છે; તે નિર્લેપદશાનું ફળ કર્મનિર્જરા તે ફળથી તત્ત્વ છે; અને તે નિર્લેપદશા પ્રગટ કરવા માટે જે ઉચિત ક્રિયાઓ છે, તે હેતુથી તત્ત્વ છે. તત્ત્વનો અર્થી, તત્ત્વની નિષ્પત્તિના હેતુભૂત એવી ઉચિત ક્રિયાઓ કઈ રીતે કરવી જોઈએ કે જેથી તે તે ક્રિયાઓથી તે તે પ્રકારની નિર્લેપદશા જીવોમાં પ્રગટ થાય, તેનો નિર્ણય કરીને તે રીતે તે ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે, તો તે ક્રિયાથી નિષ્પાદ્ય નિર્લેપદશા પ્રગટ થાય; અને તે નિર્લેપદશા પ્રગટ કર્યા પછી ઉપરની નિર્લેપતા પ્રગટ કરવા માટે તેને અનુરૂપ ઉચિત ક્રિયાઓમાં યત્ન કરે, તો તે ઉચિત યત્નથી અવશ્ય તેને અનુરૂપ ઉપરની નિર્લેપદશા પ્રગટે, અને આ નિર્લેપદશાથી અવશ્ય કર્મનિર્જરા થાય છે, જે ફળથી તત્ત્વ છે.

તેથી એ પ્રાપ્ત થયું કે યોગમાર્ગની ઉચિત ક્રિયા એ તત્ત્વની પ્રાપ્તિનો હેતુ છે, યોગમાર્ગની ઉચિત પરિણતિ એ તત્ત્વનું સ્વરૂપ છે અને યોગમાર્ગની નિર્લેપદશારૂપ ઉચિત પરિણતિથી જે નિર્જરા થાય છે તે તત્ત્વનું ફળ છે. આ રીતે હેતુ સાથે સ્વરૂપનો સંબંધ અને સ્વરૂપની સાથે ફળનો સંબંધ અવિપરીત રીતે જોડીને જે તત્ત્વનો નિર્ણય તે સૂક્ષ્મબોધ છે, અને આ પ્રકારનો જેમને બોધ થાય તે જીવો નિશ્ચયનય અને

વ્યવહારનયને પરમાર્થથી સમજેલા છે; કેમ કે વ્યવહારનય તત્ત્વપ્રાપ્તિના હેતુને ધર્મ કહે છે, અને નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિને ધર્મ કહે છે; અને આ વ્યવહારનયની ક્રિયાઓ જે રીતે નિશ્ચયનયની પ્રાપ્તિ કરીને પૂર્ણ સુખમય એવા મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે, એનો જે નિર્ણયાત્મક બોધ તે સૂક્ષ્મબોધ છે.

આ સૂક્ષ્મબોધ જીવને વેદ્યસંવેદ્યપદથી થાય છે. તે વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ ગ્રંથકાર સ્વયં આગળ કહેવાના છે. વળી આવો સૂક્ષ્મબોધ દીપ્રાદૃષ્ટિમાં કેમ નથી ? તે પણ સ્વયં ગ્રંથકાર આગળ કહેવાના છે. **॥૬૫॥**

**અવતરણિકા :-**

**इहैव विशेषतः प्रवृत्तिनिमित्तमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=સૂક્ષ્મબોધમાં જ, વિશેષથી પ્રવૃત્તિનિમિત્તને=સૂક્ષ્મબોધરૂપ પદની પ્રવૃત્તિના નિમિત્તને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૫માં સૂક્ષ્મબોધનું લક્ષણ બતાવ્યું. તે લક્ષણ જે બોધમાં હોય તે બોધને સૂક્ષ્મબોધ પદથી વાચ્ય કરી શકાય. તેથી તે લક્ષણ પણ સૂક્ષ્મબોધપદની પ્રવૃત્તિનું કારણ છે. તે સૂક્ષ્મબોધમાં સૂક્ષ્મબોધપદની પ્રવૃત્તિના નિમિત્ત એવા ધર્મને વિશેષથી કહેવા માટે કહે છે અર્થાત્ પૂર્વના શ્લોકમાં બતાવેલ લક્ષણ સામાન્યથી સૂક્ષ્મબોધપદની પ્રવૃત્તિનું નિમિત્ત છે, અને પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ લક્ષણ વિશેષથી સૂક્ષ્મબોધપદની પ્રવૃત્તિનું નિમિત્ત છે.

**શ્લોક :-**

**भवाम्भोधिसमुत्तारात्कर्मवज्रविभेदतः ।**
**ज्ञेयव्याप्तेश्च कार्त्स्न्येन, सूक्ष्मत्वं नायमत्र तु ।।६६।।**

**અન્વયાર્થ :-**

**भवाम्भोधिसमुत्तारात्=ભવસમુદ્રમાંથી બહાર કાઢનાર હોવાથી कर्मवज्रविभेदतः=કર્મરૂપી વજ્રનો વિશેષરૂપે નાશ હોવાથી च=અને कार्त्स्न्येन=સંપૂર્ણ રીતે ज्ञेयव्याप्तेः=જ્ઞેયની સાથે વ્યાપ્તિ હોવાથી सूक्ष्मत्वं=સૂક્ષ્મપણું, છે=બોધમાં સૂક્ષ્મપણું છે. तु=વળી अयम्=આ=સૂક્ષ્મબોધ अत्र=અહીં=દીપ્રાદૃષ્ટિમાં न=નથી. ।।૬૬।।**

**શ્લોકાર્થ :-**

**ભવસમુદ્રમાંથી બહાર કાઢનાર હોવાથી, કર્મરૂપી વજ્રનો વિશેષરૂપે ભેદ હોવાથી=નાશ હોવાથી અને સંપૂર્ણ રીતે જ્ઞેયની સાથે વ્યાપ્તિ હોવાથી બોધમાં સૂક્ષ્મપણું છે. વળી સૂક્ષ્મબોધ દીપ્રાદૃષ્ટિમાં નથી. ।।૬૬।।**

**ટીકા :-**

**'भवाम्भोधिसमुत्ताराद्'=भवसमुद्रसमुत्तारणाल्लोकोत्तरप्रवृत्तिहेतुतया तथा 'कर्मवज्रविभेदतः'= कर्मवज्रविभेदेन विभेदस्त्वपुनर्ग्रहणतः, 'ज्ञेयव्याप्तेश्च कात्स्न्येन' अननन्तधर्मात्मकतत्त्वप्रतिपत्त्या, 'सूक्ष्मत्वं'=निपुणत्वं बोधस्य, 'नायमत्र तु'-नायं सूक्ष्मो बोधः अत्र-दीप्रायां दृष्टौ, अधस्त्यासु च तत्त्वतो ग्रन्थिभेदाऽसिद्धेरिति ।।६६।।**

**ટીકાર્થ :-**

**'भवाम्भोधिसमुत्ताराद्' ..... ग्रन्थिभेदाऽसिद्धेरिति ।। લોકોત્તર પ્રવૃત્તિનું હેતુપણું હોવાને કારણે, ભવરૂપી સમુદ્રમાંથી ઉત્તારણ કરનાર હોવાથી અને કર્મવજ્રના વિભેદથી અને અનંતધર્માત્મક તત્ત્વની પ્રતિપત્તિ હોવાને કારણે સંપૂર્ણ રીતે જ્ઞેયની સાથે વ્યાપ્તિ હોવાથી બોધનું સૂક્ષ્મપણું છે=નિપુણપણું છે.**

અહીં કર્મવજ્રવિભેદથી એમ કહ્યું ત્યાં વિભેદ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

**વિભેદ વળી, ફરી નહિ ગ્રહણ કરવાથી થાય છે અર્થાત્ ગ્રંથિભેદ કર્યા પછી અનંતાનુબંધી કષાય ક્ષયોપશમભાવવાળા થાય છે, તેથી અનંતાનુબંધી કષાયનો ફરી બંધ નથી.**

**વળી આ અહીં નથી=આ અર્થાત્ સૂક્ષ્મબોધ અહીં અર્થાત્ દીપ્રાદૃષ્ટિમાં અને નીચેની દૃષ્ટિઓમાં અર્થાત્ દીપ્રાથી નીચેની દૃષ્ટિઓમાં નથી; કેમ કે તત્ત્વથી ગ્રંથિભેદની અસિદ્ધિ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૬૬।।**

**ભાવાર્થ :-**

સૂક્ષ્મબોધ એટલે સર્વજ્ઞએ જે પદાર્થો જે રીતે કહ્યા છે તે પદાર્થોને સંક્ષેપથી કે વિસ્તારથી તે રીતે જોવાની નિપુણ દૃષ્ટિ. આવી નિપુણ દૃષ્ટિથી થયેલો બોધ હંમેશાં લોકોત્તર પ્રવૃત્તિનો હેતુ છે અર્થાત્ સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિનો હેતુ છે; કેમ કે ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ એકાંત કલ્યાણનું કારણ છે, અન્ય સર્વ પ્રવૃત્તિઓ એકાંતે અકલ્યાણનું કારણ છે, એવો નિર્ણય સૂક્ષ્મબોધમાં હોય છે, તેથી તે બોધ હંમેશાં સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિનો હેતુ બને છે. ક્વચિત્ પ્રમાદાદિને કારણે વિપરીત પ્રવૃત્તિ થતી હોય તોપણ તે બોધ વિપરીત પ્રવૃત્તિનો હેતુ નથી, પણ વિપરીત પ્રવૃત્તિને શિથિલ કરનાર છે, અને લોકોત્તર પ્રવૃત્તિમાં જીવને પ્રેરણા કરનાર છે. તેથી નિપુણ બોધ લોકોત્તર પ્રવૃત્તિનો હેતુ છે, અને લોકોત્તર પ્રવૃત્તિનો હેતુ હોવાથી ભવરૂપી સમુદ્રમાંથી બહાર કાઢનાર છે.

વળી આ નિપુણબોધ કર્મરૂપી વજ્રના વિભેદથી થાય છે. અહીં અનંતાનુબંધી કષાયને ઉત્પન્ન કરનાર જે કર્મો છે, તે વજ્ર જેવાં છે. જેમ વજ્રને ભેદવું અતિદુષ્કર છે, તેમ આ અનંતાનુબંધી કષાયને ઉત્પન્ન કરનારાં કર્મો અત્યંત દુર્ભેદ્ય છે, અને આથી અનંતકાળમાં જીવ ક્યારેય આ કર્મરૂપ વજ્રનો ભેદ કરી શક્યો નથી, અને તેથી હજુ સુધી સંસારથી પારને પામી શક્યો નથી. આમ છતાં, જ્યારે કોઈક નિમિત્તને પામીને જીવમાં મહાવીર્ય ઉલ્લસિત થાય છે, ત્યારે તત્ત્વાતત્ત્વના વિભાગ માટે અપ્રમાદભાવથી યત્ન કરે છે, અને

તત્ત્વને જાણવામાં પ્રતિબંધક એવા અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમભાવને પામે છે. તેનાથી વજ્ર જેવા અનંતાનુબંધી કષાયને ઉત્પન્ન કરનારાં કર્મો ભેદાય છે, અને આ કર્મોનો ભેદ થવાને કારણે બોધમાં સૂક્ષ્મપણું આવે છે.

અહીં વિશેષ એ છે કે અનંતાનુબંધી કષાયને ઉત્પન્ન કરે તેવાં કર્મો વજ્ર જેવાં છે, અને તે કર્મનો ભેદ જીવ પ્રયત્નથી કરે છે. એટલે શું જીવ તે કર્મનો નાશ કરે છે ? એ પ્રકારની કોઈને શંકા થાય, પરંતુ તેમ નથી. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે અનંતાનુબંધી કષાય સત્તામાંથી નાશ પામતા નથી, પરંતુ ક્ષયોપશમભાવને પામે છે. તેથી પૂર્વે જેમ અનંતાનુબંધીકષાયઆપાદક કર્મો ઉદયમાં આવી જીવને તેવા પ્રકારના રાગાદિ ભાવો ઉત્પન્ન કરાવીને ફરી તેવાં અનંતાનુબંધીકષાયઆપાદક કર્મો બંધાવતાં હતાં, હવે તે જ અનંતાનુબંધીકષાયઆપાદક કર્મો ક્ષયોપશમભાવને પામેલ હોવાથી ઉદયમાં આવીને જીવમાં તેવો કષાયનો પરિણામ ઉત્પન્ન કરીને નવાં તેવા પ્રકારનાં કર્મો બંધાવી શકતાં નથી, પરંતુ પ્રદેશોદયથી ઉદયમાં આવીને ક્ષય પામી જાય છે. તે બતાવવા માટે અહીં કહ્યું કે ફરી તેવા કર્મના અગ્રહણથી કર્મવજ્રનો વિભેદ છે.

વળી આ સૂક્ષ્મબોધકાળમાં સંપૂર્ણથી અનંતધર્માત્મક તત્ત્વનો સ્વીકાર થાય છે, તેથી તેનું જ્ઞાન જ્ઞેયમાત્રની સાથે વ્યાપ્તિવાળું છે, તેથી તેનો બોધ સૂક્ષ્મ છે.

આશય એ છે કે કેવલજ્ઞાન સર્વ જ્ઞેયને વ્યાપીને રહેલું છે, તેથી કેવલજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય છે. તેમ સમ્યગ્દર્શનકાળમાં વર્તતો બોધ પણ સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયના વિષયમાં યથાર્થ હોય છે, તેથી 'सव्वगयं सम्मत्तं' એ પ્રમાણે શાસ્ત્ર કહે છે. તેનો અર્થ એ છે કે સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયવિષયક યથાર્થ બોધપૂર્વકની રુચિ એ સમ્યગ્દર્શન છે. કેવલજ્ઞાનમાં સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય પ્રાતિસ્વિકરૂપે ગ્રહણ થાય છે, જ્યારે છદ્મસ્થના મતિજ્ઞાનથી સમ્યક્ત્વકાળમાં સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય સંગ્રહાત્મક યથાર્થ ગ્રહણ થાય છે. આ કેવલજ્ઞાનની અપેક્ષાએ સંગ્રહાત્મક બોધ પણ કોઈકને શ્રુતના બળથી વિસ્તારાત્મક હોય છે, જેમ ચૌદપૂર્વીને વિસ્તારાત્મક હોય છે; તો કોઈક જીવને સંગ્રહાત્મક હોય છે, જેમ જઘન્ય શ્રુતધારીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો સંગ્રહાત્મક હોય છે. આમ છતાં સમ્યક્ત્વકાળમાં અનંત ધર્માત્મક વસ્તુનો સ્વીકાર છે, તેથી સર્વ જ્ઞેય પદાર્થોનો યથાર્થ બોધ છે. તેથી સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન સંપૂર્ણ જ્ઞેયની સાથે વ્યાપ્તિવાળું છે, અને આથી સમ્યગ્દૃષ્ટિને યોગમાર્ગનો બોધ પણ હેતુ, સ્વરૂપ અને ફળના ભેદથી યથાર્થ થયેલો હોય છે. તેથી જ્ઞેય એવા યોગમાર્ગનો બોધ પણ કાર્ત્સ્ન્યથી=સંપૂર્ણથી થયેલો હોય છે, પરંતુ કોઈ એક દેશમાં વિપર્યય હોતો નથી.

આવો સૂક્ષ્મબોધ દીપ્રાદૃષ્ટિમાં કે દીપ્રાદૃષ્ટિથી નીચેની મિત્રાદિ ત્રણ દૃષ્ટિમાં હોતો નથી; કેમ કે પરમાર્થથી ચાર દૃષ્ટિઓમાં અનંતાનુબંધી કષાયના વિગમનથી થયેલ ગ્રંથિભેદની અસિદ્ધિ છે. **॥૬૬॥**

**અવતરણિકા :-**

**तदाह –**

**અવતરણિકાર્થ :-**

**તેને=દીપ્રાદૃષ્ટિમાં અને નીચેની ત્રણ દૃષ્ટિઓમાં સૂક્ષ્મબોધ નથી, તેને, કહે છે –**

શ્લોક :-

अवेद्यसंवेद्यपदं, यस्मादासु तथोल्बणम् ।
पक्षिच्छायाजलचरप्रवृत्त्याभमतः परम् ।।६७।।

અન્વયાર્થ :-

यस्मात्=જે કારણથી आसु=મિત્રાદિ ચાર દૃષ્ટિઓમાં अवेद्यसंवेद्यपदं=અવેદ્યસંવેદ્યપદ तथोल्बणम्=તેવું ઉલ્બણ છે=તેવું ઉદ્ધત છે, તે કારણથી પહેલી ચાર દૃષ્ટિઓમાં સૂક્ષ્મબોધ નથી, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. अतः=આનાથી=અવેદ્યસંવેદ્યપદથી परं=બીજું=વેદ્યસંવેદ્યપદ आसु=પહેલી ચાર દૃષ્ટિમાં पक्षिच्छायाजलचरप्रवृत्त्याभं=પક્ષીની છાયામાં જલચરની પ્રવૃત્તિના આકારવાળું છે. ।।૬૭।।

શ્લોકાર્થ :-

**જે કારણથી મિત્રાદિ ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ તેવું ઉદ્ધત છે, તે કારણથી પહેલી ચાર દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ નથી, એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે. અવેદ્યસંવેદ્યપદથી બીજું વેદ્યસંવેદ્યપદ પહેલી ચાર દૃષ્ટિમાં પક્ષીની છાયામાં જલચરની પ્રવૃત્તિના આકારવાળું છે. ।।૬૭।।**

ટીકા :-

'अवेद्यसंवेद्यपदं' वक्ष्यमाणलक्षणं, 'यस्मादासु'=मित्राद्यासु चतसृषु दृष्टिषु, 'तथोल्बणं'-तेन निवृत्त्यादिपदप्रकारेण प्रबलमुद्धतमित्यर्थः, 'पक्षिच्छायाजलचरप्रवृत्त्याभं'=पक्षिच्छायायां तद्धिया जलचरप्रवृत्त्याकारम्, 'अतः परं'-वेद्य-संवेद्यपदमासु न तात्त्विकमित्यर्थः, ग्रन्थिभेदाऽसिद्धेरित्येतदपि चरमासु चरमयथाप्रवृत्तकरणेनैवेत्याचार्याः ।।६७।।

ટીકાર્થ :-

'अवेद्यसंवेद्यपदं' ..... वेत्याचार्याः ।। જે કારણથી આમાં=મિત્રાદિ ચાર દૃષ્ટિઓમાં, વક્ષ્યમાણ લક્ષણવાળું અવેદ્યસંવેદ્યપદ તથાઉલ્બણ=તેવું ઉલ્બણ છે=તે રૂપે નિવૃત્તિઆદિ પદના પ્રકારથી અર્થાત્ કંઈક અંશથી અવેદ્યસંવેદ્યપદની નિવૃત્તિ અને કંઈક અંશથી વેદ્યસંવેદ્યપદની પ્રવૃત્તિ છે તે પ્રકારથી, પ્રબલ છે અર્થાત્ ઉદ્ધત છે, તે કારણથી પહેલી ચાર દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ નથી, એ પ્રકારે પૂર્વશ્લોક સાથે અન્વય છે. આનાથી=અવેદ્યસંવેદ્યપદથી, પર=વેદ્યસંવેદ્યપદ, આમાં=પહેલી ચાર દૃષ્ટિમાં, જલચર-પ્રવૃત્તિ-આભ છે=પક્ષીની છાયામાં તેની બુદ્ધિથી અર્થાત્ પક્ષીની છાયામાં જલચરની બુદ્ધિથી, જલચરની પ્રવૃત્તિના આકારવાળું છે=આ જલચર છે એવી પ્રવૃત્તિના આકારવાળું છે અર્થાત્ તાત્ત્વિક નથી; કેમ કે ગ્રંથિભેદની અસિદ્ધિ છે અર્થાત્ ચાર દૃષ્ટિમાં ગ્રંથિભેદની અસિદ્ધિ છે. એથી=પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ તેવું ઉલ્બણ છે, અને વેદ્યસંવેદ્યપદ પક્ષીની છાયામાં જલચરની પ્રવૃત્તિ જેવું છે, એથી આ પણ=વેદ્યસંવેદ્યપદ પણ, परम्=કેવલ, આમાં=પહેલી ચાર દૃષ્ટિમાં, ચરમયથાપ્રવૃત્તકરણથી જ છે, એ પ્રમાણે આચાર્યો કહે છે=યોગાચાર્યો કહે છે. ।।૬૭।।

❖ 'एतदपि' માં 'अपि' થી એ કહેવું છે કે અવેદ્યસંવેદ્યપદ તો મિથ્યાત્વના કારણે પહેલી ચાર દૃષ્ટિમાં છે, પરંતુ વેદ્યસંવેદ્યપદ પણ ચરમયથાપ્રવૃત્તકરણને કારણે છે.

❖ 'निवृत्त्यादिपदप्रकारेण' માં 'आदि' પદથી પ્રવૃત્તિનું ગ્રહણ કરવાનું છે. તેથી નિવૃત્તિપદ અને પ્રવૃત્તિપદ પ્રકારથી અવેદ્યસંવેદ્યપદ તેવું ઉલ્બણ છે, એ પ્રકારે અર્થ છે.

**ભાવાર્થ :-**

અવેદ્યસંવેદ્યપદનું લક્ષણ સ્વયં ગ્રંથકાર આગળ કહેવાના છે; તેવું અવેદ્યસંવેદ્યપદ જીવમાં મિથ્યાત્વના ઉદયથી વર્તે છે. મિત્રાદિ ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ તે રીતે નિવૃત્તિપદ અને પ્રવૃત્તિપદ પ્રકારથી પ્રબળ છે=ઉદ્ધત છે.

આશય એ છે કે ચાર દૃષ્ટિ પૂર્વે અવેદ્યસંવેદ્યપદ લેશ પણ નિવર્તન પામતું નથી, પરંતુ ચાર દૃષ્ટિમાં ક્રમસર અવેદ્યસંવેદ્યપદની નિવૃત્તિ થાય છે; તોપણ સર્વથા નિવૃત્તિ નથી, પરંતુ કંઈક પ્રવૃત્તિ પણ છે. તેથી એ બતાવવું છે કે જીવમાં પ્રથમ ચાર દૃષ્ટિમાં ક્રમસર વિવેક ખૂલતો જાય છે, તેથી અવેદ્યસંવેદ્યપદ નિવર્તન પામતું જાય છે; તોપણ જીવવર્તી અવેદ્યસંવેદ્યપદ તેવું પ્રબળ છે કે આટલો વિવેક ખૂલવા છતાં સર્વથા જતું નથી, પરંતુ અંશથી નિવૃત્તિ થાય છે, અને અંશથી અવેદ્યસંવેદ્યપદની પ્રવૃત્તિ પણ થાય છે.

અહીં 'તથાઉલ્બણ'નો અર્થ કર્યો 'તે પ્રકારે ઉલ્બણ', અને તે પ્રકારે ઉલ્બણ એટલે નિવૃત્તિ આદિ પદ પ્રકારે પ્રબળ, અને તેવો અર્થ હોય તો 'तेन' શબ્દ લખવો જોઈએ નહિ. આમ છતાં 'तेन' શબ્દથી એ બતાવવું છે કે 'તે રૂપે નિવૃત્તિ આદિ પદપ્રકારે ઉલ્બણ છે', અને પદ એટલે આશયસ્થાન, તેથી નિવૃત્તિ આદિ પદ કહેવાથી એ પ્રાપ્ત થાય કે નિવૃત્તિ આદિનું આશયસ્થાન અવેદ્યસંવેદ્યપદ છે, અને ચાર દૃષ્ટિમાં વર્તતું અવેદ્યસંવેદ્યપદરૂપ આશયસ્થાન તે રૂપે નિવૃત્તિ અને પ્રવૃત્તિના આશયસ્થાનવાળું છે; અર્થાત્ પહેલી દૃષ્ટિમાં થોડેક અંશે અવેદ્યસંવેદ્યપદની નિવૃત્તિ છે, અને અન્ય અંશમાં અવેદ્યસંવેદ્યપદની પ્રવૃત્તિ છે; અને બીજી આદિ દૃષ્ટિમાં પ્રથમ દૃષ્ટિ કરતાં અધિક અધિક અવેદ્યસંવેદ્યપદની નિવૃત્તિ છે, અને અન્ય અન્ય અંશમાં અવેદ્યસંવેદ્યપદની પ્રવૃત્તિ છે; કેમ કે પહેલી ચાર દૃષ્ટિઓમાં જે અંશથી યથાર્થ બોધ થાય છે, તે અંશથી અવેદ્યસંવેદ્યપદની નિવૃત્તિ છે, અને જે અંશથી હજી સૂક્ષ્મબોધના અભાવને કારણે યથાર્થ બોધ થયો નથી, તે અંશથી અવેદ્યસંવેદ્યપદની પ્રવૃત્તિ છે. તે બતાવવા માટે જ ટીકામાં કહ્યું કે તે રૂપે નિવૃત્તિ આદિ પદ પ્રકારથી અવેદ્યસંવેદ્યપદ ઉદ્ધત છે.

વળી પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ તેવું પ્રબળ હોવાને કારણે સૂક્ષ્મબોધ થતો નથી, એ પ્રકારે શ્લોકના પૂર્વાર્ધનો સંબંધ પૂર્વ શ્લોક સાથે છે; અને આનાથી એ પ્રાપ્ત થાય કે (૧) કેટલોક વિપર્યાસ એવો હોય છે કે સમ્યગ્બોધની સામગ્રી પ્રાપ્ત થાય કે તરત તે વિપર્યાસ નિવર્તન પામે. તેને અન્ય દર્શનકારો તુલાજ્ઞાન=રૂ જેવું અજ્ઞાન કહે છે. જેમ, અંધારામાં દોરડાને જોઈને સર્પનો ભ્રમ થયો હોય, અને દીવાથી જોવામાં આવે કે દોરડું છે તો તરત તે ભ્રમ નિવર્તન પામે છે. તેથી આવું અજ્ઞાન તેવું ઉલ્બણ નથી કે જેથી

જ્ઞાનની સામગ્રી મળવા છતાં કંઈક અંશથી નિવર્તન પામે અને કંઈક અંશથી પ્રવૃત્ત હોય, પરંતુ જ્ઞાનની સામગ્રીથી એક સાથે નિવર્તન પામે છે. (૨) જ્યારે તત્ત્વના વિષયમાં વર્તતું અજ્ઞાન તેવું ઉલ્બણ છે કે બોધની સામગ્રીથી પણ અંશથી નિવર્તન પામે છે, છતાં અન્ય અંશથી પ્રવૃત્ત પણ રહે છે. આથી પહેલી ચાર દૃષ્ટિમાં તત્ત્વના વિષયમાં અજ્ઞાન અંશથી નિવર્તન પામ્યું, તોપણ અન્ય અંશથી અજ્ઞાન પ્રવર્તે છે. આવા અજ્ઞાનને અન્ય દર્શનકારો મૂલાજ્ઞાન=આત્માનું જે મૂળ તત્ત્વ છે તેનું અજ્ઞાન કહે છે; અને આવું મૂલાજ્ઞાન રૂની જેમ તરત ઊડી જતું નથી, પરંતુ ઘણા શ્રમથી જાય છે. તે બતાવવા માટે કહ્યું કે પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદરૂપ વિપર્યાસ તેવો ઉલ્બણ છે કે એક સાથે નિવર્તન પામતો નથી, પરંતુ ક્રમસર નિવર્તન પામતો પાંચમી દૃષ્ટિમાં સંપૂર્ણ જાય છે. તેથી પહેલી ચાર દૃષ્ટિમાં સમ્યગ્બોધ ક્રમસર આવતો જાય છે, તોપણ તેની સામે વિપર્યાસ જીવતો જાગતો ઊભો રહે છે.

શ્લોકના પૂર્વાર્ધમાં સ્થાપન કર્યું કે 'પહેલી ચાર દૃષ્ટિમાં વિપર્યાસરૂપ અવેદ્યસંવેદ્યપદ તેવું પ્રબળ છે કે સમ્યગ્બોધ પ્રગટ થવા છતાં સંપૂર્ણ નિવર્તન પામતું નથી.' ત્યાં જિજ્ઞાસા થાય કે પહેલી ચાર દૃષ્ટિમાં થયેલો સમ્યગ્બોધ કેવો છે ? અર્થાત્ વિપર્યાસ તો તેવો ઉલ્બણ છે જેથી જતો નથી, પરંતુ જે સમ્યગ્બોધ થયો તે કેવો છે ? તે બતાવવા માટે શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે :

'અવેદ્યસંવેદ્યપદથી અન્ય એવું વેદ્યસંવેદ્યપદ પક્ષીની છાયામાં જલચરની પ્રવૃત્તિના આકારવાળું છે, પરંતુ તાત્ત્વિક નથી.' આશય એ છે કે જેમ પાણીના તળાવ આદિ ઉપરથી પક્ષી જતું હોય, અને તેની છાયા પાણીમાં પડતી હોય, તે વખતે પક્ષીની છાયામાં કોઈકને જલચરની બુદ્ધિ થાય છે, અને તેના કારણે તે વ્યક્તિને પાણીમાં જલચરની પ્રવૃત્તિ દેખાય છે; તેના આકારવાળું ચાર દૃષ્ટિમાં વેદ્યસંવેદ્યપદ છે. વસ્તુતઃ પાણીમાં જલચરની પ્રવૃત્તિ નથી, તોપણ કંઈક સાદૃશ્યતાને કારણે જલચરની પ્રવૃત્તિનો બોધ થાય છે. જો પક્ષી સ્થિર બેઠેલું હોય અને તેનું પ્રતિબિંબ પાણીમાં પડતું હોય તો તેના પ્રતિબિંબમાં જલચરનો બોધ થતો નથી, પરંતુ પક્ષીની છાયા ગમનરૂપે પાણીમાં પ્રતિબિંબિત હોવાથી 'આ જલચરની પ્રવૃત્તિ છે' તેવો ભ્રમ થાય છે; તેમ પહેલી ચાર દૃષ્ટિમાં કંઈક તત્ત્વનો બોધ થયો છે, તોપણ સંપૂર્ણ યથાર્થ બોધ થયો નથી; અને જેમ પક્ષીની ગમનપ્રવૃત્તિને કારણે જલચરનો ભ્રમ થાય, તેમ કંઈક અંશથી તત્ત્વ તરફના પોતાના ગમનને કારણે પહેલી ચાર દૃષ્ટિમાં ભ્રમ થાય છે કે 'મને તત્ત્વનો બોધ છે.' તેથી અંશથી તત્ત્વના બોધમાં પૂર્ણ તત્ત્વનો બોધ થયો છે તેવું ભ્રાંત્યાત્મક અતાત્ત્વિક વેદ્યસંવેદ્યપદ પહેલી ચાર દૃષ્ટિમાં છે; કેમ કે પહેલી ચાર દૃષ્ટિમાં તમોગ્રંથિનો ભેદ થયો નથી અર્થાત્ તત્ત્વના વિષયમાં અંધકારને ફેલાવનાર એવી જે રાગદ્વેષની ગ્રંથિ છે તેનો નાશ થયો નથી. તેથી જે કંઈ તત્ત્વનું દર્શન છે તે પણ કંઈક અંશથી યથાર્થ હોવા છતાં સંપૂર્ણ યથાર્થ નથી. માટે પહેલી ચાર દૃષ્ટિમાં પારમાર્થિક વેદ્યસંવેદ્યપદ નથી; આમ છતાં પહેલી ચાર દૃષ્ટિમાં વર્તતું અતાત્ત્વિક એવું પણ વેદ્યસંવેદ્યપદ ચરમયથાપ્રવૃત્તકરણના બળથી કંઈક તત્ત્વને બતાવનારું છે, એ પ્રમાણે યોગાચાર્યો કહે છે. **॥૬૭॥**

**અવતરણિકા :-**

**किमेतदेवमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ=અવેદ્યસંવેદ્યપદ, આવું કેમ છે ?=પહેલી ચાર દૃષ્ટિમાં તત્ત્વનો કંઈક બોધ થાય છે, તોપણ આ અવેદ્યસંવેદ્યપદ સર્વથા જતું નથી, તેવું ઉલ્બણ કેમ છે ? એથી કહે છે :**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૭માં કહ્યું કે પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ તેવું ઉલ્બણ છે. ત્યાં પ્રશ્ન થાય કે દોરડામાં સાપનો ભ્રમ થાય અને પ્રકાશની સામગ્રી મળે તો ભ્રમ તરત નિવર્તન પામે છે, તેમ તત્ત્વનો ભ્રમ બોધની સામગ્રીથી પણ પ્રાયઃ તરત નિવર્તન કેમ પામતો નથી ? એથી કહે છે :

**શ્લોક :-**

**अपायशक्तिमालिन्यं, सूक्ष्मबोधविबन्धकृत् ।**
**नैतद्वतोऽयं तत्तत्त्वे, कदाचिदुपजायते ।।६८।।**

**અન્વયાર્થ :-**

अपायशक्तिमालिन्यं=અપાયશક્તિરૂપ માલિન્ય सूक्ष्मबोधविबन्धकृत्=સૂક્ષ્મબોધને અટકાવનાર છે. तत्=તે કારણથી एतद्वतः=અપાયશક્તિરૂપ માલિન્યવાળાને तत्त्वे=તત્ત્વના વિષયમાં अयं=આ=સૂક્ષ્મબોધ कदाचित्=ક્યારેય उपजायते न=થતો નથી. ।।૬૮।।

**શ્લોકાર્થ :-**

**અપાયશક્તિરૂપ માલિન્ય સૂક્ષ્મબોધને અટકાવનાર છે. તે કારણથી, અપાયશક્તિરૂપ માલિન્યવાળાને તત્ત્વના વિષયમાં સૂક્ષ્મબોધ ક્યારેય થતો નથી. ।।૬૮।।**

**ટીકા :-**

'अपायशक्तिमालिन्यं'=नरकाद्यपायशक्तिमलिनत्वम् किमित्याह 'सूक्ष्मबोधविबन्धकृत्'-अपायहेत्वासेवनक्लिष्टबीजभावेन 'न' 'एतद्वतः'=अपायशक्तिमालिन्यवतः, 'अयं'=सूक्ष्मो बोधः, 'तत्'=तस्मात्, 'तत्त्वे इति' तत्त्वविषये 'कदाचिदुपजायते', अवन्ध्यस्थूरबोधबीजभावादित्यर्थः ।।६८।।

**ટીકાર્થ :-**

'अपायशक्तिमालिन्यं' ..... बीजभावादित्यर्थः ।। અપાયશક્તિરૂપ મલિનપણું=નરકાદિ અપાયની શક્તિરૂપ મલિનપણું, સૂક્ષ્મબોધને અટકાવનાર છે; કેમ કે અપાયના હેતુના આસેવનરૂપ ક્લિષ્ટ બીજનો

**સદ્ભાવ છે=નરકાદિરૂપ અપાયના હેતુરૂપ પાપપ્રવૃત્તિના સેવનનું કારણ બને એવું ક્લિષ્ટ બીજ અનંતાનુબંધી કષાય તેનો સદ્ભાવ છે. तत्=तस्मात्=તે કારણથી, एतद्वतः=અપાયશક્તિરૂપ માલિન્યવાળાને, તત્ત્વમાં=તત્ત્વના વિષયમાં, આ=સૂક્ષ્મબોધ ન कदाचिदुपजायते=ક્યારેય થતો નથી.**

અહીં પ્રશ્ન થાય કે અપાયશક્તિરૂપ માલિન્યવાળા ચાર દૃષ્ટિવર્તી જીવોને પણ ઉપદેશાદિની સામગ્રીથી તત્ત્વના વિષયમાં બોધ તો થાય જ છે, તો તેઓને સૂક્ષ્મબોધ થતો નથી એમ કેમ કહ્યું ? તેથી કહે છે :

**અવન્ધ્યસ્થૂલબોધના બીજનો સદ્ભાવ છે=મોક્ષનું અવંધ્ય કારણ બને તેવા પ્રકારના સ્થૂલબોધના બીજભૂત એવી અનંતાબંધી કષાયની મંદતાનો સદ્ભાવ છે. ॥૬૮॥**

❖ 'नरकाद्यपायशक्तिमलिनत्वम्' માં 'आदि' પદથી તિર્યંચનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૬૭માં કહેલ કેઅવેદ્યસંવેદ્યપદતેવું ઉલ્બણ છે. તેવું ઉલ્બણ કેમ છે ? તે પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટ કરે છે :

નરકાદિના અનર્થની પ્રાપ્તિ કરાવે એવી શક્તિરૂપ જીવોમાં વર્તતી મલિનતા સૂક્ષ્મબોધને અટકાવે છે. આશય એ છે કે જીવોમાં અનંત સંસારને ઉત્પન્ન કરાવે તેવા અનંતાનુબંધી કષાયો છે. તે કષાયો જીવોને નરકાદિની પ્રાપ્તિ કરાવે તેવી મલિનતા કરનાર છે. આવી મલિનતા જ્યાં સુધી જીવોમાં વર્તતી હોય, ત્યાં સુધી જીવોને અતત્ત્વ પ્રત્યેનું વલણ વર્તે છે, અને અતત્ત્વ પ્રત્યેનું વલણ જીવોને તત્ત્વવિષયક સૂક્ષ્મબોધ થવા દેવામાં અટકાયત કરનાર છે. તેથી જે જીવોમાં આવી અપાયશક્તિરૂપ મલિનતા વર્તે છે, તે જીવોને ઉપદેશાદિની સામગ્રી મળે તોપણ ક્યારેય સૂક્ષ્મબોધ થઈ શકતો નથી; અને પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોમાં અનંતાનુબંધી કષાય વિદ્યમાન છે, તેથી તેઓને સૂક્ષ્મબોધ થતો નથી; આમ છતાં પહેલી ચાર દૃષ્ટિવાળા જીવો કલ્યાણના માટે તત્ત્વશ્રવણ કરે છે, મોક્ષના માટે ધર્મઅનુષ્ઠાનો સેવે છે, જિનમાં સંશુદ્ધ કુશલચિત્તાદિ પણ કરે છે, તેથી વિચારકને પ્રશ્ન થાય કે તેઓને સૂક્ષ્મબોધ કેમ થતો નથી ? તેથી ગ્રંથકાર ખુલાસો કરે છે કે પહેલી ચાર દૃષ્ટિમાં અનંતાનુબંધી કષાયની મંદતા થયેલી છે, તોપણ અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમભાવ થયો નથી, તેથી સૂક્ષ્મબોધ થતો નથી. આમ છતાં અનંતાનુબંધી કષાયની મંદતાને કારણે તત્ત્વ જાણવાને માટે તે જીવો યત્ન કરે છે, તેનાથી મોક્ષનું અવંધ્યકારણ બને તેવો સ્થૂલબોધ થાય છે; કેમ કે સ્થૂલબોધના કારણીભૂત અનંતાનુબંધી કષાયની મંદતા વિદ્યમાન છે. **॥૬૮॥**

**અવતરણિકા :-**

**यस्मादेवम् –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આવું છે=શ્લોક-૬૮માં બતાવ્યું કે અપાયશક્તિરૂપ મલિનપણું સૂક્ષ્મબોધને અટકાવે છે એવું છે, તે કારણથી જે થાય છે, તે શ્લોકમાં બતાવે છે :**

શ્લોક :-

अपायदर्शनं तस्माच्छ्रुतदीपान्न तात्त्विकम् ।
तदाभालम्बनं त्वस्य, तथा पापे प्रवृत्तितः ।।६९।।

અન્વયાર્થ :-

तस्मात्=તે કારણથી=પહેલી ચાર દૃષ્ટિમાં અપાયશક્તિરૂપ માલિન્ય સૂક્ષ્મબોધને અટકાવનાર છે તે કારણથી, अस्य=આને=પહેલી ચાર દૃષ્ટિવાળા જીવને श्रुतदीपात्=શ્રુતરૂપી દીપકથી तात्त्विकं अपायदर्शनं न=તાત્ત્વિક અપાયદર્શન થતું નથી, तु=વળી तदाभालम्बनं=તેની આભાના આલંબનવાળું= પરમાર્થની આભાના વિષયવાળું અપાયદર્શન થાય છે; કેમ કે तथा=તે પ્રકારે=ચિત્ર અનાભોગ પ્રકારે पापे प्रवृत्तितः=પાપમાં પ્રવૃત્તિ છે. ।।૬૯।।

શ્લોકાર્થ :-

**પહેલી ચાર દૃષ્ટિમાં અપાયશક્તિરૂપ માલિન્ય સૂક્ષ્મબોધને અટકાવનાર છે તે કારણથી, પહેલી ચાર દૃષ્ટિવાળા જીવને શ્રુતરૂપી દીપકથી તાત્ત્વિક અપાયદર્શન થતું નથી, વળી પરમાર્થની આભાના વિષયવાળું અપાયદર્શન થાય છે; કેમ કે ચિત્ર અનાભોગ પ્રકારે પાપમાં પ્રવૃત્તિ છે. ।।૬૯।।**

ટીકા :-

'अपायदर्शनं'=दोषदर्शनं, 'तस्मात्' 'श्रुतदीपात्'=आगमात्, 'न तात्त्विकं'=न पारमार्थिकम्, अस्येति योगः, 'तदाभालम्बनं तु'=परमार्थाभाविषयं, पुनर्भवति भ्रान्त्या, कुत इत्याह - 'तथा पापे प्रवृत्तितः'-तथा चित्रानाभोगप्रकारेण पापे प्रवृत्तेरिति ।।६९।।

ટીકાર્થ :-

'अपायदर्शनं' ..... प्रवृत्तेरिति ।। તે કારણથી=પહેલી ચાર દૃષ્ટિમાં અપાયશક્તિરૂપ માલિન્ય સૂક્ષ્મબોધને અટકાવનાર છે તે કારણથી, શ્રુતરૂપી દીપકથી=આગમથી=ઉપદેશાદિની સામગ્રીથી, અપાયનું દર્શન=દોષનું દર્શન=પોતાનાથી કરાતી પ્રવૃત્તિના ફળરૂપે અનર્થનું દર્શન, તાત્ત્વિક=પારમાર્થિક, આને=પહેલી ચાર દૃષ્ટિવાળા યોગીને, થતું નથી. શ્લોકના ઉત્તરાર્ધમાં રહેલ 'अस्य' નો સંબંધ શ્લોકના પૂર્વાર્ધ સાથે છે, તે બતાવવા માટે ટીકામાં 'अस्येति योगः' એમ કહેલ છે, तदाभालम्बनं तु=પરમાર્થની આભાના વિષયવાળું વળી, ભ્રાંતિથી થાય છે=અપાયદર્શન ભ્રાંતિથી થાય છે. કેમ ?=તાત્ત્વિક અપાયદર્શન કેમ થતું નથી ? એથી કહે છે :

તે પ્રકારે પાપમાં પ્રવૃત્તિ હોવાથી=ચિત્ર અનાભોગ પ્રકારે પાપમાં પ્રવૃત્તિ હોવાથી, ભ્રાંતિથી અપાયદર્શન થાય છે, એમ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૬૯।।

**ભાવાર્થ :-**

પહેલી ચાર દૃષ્ટિમાં નરકાદિની પ્રાપ્તિરૂપ અપાયની શક્તિરૂપ અનંતાનુબંધી કષાયકૃત માલિન્ય વર્તે છે, તેથી જીવોને અતત્ત્વ પ્રત્યેનું વલણ વર્તે છે. માટે આવા જીવો તત્ત્વ જાણવા માટે યોગી પાસે આગમના અર્થો સાંભળે ત્યારે કયા ભાવોથી જીવો સંસારના અનર્થોને પામે છે તેવા દોષનું દર્શન કરે છે, તોપણ તે દોષનું દર્શન પારમાર્થિક નથી; પરંતુ પરમાર્થની આભાના વિષયવાળું છે અર્થાત્ કંઈક દોષનું દર્શન છે; પરંતુ તે દોષદર્શનમાં ચાર દૃષ્ટિવાળા જીવોને એમ લાગે છે કે પોતાને શ્રુતના બળથી અપાયનું દર્શન છે. વસ્તુતઃ તે અપાયનું દર્શન સ્થૂલથી સાચું છે, તોપણ ઘણા સૂક્ષ્મભાવો કે જે અપાયના કારણીભૂત છે તેનું તેઓ દર્શન કરી શકતા નથી, અને આથી પાપોને પાપરૂપે નહિ જાણી શકવાથી જુદા જુદા પ્રકારના અનાભોગથી તેઓ પાપમાં પ્રવૃત્તિ કરે છે.

આશય એ છે કે જીવવર્તી અમુક જાતની પરિણતિઓ કર્મબંધનું કારણ છે, અને તેનાથી વિરુદ્ધ પરિણતિઓ કર્મનિર્જરાનું કારણ છે એવો નિયમ છે. પહેલી ચાર દૃષ્ટિવાળા જીવો યોગી પાસેથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે તો હિંસાદિ પ્રવૃત્તિઓથી થતી પાપપરિણતિને તેઓ કંઈક પાપરૂપે જાણે છે, અને તેઓને એમ લાગે છે કે પોતે હવે શ્રુતરૂપી દીપકથી દુર્ગતિઓના અપાયના કારણીભૂત ભાવોને જોઈ શકે છે. આમ છતાં હજી મિથ્યાત્વનો ઉદય વર્તે છે અને મિથ્યાત્વ સહવર્તી એવા અનંતાનુબંધી કષાયનો ઉદય પણ વર્તે છે. તેથી ચાર દૃષ્ટિવાળા જીવોને સ્વ સ્વ માન્યતા પ્રત્યે કંઈક રાગ હોય છે, અને તે રાગને કારણે ઉપદેશકાળમાં ઉપદેશના પરમાર્થને ગ્રહણ કરે છે તેમ સ્વરુચિ અનુસાર કંઈક વિપરીત પણ યોજન કરે છે.

જેમ કોઈ આરાધક સાધુને શાસ્ત્રવચનથી બોધ થાય કે 'જ્ઞાનનું ફળ વિરતિ' છે, તેથી તે વિચારે કે શ્રુતના અભ્યાસથી પણ આખરે ચારિત્ર પ્રાપ્ત કરવાનું છે; તેથી તે સાધુ ચારિત્રની આચરણામાં ઉપયોગી એટલું જ્ઞાન મેળવે, અને તેનાથી તે આચરણામાં કૃતકૃત્યતા માને; અને અધિક શ્રુતઅભ્યાસ કે જે ક્ષપકશ્રેણીના ભાવોમાં જવા માટે અત્યંત ઉપકારક છે, તેના પ્રત્યે ઉપેક્ષા કરીને માત્ર બાહ્ય આચારો પ્રત્યે વલણવાળા થઈને શુદ્ધભિક્ષાચર્યાદિમાં યત્ન કરે; તે વખતે પોતાની આચાર પ્રત્યેની અત્યંત રુચિ હોવાને કારણે શ્રુતથી પણ તે સાધુ જાણી શકતા નથી કે 'ખરેખર મોક્ષ માત્ર બાહ્ય આચારની વિશુદ્ધિથી થતો નથી, પરંતુ વિશેષ પ્રકારની નિર્લેપ પરિણતિથી પ્રગટે છે, અને તે પ્રકારની નિર્લેપ પરિણતિમાં વિશેષ પ્રકારના શ્રુતનો અભ્યાસ પ્રબળ કારણ છે, અને તેમાં બાહ્ય આચારની શુદ્ધિ તો તે શ્રુતને સમ્યગ્ પરિણમન પમાડવામાં અંગભૂત છે.' તેથી વિશેષ શ્રુતની પ્રાપ્તિ અર્થે ભિક્ષાશુદ્ધિને ગૌણ કરીને પણ શ્રુતઅભ્યાસ કરવાની ભગવાનની આજ્ઞાને કહેનારાં કોઈક શાસ્ત્રવચનો તેવા સાધુને સાંભળવા મળે, તોપણ આચારો પ્રત્યે પ્રબળ રુચિ હોવાથી 'જ્ઞાનનું ફળ વિરતિ' એ વચન પ્રત્યે તેનું વલણ રહે છે; અને શ્રુતઅભ્યાસને પ્રધાન કરનાર ભગવાનના વચનના તાત્પર્યને જાણવામાં અનાભોગને કારણે શ્રુત પ્રત્યેનું વલણ તેમને થતું નથી. પરમાર્થના કારણીભૂત એવા શ્રુત પ્રત્યેની ઉપેક્ષાનો પરિણામ પાપની પ્રવૃત્તિરૂપ છે, છતાં અનંતાનુબંધી કષાયના કારણે તેવા જીવોને પરમાર્થનો બોધ નહિ થવાથી સ્વરુચિ અનુસાર શાસ્ત્રવચનને ગ્રહણ કરવાની પાપની પ્રવૃત્તિ વર્તે છે.

વળી તે રીતે ચાર દૃષ્ટિ સુધી કેટલાક જીવોને સ્ત્રી આદિ વિષયક પણ અનાભોગથી પાપપ્રવૃત્તિ થાય છે, તે આ રીતે :-

શાસ્ત્રવચનથી ચાર દૃષ્ટિવાળા જીવો જાણે છે કે સ્ત્રી આદિ વિષયક રાગ નરકાદિનું કારણ છે. તેથી તે રાગના પરિહાર માટે યત્ન પણ કરતા હોય, છતાં ધર્મબુદ્ધિથી કોઈ પ્રવૃત્તિ કરતા હોય તે વખતે, સ્ત્રી આદિ સાથે વાર્તાલાપ આદિ કાળમાં કોઈક સૂક્ષ્મભાવો કર્મબંધના કારણીભૂત થતા હોય, અને તેના દર્શનથી, તેના વચનશ્રવણથી થતા એવા તે ભાવો પોતાના ચિત્તને કંઈક આલ્લાદ આપતા હોય, આમ છતાં તે પ્રકારનો પોતાને બોધ થાય નહિ, અને એમ લાગે કે 'હું ધર્મની પ્રવૃત્તિથી યત્ન કરું છું', ત્યારે શ્રુતરૂપી દીપકથી પણ પ્રસંગે વર્તતી પોતાની ચિત્તની પરિણતિ કયા અંશથી કર્મબંધનું કારણ છે તેવો બોધ તેઓને થઈ ન શકે. તેવા જીવો સ્ત્રી આદિ વિષયક તે તે પ્રકારના અનાભોગથી પાપમાં પ્રવૃત્તિ કરે છે, અને તે પાપને પાપરૂપે જોઈ શકતા નથી, આનું કારણ, શ્રુતરૂપી દીપકથી સૂક્ષ્મબોધ તેઓને થયો નથી. આમ પહેલી ચાર દૃષ્ટિમાં સૂક્ષ્મ બોધ નથી, તેથી જે જીવોને જે સ્થાનમાં અજ્ઞાન છે તે સ્થાનમાં થતી પાપપ્રવૃત્તિ સંવેગસારા નથી. તેથી તે સ્થાનને આશ્રયીને સાનુબંધ પાપપ્રવૃત્તિ છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનના વચનાનુસાર મન-વચન-કાયાની પૂર્ણ ઉચિત પ્રવૃત્તિ સંવરભાવ છે, અને તેમાં કોઈ નાની પણ સ્ખલના કે અન્યથા પ્રવૃત્તિ તે અનુચિત પ્રવૃત્તિરૂપ છે; ઉચિત પ્રવૃત્તિ સંવરરૂપ છે, અને અનુચિત પ્રવૃત્તિ આશ્રવરૂપ છે; અને જેને અનાભોગથી પણ પોતાની અનુચિત પ્રવૃત્તિમાં અનુચિત પ્રવૃત્તિનો બોધ ન થાય, અને યત્કિંચિત્ ઉચિત પ્રવૃત્તિ અંતર્ગત અનુચિત પ્રવૃત્તિને પણ ઉચિત પ્રવૃત્તિરૂપે જાણે તે વિપર્યાસ છે; અને તેવો વિપર્યાસ ચાર દૃષ્ટિ સુધી જે સ્થાનમાં સૂક્ષ્મબોધ નથી તે સ્થાનને આશ્રયીને વર્તે છે. માટે શ્રુતરૂપી દીપકથી પણ જ્યાં સુધી પરિપૂર્ણ યથાર્થ બોધ પ્રગટે નહિ, ત્યાં સુધી તે જીવોને જે કંઈ શ્રુતથી બોધ થાય છે તે પારમાર્થિક બોધ નથી, પરંતુ પરમાર્થની આભારૂપ છે. **॥૬૯॥**

**અવતરણિકા :-**

પૂર્વમાં કહ્યું કે પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ પ્રબળ હોવાને કારણે શ્રુતરૂપી દીપકથી પણ તાત્ત્વિક બોધ થતો નથી, અને તેમાં યુક્તિ આપી કે ચાર દૃષ્ટિવાળા જીવો ચિત્ર અનાભોગથી પાપની પ્રવૃત્તિ કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે વેદ્યસંવેદ્યપદવાળા બધા જીવો પાપથી સર્વથા નિવૃત્ત જ છે તેવો નિયમ નથી; અને તેઓ પાપપ્રવૃત્તિ કરતા હોવા છતાં તેઓને વેદ્યસંવેદ્યપદ છે, તો પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોને પણ વેદ્યસંવેદ્યપદ કેમ નથી ? તેથી પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોની પાપપ્રવૃત્તિ કરતાં વેદ્યસંવેદ્યપદવાળા જીવોની પાપપ્રવૃત્તિમાં શું ભેદ છે ? તે બતાવે છે :

**શ્લોક :-**

**अतोऽन्यदुत्तरास्वस्मात्पापे कर्मागसोऽपि हि ।**
**तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद्यदि ।।७०।।**

**અન્વયાર્થ :-**

**अतः=આનાથી=અવેદ્યસંવેદ્યપદથી अन्यत्=બીજું=વેદ્યસંવેદ્યપદ उत्तरासु=સ્થિરાદિ ચાર દૃષ્ટિઓમાં છે. यदि=જો कर्मागसोऽपि हि पापे=કર્મના અપરાધને કારણે પણ પાપમાં क्वचित्=કદાચિત્ પ્રવૃત્તિ હોય તો अस्मात्=આનાથી=વેદ્યસંવેદ્યપદથી तप्तलोहपदन्यासतुल्या वृत्ति=તપાવેલા લોઢા ઉપર પગના સ્થાપનતુલ્ય પ્રવૃત્તિ થાય છે. ॥૭૦॥**

**શ્લોકાર્થ :-**

**અવેદ્યસંવેદ્યપદથી બીજું વેદ્યસંવેદ્યપદ સ્થિરાદિ ચાર દૃષ્ટિઓમાં છે. જો કર્મના અપરાધને કારણે પણ પાપમાં કદાચિત્ પ્રવૃત્તિ હોય તો વેદ્યસંવેદ્યપદથી તપાવેલા લોઢા ઉપર પગના સ્થાપન તુલ્ય પ્રવૃત્તિ થાય છે. ॥૭૦॥**

**ટીકા :-**

**'अतोऽन्यदुत्तरासु' इति-प्रक्रमादवेद्यसंवेद्यपदादन्यद्वेद्यसंवेद्यपदम्, उत्तरास्विति स्थिराद्यासु चतसृषु दृष्टिषु 'अस्माद्'=वेद्यसंवेद्यपदात्, 'पापे'=पापकर्मणि हिंसादौ, 'कर्मागसोऽपि हि'=कर्मापराधादपि किमित्याह 'तप्तलोहपदन्यासतुल्या वृत्तिः'-संवेगसारा पापे 'क्वचिद्यदि' भवति, प्रायस्तु न भवत्येवेति ।।७०।।**

**ટીકાર્થ :-**

**'अतोऽन्यदुत्तरासु' ..... भवत्येवेति ।। આનાથી=અવેદ્યસંવેદ્યપદથી, अन्यत्=બીજું=વેદ્યસંવેદ્યપદ, ઉત્તરામાં=પાછળની ચાર દૃષ્ટિમાં, છે.**

તે પદાર્થને સ્પષ્ટ કરવા માટે ટીકામાં 'આનાથી અન્ય' શબ્દોથી કોને ગ્રહણ કરવું ? અને 'ઉત્તરા' શબ્દથી કોને ગ્રહણ કરવું ? તે સ્પષ્ટ કરે છે :

**પ્રક્રમથી=અવેદ્યસંવેદ્યપદનો પ્રક્રમ ચાલે છે તે પ્રક્રમથી, 'अतः' શબ્દ દ્વારા અવેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થાય છે, અને તે અવેદ્યસંવેદ્યપદથી અન્ય વેદ્યસંવેદ્યપદ છે, અને તે વેદ્યસંવેદ્યપદ ઉત્તરામાં છે= સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં છે.**

**પાપમાં=પાપકર્મરૂપ હિંસાદિમાં, કર્મના અપરાધથી પણ આનાથી=વેદ્યસંવેદ્યપદથી, તપ્તલોહપદન્યાસ-તુલ્યા=સંવેગસારા, વૃત્તિ છે=પ્રવૃત્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે વેદ્યસંવેદ્યપદવાળા બધા પાપમાં પ્રવૃત્તિ કરે છે ? તેથી કહે છે –

**જો ક્વચિત્ પાપમાં પ્રવૃત્તિ થાય, પ્રાયઃ વળી નથી જ થતી=વેદ્યસંવેદ્યપદવાળા જીવોની પાપમાં પ્રવૃત્તિ નથી જ થતી.**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૭૦॥

❖ 'कर्मागसोऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે બલવાન કર્મ ન હોય તો કર્મના અપરાધથી તો પાપપ્રવૃત્તિ કરતો નથી, પરંતુ બલવાન કર્મને કારણે કર્મના અપરાધથી પણ પાપપ્રવૃત્તિ કરે, તો તપ્તલોહપદન્યાસતુલ્ય કરે છે.

**ભાવાર્થ :-**

પહેલી ચાર દૃષ્ટિવાળા જીવો શ્રુતના બળથી પાપને પાપ જાણીને પાપથી નિવર્તન પામે છે, તોપણ કોઈક પ્રકારના અનાભોગથી પાપમાં પ્રવૃત્તિ કરે છે. વળી પાછળની ચાર દૃષ્ટિમાં રહેલા જીવોને વેદ્યસંવેદ્યપદ છે, અને તેવા જીવો કર્મના અપરાધને કારણે પાપપ્રવૃત્તિ કરે, તોપણ તેઓની પાપપ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસતુલ્ય છે અર્થાત્ સંવેગપ્રધાન છે; પરંતુ અનાભોગથી પાપપ્રવૃત્તિ નથી; અને તે પાપપ્રવૃત્તિ પણ કર્મના અપરાધને કારણે વેદ્યસંવેદ્યપદવાળા બધા જીવો કરતા નથી, કદાચ કોઈક જીવ કરે તો સંવેગસારા પ્રવૃત્તિ કરે છે.

આશય એ છે કે વેદ્યસંવેદ્યપદ એટલે સૂક્ષ્મબોધ, અને સૂક્ષ્મબોધ એટલે પોતાના પરિણામમાં વર્તતા આશ્રવ-સંવર પરિણામને આશ્રવ-સંવરરૂપે જોઈ શકે તેવી નિર્મળ પ્રજ્ઞા. જે જીવોને વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થયું છે, તે જીવો સૂક્ષ્મબોધને કારણે જાણી શકે છે કે 'સર્વજ્ઞના વચનાનુસાર કરાયેલી મન, વચન ને કાયાની પ્રવૃત્તિ એકાંત કલ્યાણનું કારણ છે, અને સર્વજ્ઞના વચનથી વિપરીત પ્રવૃત્તિ એકાંત કર્મબંધનું કારણ છે.' વળી કઈ પ્રવૃત્તિ સર્વજ્ઞના વચનાનુસાર છે તેનો નિર્ણય ગીતાર્થ કરી શકે છે, અને જે ગીતાર્થ નથી તેઓમાં પણ જો વેદ્યસંવેદ્યપદ પ્રગટ થયેલું હોય, તો તેઓ જાણે છે કે જે ગુરુ સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ બતાવી શકે, તેવા ગુરુના વચનાનુસાર મન, વચન, કાયાની પ્રવૃત્તિ એકાંત કલ્યાણનું કારણ છે. તેથી શક્તિ હોય તો તેમના વચનથી પોતાની ભૂમિકાને ઉચિત પ્રવૃત્તિનો નિર્ણય કરીને તે રીતે પ્રવૃત્તિ કરે કે જેથી લેશ પણ પાપની પ્રવૃત્તિ થાય નહિ; અને ગીતાર્થ ગુરુ પાસેથી પોતાની ઉચિત પ્રવૃત્તિ શું છે, તેનો નિર્ણય કરીને તેમાં યત્ન કરવાની બલવાન રુચિ હોવા છતાં, અને તેનાથી વિપરીત પ્રવૃત્તિ પોતાને માટે એકાંત અહિતરૂપ છે તેમ જાણવા છતાં, કર્મના અપરાધને કારણે તેવી પ્રવૃત્તિ કદાચ કરે, તોપણ તેનું સમ્યગ્જ્ઞાન તે પ્રવૃત્તિને શિથિલ કરે છે; અને કર્મના કારણે ઉત્પન્ન થયેલ રાગની પરિણતિ બલવાન હોવાથી પાપની પ્રવૃત્તિ પણ થાય, તોપણ તે પાપથી નિવર્તન થવાનો પરિણામ સમ્યગ્બોધકાળમાં અત્યંત વર્તે છે, તેથી તે પ્રવૃત્તિ સંવેગસારા છે અર્થાત્ તે પાપથી શીઘ્ર વિરામ પામીને હિતમાં પ્રવૃત્તિ કરું, તેવા અધ્યવસાયથી સંવલિત છે. જ્યારે પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોની પાપપ્રવૃત્તિ 'આ પાપ છે તેવું જ્ઞાન કોઈ સ્થાનોમાં નહિ હોવાથી' પાપમાં પ્રવૃત્તિ થાય છે, તેવી અજ્ઞાનજન્ય પ્રવૃત્તિ વેદ્યસંવેદ્યપદવાળાની નથી થતી. આથી પહેલી ચાર દૃષ્ટિવાળા જીવો કોઈ સ્થાનોમાં પાપને પાપરૂપ નહિ જાણી શકવાથી જે પાપમાં પ્રવૃત્તિ કરે છે ત્યાં સંવેગપરિણામ નથી, પરંતુ નિઃશુક પરિણામ છે, અને તે પરિણામ પાપના પ્રવાહને ચલાવે તેવા સામર્થ્યવાળો છે; જ્યારે વેદ્યસંવેદ્યપદવાળા જીવોની પાપની પ્રવૃત્તિ પાપના નિવર્તનના અધ્યવસાયથી સંવલિત હોવાને કારણે પાપના પ્રવાહને ચલાવી શકે તેવા સામર્થ્યવાળી નથી. માટે પ્રથમ ચાર દૃષ્ટિવાળા જીવોની પાપપ્રવૃત્તિ કરતાં વેદ્યસંવેદ્યપદવાળાની પાપપ્રવૃત્તિ આ રીતે સાનુબંધ-નિરનુબંધરૂપે જુદા પ્રકારની છે.

અહીં વિશેષ એ છે કે પાછળની ચારે દૃષ્ટિઓમાં પાપની પ્રવૃત્તિ હોતી નથી, ક્વચિત્ પાપની પ્રવૃત્તિ હોય તો પાંચમી અને છઠ્ઠી દૃષ્ટિમાં જ છે; અને પાંચમી અને છઠ્ઠી દૃષ્ટિવાળા પણ સઘળા જીવોને પાપની

પ્રવૃત્તિ હોતી નથી, પરંતુ પાંચમી દૃષ્ટિમાં રહેલા અવિરતિસમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધરને ક્યારેક પાપની પ્રવૃત્તિ હોય છે, અને સર્વવિરતિધરને વ્રતમાં અતિચારરૂપ પાપની પ્રવૃત્તિ હોય છે. છઠ્ઠી દૃષ્ટિમાં અવિરતિવાળા કે દેશવિરતિવાળાને પાપની પ્રવૃત્તિ હોય છે, અન્યને પાપની પ્રવૃત્તિ હોતી નથી; તોપણ જેમને પાપપ્રવૃત્તિ છે, તેમની પાપપ્રવૃત્તિ સંવેગસારા છે. **||૭૦||**

**અવતરણિકા :-**

**किमित्येवम्भूतेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ આવા પ્રકારની છે=વેદ્યસંવેદ્યપદથી તપ્તલોહપદન્યાસતુલ્ય એવી પાપપ્રવૃત્તિ કેમ છે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૦માં કહ્યું કે વેદ્યસંવેદ્યપદને કારણે પ્રાયઃ પાપપ્રવૃત્તિ થતી નથી, અને ક્યારેક થાય તો તપ્તલોહપદન્યાસતુલ્ય થાય છે.

ત્યાં શંકા થાય કે વેદ્યસંવેદ્યપદને કારણે પાપપ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસતુલ્ય કેમ થાય છે ? એથી કહે છે -

**શ્લોક :-**

**वेद्यसंवेद्यपदतः, संवेगातिशयादिति।**
**चरमैव भवत्येषा, पुनर्दुर्गत्ययोगतः।।७१।।**

**અન્વયાર્થ :-**

**वेद्यसंवेद्यपदतः=વેદ્યસંવેદ્યપદથી संवेगातिशयात्=સંવેગના અતિશયને કારણે एषा=આ=પાપપ્રવૃત્તિ चरमा एव=છેલ્લી જ भवति=થાય છે; पुनर्दुर्गत्ययोगतः=કેમ કે ફરી દુર્ગતિનો અયોગ છે. ।।૭૧।।**

**શ્લોકાર્થ :-**

**વેદ્યસંવેદ્યપદથી સંવેગના અતિશયને કારણે પાપપ્રવૃત્તિ છેલ્લી જ થાય છે; કેમ કે ફરી દુર્ગતિનો અયોગ છે. ।।૭૧।।**

**ટીકા :-**

'वेद्यसंवेद्यपदतो'-वक्ष्यमाणलक्षणात्, 'संवेगातिशयादिति' अतिशयसंवेगेन 'चरमैव भवति' 'एषा'= पापवृत्तिः, कुत इत्याह 'पुनर्दुर्गत्ययोगतः' श्रेणिकाद्युदाहरणात्, 'प्रतिपतितसद्दर्शनानामनन्तसंसारिणाम-नेकधादुर्गतियोग इति यत्किंचिदेतत्,' न, अभिप्रायाऽपरिज्ञानात्, क्षायिकसम्यग्दृष्टेरेव नैश्चयिकवेद्य-संवेद्यपदभाव इत्यभिप्रायाद्, व्यावहारिकं अपि तु एतदेव चारु, सत्येतस्मिन् प्रायो दुर्गतावपि

**मानसदुःखाभावात्, वज्रतन्दुलवदस्य भावपाकाऽयोगात्, अचारु पुनरेकान्तत एव अतोऽन्य-दिति ।।७१।।**

**ટીકાર્થ :-**

**'वेद्यसंवेद्यपदतो' ..... अतोऽन्यदिति ।। વક્ષ્યમાણ લક્ષણવાળા વેદ્યસંવેદ્યપદથી સંવેગના અતિશયને કારણે=અતિશય સંવેગને કારણે આ=પાપપ્રવૃત્તિ, ચરમ જ થાય છે.**

**કેમ ચરમ જ થાય છે ? એથી કરીને કહે છે :**

**શ્રેણિક આદિના ઉદાહરણથી ફરી દુર્ગતિનો અયોગ છે.**

**સમકિતથી પડેલા એવા અનંત સંસારી જીવોને અનેક વખત દુર્ગતિનો યોગ છે. એથી આ= વેદ્યસંવેદ્યપદવાળાને ફરી દુર્ગતિનો અયોગ છે એ, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે, એમ પૂર્વપક્ષી કહે તો, કહે છે કે તારી વાત બરાબર નથી; કેમ કે અભિપ્રાયનું અપરિજ્ઞાન છે.**

ત્યાં પ્રશ્ન થાય કે શું અભિપ્રાય છે ? તેથી કહે છે :

**ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને જ નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદનો ભાવ છે=સદ્ભાવ છે, એ પ્રકારનો અભિપ્રાય હોવાથી પૂર્વપક્ષીનું કથન બરાબર નથી, એમ અન્વય છે. વળી વ્યાવહારિક પણ આ જ=વેદ્યસંવેદ્યપદ જ, સારું છે.**

અહીં પ્રશ્ન થાય કે જો નૈશ્ચયિક અને વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદ સુંદર હોય તો વેદ્યસંવેદ્યપદવાળાને દુર્ગતિ કેમ થાય છે ? તેથી કહે છે :

**આ હોતે છતે=નૈશ્ચયિક કે વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદ હોતે છતે, પ્રાયઃ દુર્ગતિમાં પણ માનસદુઃખનો અભાવ હોવાથી વેદ્યસંવેદ્યપદ સુંદર છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે વેદ્યસંવેદ્યપદ હોવાને કારણે દુર્ગતિમાં પણ માનસદુઃખ કેમ નથી થતું ? તેથી કહે છે :

**વજ્રતંદુલની જેમ આને=વેદ્યસંવેદ્યપદવાળાને, ભાવપાકનો અયોગ હોવાથી માનસદુઃખનો અભાવ છે, એમ અન્વય છે.**

પૂર્વમાં સ્થાપન કર્યું કે નૈશ્ચયિક અને વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદ સુંદર છે. તેને દૃઢ કરવા માટે તેનાથી વિપરીત સુંદર નથી, તે બતાવતાં કહે છે :

**વળી આનાથી=વેદ્યસંવેદ્યપદથી, અન્ય=અવેદ્યસંવેદ્યપદ, એકાંતથી જ અચારુ છે=અસુંદર છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૭૧।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૦માં સ્થાપન કરેલ કે વેદ્યસંવેદ્યપદમાં પ્રાયઃ પાપપ્રવૃત્તિ નથી, અને કદાચ કર્મના અપરાધને કારણે થાય તો તપ્તલોહપદન્યાસતુલ્ય છે. આવું કેમ છે ? તેથી કહે છે :

વેદ્યસંવેદ્યપદને કારણે જીવમાં અતિશય સંવેગ વર્તતો હોય છે, અને તેના કારણે તેની પાપપ્રવૃત્તિ ચરમ જ હોય છે; કેમ કે શ્રેણિક આદિના ઉદાહરણથી વેદ્યસંવેદ્યપદવાળાને ફરી દુર્ગતિનો અયોગ છે.

આશય એ છે કે વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ પૂર્વે શ્રેણિક મહારાજાએ દુર્ગતિમાં લઈ જનારું કર્મ બાંધેલું, તેથી ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી પણ દુર્ગતિમાં ગયા; અને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી તે ભવમાં જે પાપપ્રવૃત્તિ કરી, તે પાપપ્રવૃત્તિકાળમાં પણ પાપના નિવર્તનના બદ્ધ રાગરૂપ સંવેગના પરિણામનો અતિશય વર્તે છે, છતાં પાપપ્રવૃત્તિ કરાવે તેવા રાગાદિ ભાવોનાં આપાદક કર્મો ઉત્કટ હોવાથી પાપપ્રવૃત્તિ થાય છે, તોપણ તે પાપપ્રવૃત્તિ અનુબંધ ચલાવે તેવી શક્તિવાળી નથી; કેમ કે સંવેગને કારણે તે પાપપ્રવૃત્તિમાં અનુબંધશક્તિ હણાયેલી છે, અને જે પાપપ્રવૃત્તિમાં અનુબંધશક્તિ ન હોય તે પાપપ્રવૃત્તિ દુર્ગતિનું કારણ બને નહિ. તેથી શ્રેણિક મહારાજે ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી જે પાપપ્રવૃત્તિ સેવી, તે પાપપ્રવૃત્તિના ફળરૂપે ફરી દુર્ગતિ પામવાના નથી. તેથી નક્કી થાય છે કે આ પાપપ્રવૃત્તિ માત્ર કર્મના બળથી થાય છે અને આ પાપપ્રવૃત્તિ ચરમ જ છે.

અહીં પ્રશ્ન થાય કે ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ પણ અવિરતિના ઉદયથી ભોગાદિ પ્રવૃત્તિ કરે છે, અને દેવભવમાં જાય છે ત્યાં પણ ફરી ભોગાદિની પ્રવૃત્તિ કરે છે, અને મનુષ્યભવમાં પણ જન્મતાંની સાથે વિરતિના પરિણામવાળા હોતા નથી, તેથી તે ભવમાં પણ ફરી ભોગાદિ કરે છે; તો વેદ્યસંવેદ્યપદથી ચરમ જ પાપપ્રવૃત્તિ છે તેમ કેમ કહ્યું ? તેનો આશય એ છે કે બાહ્ય આચરણાને સામે રાખીને પાપપ્રવૃત્તિની વિવક્ષા કરી નથી, પરંતુ પાપને અનુકૂળ એવી જીવપરિણતિને આશ્રયીને પાપપ્રવૃત્તિ ગ્રહણ કરેલ છે; અને જે જીવને ક્ષાયિકસમ્યગ્દર્શન પ્રગટ થયું છે, તેવા જીવોને તત્ત્વનો બોધ સ્પષ્ટ છે; તેથી પાપથી નિવર્તનને અનુકૂળ એવો સંવેગનો પરિણામ વર્તે છે, અને તે વખતે પૂર્વકર્મના બળથી જે પાપપરિણતિ થાય છે તેના જેવી પાપપરિણતિ ફરી તેને ક્યારેય થવાની નથી, પરંતુ પૂર્વ પૂર્વ કરતાં ક્ષીણ પરિણતિવાળી પાપપ્રવૃત્તિ થશે. તેથી વેદ્યસંવેદ્યપદકાળમાં જે જે પાપપ્રવૃત્તિ છે તે ચરમ જ છે. વળી તત્સદૃશ પરિણતિવાળી બીજી પાપપ્રવૃત્તિ ક્યારેય થવાની નથી; જે પાપપ્રવૃત્તિ થશે તે પૂર્વ કરતાં ક્ષીણશક્તિવાળી હશે, માટે ચરમ પાપપ્રવૃત્તિ કહેવામાં કોઈ દોષ નથી.

પૂર્વમાં કહ્યું કે વેદ્યસંવેદ્યપદવાળા જીવો ચરમ પાપપ્રવૃત્તિ જ કરે છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે સમ્યગ્દર્શન પામ્યા પછી પડેલા અનંત સંસારી જીવો અનેક વખત પાપપ્રવૃત્તિ કરીને અનેક વખત દુર્ગતિમાં જાય છે. તેથી વેદ્યસંવેદ્યપદવાળા એવા સમ્યગ્દૃષ્ટિને ચરમ જ પાપપ્રવૃત્તિ છે તેમ કહેવું અનુચિત છે. તેને ગ્રંથકાર કહે છે :

તારી વાત બરોબર નથી; કેમ કે અમારા અભિપ્રાયનું તને જ્ઞાન નથી. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે તમારો અભિપ્રાય શું છે ? તેથી ગ્રંથકાર કહે છે :

ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને જ નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદનો સદ્ભાવ છે, એ પ્રકારનો અમારો અભિપ્રાય છે. તેથી નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદવાળાને ચરમ જ પાપપ્રવૃત્તિ છે એમ અમે કહ્યું. તેથી જે લોકો સમ્યગ્દર્શન પામીને

પડેલા છે, તેઓમાં સમ્યગ્દર્શનકાળમાં પણ નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદ નથી. માટે પૂર્વપક્ષે આપેલી આપત્તિ આવતી નથી.

અહીં જિજ્ઞાસા થાય કે નિશ્ચયનય ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને જ વેદ્યસંવેદ્યપદ કેમ સ્વીકારે છે ? અને ક્ષયોપશમભાવવાળા સમ્યગ્દૃષ્ટિને કેમ નહિ ? તેનો ભાવ એ છે કે જીવનો મૂળ સ્વભાવ વસ્તુ જેવી હોય તે રીતે વેદન કરવાનો છે, પરંતુ તે સ્વભાવને આવારક કર્મને કારણે જીવને વસ્તુ તે રીતે વેદન થતી નથી અને વિપરીત રીતે વેદન થાય છે. જ્યારે તે સ્વભાવને આવરનાર કર્મ ક્ષય પામે ત્યારે જીવમાં તે મૂળ સ્વભાવ પ્રગટ થાય છે, અને આવો સ્વભાવ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિમાં હોય છે. જે જીવોને વેદ્યસંવેદ્યપદનું આવારક એવું મિથ્યાત્વમોહનીયકર્મ વિપાકમાં છે, તેઓને પદાર્થ તે રીતે વેદન થતો નથી; જ્યારે સામગ્રીને પામીને તે કર્મદલિકોને જીવ વિશુદ્ધ કરે છે, ત્યારે તે મિથ્યાત્વમોહનીયકર્મ વિશુદ્ધિને કારણે ક્ષયોપશમભાવવાળું બને છે. તે વખતે કર્મની શક્તિ હણાયેલી હોવાથી જીવને પદાર્થ યથાર્થરૂપે વેદન થાય છે, તોપણ ક્ષાયિકભાવ જેવું વિશુદ્ધ તે વેદન નથી. આથી ક્ષયોપશમભાવના સમ્યક્ત્વમાં શુદ્ધિની તરતમતા પ્રાપ્ત થાય છે. તેથી વ્યવહારથી ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને વેદ્યસંવેદ્યપદ માન્ય હોવા છતાં નિશ્ચયનયથી આત્માનો શુદ્ધભાવ પ્રગટ થયો નથી, માત્ર ક્ષયોપશમભાવરૂપ કર્મોની ઉપાધિથી કંઈક યથાર્થ વેદન થાય છે, તેને નિશ્ચયનય વેદ્યસંવેદ્યપદરૂપે સ્વીકારતો નથી. કર્મના વિગમનથી જીવની પ્રકૃતિરૂપે થયેલો જે વેદ્યસંવેદ્યપદનો પરિણામ છે, તેને નિશ્ચયનય વેદ્યસંવેદ્યપદરૂપે સ્વીકારે છે.

તેથી એ ફલિત થયું કે નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદવાળા જીવોને પાપપ્રવૃત્તિ ચરમ થાય છે.

વળી વ્યાવહારિક પણ આ જ=વેદ્યસંવેદ્યપદ જ, સુંદર છે; કેમ કે જેમ નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદમાં પાપપ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસ જેવી છે, તેવી વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદમાં પણ છે; કેવલ નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદવાળા જીવોને સમ્યગ્દર્શનના પાતનો સંભવ નથી તેથી ચરમ પાપપ્રવૃત્તિ થાય છે, અને વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદવાળા પણ જો પાત ન પામે તો તેઓની પણ તે પાપપ્રવૃત્તિ ચરમ થાય. માટે વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદ પણ સુંદર છે.

અહીં પ્રશ્ન થાય કે નૈશ્ચયિક કે વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદવાળા જીવો પૂર્વમાં બંધાયેલાં દુર્ગતિયોગ્ય કર્મોને કારણે દુર્ગતિમાં જાય છે, તેથી દુર્ગતિમાં તો તેઓની સ્થિતિ દુર્ધ્યાનવાળી હોય છે. માટે વેદ્યસંવેદ્યપદ સારું છે, તેમ કેમ કહી શકાય ? તેથી ગ્રંથકાર કહે છે –

વેદ્યસંવેદ્યપદ હોતે છતે દુર્ગતિમાં પણ પ્રાયઃ માનસદુઃખનો અભાવ છે; કેમ કે વજ્રતંદુલ જેવા વેદ્યસંવેદ્યપદથી યુક્ત જીવોને ભાવપાકનો અયોગ છે.

આશય એ છે કે વેદ્યસંવેદ્યપદકાળમાં જીવમાં ઘણો વિવેક વર્તતો હોય છે, તેથી નરકાદિની અત્યંત પીડાના કાળમાં અશાતાથી વ્યાકુળ થાય તોપણ ક્લિષ્ટ આશય પેદા થાય તેવું માનસદુઃખ નથી. તે બતાવવા માટે કહ્યું કે પ્રાયઃ દુઃખ નથી અર્થાત્ અશાતાની વ્યાકુળતાકૃત દુઃખ છે, તોપણ દુર્ગતિઓની પરંપરા ચલાવે એવા ક્લિષ્ટ આશયરૂપ માનસદુઃખ નથી. જેમ વજ્રના ચોખા પકવવામાં આવે તોપણ ધાન્યરૂપ ચોખાની

જેમ પાક પામે નહિ, તેવી રીતે વેદ્યસંવેદ્યપદવાળા જીવો નરકાદિની મહાયાતનાથી પણ દુર્ગતિઓનું કારણ બને તેવા ક્લિષ્ટ આશયવાળા થતા નથી.

વળી નૈશ્ચયિક અને વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદને છોડીને જે અન્ય એવું અવેદ્યસંવેદ્યપદ છે, તે એકાંતે અસુંદર છે; કેમ કે જીવને વિપરીત બોધ કરાવીને દુર્ગતિઓની પરંપરાનું કારણ બને છે. **॥૭૧॥**

**અવતરણિકા :-**

**यदाह –**

**અવતરણિકાર્થ :-**

**જેને=અવેદ્યસંવેદ્યપદ એકાંતથી અસુંદર છે તેને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૧ની ટીકામાં અંતે કહ્યું કે વેદ્યસંવેદ્યપદથી અન્ય એવું અવેદ્યસંવેદ્યપદ એકાંતથી અસુંદર છે. તેથી જિજ્ઞાસા થાય કે તે અવેદ્યસંવેદ્યપદ કેવું છે ? તે બતાવવા માટે અવેદ્યસંવેદ્યપદને કહે છે :

**શ્લોક :-**

**अवेद्यसंवेद्यपदमपदं परमार्थतः ।**
**पदं तु वेद्यसंवेद्यपदमेव हि योगिनाम् ।।७२।।**

**અન્વયાર્થ :-**

**अवेद्यसंवेद्यपदम्**=અવેદ્યસંવેદ્યપદ **परमार्थतः**=પરમાર્થથી **अपदं**=અપદ છે, **तु**=વળી **योगिनाम् वेद्यसंवेद्यपदमेव**=યોગીઓનું વેદ્યસંવેદ્યપદ જ **पदं**=પદ છે. **हि**=પાદપૂર્તિ માટે છે. ।।૭૨।।

**શ્લોકાર્થ :-**

**અવેદ્યસંવેદ્યપદ પરમાર્થથી અપદ છે, વળી યોગીઓનું વેદ્યસંવેદ્યપદ જ પદ છે. 'हि' પાદપૂર્તિ માટે છે. ।।૭૨।।**

**ટીકા :-**

**अवेद्यसंवेद्यपदमिति मिथ्यादृष्ट्याशयस्थानम्, अत एवाह 'अपदं परमार्थतः'-यथावस्थितवस्तु-तत्त्वाऽनापादनात्, 'पदं तु'=पदं पुनः, 'वेद्यसंवेद्यपदमेव' वक्ष्यमाणलक्षणमन्वर्थयोगादिति ।।७२।।**

**ટીકાર્થ :-**

अवेद्यसंवेद्यपदमिति ..... योगादिति ।। **અવેદ્યસંવેદ્યપદ એટલે મિથ્યાદૃષ્ટિનું આશયસ્થાન. આથી જ=અવેદ્યસંવેદ્યપદ મિથ્યાદૃષ્ટિનું આશયસ્થાન છે આથી જ, કહે છે :**

**પરમાર્થથી અપદ છે=અવેદ્યસંવેદ્યપદ પરમાર્થથી અપદ છે; કેમ કે યથાવસ્થિત વસ્તુના તત્ત્વનું અનાપાદન છે=યથાવસ્થિત વસ્તુના સ્વરૂપનો અબોધ છે.**

**વળી વક્ષ્યમાણ લક્ષણવાળું વેદ્યસંવેદ્યપદ જ પદ છે; કેમ કે અન્વર્થનો યોગ છે=પદશબ્દની વ્યુત્પત્તિનો યોગ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૭૨।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૧ના અંતમાં કહ્યું કે અવેદ્યસંવેદ્યપદ એકાંતથી અસુંદર છે. તે અસુંદર કેમ છે, તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે :

અવેદ્યસંવેદ્યપદ એટલે મિથ્યાદૃષ્ટિનું આશયસ્થાન. તેથી એ ફલિત થયું કે વિપરીત બોધનું જે સ્થાન તે અવેદ્યસંવેદ્યપદ છે; કેમ કે મિથ્યાદૃષ્ટિ એટલે વિપરીત જોવાની દૃષ્ટિ, અને તેવી દૃષ્ટિવાળા જીવનું જે બોધનું સ્થાન તે અવેદ્યસંવેદ્યપદ છે, અને આથી પરમાર્થથી તે અપદ છે=બોધનું સ્થાન નથી; કેમ કે યથાવસ્થિત વસ્તુના સ્વરૂપને દેખાડતું નથી. જેમ પિત્તળને કોઈ સોનું કહે તો કહેવાય કે આનું જ્ઞાન પરમાર્થથી જ્ઞાન નથી, તેમ મિથ્યાદૃષ્ટિનો અવેદ્યસંવેદ્યપદરૂપ બોધ પરમાર્થથી અપદ છે=અબોધ છે.

વળી આગળ જેનું લક્ષણ કરવામાં આવશે એવું વેદ્યસંવેદ્યપદ જ પદ છે=બોધનું સ્થાન છે; કેમ કે 'પદ' શબ્દની વ્યુત્પત્તિ છે કે 'पदनात् पदं'=આશયસ્થાન અર્થાત્ યથાવસ્થિત બોધનું સ્થાન. આ પ્રકારની વ્યુત્પત્તિનો યોગ વેદ્યસંવેદ્યપદમાં છે, અવેદ્યસંવેદ્યપદમાં નથી; અને આ પ્રકારની વ્યુત્પત્તિનો યોગ વેદ્યસંવેદ્યપદમાં છે તે શ્લોક-૭૪માં ગ્રંથકાર સ્વયં સ્પષ્ટ કરવાના છે.

અહીં વિશેષ એ છે કે પદનક્રિયા જેમાં હોય તે પદ કહેવાય, અને પદનક્રિયા એટલે સ્થાન આપવાની ક્રિયા; અને જે યથાર્થબોધને જીવમાં સ્થાન આપે તે પદ કહેવાય, અને જે વિપરીત બોધને સ્થાન આપે તે પદ ન કહેવાય. એ દૃષ્ટિથી વેદ્યસંવેદ્યપદને પદ કહેલ છે. **॥૭૨॥**

**અવતરણિકા :-**

**तथा चाह –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે 'પદ' શબ્દની વ્યુત્પત્તિનો યોગ હોવાને કારણે વેદ્યસંવેદ્યપદ જ પદ છે તે રીતે, શ્લોક-૭૩ અને ૭૪થી કહે છે –**

**શ્લોક :-**

**वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् ।**
**तथाप्रवृत्तिबुद्ध्यापि, स्त्र्याद्यागमविशुद्धया ।।७३।।**

**અન્વયાર્થ :-**

**अपायादिनिबन्धनं वेद्यं=અપાયાદિનું કારણ એવું વેદ્ય संवेद्यते यस्मिन्=સંવેદન થાય છે જેમાં, તે વેદ્યસંવેદ્યપદ છે, એ પ્રકારે નિશ્ચયનયની દૃષ્ટિથી પૂર્વાર્ધનો અર્થ છે.**

**आगमविशुद्धया तथाप्रवृत्तिबुद्ध्यापि=આગમવિશુદ્ધ એવી તે પ્રકારની પ્રવૃત્તિની બુદ્ધિથી પણ=સ્ત્રી આદિમાં નિવૃત્તિ કરવાની પ્રવૃત્તિની, અને યોગી આદિમાં ઉપાસના કરવાની પ્રવૃત્તિની, બુદ્ધિથી પણ, स्त्र्यादि=સ્ત્રી આદિ વેદ્ય સંવેદન થાય છે જેમાં, તે વેદ્યસંવેદ્યપદ છે, એ પ્રકારે વ્યવહારનયની દૃષ્ટિથી ઉત્તરાર્ધનો અર્થ છે. ।।૭૩।।**

નોંધ :- શ્લોકના પૂર્વાર્ધથી નિશ્ચયનયની દૃષ્ટિથી વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ બતાવ્યું છે, અને ઉત્તરાર્ધથી વ્યવહારનયની દૃષ્ટિથી વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ બતાવ્યું છે.

❖ 'स्त्र्यादि' પછી 'वेद्यं संवेद्यते यस्मिन्' નું યોજન ઉત્તરાર્ધ સાથે પણ ફરી કરવાનું છે.

**શ્લોકાર્થ :-**

**અપાયાદિનું કારણ એવું વેદ્ય સંવેદન થાય છે જેમાં, તે વેદ્યસંવેદ્યપદ છે, એ પ્રકારે પૂર્વાર્ધનો અર્થ છે.**

**આગમવિશુદ્ધ એવી તે પ્રકારની પ્રવૃત્તિની બુદ્ધિથી પણ અપાયાદિનું કારણ એવું સ્ત્રી આદિ વેદ્ય સંવેદન થાય છે જેમાં, તે વેદ્યસંવેદ્યપદ છે, એ પ્રકારે ઉત્તરાર્ધનો અર્થ છે. ।।૭૩।।**

**ટીકા :-**

**'वेद्यं'=वेदनीयं वस्तुस्थित्या, तथाभावयोगिसामान्येनाविकल्पकज्ञानग्राह्यमिति योऽर्थः, 'संवेद्यते'= क्षयोपशमानुरूपं निश्चयबुद्ध्या विज्ञायते, 'यस्मिन्' 'पदे'=आशयस्थाने किंविशिष्टमित्याह 'अपायादिनिबन्धनं'=नरकस्वर्गादिकारणम्, 'स्त्र्यादि' तथा तेन प्रकारेण येन सामान्यानुविद्धं अप्रवृत्ति-बुद्ध्या तन्मात्रग्राहिण्या गृहीतं 'तथाप्रवृत्तिबुद्ध्यापि' तदुपादानत्यागाशयात्मिकया संवेद्यते स्त्र्यादि वेद्यं, 'आगमविशुद्धया'=श्रुतापनीतविपर्ययमलया, प्रधानमिदमेव बन्धकारणं प्रेक्षावतामपीति स्त्र्यादिग्रहणम् ।।७३।।**

**ટીકાર્થ :-**

'वेद्यं' ..... स्त्र्यादिग्रहणम् ।। વેદ્ય છે=વસ્તુસ્થિતિથી વેદનીય છે, તેવા પ્રકારના ભાવયોગી સામાન્યથી અર્થાત્ તત્ત્વના પરમાર્થને જાણનારા એવા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર એવા ભાવયોગી સામાન્યથી અર્થાત્ તેવા પ્રકારના સર્વ ભાવયોગીઓથી, અવિકલ્પક જ્ઞાનગ્રાહ્ય એવો જે અર્થ અર્થાત્ સમાન જ્ઞાનથી ગ્રાહ્ય એવો જે અર્થ, તે વેદ્ય છે, એમ અન્વય છે; અને આવું વેદ્યનું સંવેદન થાય છે જેમાં=ક્ષયોપશમને અનુરૂપ નિશ્ચયબુદ્ધિથી જણાય છે જેમાં, અર્થાત્ જે પદમાં, અર્થાત્ જે આશયસ્થાનમાં, તે વેદ્યસંવેદ્યપદ છે.

**વળી તે વેદ્ય કેવું વિશિષ્ટ છે ? એથી કહે છે :**

**અપાયાદિનું કારણ એવા=નરકસ્વર્ગાદિનું કારણ એવા, સ્ત્રી આદિ વેદ્ય તથા ભાવયોગી સામાન્યથી અવિકલ્પક જ્ઞાનગ્રાહ્ય છે, એમ અન્વય છે.**

**तथा=શ્લોકના ઉત્તરાર્ધનો 'तथा'થી સમુચ્ચય કરે છે. તે પ્રકારે=શ્લોકના પૂર્વાર્ધમાં વર્ણન કર્યું તે પ્રકારે, જેના વડે=વેદ્યસંવેદ્યપદરૂપ બોધ વડે=નિશ્ચયનયને અભિમત એવા વેદ્યસંવેદ્યરૂપ બોધ વડે, સામાન્ય અનુવિદ્ધ તન્માત્રગ્રાહિણી અપ્રવૃત્તિબુદ્ધિથી ગૃહીત એવું સ્ત્રી આદિ વેદ્ય=બધા યોગીને સમાનભાવરૂપ સામાન્યથી યુક્ત જ્ઞેયમાત્રને ગ્રહણ કરનારી, ગ્રહણ અને ત્યાગમાં પ્રવૃત્તિ ન કરાવે એવી બુદ્ધિથી ગૃહીત એવું સ્ત્રી આદિ વેદ્ય, તે પ્રકારની પ્રવૃત્તિબુદ્ધિથી પણ=વેદ્યના ઉપાદાન અને ત્યાગના આશયાત્મિક એવી પ્રવૃત્તિબુદ્ધિથી પણ, સંવેદન થાય છે જેમાં, તે વેદ્યસંવેદ્યપદ છે. અહીં 'यस्मिन् तद् वेद्यसंवेद्यपदं' એ અધ્યાહાર છે.**

વળી અહીં કહ્યું કે તે પ્રકારની પ્રવૃત્તિબુદ્ધિથી પણ વેદ્ય સંવેદન થાય છે. તેથી તે પ્રકારની પ્રવૃત્તિબુદ્ધિ વેદ્યસંવેદ્યપદમાં કેવી છે ? તે બતાવવા માટે કહે છે :

**આગમવિશુદ્ધિવાળી=શ્રુતથી દૂર કરાયેલા વિપર્યાસ મલવાળી, એવી તે પ્રકારની પ્રવૃત્તિબુદ્ધિથી પણ વેદ્ય સંવેદન થાય છે, એમ અન્વય છે.**

અહીં સ્ત્રી આદિનું ગ્રહણ કેમ કર્યું ? તેથી કહે છે :

**આ જ=સ્ત્રી આદિ જ, વિચારકોને પણ પ્રધાનબંધનું કારણ છે, એથી સ્ત્રી આદિનું ગ્રહણ છે. ।।૭૩।।**

❖ 'अपायादिनिबन्धनम्' માં અપાય અહિત અર્થને બતાવે છે. તેથી અપાયનું કારણ=અહિતનું કારણ એટલે નરકનું કારણ, અને 'आदि' પદથી હિતનું કારણ=સ્વર્ગનું કારણ ગ્રહણ કરવાનું છે; અને 'नरकस्वर्गादिकारणम्' માં 'आदि' પદથી મોક્ષનું કારણ ગ્રહણ કરવાનું છે; અને 'स्त्र्यादि' માં 'आदि' પદથી અન્ય સંસારની ભોગસામગ્રી કે જે નરકનું કારણ છે તે, અને યોગીઓ, તીર્થંકરો, મહાત્માઓની ઉપાસના કે જે સ્વર્ગ અને મોક્ષનું કારણ છે તે સર્વનું ગ્રહણ કરવાનં છે.

❖ 'तथाप्रर्वृत्तिबुद्ध्यापि' માં 'अपि' થી એ કહેવું છે કે તે પ્રકારની અપ્રવૃત્તિબુદ્ધિથી તો વેદ્યનું સંવેદન થાય છે, પરંતુ તે પ્રકારની પ્રવૃત્તિબુદ્ધિથી પણ વેદ્ય એવા સ્ત્રી આદિનું સંવેદન થાય છે.

❖ 'प्रेक्षावतामपि' માં 'अपि' થી એ કહેવું છે કે અવિચારકને તો સ્ત્રી આદિ પ્રધાનકર્મબંધનું કારણ છે, પરંતુ વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાને પણ સ્ત્રી આદિ પ્રધાનકર્મબંધનું કારણ છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૬૬ની ટીકામાં કહેલ કે કાર્ત્સ્ન્યથી અનંતધર્માત્મક તત્ત્વની પ્રતિપત્તિ દ્વારા જ્ઞેયની વ્યાપ્તિથી બોધનું સૂક્ષ્મપણું છે, અને આવો સૂક્ષ્મબોધ વેદ્યસંવેદ્યપદરૂપ છે. તેથી વેદ્યસંવેદ્યપદ અનંતધર્માત્મક વસ્તુનો સંપૂર્ણપણે બોધ કઈ રીતે કરાવે છે ? તે વાત પ્રસ્તુત શ્લોકથી બતાવે છે.

સ્યાદ્વાદદૃષ્ટિએ દ્રવ્યાસ્તિકનયથી અને પર્યાયાસ્તિકનયથી બોધ કરવામાં આવે, અને તે પણ યથાસ્થાન વિનિયોગપૂર્વક કરવામાં આવે, તો તે સંપૂર્ણ બોધ છે; અથવા તો નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેને ઉચિત સ્થાને જોડીને બોધ કરવામાં આવે તો તે બોધ અનંતધર્માત્મક વસ્તુનો સંપૂર્ણ બોધ છે. તેમ --

પ્રસ્તુતમાં વેદ્યસંવેદ્યપદવાળા જીવો સ્ત્રી આદિ વેદ્યને, વ્યવહારનય ગૌણ છે જેમાં એવા નિશ્ચયનયથી કઈ રીતે વેદન કરે છે ? તે શ્લોકના પૂર્વાર્ધથી બતાવેલ છે; અને આગમથી થયેલી વિશુદ્ધિવાળી તે પ્રકારની પ્રવૃત્તિબુદ્ધિથી પણ=ગ્રહણ અને ત્યાગની પરિણતિવાળી પ્રવૃત્તિબુદ્ધિથી પણ, નિશ્ચયનય ગૌણ છે જેમાં એવા વ્યવહારનયને આશ્રયીને વેદ્ય એવા સ્ત્રી આદિનું કઈ રીતે વેદન કરે છે ? તે શ્લોકના ઉત્તરાર્ધથી બતાવેલ છે.

નિશ્ચયનયની દૃષ્ટિથી જોનારાને જગતના તમામ પદાર્થો સાથે પોતાના આત્માનો ભેદ દેખાય છે. તેથી તેમને જગતના કોઈપણ પદાર્થમાંથી કોઈપણ પરિણામ પોતાના આત્મામાં પ્રવેશ પામતો નથી, અને પોતાનો પરિણામ અન્ય દ્રવ્યમાં કે અન્યના આત્મામાં પ્રવેશ પામતો નથી, તેમ દેખાય છે. વળી નિશ્ચયનયથી જગતના તમામ પદાર્થો આત્મા માટે જ્ઞેય છે અર્થાત્ જ્ઞાનના વિષય છે, અને પોતાના ક્ષયોપશમ પ્રમાણે જ્ઞેયનો બોધ કરાવવો એ જ્ઞાનનો સ્વભાવ છે; અને તેથી જે જીવોને નિશ્ચયનયની દૃષ્ટિનો પરમાર્થ જણાયો છે, તેવા સમ્યગ્દૃષ્ટિ આદિ સર્વ ભાવયોગીઓને નિશ્ચયનયની દૃષ્ટિથી પદાર્થો જે રૂપે રહેલા છે તેવા દેખાય છે. જેમ, સ્ત્રી હોય તો સ્ત્રીરૂપે જ દેખાય છે, જેવા આકારવાળી છે તેવા આકારવાળી જ દેખાય છે, અને જેવા વર્ણવાળી હોય તેવા વર્ણવાળી જ દેખાય છે; અને યોગી પણ જેવા આકારવાળા હોય, જેવી પ્રકૃતિવાળા હોય તેવા દેખાય છે; અને તીર્થંકરો પણ જેવા આકારાદિવાળા છે તેવા જ દેખાય છે; પરંતુ આ મારા માટે ઇષ્ટ છે અથવા મારા હિતનું કારણ છે, કે આ મારા માટે અનિષ્ટ છે કે મારા અહિતનું કારણ છે, તેવા વિકલ્પરૂપે દેખાતા નથી; કેમ કે નિશ્ચયનયથી અન્ય પદાર્થો સાથે જીવનો અત્યંત ભેદ છે. તેથી નિશ્ચયનયના પરમાર્થને જોનારા એવા સર્વ ભાવયોગીઓ માટે ઇષ્ટ-અનિષ્ટના વિકલ્પથી રહિત એવા જ્ઞાનથી, વેદ્ય સ્ત્રી આદિ કે સંસારની ભોગસામગ્રી જ્ઞેય છે, અને આ યોગીઓ કે તીર્થંકરો આદિ પણ મારા ઉપકારક છે કે અનુપકારક છે તેવા વિકલ્પથી રહિત એવા જ્ઞાનથી આ યોગીઓ અને તીર્થંકરો પણ વેદ્ય છે. તેથી આ સ્ત્રી આદિ કે યોગી આદિ જ્ઞાનના વિષયરૂપે જ દેખાય છે, પરંતુ સ્ત્રી આદિમાં નિવૃત્તિની બુદ્ધિ કે યોગી આદિમાં પ્રવૃત્તિની બુદ્ધિ થતી નથી. આવું વેદ્ય નિશ્ચયનયને જોનારા સર્વ યોગીઓને પોતાના ક્ષયોપશમને અનુરૂપ નિશ્ચયબુદ્ધિથી જે આશયસ્થાનમાં જણાય છે તે આશયસ્થાન વેદ્યસંવેદ્યપદ છે.

ક્ષયોપશમને અનુરૂપ કહેવાથી એ કહેવું છે કે તેવા ભાવયોગીઓ પણ પોતાના મતિજ્ઞાનના ક્ષયોપશમ પ્રમાણે બાહ્ય પદાર્થના અધિક કે ઓછા પર્યાયો ગ્રહણ કરે છે=જેઓનો અધિક ક્ષયોપશમ વર્તે છે તેઓ અધિક પર્યાયો ગ્રહણ કરે છે, જેઓનો ક્ષયોપશમ ઓછો છે તેઓ ઓછા પર્યાયો ગ્રહણ કરે છે.

વળી આ બોધ નિશ્ચયબુદ્ધિથી સંવેદન થાય છે તેમ કહ્યું. તેનો આશય એ છે કે સર્વ ભાવયોગીઓ નિશ્ચયનયની પરમાર્થદૃષ્ટિથી જુએ છે ત્યારે, આ બાહ્ય સ્ત્રી આદિ કે યોગી આદિ પદાર્થો મારી પ્રવૃત્તિ-

નિવૃત્તિનો વિષય નથી, પરંતુ માત્ર જ્ઞાનનો વિષય છે, તેવું નિશ્ચયબુદ્ધિથી જાણે છે; કેમ કે યોગીઓ જાણે છે કે જ્ઞાન જીવનો સ્વભાવ છે, અને સિદ્ધના આત્માઓ જગત્‌વર્તી સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને યથાર્થ જાણે છે, છતાં તેમનું જ્ઞાન બાહ્ય દ્રવ્યમાં કે બાહ્ય દ્રવ્યમાં રહેલા પર્યાયોમાં રાગ-દ્વેષથી પ્રવૃત્તિ કરતું નથી, પરંતુ કેવલ જ્ઞેયનું પરિચ્છેદન=જ્ઞાન કરે છે. તેમ આપણામાં પણ વર્તતું જ્ઞાન સ્વભાવથી તો તેવું જ છે, છતાં તે યોગી નિશ્ચયનયની બુદ્ધિ સહવર્તી ગૌણરૂપે રહેલ વ્યવહારનયથી જાણે છે કે સંસારી જીવોને સ્ત્રી અને ભોગસામગ્રી રાગાદિ પ્રગટ કરીને નરકનું કારણ બને છે, અને યોગી આદિ કે તીર્થંકરો ઉપાસના દ્વારા સ્વર્ગાદિ કે મોક્ષાદિનું કારણ બને છે.

વળી વ્યવહારનયની પ્રધાન દૃષ્ટિથી પણ યોગીઓ તે સ્ત્રી આદિ પદાર્થને કઈ રીતે જુએ છે ? તે શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે :

પૂર્વમાં બતાવ્યા પ્રમાણે નિશ્ચયનયથી સ્ત્રી આદિ કે યોગી આદિ તેના સ્વરૂપમાત્રથી જ વેદ્યરૂપે ગ્રહણ થાય છે. તેથી સ્ત્રી આદિમાં કે યોગી આદિમાં પ્રવૃત્તિ-નિવૃત્તિની બુદ્ધિ થતી નથી, પરંતુ જે પ્રકારે તેમના આકારાદિ છે, તે પ્રકારના આકારાદિનું ગ્રહણ થાય છે. નિશ્ચયનયથી વેદ્યસંવેદ્યપદમાં જેમ આ પ્રકારનું ગ્રહણ થાય છે, તેમ વ્યવહારનયથી શ્રુતાનુસારી બુદ્ધિથી સ્ત્રી આદિ હેય છે અને યોગી આદિ ઉપાદેય છે તે પ્રકારની પ્રવૃત્તિ-નિવૃત્તિબુદ્ધિ પણ વેદ્યસંવેદ્યપદમાં થાય છે; કેમ કે વિવેકસંપન્ન એવા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો જાણે છે કે નિશ્ચયનયથી પદાર્થમાત્ર જ્ઞાનનો વિષય છે પ્રવૃત્તિનો વિષય નથી, પ્રવૃત્તિનો વિષય સ્વપરિણામ જ છે; છતાં મોક્ષને અનુકૂળ સ્વપરિણામને પ્રગટ કરવામાં સ્ત્રી આદિ બાધક છે, એટલું જ નહિ પણ સ્ત્રી આદિના નિમિત્તને પામીને યોગીઓ પણ કર્મબંધને પ્રાપ્ત કરે છે, અને તીર્થંકરો આદિના નિમિત્તને પામીને સ્વપરિણામને પણ પ્રગટ કરી શકે છે. માટે આગમાનુસારે જે સ્થાનમાં પ્રવૃત્તિ કરવાથી હિત દેખાય ત્યાં વેદ્યસંવેદ્યપદ પ્રવૃત્તિનું કારણ બને છે, અને જ્યાં અહિત દેખાય ત્યાં નિવૃત્તિનું કારણ બને છે. આથી સ્ત્રી આદિમાં નિવૃત્તિ થાય છે અને યોગી આદિમાં આલંબનરૂપે પ્રવૃત્તિ થાય છે. તેથી વેદ્યસંવેદ્યપદવાળા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને યથાસ્થાન નિશ્ચયનય અને વ્યવહારનયના યોજનથી સમ્યગ્બોધ થાય છે; તોપણ અવિરતિસમ્યગ્દૃષ્ટિનું ભોગાદિઆપાદક બલવાન કર્મ હોય તો સ્ત્રી આદિમાં પણ પ્રવૃત્તિ થાય છે; પરંતુ સમ્યગ્દૃષ્ટિનો બોધ તે પ્રવૃત્તિ કરાવતો નથી, પણ બલવાન ભોગકર્મ અને અનાદિના સંસ્કારો તે પ્રવૃત્તિ કરાવે છે; તેઓનું જ્ઞાન તો તે પાપપ્રવૃત્તિમાં તપ્તલોહપદન્યાસતુલ્ય પ્રવૃત્તિ કરવાનું કારણ બને છે. **II૭૩II**

**અવતરણિકા :-**

પદ શબ્દના અન્વર્થનો યોગ હોવાથી વેદ્યસંવેદ્યપદ જ પદ છે, તે રીતે બતાવાય છે, તેમ શ્લોક-૭૩ની અવતરણિકામાં કહેલ, તેથી શ્લોક-૭૩માં વેદ્યસંવેદ્યપદનું લક્ષણ બતાવ્યું. હવે પદ શબ્દની વ્યુત્પત્તિ બતાવીને તે વેદ્યસંવેદ્યપદમાં કઈ રીતે ઘટે છે, તે બતાવે છે :

**શ્લોક :-**

**तत्पदं साध्ववस्थानाद् भिन्नग्रन्थ्यादिलक्षणम् ।**
**अन्वर्थयोगतस्तन्त्रे वेद्यसंवेद्यमुच्यते ।।७४।।**

**અન્વયાર્થ :-**

साध्ववस्थानात्=સાધુ અવસ્થાન હોવાને કારણે=યથાવસ્થિત બોધ હોવાને કારણે अन्वर्थयोगतः= અન્વર્થનો યોગ હોવાથી=તે પદમાં વ્યુત્પત્તિનો અર્થ સંગત થવાથી तन्त्रे=તંત્રમાં=સિદ્ધાંતમાં भिन्नग्रन्थ्यादिलक्षणम्=ભિન્નગ્રંથિ આદિરૂપ तत्पदं=તે પદ=૭૩મા શ્લોકમાં બતાવ્યું તે આશયસ્થાન वेद्यसंवेद्यम्=વેદ્યસંવેદ્ય उच्यते=કહેવાય છે. ।।૭૪।।

**શ્લોકાર્થ :-**

**યથાવસ્થિત બોધ હોવાને કારણે અન્વર્થનો યોગ હોવાથી સિદ્ધાંતમાં ભિન્નગ્રંથિ આદિરૂપ તે પદ વેદ્યસંવેદ્ય કહેવાય છે. ।।૭૪।।**

**ટીકા :-**

'तत्पदम्' इति पदनात्पदमाशयस्थानं, 'साध्ववस्थानात्'=परिच्छेदात्सम्यगवस्थानेन, 'भिन्नग्रन्थ्यादि-लक्षणं'=भिन्नग्रन्थिदेशविरत (सर्वविरत) रूपम्, किमित्याह 'अन्वर्थयोगतः'=अन्वर्थयोगेन, 'तन्त्रे'= सिद्धान्ते, 'वेद्यसंवेद्यमुच्यते' वेद्यं संवेद्यतेऽनेनेति कृत्वा ।।७४।।

**ટીકાર્થ :-**

'तत्पदम्' इति ..... कृत्वा ।। 'તે પદ' એ કથનમાં 'પદ' શબ્દ શું છે તે બતાવે છે : પદનક્રિયા હોવાથી=આશયને પોતાનામાં રાખવાની ક્રિયા હોવાથી, પદ એ આશયનું સ્થાન છે. વળી આ પદમાં સાધુ અવસ્થાન હોવાને કારણે=સમ્યગ્ અવસ્થાનથી પરિચ્છેદ હોવાને કારણે, અર્થાત્ બોધ હોવાને કારણે અન્વર્થયોગની પ્રાપ્તિ થાય છે, એમ અન્વય છે.

વળી આ આશયસ્થાન ભિન્નગ્રંથિ આદિ લક્ષણરૂપ છે=ભિન્નગ્રંથિ-દેશવિરત-સર્વવિરતરૂપ છે.

વળી વેદ્ય સંવેદન કરાય છે આના વડે, એથી કરીને અન્વર્થનો યોગ હોવાને કારણે=પદશબ્દની વ્યુત્પત્તિનો યોગ હોવાને કારણે, તંત્રમાં=સિદ્ધાંતમાં, તે પદને વેદ્યસંવેદ્ય કહેવાય છે. ।।૭૪।।

**ભાવાર્થ :-**

શ્લોક-૭૩માં વેદ્યસંવેદ્યપદ શું છે, તેનું સ્વરૂપ બતાવ્યું. હવે તે પદ વેદ્યસંવેદ્ય કેમ કહેવાય છે ? તેમાં યુક્તિ બતાવે છે : આ પદમાં સુંદર આશયનું અવસ્થાન છે, તેથી પદશબ્દની વ્યુત્પત્તિનો યોગ આ આશયસ્થાનમાં પ્રાપ્ત થાય છે. તેથી શાસ્ત્રમાં તે પદને વેદ્યસંવેદ્યપદ કહેવાય છે.

અહીં 'પદ' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : જેમાં પદનક્રિયા હોય તે પદ કહેવાય અર્થાત્ આધાર આપવાની ક્રિયા હોય તે પદ કહેવાય, અને સમ્યગ્દૃષ્ટિ આદિનો બોધ સુંદર આશયનો આધાર બને છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ આદિને ભગવાનના વચનાનુસાર યથાર્થ બોધ થયેલો છે. તેથી તે નિશ્ચય-વ્યવહારથી યથાસ્થાને જોઈ શકે છે અને યથાશક્તિ આચરી શકે છે. આવા પ્રકારના સુંદર આશયનું સ્થાન જે પદ છે તે વેદ્યસંવેદ્યપદ કહેવાય છે.

અહીં કહ્યું કે આ પદમાં સમ્યગ્ અવસ્થાનથી પરિચ્છેદ હોવાને કારણે અન્વર્થનો યોગ છે. તેનાથી એ કહેવું છે કે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોના બોધમાં સમ્યગ્ પ્રકારના આશયના અવસ્થાનથી પદાર્થનો પરિચ્છેદ છે=પદાર્થનો બોધ છે, માટે પદ શબ્દની વ્યુત્પત્તિનો યોગ છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોનો બોધ સર્વનયોથી જ્ઞેયની વ્યાપ્તિવાળો છે. તેથી ઉચિત સ્થાને ઉચિત નયને જોડે એવા આશયના અવસ્થાનવાળો છે, અને તેવા આશયના અવસ્થાનથી તેમનો બોધ પદાર્થનું જ્ઞાન કરાવે છે. માટે તેમના જ્ઞાનમાં પદ શબ્દની વ્યુત્પત્તિ સંગત છે, તેથી તેઓના બોધને વેદ્યસંવેદ્યપદ કહેલ છે.

અહીં તત્પદનું વિશેષણ ભિન્નગ્રંથિ આદિ લક્ષણ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે ભિન્નગ્રંથિ એવો સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત એવો શ્રાવક અને સર્વવિરત એવો સાધુ તે રૂપ જ તે પદ છે=વેદ્યસંવેદ્યપદ છે. જોકે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં આવો બોધ રહે છે, તોપણ બોધ અને બોધવાનનો અભેદ કરીને તે પદને ભિન્નગ્રંથિ આદિ રૂપ કહેલ છે, અને ભિન્નગ્રંથિ આદિ રૂપ તે પદ કહેવાથી એ અર્થ પ્રાપ્ત થયો કે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોના બોધ સિવાય અન્ય જીવોનો જે બોધ છે તે પદ નથી; કેમ કે યથાવસ્થિત પદાર્થના બોધને કરાવનાર એવું તે જ્ઞાન નથી, માટે તે જ્ઞાન પદ નથી.

આનાથી એ ફલિત થયું કે એકાંતે હિતનું કારણ બને એવા આશયના સ્થાનરૂપ બોધ વેદ્યસંવેદ્યપદ છે. તેથી તે બોધ ક્યારેય અહિતમાં પ્રવૃત્તિ કરાવે નહિ. આમ છતાં તીવ્ર અવિરતિના ઉદયથી સમ્યગ્દૃષ્ટિ આદિની ક્યારેક પાપપ્રવૃત્તિ થાય છે, તોપણ તે પાપપ્રવૃત્તિ તે બોધથી થતી નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ આદિનો બોધ તો તે પાપપ્રવૃત્તિને પણ સંવેગસારા બનાવવાનું કારણ બને છે. **II૭૪II**

**અવતરણિકા :-**

**तस्मादन्यदाह –**

**અવતરણિકાર્થ :-**

**તેનાથી=વેદ્યસંવેદ્યપદથી, અન્યને=અવેદ્યસંવેદ્યપદને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૭માં ચાર દૃષ્ટિઓમાં અવેદ્યસંવેદ્યપદ કેવું છે તે બતાવેલ, અને શ્લોક-૭૨માં અવેદ્યસંવેદ્યપદ પરમાર્થથી અપદ છે, તે બતાવેલ. હવે વેદ્યસંવેદ્યપદથી અન્ય એવું અવેદ્યસંવેદ્યપદ કેવું છે, તે અન્ય રીતે બતાવે છે –

શ્લોક :-

अवेद्यसंवेद्यपदं, विपरीतमतो मतम् ।
भवाभिनन्दिविषयं, समारोपसमाकुलम् ।।७५।।

અન્વયાર્થ :-

अतः=આનાથી=વેદ્યસંવેદ્યપદથી विपरीतम्=વિપરીત भवाभिनन्दिविषयं समारोपसमाकुलम् अवेद्यसंवेद्यपदं=ભવાભિનંદી જીવોના વિષયવાળું, સમારોપ કરવામાં સમાકુલ અર્થાત્ સમારોપ કરવામાં વ્યગ્ર એવું અવેદ્યસંવેદ્યપદ मतम्=મનાયું છે. ।।૭૫।।

શ્લોકાર્થ :-

**વેદ્યસંવેદ્યપદથી વિપરીત, ભવાભિનંદી જીવોના વિષયવાળું, સમારોપ કરવામાં વ્યગ્ર એવું અવેદ્યસંવેદ્યપદ મનાયું છે. ।।૭૫।।**

ટીકા :-

'अवेद्यसंवेद्यपदं विपरीतमतो'=वेद्यसंवेद्यपदात् 'मतम्'=इष्टम्, तथाहि-अवेद्यमवेदनीयं वस्तुस्थित्या न तथाभावयोगिसामान्येनाप्यविकल्पकज्ञानग्राह्यं, तथाविधसमानपरिणामानुपपत्तेः, तत्संवेद्यते अज्ञानावरणक्षयोपशमानुरूपं निश्चयबुद्ध्योपप्लवसारया मृगतृष्णोदकवज्ज्ञायते यस्मिन्पदे तत्तथाविधम्, अत एवाह 'भवाभिनन्दिविषयं' एतद्, भवाभिनन्दी वक्ष्यमाणलक्षणः, 'समारोपसमाकुलम्' इति-मिथ्यात्वदोषतोऽपायगमनाभिमुखो (खं) न तथा पिङ्गलितमित्यर्थः ।।७५।।

ટીકાર્થ :-

'अवेद्यसंवेद्यपदं विपरीतमतो' ..... मित्यर्थः ।। આનાથી=શ્લોક-૭૪માં બતાવ્યું તેવા સ્વરૂપવાળા વેદ્યસંવેદ્યપદથી, વિપરીત અવેદ્યસંવેદ્યપદ મનાયું છે=શાસ્ત્રકારો વડે ઇચ્છાયું છે, અને તે અવેદ્યસંવેદ્યપદ કેવું છે ? તે तथाहि થી બતાવે છે :

**અવેદ્ય=વસ્તુસ્થિતિથી અવેદનીય=તેવા પ્રકારના ભાવયોગી સામાન્યથી અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ આદિ સર્વથી અવિકલ્પક જ્ઞાનગ્રાહ્ય નથી તે અવેદ્ય, એમ અન્વય છે.**

સમ્યગ્દૃષ્ટિ આદિ સર્વ ભાવયોગીઓથી અવિકલ્પક જ્ઞાનગ્રાહ્ય કેમ નથી ? તેમાં હેતુ કહે છે :

**તેવા પ્રકારના સમાન પરિણામની અનુપપત્તિ છે=સમ્યગ્દૃષ્ટિ આદિ ભાવયોગીઓને તેવા પ્રકારના સમાન પરિણામની અપ્રાપ્તિ છે.**

આ રીતે અવેદ્યનો અર્થ કર્યો, હવે અવેદ્યસંવેદ્યપદનો અર્થ કરે છે :

**તે=અવેદ્ય, અજ્ઞાનાવરણના ક્ષયોપશમને અનુરૂપ સંવેદન થાય છે જે પદમાં, તે તેવું છે=મૃગતૃષ્ણામાં**

**પાણીની જેમ, ઉપપ્લવસાર એવી નિશ્ચયબુદ્ધિથી અજ્ઞાનાવરણના ક્ષયોપશમને અનુરૂપ જણાય છે જે પદમાં, તે પદ તેવું છે અર્થાત્ અવેદ્યસંવેદ્યપદ છે.**

**આથી જ=અવેદ્યસંવેદ્યપદ ઉપપ્લવસાર એવી નિશ્ચયબુદ્ધિથી અજ્ઞાનાવરણના ક્ષયોપશમને અનુરૂપ બોધ કરાવે છે આથી જ, કહે છે :**

**ભવાભિનંદીના વિષયવાળું આ=અવેદ્યસંવેદ્યપદ, છે, અને આગળ કહેવાશે એવા લક્ષણવાળો ભવાભિનંદી જીવ છે.**

વળી તે અવેદ્યસંવેદ્યપદ કેવું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે :

**સમારોપસમાકુલ છે અર્થાત્ મિથ્યાત્વના દોષને કારણે અપાયગમનને અભિમુખ છે, તે પ્રકારે પિંગલિત નથી, એ પ્રકારનો અર્થ છે=જે પ્રકારે કમળાના રોગવાળાને સફેદ પણ પીળું દેખાય છે, તેવું પીળું દેખાડનાર નથી, પરંતુ અપાયગમનને અભિમુખ એવું સમારોપસમાકુલ છે, એ પ્રકારનો અર્થ છે. ।।૭૫।।**

❖ 'अपायागमनाभिमुखो न तथा पिङ्गलितं' એ પ્રકારનો પાઠ હસ્તલિખિત પ્રતમાં છે, પરંતુ 'अपायागमनाभिमुखो' ના સ્થાને 'अपायागमनाभिमुखं' પાઠ જોઈએ.

**ભાવાર્થ :-**

શ્લોક-૭૪માં વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ બતાવ્યું, અને કહ્યું કે તે બોધ 'સુંદર આશયનું સ્થાન' છે; અને તેવા બોધરૂપ વેદ્યસંવેદ્યપદથી વિપરીત બોધરૂપ અવેદ્યસંવેદ્યપદ છે. તેથી તેવો બોધ 'અસુંદર આશયનું સ્થાન' છે, એ અર્થ પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે વેદ્યસંવેદ્યપદવાળા યોગીઓ, વસ્તુ જે રીતે વેદનીય છે તે રીતે વેદન કરે છે. તેથી પરમાર્થની દૃષ્ટિએ તેઓને પોતાનાથી ભિન્ન એવા સર્વ જ્ઞેય પદાર્થો, જ્ઞેયમાં જેવો આકાર છે તે આકારરૂપે દેખાય છે; અને શ્રુતથી નિર્મળ થયેલી મતિને કારણે તેઓ એ પણ જાણે છે કે 'મારામાં વિકારો છે, તેથી બાહ્ય સ્ત્રી આદિ પદાર્થો વિકાર ઉત્પન્ન કરાવીને નરકનું કારણ બનશે, જ્યારે તીર્થંકરો આદિ આત્મકલ્યાણનું કારણ બનશે. તેથી સ્ત્રી આદિથી મારે નિવૃત્તિ કરવી જોઈએ અને તીર્થંકર આદિમાં ઉપાસનાની પ્રવૃત્તિ કરવી જોઈએ' તેવા સુંદર આશયનું સ્થાન વેદ્યસંવેદ્યપદવાળા જીવોનો બોધ છે, અને તેનાથી વિપરીત આશયનું સ્થાન અવેદ્યસંવેદ્યપદવાળા જીવોનો બોધ છે.

અવેદ્યસંવેદ્યપદને ટીકામાં 'तथाहि' થી સ્પષ્ટ કરે છે :

ત્યાં પ્રથમ 'અવેદ્ય'નો અર્થ કરે છે : વસ્તુસ્થિતિથી=નિશ્ચયનયથી, અવેદનીય પદાર્થ અવેદ્ય કહેવાય, અને તે અવેદનીયના સ્વરૂપને સ્પષ્ટ કરતાં કહે છે :

સમ્યગ્દૃષ્ટિ આદિ સર્વ ભાવયોગીઓને અવિકલ્પકજ્ઞાનથી ગ્રાહ્ય=સમાન આકારવાળા જ્ઞાનથી ગ્રાહ્ય જે સ્ત્રી આદિ વસ્તુ નથી, તે અવેદ્ય છે; કેમ કે સ્ત્રી આદિ વસ્તુમાં સમ્યગ્દૃષ્ટિ આદિ સર્વ ભાવયોગીઓને તેવા

પ્રકારના સમાન પરિણામની અનુપપત્તિ છે. કોઈક ભાવયોગીને સ્ત્રી આદિ પ્રત્યે રાગ થાય છે તો કોઈકને દ્વેષ થાય છે, તો કોઈકને ઉપેક્ષા થાય છે. માટે સમાન પરિણતિની અનુપપત્તિ છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોની નિર્મળ પરિણતિ છે. તેથી સર્વજ્ઞએ અનંતધર્માત્મક પદાર્થોને જે રીતે નિશ્ચયનયની દૃષ્ટિથી અને વ્યવહારનયની દૃષ્ટિથી બતાવ્યા છે, તે રીતે જોનારા હોય છે. તેથી તેઓના બોધમાં જણાય છે કે 'સ્ત્રી આદિ પદાર્થો જે આકારરૂપે સંસ્થિત છે તે આકારરૂપે બોધ કરવાથી પ્રવૃત્તિના વિષય નથી, પરંતુ જ્ઞાનના વિષય છે. આમ છતાં વિકારની પરિણતિથી સ્ત્રી આદિમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો કર્મબંધ થાય છે, અને કલ્યાણદૃષ્ટિથી યોગી આદિની ઉપાસનાની પ્રવૃત્તિ કરવામાં આવે તો કલ્યાણ થાય છે. માટે મારે સ્ત્રી આદિમાં નિવૃત્તિની પ્રવૃત્તિ અને યોગી આદિમાં ઉપાસનાની પ્રવૃત્તિ કરવી જોઈએ.' આવા બોધવાળા સર્વ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને પણ સ્ત્રી આદિ પદાર્થો અવિકલ્પકજ્ઞાનગ્રાહ્ય થતા નથી; કેમ કે કોઈક સમ્યગ્દૃષ્ટિને તે સ્ત્રી પ્રત્યે રાગનો પરિણામ થાય છે, તો કોઈક અન્ય સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના નિમિત્તને પામીને તે જ સ્ત્રી પ્રત્યે દ્વેષનો પરિણામ થાય છે, તો વળી કોઈ અન્ય સમ્યગ્દૃષ્ટિને તે સ્ત્રી પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ પણ થાય છે. તેથી સર્વ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને પણ સ્ત્રી આદિ પદાર્થો પ્રત્યે તેવા પ્રકારનો સમાન પરિણામ થતો નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને જે સ્ત્રી આદિ પદાર્થો આ રીતે વિકલ્પકજ્ઞાનથી ગ્રાહ્ય થાય છે, તે રીતે વસ્તુસ્થિતિથી સ્ત્રી આદિ વેદ્ય નથી; અને આ રીતે અવેદ્ય એવા પણ પદાર્થો અજ્ઞાનાવરણીયના ક્ષયોપશમને અનુરૂપ ઉપપ્લવસાર=રાગાદિના ઉપદ્રવવાળી, એવી નિશ્ચયબુદ્ધિથી=જે રીતે પોતાને વેદન થાય છે, તે તેમ જ છે એ પ્રકારની નિર્ણિત બુદ્ધિથી, જે પદમાં વેદ્ય જણાય છે, તે પદ અવેદ્યસંવેદ્યપદ છે.

વસ્તુતઃ સમ્યગ્દૃષ્ટિ આદિ ભાવયોગીઓને પણ સ્ત્રી આદિ નિમિત્તો તે તે પ્રકારના વિકારથી વેદન થાય છે. આથી કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવને કોઈક સ્ત્રી પ્રત્યે રાગનો પરિણામ થાય છે, તો વળી અન્ય કોઈક સમ્યગ્દૃષ્ટિ આદિને તે સ્ત્રી પ્રત્યે દ્વેષનો પરિણામ થાય છે. આમ છતાં સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો જાણે છે કે 'મારામાં વિકાર પડેલો છે, તેથી નિમિત્તને પામીને તે સ્ત્રી આદિ પ્રત્યે મને રાગ-દ્વેષાદિની પરિણતિ થાય છે; પરંતુ વસ્તુસ્થિતિથી સ્ત્રી આદિ પદાર્થો જે રીતે કેવલજ્ઞાનીના કેવલજ્ઞાનમાં દેખાય છે, તે રીતે નિશ્ચયનય સ્ત્રી આદિ વસ્તુનું સ્વરૂપ બતાવે છે. માટે સ્ત્રી આદિ વસ્તુ પરમાર્થથી તો નિશ્ચયનય જે રીતે બતાવે છે તે રીતે જ વેદ્ય છે.' તેથી સમ્યગ્દૃષ્ટિ આદિના જ્ઞાનમાં પણ રાગાદિના સંશ્લેષથી જે રીતે સ્ત્રી આદિનું ગ્રહણ થાય છે, તે રીતે તે પદાર્થ વેદ્ય જણાતા નથી; પરંતુ જે લોકોમાં મિથ્યાત્વ વર્તે છે તેવા જીવોને તે સ્ત્રી આદિ પદાર્થો જે રીતે નિશ્ચયથી અવેદ્ય છે, તે રીતે પોતાના અજ્ઞાનાવરણ ક્ષયોપશમને અનુરૂપ નિશ્ચયબુદ્ધિથી વેદ્ય જણાય છે. જેમ ઝાંઝવાના જળમાં જોનારને આ પાણી છે તેમ દેખાય છે, તેમ વિપર્યાસ બુદ્ધિવાળા જીવોને સ્ત્રી આદિ પદાર્થો 'આ મારા સુખનાં કારણ છે અને આ મારા દુઃખનાં કારણ છે તે રીતે નિશ્ચયબુદ્ધિથી દેખાય છે.' વસ્તુતઃ તેની આ નિશ્ચયબુદ્ધિ તેના આત્મામાં વર્તતા રાગાદિ પરિણામના ઉપપ્લવથી=ઉપદ્રવથી, વ્યાપ્ત છે. તેથી જે રીતે વસ્તુ વસ્તુતઃ વેદ્ય નથી તે રીતે વેદન થાય છે= વેદ્ય અવેદ્ય જણાય છે અવેદ્ય વેદ્ય જણાય છે.

આનાથી એ ફલિત થયું કે સમ્યગ્દૃષ્ટિને જે નિશ્ચયથી અવેદ્ય જણાય છે, તે મિથ્યાદૃષ્ટિને નિશ્ચયથી વેદ્ય જણાય છે; અને સમ્યગ્દૃષ્ટિને જે નિશ્ચયથી વેદ્ય જણાય છે, તે મિથ્યાદૃષ્ટિને નિશ્ચયથી અવેદ્ય જણાય છે. અવેદ્યસંવેદ્યપદમાં આવું વિપરીત વેદન છે, આથી ભવાભિનંદી જીવોના વિષયવાળું આ અવેદ્યસંવેદ્યપદ છે.

જે જીવોને, આ બાહ્ય પદાર્થો જે રીતે વેદન કરવા જેવા નથી, છતાં પોતાનામાં વિકારોને કારણે તે રીતે વેદન થાય છે તેવું જણાય છે, તેવા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને, 'આ ભોગાદિ પદાર્થો વર્તમાનમાં વિકાર કરાવીને કદર્થના કરનારા છે, અને તેનાથી બંધાયેલાં કર્મોથી દુર્ગતિઓની પરંપરા દ્વારા કદર્થનાની પણ પરંપરા કરાવનારા છે,' તે રીતે દેખાય છે. તેવા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો વિકાર કરાવનારા પદાર્થોથી દૂર રહેવા પ્રયત્ન કરે છે, અને વિકારોના શમનના ઉપાયોમાં પણ પ્રયત્ન કરે છે, અને વિકારોના શમનમાં જ પારમાર્થિક સુખ છે તેમ પણ જોઈ શકે છે, અને આથી ભોગના સંક્લેશથી રહિત એવો મોક્ષ છે, તેમ તેઓને દેખાય છે; અને આવા સમ્યગ્દૃષ્ટિ જીવોમાં વેદ્યસંવેદ્યપદ વર્તે છે; અને જે જીવોને ભોગાદિ પ્રત્યેનો બલવાન રાગ છે, આથી સંપૂર્ણ ભોગથી રહિત એવા અને પરમસુખરૂપ મોક્ષના પરમાર્થને જોઈ શકતા નથી, અને બાહ્ય પદાર્થો જે રીતે વેદન કરવાના નથી તે રીતે જેઓને વેદન થાય છે, તેવા ભવાભિનંદી જીવોને, મિથ્યાત્વના દોષને કારણે અપાયગમનને અભિમુખ એવું સમારોપમાં સમાકુલ અર્થાત્ સંસારના ભોગપદાર્થોમાં 'આ સુખાદિનાં સાધનો છે' તે રૂપ આરોપણ કરવામાં વ્યગ્ર એવું અવેદ્યસંવેદ્યપદ વર્તે છે. તેથી જેમ, કમળાના રોગવાળાને સર્વ વસ્તુ પીળી દેખાય છે, તેમ સ્ત્રી આદિ ભોગ્ય અન્ય આકારે દેખાતા નથી, પરંતુ સ્ત્રી આદિ ભોગ્ય પદાર્થો આત્મા માટે વિકારનું કારણ હોવા છતાં અવેદ્યસંવેદ્યપદવાળાને સુખનું કારણ દેખાય છે અર્થાત્ અનર્થના કારણ બને તેવા સમારોપવાળા બને છે.

શ્લોક-૭૩ થી ૭૫ સુધીના કથનમાં સંક્ષેપથી આ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે :

શ્લોક-૭૩ના પૂર્વાર્ધથી એ પ્રાપ્ત થયું કે સમ્યગ્દૃષ્ટિ આદિ યોગીઓને નિશ્ચયનયની દૃષ્ટિથી સ્ત્રી આદિ પદાર્થો રાગાદિ વિકલ્પ વગર જ્ઞેયરૂપે ગ્રાહ્ય થાય છે. તેથી તે જ્ઞાન પ્રમાણે બાહ્ય પદાર્થમાં સમ્યગ્દૃષ્ટિને અપ્રવૃત્તિની બુદ્ધિ=તે પદાર્થો પ્રવૃત્તિના વિષય નથી તેવી બુદ્ધિ થાય છે; અને શ્લોક-૭૩ના ઉત્તરાર્ધથી એ પ્રાપ્ત થયું કે સમ્યગ્દૃષ્ટિને વ્યવહારનયની દૃષ્ટિથી આગમવિશુદ્ધ એવી તે પ્રકારની=જે પ્રકારે આગમમાં સ્ત્રી આદિથી દૂર રહેવા કહેલ છે, અને યોગી આદિના પરિચયમાં રહેવાનું કહેલ છે, તે પ્રકારની પ્રવૃત્તિ-નિવૃત્તિ બુદ્ધિથી પણ સ્ત્રી આદિ વેદ્યનું સંવેદન થાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ સ્ત્રી આદિથી દૂર રહે છે, અને યોગીઓ આદિમાં પ્રવૃત્તિ કરે છે; અને શ્લોક-૭૫ની ટીકામાં કહ્યું કે સ્ત્રી આદિ પદાર્થો તે પ્રકારના ભાવયોગી સામાન્યથી અવિકલ્પકજ્ઞાનગ્રાહ્ય નથી. તેથી કોઈ સમ્યગ્દૃષ્ટિ આદિ ભાવયોગીઓને પણ સ્ત્રી આદિ પદાર્થો રાગાદિ વિકલ્પક જ્ઞાનથી ગ્રાહ્ય છે, તોપણ તેઓને સ્ત્રી આદિ પરમાર્થથી તે રીતે વેદ્ય જણાતા નથી; અને અવેદ્યસંવેદ્યપદવાળાને સ્ત્રી આદિ તે રીતે પરમાર્થથી વેદ્ય જણાય છે. તેથી તેઓનું જ્ઞાન મિથ્યાત્વદોષવાળું છે. **॥૭૫॥**

**અવતરણિકા :-**

**भवाभिनन्दिलक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

ભવાભિનંદીના લક્ષણને કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૭૫માં કહ્યું કે અવેદ્યસંવેદ્યપદ ભવાભિનંદી જીવના વિષયવાળું છે. તેથી ભવાભિનંદી જીવ કેવો હોય છે, તે બતાવવા માટે ભવાભિનંદી જીવના લક્ષણને કહે છે :

**શ્લોક :-**

**क्षुद्रो लोभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ।**
**अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ।।७६।।**

**અન્વયાર્થ :-**

क्षुद्रो लोभरतिर्दीनो मत्सरी भयवान् शठ अज्ञो निष्फलारम्भसंङ्गतो भवाभिनन्दी=ક્ષુદ્ર, લોભમાં રતિવાળો, દીન, મત્સરવાળો, ભયવાળો, શઠ, અજ્ઞ, નિષ્ફલઆરંભથી યુક્ત ભવાભિનંદી જીવ स्यात्=હોય. ।।૭૬।।

**શ્લોકાર્થ :-**

**ક્ષુદ્ર, લોભમાં રતિવાળો, દીન, મત્સરવાળો, ભયવાળો, શઠ, અજ્ઞ, નિષ્ફલઆરંભથી યુક્ત ભવાભિનંદી જીવ હોય. ।।૭૬।।**

**ટીકા :-**

'क्षुद्रः'=कृपणः, 'लोभरति'=र्याञ्चाशीलः, 'दीनः'=सदैवाकल्याणदर्शी, 'मत्सरी'= परकल्याणदुःस्थितः, 'भयवान्'=नित्यभीतः, 'शठो'=मायावी, 'अज्ञो'=मूर्खः, 'भवाभिनन्दी'= संसारबहुमानी, स्यादेवम्भूतो 'निष्फलारम्भसङ्गतः' सर्वत्राऽतत्त्वाभिनिवेशादिति ।।७६।।

**ટીકાર્થ :-**

'क्षुद्रः' ..... तत्त्वाभिनिवेशादिति ।। ક્ષુદ્ર=કૃપણ અર્થાત્ ભવાભિનંદી જીવ તુચ્છ પદાર્થો પ્રત્યેના રાગને કારણે ક્ષુદ્ર પ્રકૃતિવાળો હોય,

લોભરતિ=યાંચાશીલ અર્થાત્ સંસારના બાહ્ય તુચ્છ પદાર્થોને માગવાના સ્વભાવવાળો હોય.

દીન=સદા જ અકલ્યાણને જોનારો હોય,

મત્સર=પરકલ્યાણમાં દુઃસ્થિત અર્થાત્ બીજાઓના કલ્યાણને સહન ન કરી શકે તેવા પ્રકારના સ્વભાવવાળો હોય,

**ભયવાળો=નિત્યભીત અર્થાત્ ભૌતિક પદાર્થનું મહત્ત્વ હોવાથી સાત પ્રકારના ભયોથી હંમેશાં ભય પામતો હોય,**

**શઠ=માયાવી અર્થાત્ તુચ્છ બાહ્ય પદાર્થોનું મહત્ત્વ હોવાથી તેની પ્રાપ્તિ આદિના હેતુથી માયા કરનારો હોય,**

**અજ્ઞ=મૂર્ખ અર્થાત્ તત્ત્વને જોવામાં અવિચારક હોવાથી મૂર્ખ હોય, વળી નિષ્ફલારંભસંગત= આત્માના હિતને અનુકૂળ એવા સફળ આરંભથી રહિત ભવાભિનંદી હોય છે; કેમ કે ભવાભિનંદી જીવને સર્વત્ર અતત્ત્વનો અભિનિવેશ હોય છે.**

**આવા પ્રકારનો=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનો, ભવાભિનંદી=સંસારમાં બહુમાનવાળો, હોય છે. ॥૭૬॥**

**ભાવાર્થ :-**

**(૧) ક્ષુદ્ર :-**

ભવાભિનંદી જીવોને ભવના કારણીભૂત એવા બાહ્ય પદાર્થોમાંથી આનંદ લેવાની મનોવૃત્તિ છે, જે ક્ષુદ્રભાવો છે. સમ્યગ્દૃષ્ટિ તત્ત્વને જોનારા છે, તેથી શ્લોક-૭૩માં બતાવ્યું તે રીતે પદાર્થોનું સમ્યગ્ વેદન કરે છે, તેના કારણે ભૌતિક પદાર્થોમાંથી આનંદ લેવાની મનોવૃત્તિ નથી; આમ છતાં તીવ્ર અવિરતિનો ઉદય હોય કે બલવાન નિમિત્ત હોય ત્યારે અનાદિ સંસ્કારને કારણે બાહ્ય ભોગાદિમાં પણ યત્ન કરે છે, તોપણ વિકારના શમનથી આનંદ થાય છે, તેવી સ્થિરબુદ્ધિવાળા છે=ભોગથી જે આનંદ છે તેના કરતાં વિકાર વગરની અવસ્થાનો આનંદ છે તે પારમાર્થિક આનંદ છે તેવી સ્થિર બુદ્ધિવાળા છે. તેથી ભોગાદિમાં યત્ન કરતા હોય તોપણ ક્ષુદ્ર પ્રકૃતિવાળા નથી. પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોમાં કંઈક વિવેક ખુલ્યો છે, તે અપેક્ષાએ તેઓમાં અપારમાર્થિક પણ વેદ્યસંવેદ્યપદ છે, તેમ શ્લોક-૬૭માં બતાવ્યું. તે અપેક્ષાએ ચાર દૃષ્ટિવાળાઓ ક્ષુદ્ર પ્રકૃતિવાળા નથી; આમ છતાં શ્લોક-૬૯માં બતાવ્યું તે પ્રમાણે અવેદ્યસંવેદ્યપદને કારણે ચિત્ર અનાભોગથી ચાર દૃષ્ટિવાળા જીવો પાપની પ્રવૃત્તિ કરે છે, તે અપેક્ષાએ તેઓમાં ભૌતિક પદાર્થમાંથી કંઈક આનંદ લેવાની વૃત્તિ પણ છે. તેથી તે અંશથી તેઓમાં પણ ક્ષુદ્રતા છે, ફક્ત સામગ્રી મળે તો તે વિપર્યાસ નિવર્તન પામે તેવો છે. તેથી તે ક્ષુદ્ર પ્રકૃતિ પણ અતિદૃઢ નથી.

**(૨) લોભરતિ :-**

લોભરતિ=બાહ્યપદાર્થનો પોતાને લોભ છે, તેમાં આનંદ લેવાનો સ્વભાવ. કોઈક ઠેકાણે લાભરતિ પણ પાઠ છે, અને તે પ્રમાણે અર્થ કરીએ તો બાહ્ય પદાર્થોના લાભમાં રતિવાળો=બાહ્ય પદાર્થોની યાચના કરવાના સ્વભાવવાળો, ભવાભિનંદી જીવ છે; કેમ કે ભવના કારણીભૂત બાહ્ય પદાર્થોના વિકારોમાં સુખની બુદ્ધિ છે. તેથી બાહ્ય પદાર્થોને મેળવીને હું સુખી છું તેવો રતિનો પરિણામ તેને થાય છે. જોકે સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ ભોગના પ્રવૃત્તિકાળમાં રતિનું વેદન છે, તોપણ સમ્યગ્દૃષ્ટિમાં વિવેક હોવાથી વિકારના શમનમાં સુખ છે તેમ જાણતા હોવાથી પારમાર્થિક રતિ તો તેને નિર્વિકારી અવસ્થામાં દેખાય છે. આમ છતાં જ્યારે વિકારો સતાવે છે ત્યારે તેઓ બાહ્ય પદાર્થોમાં પ્રવૃત્તિ કરીને પણ રતિનો અનુભવ કરે છે, તોપણ તેવી

રતિમાં સમ્યગ્દૃષ્ટિ જીવો માગણ સ્વભાવવાળા નથી. જેમ, ખણજના રોગીને ખણજની ક્રિયામાં રતિ હોય છે, તોપણ ખણજની વૃદ્ધિમાં ઇચ્છા હોતી નથી; તેમ સમ્યગ્દૃષ્ટિને આ વિકારી આનંદને વધારવાની ઇચ્છા હોતી નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ યાંચાશીલ=માગણ નથી, જ્યારે ભવાભિનંદી જીવ યાંચાશીલ છે; અને ચાર દૃષ્ટિવાળા જીવોમાં પણ જે અંશથી વિપર્યાસ છે, તે અંશથી ભૌતિક પદાર્થોમાં પણ આનંદ લઈને કંઈક અંશથી યાંચાશીલ સ્વભાવ પણ છે. આથી સમ્યગ્દૃષ્ટિ જીવો ભોગાદિમાં યત્ન કરતા હોય તોપણ વિકારોનું શમન એ તેમનું પ્રધાન લક્ષ્ય છે, અને ભવાભિનંદી જીવનું વિકારોની વૃદ્ધિ કરીને વિકારોમાંથી આનંદ મેળવવો એ પ્રધાન લક્ષ્ય છે; અને ચાર દૃષ્ટિવાળા જીવોમાં જેટલો વિવેક ખુલ્યો છે એટલા અંશે વિકારોને શમાવવા માટે પ્રધાન યત્ન છે, તોપણ જે અંશમાં વિવેક ખૂલ્યો નથી તે અંશમાં વિપર્યાસ છે, અને તે અંશમાં વિકારોને જિવાડવામાં પણ યત્ન થાય છે.

**(૩) દીન :-**

સંસારમાં જેમ અતિ દરિદ્ર માણસો પ્રકૃતિથી દીન હોય છે અને તેઓએ ક્યારેય સુંદર ભોગો જોયેલા હોતા નથી, તેથી સદા અસાર ભોગોથી આનંદ લેનારા હોય છે; તેમ ભવાભિનંદી જીવે ઉપશમભાવનું સુખ ક્યારેય જોયું નથી, તેથી સદા અકલ્યાણને જોનારો હોય છે, અને તેથી નિઃસાર એવા ભોગોમાંથી આનંદ લેવા યત્ન કરે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવો તો ઉપશમના સુખને જોઈ શકે છે, આથી ઉપશમસુખના ફળરૂપ મોક્ષને પૂર્ણ સુખમય જોનારા છે, તેથી મોક્ષપ્રાપ્તિના અનન્ય ઉપાયભૂત એવા યોગમાર્ગરૂપ કલ્યાણને જોનારા હોય છે; તેથી ક્વચિત્ ભોગાદિમાં યત્ન કરતા હોય તોપણ તેમનું ચિત્ત યોગમાર્ગ પ્રત્યે જ આવર્જિત હોય છે; જ્યારે ભવાભિનંદી જીવોનું ચિત્ત તુચ્છ એવા વિકારી સુખો પ્રત્યે આવર્જિત હોય છે. તેથી કલ્યાણને તેઓ જોનારા નથી, અને ચાર દૃષ્ટિમાં રહેલા જીવો પણ જે અંશથી તત્ત્વને જોઈ શકતા નથી તે અંશથી કલ્યાણને નહિ જોનારા છે.

**(૪) મત્સરી :-**

ભવાભિનંદી જીવો પારકાના કલ્યાણને નહિ સહન કરનારા હોય છે. સામાન્ય રીતે જીવોને ભૌતિક પદાર્થનું મહત્ત્વ હોય ત્યારે પોતાનાથી અધિક ભૌતિક સામગ્રી બીજા પાસે જુએ ત્યારે તેને સહન કરી શકતા નથી, અને તેમને થાય છે કે કઈ રીતે હું તેનાથી અધિક સંપત્તિવાળો થાઉં ? અને અન્યની અધિક સંપત્તિ જોઈને અસહનશીલ પણ પ્રાયઃ હોય છે. તેને સામે રાખીને ભવાભિનંદી જીવને મત્સર દોષવાળો કહેલ છે. ક્વચિત્ સમ્યગ્દૃષ્ટિ આદિમાં પણ નિમિત્તને પામીને મત્સરભાવ દેખાય, તોપણ તત્ત્વને જોનાર હોવાથી સમ્યગ્દૃષ્ટિને મત્સરભાવ પ્રાયઃ થાય નહિ; અને ભવાભિનંદીને તુચ્છ પદાર્થનું મહત્ત્વ હોવાથી બહુલતાએ મત્સરભાવ થાય છે. તેથી બહુલતાએ જે ભાવ ભવાભિનંદીમાં વર્તે છે, તે ભાવને બતાવીને ભવાભિનંદીનો પરિચય કરાવેલ છે. તેથી ભવાભિનંદીનું પરિચાયક લિંગ મત્સરદોષ છે.

**(૫) ભયવાન્ :-**

ભવાભિનંદી જીવો ભયવાળા હોય છે; કેમ કે જે જીવોને બાહ્ય ભૌતિક પદાર્થોનું મહત્ત્વ હોય તે પદાર્થો તેમના જીવનનો શ્વાસ છે, અને તે ચાલ્યા જાય તો પોતે દુઃખી થાય તેમ છે. તેથી તેના રક્ષણમાં પોતાની સર્વ

શક્તિ વાપરે છે, માટે સદા ભયભીત છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ તો તત્ત્વને જોનારા છે, અને તેઓને ભૌતિક પદાર્થોનું મહત્ત્વ નહીંવત્ છે અને યોગમાર્ગનું અત્યંત મહત્ત્વ છે, અને યોગમાર્ગના સેવનના બળથી પોતે સંસારમાં સુરક્ષિત છે તેવો નિર્ણય છે. તેથી 'સાત ભયથી વ્યાપ્ત એવા સંસારથી હું અવશ્ય યોગમાર્ગના બળથી પારને પામીશ' તેવો નિશ્ચય છે. તેથી નિર્ભય રીતે યોગમાર્ગમાં યત્ન કરે છે. ક્વચિત્ બાહ્ય ભય ઉપસ્થિત થાય ત્યારે તેઓમાં ભય પણ દેખાય, તોપણ નિત્યભીત નથી; અને ભવાભિનંદી જીવો બાહ્ય સુરક્ષાના સાધનોના બળથી ભય વગરના દેખાય, તોપણ ભયના નિવારણના ઉપાયમાં વ્યગ્ર હોવાથી નિત્યભીત છે.

**(૬) શઠ :-**

ભવાભિનંદી જીવ=મિથ્યાદૃષ્ટિ જીવ, શઠ હોય છે અર્થાત્ માયાવી હોય છે. સામાન્ય રીતે મિથ્યાત્વ અવસ્થામાં જીવને ભૌતિક પદાર્થનું મહત્ત્વ હોય છે. તેથી કોઈક નિમિત્તને પામીને માયા કરવાના પરિણામો થાય છે. તેને સામે રાખીને ભવાભિનંદી જીવોને માયાવી કહેલ છે. સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને પણ કોઈક નિમિત્તને પામીને માયાનો પરિણામ થાય અને અનંતાનુબંધીની માયા ઉદયમાં આવે તો ભવાભિનંદી બને. જેમ, મલ્લિનાથ ભગવાનના આત્માએ પૂર્વભવમાં માયા કરી, ત્યારે અનંતાનુબંધી માયા આવવાથી તે વખતે સ્ત્રીવેદ બાંધ્યો, અને ચરમભવમાં સ્ત્રીવેદની પ્રાપ્તિ થઈ, અને તે અનંતાનુબંધીમાયાના કારણે ભવના કારણીભૂત તુચ્છ એવી બીજા કરતાં અધિક થવાના પરિણામની લાલસા થઈ, જે ભવાભિનંદીપણાનો અંશ છે; તોપણ આવા ગુણીયલ જીવો નિમિત્તને પામીને માયાવી થયા પછી પણ શીઘ્ર તત્ત્વમાર્ગમાં આવી જાય છે. તેથી તીર્થંકરનામકર્મ પણ બાંધી શક્યા.

**(૭) અજ્ઞ :-**

ભવાભિનંદી જીવ મૂર્ખ હોય છે. ક્વચિત્ બાહ્ય રીતે બુદ્ધિશાળી પણ હોય, તોપણ અસાર એવા સંસારને અસારરૂપે જોઈ શકતો નથી, આત્મહિતનું ભાન નથી, તેથી તત્ત્વ જોવામાં તે મૂર્ખ છે. આથી કોઈએ શ્રાવકધર્મ સ્વીકાર્યો હોય કે સાધુપણું પણ લીધું હોય, આમ છતાં તત્ત્વને જોવા માટે કંઈ યત્ન ન કરે અને માત્ર બાહ્ય આચરણા કરીને ધર્મીની ખ્યાતિ મેળવીને આનંદ લેતા હોય, તેઓ પણ મૂર્ખ છે; કેમ કે પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં ઉચિત પ્રવૃત્તિ કરીને ગુણોને વિકસાવવામાં યત્ન કરતા નથી, અને અસાર એવા બાહ્ય ભાવોથી ભવને ભર્યો ભર્યો માને છે તે મૂર્ખતા છે.

**(૮) નિષ્ફલારંભસંગત :-**

વળી ભવાભિનંદી નિષ્ફળ આરંભથી યુક્ત હોય છે; કેમ કે સર્વ પ્રવૃત્તિઓમાં અતત્ત્વનો અભિનિવેશ હોય છે. આશય એ છે કે ભવાભિનંદી જીવો સંસારમાં વૈભવ મેળવે તોપણ અતત્ત્વ પ્રત્યેનો અભિનિવેશ હોવાને કારણે તેઓનો વૈભવ દુર્ગતિની પરંપરાનું કારણ બને છે. તેથી તેઓનો તે ધન અર્જનનો પ્રયાસ નિષ્ફળ આરંભવાળો હોય છે. ક્વચિત્ ભવાભિનંદી જીવ ધર્મમાર્ગમાં ધનવ્યય કરતો હોય તોપણ અતત્ત્વનો અભિનિવેશ હોવાને કારણે તે ધનવ્યયથી પણ આલોકનાં તુચ્છ માન-ખ્યાતિ મેળવે છે, પરંતુ તેઓનું દાન આત્મકલ્યાણનું કારણ બનતું નથી. વળી ક્વચિત્ ભવાભિનંદી જીવે સંયમ ગ્રહણ કર્યું હોય તોપણ

ભગવાનના વચનમાં અભિનિવેશ હોતો નથી, પરંતુ જ્યાં તેની મતિ વર્તે છે, ત્યાં તેને અભિનિવેશ હોય છે. આથી અતત્ત્વના અભિનિવેશને કારણે તેઓનું ત્યાગમય સંયમજીવન પણ કલ્યાણનું કારણ બનતું નથી. તેથી તેઓની સંયમની આચરણા પણ નિષ્ફળ આરંભવાળી છે.

ઉપર વર્ણન કર્યું એવા લક્ષણવાળો, સંસારના બહુમાનવાળો ભવાભિનંદી જીવ હોય છે. **॥૭૬॥**

**અવતરણિકા :-**

**यदि नामैवं ततः किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**જો આમ છે=શ્લોક-૭૬માં બતાવ્યું એવા પરિણામોવાળો ભવાભિનંદી છે એમ છે, તો તેનાથી શું ?=તેનાથી શું પ્રાપ્ત થયું ? એથી કરીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૬માં બતાવ્યું તેવા અસુંદર ક્ષુદ્રાદિભાવોવાળો ભવાભિનંદી છે, તેથી તેનો બોધ અશોભન પરિણામોથી યુક્ત છે. તે જ સ્પષ્ટ કરે છે :

**શ્લોક :-**

**इत्यसत्परिणामानुविद्धो बोधो न सुन्दरः ।**
**तत्सङ्गादेव नियमाद्विषसम्पृक्तकान्नवत् ।।७७।।**

**અન્વયાર્થ :-**

**इति=પૂર્વ શ્લોકમાં બતાવ્યું એવા પ્રકારનો ભવાભિનંદીનો પરિણામ હોતે છતે असत्परिणामानुविद्धो बोधः=અસત્ પરિણામથી અનુવિદ્ધ બોધ तत्सङ्गादेव=તેના સંગથી જ=અસત્ પરિણામના સંગથી જ विषसम्पृक्तकान्नवत्=વિષયુક્ત અન્નની જેમ नियमात्=નિયમથી सुन्दरः न=સુંદર નથી. ।।૭૭।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વ શ્લોકમાં બતાવ્યું એવા પ્રકારનો ભવાભિનંદીનો પરિણામ હોતે છતે, અસત્ પરિણામથી અનુવિદ્ધ બોધ અસત્ પરિણામના સંગથી જ વિષયુક્ત અન્નની જેમ નિયમથી સુંદર નથી. ।।૭૭।।**

**ટીકા :-**

'इति'=एवं, भवाभिनन्दिपरिणामे सति, अस्याऽसत्परिणामत्वात् 'असत्परिणामानुविद्धो बोधः' सामान्येन 'न सुन्दरः', कुत इत्याह 'तत्सङ्गादेव'=विवक्षिताऽसत्परिणामसम्बन्धादेव, 'नियमाद्'-नियमेन, किमिवेत्याहविषसम्पृक्तकान्नवत् इति निदर्शनमात्रम् ।।७७।।

**ટીકાર્થ :-**

**'इति'=एवं ..... निदर्शनमात्रम् ।। इति=આવા પ્રકારનો, ભવાભિનંદીનો પરિણામ હોતે છતે, આનું=ભવાભિનંદી જીવના પરિણામનું, અસત્પરિણામપણું હોવાથી અસત્પરિણામઅનુવિદ્ધ બોધ સામાન્યથી સુંદર નથી.**

**અસત્પરિણામથી અનુવિદ્ધ બોધ સામાન્યથી સુંદર કેમ નથી ? એથી કહે છે :**

**તેના સંગથી જ=વિવક્ષિત અસત્પરિણામના સંબંધથી જ, નિયમથી=નક્કી, સુંદર નથી. એમ અન્વય છે.**

**કોની જેમ સુંદર નથી ? એથી કહે છે :**

**વિષયુક્ત અન્નની જેમ સુંદર નથી.**

**इति=एतद्=આ=વિષસંયુક્ત અન્ન એ, દૃષ્ટાંતમાત્ર છે. ।।૭૭।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૬માં બતાવ્યો તેવો ભવાભિનંદીનો પરિણામ છે. આ ભવાભિનંદીનો પરિણામ અતત્ત્વના અભિનિવેશવાળો હોવાથી અસત્પરિણામરૂપ છે. તેથી અસત્પરિણામથી યુક્ત ભવાભિનંદીનો બોધ નક્કી સામાન્યથી સુંદર નથી. જેમ વિષથી યુક્ત ખરાબ ભોજન તો ખરાબ છે, પણ સુંદર ભોજન પણ ખરાબ છે; તેમ અસત્પરિણામથી યુક્ત ભોગવિલાસનો પરિણામ તો ખરાબ છે, પરંતુ તપ-સંયમનો પરિણામ પણ ખરાબ છે. આથી અતત્ત્વના અભિનિવેશવાળા ભવાભિનંદી જીવો તપ-સંયમ પાળીને દેવલોકમાં જાય તોપણ દેવભવમાં વિપર્યાસને પામીને દુરંત સંસારમાં પરિભ્રમણ કરે છે. આથી તેઓના દેવભવને શાસ્ત્રમાં દેવદુર્ગતત્વ કહેલ છે.

ટીકામાં કહ્યું કે વિષસંયુક્ત અન્ન એ દૃષ્ટાંતમાત્ર છે. તેનાથી એ કહેવું છે કે વિષસંયુક્ત અન્ન જેમ સામાન્યથી અસુંદર છે, તેમ ભવાભિનંદીનો પરિણામ અસુંદર છે; આમ છતાં વિષવાળું અન્ન અસુંદર હોય તે દૃષ્ટાંતમાત્રથી ભવાભિનંદીનો પરિણામ અસુંદર છે તે સિદ્ધ થાય નહિ, પરંતુ ભવાભિનંદી જીવમાં વર્તતા અસુંદર પરિણામને કારણે તેનો બોધ અસુંદર છે, ફક્ત તેને સમજવા માટે વિષયુક્ત અન્ન એ દૃષ્ટાંતમાત્ર છે. તે બતાવવા માટે ટીકામાં કહ્યું કે વિષસંયુક્ત અન્ન એ દૃષ્ટાંતમાત્ર છે. **।।૭૭।।**

**અવતરણિકા :-**

**फलत एतदेवाह –**

**અવતરણિકાર્થ :-**

**ફળથી આને જ=અસત્પરિણામથી અસુંદર બોધને જ, કહે છે :**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૭માં અવેદ્યસંવેદ્યપદવાળા જીવોના અસત્ પરિણામોથી યુક્ત બોધનું અસુંદર સ્વરૂપ બતાવ્યું, જેથી સ્વરૂપથી અવેદ્યસંવેદ્યપદ કેવું છે તેનો નિર્ણય થાય. હવે અવેદ્યસંવેદ્યપદવાળા જીવના બોધનું ફળથી સ્વરૂપ બતાવે છે :

**શ્લોક :-**

**एतद्वन्तोऽत एवेह, विपर्यासपरा नराः ।**
**हिताहितविवेकान्धाः, खिद्यन्ते साम्प्रतेक्षिणः ।।७८।।**

**અન્વયાર્થ :-**

**अत एव=આ જ કારણથી=અવેદ્યસંવેદ્યપદવાળાનો બોધ અસત્પરિણામના સંગવાળો છે આ જ કારણથી इह=અહીં=લોકમાં विपर्यासपरा=વિપર્યાસપ્રધાન, हिताहितविवेकान्धाः=હિતાહિતના વિવેકમાં અંધ, साम्प्रतेक्षिणः=વર્તમાનને જોનારા एतद्वन्तो नराः=અવેદ્યસંવેદ્યપદવાળા મનુષ્યો खिद्यन्ते=ખેદ પામે છે. ।।૭૮।।**

**શ્લોકાર્થ :-**

**અવેદ્યસંવેદ્યપદવાળાનો બોધ અસત્પરિણામના સંગવાળો છે, આ જ કારણથી, લોકમાં વિપર્યાસપ્રધાન, હિતાહિતના વિવેકમાં અંધ, વર્તમાનને જોનારા અવેદ્યસંવેદ્યપદવાળા મનુષ્યો ખેદ પામે છે. ।।૭૮।।**

**ટીકા :-**

**'एतद्वन्तो'=अवेद्यसंवेद्यपदवन्तः 'अत एव'-कारणात् 'इह'-लोके, 'विपर्यासप्रधाना नराः' किमित्याह 'हिताहितविवेकान्धाः'-एतद्रहिता इत्यर्थः, अत एवाह 'खिद्यन्ते साम्प्रतेक्षिणः' सन्त इति ।।७८।।**

**ટીકાર્થ :-**

**'एतद्वन्तो'=अवेद्यसंवेद्यपदवन्तः ..... सन्त इति ।। આ જ કારણથી=અવેદ્યસંવેદ્યપદવાળાનો બોધ અસત્પરિણામના સંગવાળો છે આ જ કારણથી, અહીં=લોકમાં, અવેદ્યસંવેદ્યપદવાળા વિપર્યાસપ્રધાન મનુષ્યો, હિતાહિતના વિવેકમાં અંધ છે=હિતાહિત વિવેકથી રહિત છે, આથી જ વર્તમાનને જોતા છતા ખેદ પામે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૭૮।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૭માં કહ્યું એ રીતે અવેદ્યસંવેદ્યપદવાળા જીવોનો બોધ અસત્પરિણામના સંબંધવાળો છે, એથી અવેદ્યસંવેદ્યપદવાળા જીવો વિપર્યાસપ્રધાન છે અર્થાત્ તેઓના બોધમાં વિપર્યાસ મુખ્ય છે. માત્ર કંઈક યથાર્થ

બોધ છે, આથી જ ઘટને ઘટ જુએ છે, પરંતુ ઉન્મત્તની જેમ ઘટને પટ કે પટને ઘટ કહેતા નથી; તોપણ સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોવામાં તો વિપરીત બુદ્ધિવાળા છે. આથી અસાર એવો સંસાર પણ તેમને સારભૂત દેખાય છે, અને મનુષ્યભવને પામીને મારે શું કરવું જોઈએ જે મારા હિતનું કારણ છે ? અને શું ન કરવું જોઈએ જે મારા અહિતનું કારણ છે ? તે જોઈ શકતા નથી; અને હિતાહિતના વિવેક વગરના તેઓ વર્તમાનમાં પોતાની ઇંદ્રિયોને અનુકૂળ ભાવોમાં દેખાતા આલ્લાદમાત્રને જોનારા છે; અને જે ભાવોમાંથી આલ્લાદ આવે તે ભાવોમાં તેમને હિતની બુદ્ધિ થાય છે, પરંતુ પરમાર્થથી પોતાનું હિત શું છે તે જોતા નથી. પરિણામે ભૌતિક ભાવોની પ્રાપ્તિને માટે શ્રમ કરીને ખેદને પામે છે, અને નિસ્પૃહતામાં અનુભવાતા એવા સ્વસ્થતાના સુખને જોઈ શકતા નથી.

આનાથી એ ફલિત થયું કે આવું વિપરીત ફલવાળું અવેદ્યસંવેદ્યપદ છે, જે દૃષ્ટિની બહાર રહેલા જીવોમાં ખીલેલું છે; અને દૃષ્ટિમાં આવેલા જીવોમાં કંઈક વિવેક પ્રગટેલો છે, તોપણ કંઈક વિપર્યાસને કરાવનારું એવું વેદ્યસંવેદ્યપદ છે, અને તે હિતાહિતના વિવેકને જોવામાં વિઘ્નભૂત છે. આથી શ્લોક-૬૯માં બતાવ્યું કે ચાર દૃષ્ટિવાળા જીવોમાં અનાભોગથી પાપપ્રવૃત્તિ હોય છે; જ્યારે વેદ્યસંવેદ્યપદવાળા જીવોને પૂર્ણ વિવેક હોવાથી અનાભોગથી પણ ક્યારેય પાપપ્રવૃત્તિ નથી, અને આભોગથી પણ ક્યારેય પાપપ્રવૃત્તિ નથી; અને ક્યારેક કર્મના અપરાધથી પાપપ્રવૃત્તિ થાય છે ત્યારે પણ સંવેગસારા પાપપ્રવૃત્તિ થાય છે, જે શ્લોક-૭૦માં સ્પષ્ટ કરેલ છે. **॥૭૮॥**

**અવતરણિકા :-**

**तथा च -**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે=શ્લોક-૭૮માં બતાવ્યું કે અવેદ્યસંવેદ્યપદવાળા વર્તમાનને જોનારા છતા ખેદ પામે છે તે રીતે, જન્માદિ ઉપદ્રવવાળા ભવને જોતા છતા પણ અતિ મોહને કારણે ઉદ્વેગ પામતા નથી. એ પ્રકારે શ્લોક સાથે અવતરણિકાનો સંબંધ છે.**

**શ્લોક :-**

**जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतम् ।**
**वीक्षमाणा अपि भवं, नोद्विजन्तेऽतिमोहतः ।।७९।।**

**અન્વયાર્થ :-**

जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतम् भवं=જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ, શોક આદિથી ઉપદ્રવવાળા ભવને वीक्षमाणा अपि=જોતા છતા પણ अतिमोहतः=અતિ મોહથી उद्विजन्ते न=ઉદ્વેગ પામતા નથી. ।।૭૯।।

**શ્લોકાર્થ :-**

**જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ, શોક આદિથી ઉપદ્રવવાળા ભવને જોતા છતા પણ અતિ મોહથી ઉદ્વેગને પામતા નથી. ||૭૯||**

**ટીકા :-**

**'जन्म'-प्रादुर्भावलक्षणं, 'मृत्युः'-प्राणत्यागस्वरूपः, 'जरा'-वयोहान्यात्मिका, 'व्याधिः'-कुष्ठादिलक्षणः, 'रोगो'-विशुचिकाद्यातङ्कः, 'शोक'-इष्टवियोगादिजो मनोविकारः, आदिशब्दाद् ग्रहादिपरिग्रहः, एभिः 'उपद्रुतं'=कदर्थितं 'वीक्षमाणा अपि'=पश्यन्तोऽपि सन्तः, भवं=संसारं, 'नोद्विजन्ते'-अस्मादिति प्रक्रमः, 'अतिमोहतो'-हेतोरिति ।।७९।।**

**ટીકાર્થ :-**

'जन्म' ..... हेतोरिति ।। **જન્મ પ્રાદુર્ભાવસ્વરૂપ અર્થાત્ નવા ભવની પ્રાપ્તિસ્વરૂપ છે.**

**મૃત્યુ પ્રાણત્યાગસ્વરૂપ છે=૧૦ પ્રકારના પ્રાણમાંથી યથાયોગ્ય પ્રાણના ત્યાગસ્વરૂપ છે.**

**જરા વયોહાનિસ્વરૂપ છે અર્થાત્ ભોગવિલાસને અનુકૂળ એવી જે યુવાન વય તેની હાનિસ્વરૂપ છે.**

**વ્યાધિ=કુષ્ઠાદિ મોટા રોગો વ્યાધિરૂપ છે.**

**રોગ=વિશુચિકાદિ શીઘ્ર મૃત્યુનું કારણ બને તેવા રોગો છે.**

**શોક=ઈષ્ટવિયોગાદિથી પેદા થયેલો મનોવિકાર.**

**શોકાદિમાં આદિ શબ્દથી ગ્રહાદિ=ગાંડપણ આદિનું ગ્રહણ કરવું.**

**આ બધા વડે કરીને કદર્થિત એવા ભવને=સંસારને, જોતા છતા પણ આનાથી=સંસારથી, અતિમોહને કારણે ઉદ્વેગ પામતા નથી.**

**અહીં મૂળમાં 'अस्मात्' શબ્દ નથી, પરંતુ ભવનો પ્રક્રમ ચાલે છે, તેથી ભવથી ઉદ્વેગ પામે છે, એમ બતાવવા માટે 'अस्मात्' શબ્દ પ્રક્રમથી પ્રાપ્ત થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ||૭૯||**

**ભાવાર્થ :-**

ભવાભિનંદી જીવો વર્તમાનને જોનારા હોય છે, અને મર્યા પછી અસ્તિત્વ છે કે નથી તેનો પ્રાયઃ વિચાર કરતા નથી, અને ક્વચિત્ વિચાર આવે તોપણ પરલોક હશે કે નહિ એ સંશયથી જ વિચારતા હોય છે; જ્યારે કંઈક કર્મના વિગમનથી જીવોમાં નિર્મળતા પ્રગટે છે, અને ઉપદેશાદિ સામગ્રીને પામીને 'આત્મા શરીરથી જુદો છે, શાશ્વત છે અને આખો ભવપ્રપંચ જન્મ, મૃત્યુ આદિ ભાવોની કદર્થનાવાળો છે' એમ જુએ છે, ત્યારે આવી કદર્થનાવાળા ભવથી તેમને ઉદ્વેગ થાય છે, અને તેવા જીવો તેના ઉચ્છેદનો ઉપાય યોગીઓ પાસેથી જાણવા પ્રયત્ન કરે છે; પરંતુ જે જીવોમાં તેવું કર્મનું વિગમન નથી, અને અવેદ્યસંવેદ્યપદ

વર્તી રહ્યું છે, તે જીવોને ભવનો ઉદ્વેગ થતો નથી, પરંતુ અનુકૂળ ભોગસામગ્રીના પ્રાપ્તિકાળમાં ભવ સારભૂત દેખાય છે; અને ક્વચિત્ કોઈ રોગાદિ મહાવ્યાધિ આવે કે વિષમ સંયોગ આવે ત્યારે ભવથી ઉદ્વેગ થાય, તોપણ તે ઉદ્વેગ માત્ર રોગાદિ વિષમ સંયોગને કારણે થાય છે, તેથી ખરી રોગાદિ વગરની અવસ્થા મળે તો ભવ જ સારભૂત દેખાય છે.

યોગની ચાર દૃષ્ટિવાળા જીવો ભવથી ઉદ્વેગ પામેલા હોય છે, આમ છતાં કંઈક વિપર્યાસને કારણે ભવના કારણીભૂત એવી પાપપ્રવૃત્તિમાં પણ અનાભોગથી પ્રવૃત્તિ કરે છે, ત્યારે ભવના ઉપાયભૂત એવી પાપપ્રવૃત્તિમાં અજ્ઞાનને કારણે સારભૂતતાની બુદ્ધિ વર્તે છે, જે અવેદ્યસંવેદ્યપદનું કાર્ય છે; જ્યારે વેદ્યસંવેદ્યપદવાળા જીવો તો ભવથી ઉદ્વિગ્ન હોય છે, અને ભવના કારણીભૂત પાપપ્રવૃત્તિમાં પ્રાયઃ પ્રવૃત્તિ કરતા નથી, અને ક્વચિત્ કર્મના અપરાધથી પ્રવૃત્તિ કરે તોપણ સંવેગસારા પ્રવૃત્તિ કરે છે. **॥૭૯॥**

**અવતરણિકા :-**

**तथाह्यमीषां किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે અતિ મોહને કારણે અવેદ્યસંવેદ્યપદવાળા જીવો ભવથી ઉદ્વેગ પામતા નથી તે રીતે, આમને=અવેદ્યસંવેદ્યપદવાળાને, શું=શું ભાસે છે ? એથી કહે છે :**

**શ્લોક :-**

**कुकृत्यं कृत्यमाभाति, कृत्यं चाकृत्यवत्सदा ।**
**दुःखे सुखधियाकृष्टाः, कच्छूकण्डूयकादिवत् ।।८०।।**

**અન્વયાર્થ :-**

दुःखे=દુઃખમાં सुखधिया=સુખની બુદ્ધિથી आकृष्टाः=આકૃષ્ટ એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો कच्छूकण्डूयकादिवत्=ખણજ રોગના ખણનારા આદિની જેમ सदा=હંમેશાં कुकृत्यं=કુકૃત્યને कृत्यं=કૃત્ય च=અને कृत्यं=કૃત્યને अकृत्यवत्=અકૃત્યની જેમ आभाति=જાણે છે. ॥૮૦॥

**શ્લોકાર્થ :-**

**દુઃખમાં સુખની બુદ્ધિથી આકૃષ્ટ એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો ખણજ રોગના ખણનારા આદિની જેમ હંમેશાં કુકૃત્યને કૃત્ય અને કૃત્યને અકૃત્યની જેમ જાણે છે. ॥૮૦॥**

**ટીકા :-**

'कुकृत्यं'-प्राणातिपातारम्भादि 'कृत्यमाभाति' मोहात्, 'कृत्यं च'-अहिंसाऽनारम्भादि च 'अकृत्यवत्सदा' 'आभाति' मोहादेव, 'दुःखे'=समारम्भादौ, 'सुखधिया'=सुखबुद्ध्या 'आकृष्टा'=

**आकर्षिताः, किंवदित्याह 'कच्छूकण्डूयकादिवत्', कच्छू-पामा तस्याः कण्डूयकाः-कण्डूयन्त इति कण्डूयकाः, आदिशब्दात्कृमिप्रतुद्यमानाग्निसेवककुष्ठिपरिग्रहः ।।८०।।**

**ટીકાર્થ :-**

'कुकृत्यं' ..... कुष्ठिपरिग्रहः ।। **પ્રાણાતિપાત-આરંભાદિ કુકૃત્યને મોહથી કૃત્ય જાણે છે, અને અહિંસા અને અનારંભાદિ કૃત્યો સદા અકૃત્યની જેમ મોહથી જ જાણે છે.**

કોણ જાણે છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે :

**દુઃખમાં=સમારંભાદિમાં, સુખબુદ્ધિથી આકૃષ્ટ થયેલા જાણે છે=સુખબુદ્ધિથી આકર્ષિત થયેલા એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો જાણે છે, એમ અન્વય છે.**

**કોની જેમ જાણે છે ? એથી કહે છે :**

**ખણજના ખણનારા રોગી આદિની જેમ જાણે છે.**

**कच्छू-पामा=ખણજનો રોગ, તેના કંડૂયકો=ખણનારા પુરુષો, 'કંડૂયક' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - જેઓ ખણજ કરે તેઓ કંડૂયકો=ખણનારા પુરુષો, 'कच्छूकण्डूयकादिवत्' માં 'आदि' શબ્દથી કૃમિથી પ્રતુદ્યમાન=ઉપદ્રવને પામતા એવા, અગ્નિસેવક કુષ્ઠિનું ગ્રહણ કરવું. ।।૮૦।।**

**ભાવાર્થ :-**

અવેદ્યસંવેદ્યપદવાળા જીવોને અતિ મોહને કારણે ભવથી ઉદ્વેગ થતો નથી, અને તેના કારણે ભવમાં પ્રાપ્ત થયેલા ભોગાદિમાં સારભૂતતાની બુદ્ધિ વર્તે છે, અને તેના કારણે પ્રાણાતિપાતાદિ આરંભો તેઓને કરણીય જણાય છે, અને અહિંસા-અનારંભાદિ આત્માના હિતના કારણીભૂત એવાં ઉત્તમ કૃત્યો અકરણીય જણાય છે. વસ્તુતઃ સમારંભાદિ દુઃખો છે, છતાં તેને દુઃખરૂપે જણાતાં નથી, પરંતુ તે સમારંભાદિ કૃત્યોમાં સુખબુદ્ધિથી આકૃષ્ટ થઈને પ્રયત્ન કરે છે. જેમ ખણજના રોગીને ખણજની પ્રવૃત્તિ સુખરૂપ જણાય છે, તેમ ઇંદ્રિયોના આવેગોથી વ્યાકુળ થયેલા એવા જીવોને શ્રમરૂપ એવાં આરંભાદિ કૃત્યો સુખરૂપ જણાય છે.

આશય એ છે કે પ્રવૃત્તિ એ સુખ નથી પરંતુ શ્રમ છે, અને આવેગ એ પણ સુખ નથી પરંતુ વિહ્વળતા છે; અને કામાદિ આવેગોથી વિહ્વળ થયેલો જીવ તેને શમાવવા માટે જે શ્રમ કરે છે તે ખણજના રોગીને ખણજ કરવાની ક્રિયા સમાન છે; પરંતુ મોહને કારણે પોતાનામાં વર્તતા આવેગો વિહ્વળતારૂપ છે, અને શ્રમ પીડારૂપ છે, તેવો બોધ નહિ હોવાને કારણે ભોગાદિમાં યત્ન કરીને પોતે સુખી છે તેવો ભ્રમ અવેદ્યસંવેદ્યપદવાળાને થાય છે.

અહીં આદિ શબ્દથી કૃમિથી પીડાતા અગ્નિસેવક એવા કોઢ રોગવાળાને ગ્રહણ કરવાના છે. જેમ કોઢ રોગવાળાને શરીરમાં ઉત્પન્ન થયેલા કીડાઓ અતિ ઉપદ્રવ કરે છે, ત્યારે તે અગ્નિ પાસે બેસે અને તાપણું લે, ત્યારે તે તાપની ક્રિયા તેને અનુકૂળ નહિ હોવા છતાં તાપથી શરીરમાં ખદબદતા કીડાઓ કંઈક ચેષ્ટા વગરના બને છે, તેથી કૃમિની પીડાના કંઈક શમનરૂપ હોવાથી તેને સુખરૂપ જણાય છે. તેથી પોતાને સુખની પ્રતીતિ થાય છે.

વસ્તુતઃ શરીરમાં કીડાનો ઉપદ્રવ એ પણ સુખરૂપ નથી, અને અગ્નિસેવનની ક્રિયા એ પણ સુખરૂપ નથી. તેમ ભોગની ઇચ્છા સ્વયં વ્યાકુળતારૂપ હોવાથી સુખરૂપ નથી, અને તેને માટે ભોગાદિમાં શ્રમ કરાય તે પણ સુખરૂપ નથી. ખરું સુખ તો રોગરહિત અશ્રમવાળી જીવની અવસ્થા છે, અને ઇચ્છાઓથી અનાકુળ અને શ્રમ વગરનો જીવ સુખને અનુભવે છે. આવો પરમાર્થ અવેદ્યસંવેદ્યપદવાળા જોઈ શકતા નથી. **॥૮૦॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं स्पष्टयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=અવેદ્યસંવેદ્યપદવાળાને ખણજના ખણનારાની જેમ કુકૃત્ય કૃત્યની જેમ ભાસે છે અને કૃત્ય અકૃત્યની જેમ ભાસે છે એ જ અર્થને, સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**यथा कण्डूयनेष्वेषां, धीर्न कच्छूनिवर्तने ।**
**भोगाङ्गेषु तथैतेषां, न तदिच्छापरिक्षये ।।८१।।**

**અન્વયાર્થ :-**

**एषां=એઓને=ખણજ ખણનારા રોગીઓને यथा=જે પ્રમાણે कण्डूयनेषु=ખણવાનાં સાધનોમાં धीः=બુદ્ધિ છે कच्छूनिवर्तने न=ખણજ રોગને મટાડવામાં નહિ, तथा=તે પ્રમાણે एतेषां=એઓને=અવેદ્યસંવેદ્યપદવાળાઓને भोगाङ्गेषु धी=ભોગાંગમાં બુદ્ધિ છે, तदिच्छापरिक्षये न=તેની ઇચ્છાના પરિક્ષયમાં નથી=ભોગની ઇચ્છાના પરિક્ષયમાં નથી. ।।૮૧।।**

**શ્લોકાર્થ :-**

**ખણજ ખણનારા રોગીઓને જે પ્રમાણે ખણવાનાં સાધનોમાં બુદ્ધિ છે, ખણજ રોગને મટાડવામાં નહિ; તે પ્રમાણે અવેદ્યસંવેદ્યપદવાળાઓને ભોગાંગમાં બુદ્ધિ છે, ભોગની ઇચ્છાના પરિક્ષયમાં નથી. ।।૮૧।।**

**ટીકા :-**

**कस्यचित्कण्डूयकस्य कण्डूयनातिरेकात्परिक्षीणनखस्य सिकताक्षितिनिवासात्कथञ्चिदनवाप्ततृण-कण्डूविनोदकस्य भिक्षापुटिकाद्यैर्गृहीततृणपूलकेन वैद्यपथिकेन दर्शनं बभूव, स तेन तृणमेकं याचितो, दत्तं चानेन तत्तस्मै, परितुष्टोऽसौ हृदयेन, चिन्तितं च संतोषं 'अहो धन्यः खल्वयं यस्यैतावन्ति कण्डूयनानि', पृष्टश्च स 'क्व खल्वेतान्येवमतिप्रभूतान्यवाप्यन्ते?' तेनोक्तम्-लाटदेशादौ, प्रयोजनं किञ्च तवैभिः ? तेनोक्तं कच्छूकण्डूविनोदनम्, पथिक आह-यद्येवं, ततः किमेभिः ? कच्छूमेव ते**

सप्तरात्रेणापनयामि 'कुरू(ष्वो)पयोगं त्रिफलायाः'', स पुनराह-कच्छ्‌वपगमे कण्डूविनोदाभावे किं फलं जीवितस्य, तदलं त्रिफलया, क्वैतान्यवाप्यन्त इत्येतदेव कथय, इति श्लोकगर्भार्थः । अक्षरगमनिका तु 'यथा' 'कण्डूयनेषु'=तृणेषु, 'एषां'=कच्छूकण्डूयकानां, 'धीः'=बुद्धिः, तत्त्वानमिज्ञतया 'न कच्छूनिवर्तने' दुष्टानुभवाधिकाराभावात् (दृष्टानुभवाधिकाभावात्) 'भोगाङ्गेषु'=स्त्र्यादिषु 'तथैतेषां' अवेद्यसंवेद्यपदवतां भवाभिनन्दिनां धीः 'न तदिच्छापरिक्षये'=न भोगेच्छानिवृत्तौ, तत्त्वानभिज्ञतयैव वयःपरिपाकेऽपि वाजीकरणादरात्, इच्छाग्रहणमिह भोगक्रियोपलक्षणम् ।।८१।।

**ટીકાર્થ :-**

कस्यचित्कण्डूयकस्य ..... भोगक्रियोपलक्षणम् ।। ખણજના અતિરેકથી પરિક્ષીણ નખવાળા, રેતાળ જમીનમાં નિવાસ હોવાને કારણે કોઈક રીતે નહિ પ્રાપ્ત થયેલા તૃણજન્ય ખણજના વિનોદવાળા એવા કોઈક ખણજ ખણનારાને, ભિક્ષાના ભાજનાદિ સાથે ગ્રહણ કર્યો છે તૃણનો પૂળો જેણે એવા વૈદ્યપથિકનું દર્શન થયું. તેના વડે=ખણજ ખણનારા વડે, તેને=વૈદ્યપથિકને, એક તૃણની યાચના કરાઈ, અને આના વડે=વૈદ્ય વડે, તે=તૃણ, તેને= ખણનારાને, અપાયું. આ=ખણનારો, હૈયાથી સંતોષ પામ્યો અને તોષ સહિત તેના વડે ચિંતવન કરાયું : 'અહો ! ખરેખર આ ધન્ય છે, જેની પાસે આટલાં ખણજનાં સાધનો છે !' અને તે પુછાયો : 'ખરેખર, આ=ખણજનાં સાધનો, ક્યાં एवं=આ રીતે=જે રીતે તારી પાસે છે એ રીતે, અતિ ઘણાં પ્રાપ્ત થાય ?' તેના વડે=વૈદ્ય વડે, કહેવાયું : 'લાટદેશાદિમાં પ્રાપ્ત થાય.' વૈદ્યે પૂછ્યું : 'તને=ખણજ કરનારાને, આના વડે=ખણજનાં સાધનો વડે, શું પ્રયોજન છે ?' તેના વડે=ખણજ કરનારા વડે, 'ખણજના ખણવાનો વિનોદ પ્રયોજન છે' એમ કહેવાયું. પથિક કહે છે=વૈદ્યપથિક કહે છે : 'જો આમ છે=ખણજના ખણવાનો વિનોદ પ્રયોજન છે, તો આના વડે શું ?'=ખણજનાં સાધનો વડે શું ?=ખણજના સાધનની જરૂર નથી, 'પરંતુ તારી ખણજને જ સપ્તરાત્રિથી હું દૂર કરું છું. ત્રિફલાનો ઉપયોગ કર.' તે=ખણજ રોગવાળો, વળી કહે છે : 'ખણજના અપગમમાં ખણજના વિનોદનો અભાવ હોતે છતે જીવિતનું શું ફળ ? તે કારણથી ત્રિફળા વડે સર્યું. ક્યાં આ=ખણજનાં સાધનો, પ્રાપ્ત થાય છે ? એ જ કહે.'

એ પ્રકારે શ્લોકનો ગર્ભાર્થ છે. અક્ષરગમનિકા વળી=શ્લોકના શબ્દાર્થને બતાવે છે :

જે પ્રમાણે આમને=ખણજ ખણનારાઓને, તત્ત્વઅનભિજ્ઞતા હોવાને કારણે કંડૂયનોમાં=તૃણમાં ધી=બુદ્ધિ છે, કચ્છૂનિવર્તનમાં=ખણજ નિવર્તનમાં, નથી; કેમ કે દૃષ્ટ અનુભવથી અધિકનો અભાવ છે=ખણજ ખણવામાં દેખાતા એવા સુખના અનુભવથી અધિક આરોગ્યના સુખના બોધનો અભાવ છે; તે પ્રમાણે=જે પ્રમાણે ખણજ ખણનારાને તૃણમાં બુદ્ધિ છે તે પ્રમાણે, ભોગાંગોમાં=સ્ત્રી આદિમાં, અવેદ્યસંવેદ્યપદવાળા ભવાભિનંદી જીવોની બુદ્ધિ છે, તેની ઈચ્છાના પરિક્ષયમાં નહિ= ભોગની ઈચ્છાની નિવૃત્તિમાં નહિ; કેમ કે તત્ત્વનું અનભિજ્ઞપણું હોવાને કારણે જ='ઈચ્છાની નિવૃત્તિમાં

**પરમસુખ છે' એ પ્રકારના તત્ત્વનું અનભિજ્ઞપણું હોવાને કારણે જ, વયપરિપાકમાં પણ=વૃદ્ધાવસ્થામાં પણ, વાજીકરણનો સ્વીકાર છે.**

**અહીં=ઇચ્છાના પરિક્ષયમાં અવેદ્યસંવેદ્યપદવાળાને બુદ્ધિ નથી એ કથનમાં, ઇચ્છાનું ગ્રહણ ભોગક્રિયાનું ઉપલક્ષણ છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે અવેદ્યસંવેદ્યપદવાળાને ભોગની ઇચ્છાની નિવૃત્તિમાં અને ભોગની ક્રિયાની નિવૃત્તિમાં બુદ્ધિ નથી.**

**વાજીકરણ=વાજી એટલે અશ્વ તેના જેવું કરવું તે વાજીકરણ. તેથી એ પ્રાપ્ત થાય કે જે ઔષધ શિથિલ શરીરને અશ્વની જેમ ભોગાદિ કરવામાં સમર્થ બનાવે તે વાજીકરણ.**

❖ ટીકામાં 'दुष्टानुभवाधिकाराभावात्' એ પ્રમાણે પાઠ છે તે અશુદ્ધ ભાસે છે. તેના સ્થાને 'दृष्टानुभवाधिकाभावात्' પાઠ જોઈએ, અને તે પ્રમાણે અર્થ કરેલ છે. **॥૮૧॥**

**ભાવાર્થ :-**

જેમ જન્મથી જ ખણજના રોગીએ ખણજના અભાવનું સુખ ક્યારેય અનુભવ્યું નથી, તેથી વિપર્યાસબુદ્ધિ થવાથી ખણજ ખણવામાં જે દૃષ્ટ સુખનો અનુભવ છે, તેનાથી અધિક સુખ ખણજ મટવામાં છે, તેમ તે જોઈ શકતો નથી; આથી તે વૈદ્યને પૂછે છે કે 'ખણજના સાધનભૂત આ પૂળાઓ ક્યાં મળે ?' કેમ કે પોતાની પાસે ખણજના સાધનભૂત જે નખ હતા તે ક્ષીણ થઈ ગયા છે, તેથી ખણજ કરીને જે આનંદ આવતો હતો તે આનંદની પ્રાપ્તિ માટે તેના સાધનભૂત તૃણના પૂળાઓ જ તેને દેખાય છે; તેમ સંસારવર્તી જીવોને અવેદ્યસંવેદ્યપદને કારણે વિપર્યાસ વર્તતો હોવાથી ભોગમાં સુખ છે અને ભોગની ઇચ્છા એ સુખનો ઉપાય છે તેમ દેખાય છે, અને ભોગના સાધનભૂત સ્ત્રી આદિમાં સુખની બુદ્ધિ થાય છે; અને જેમ ખણજ કરનારના નખ ક્ષીણ થઈ ગયેલા હોવાથી તેને ખણજ કરવા માટે ઘાસના પૂળાની ઇચ્છા થાય છે, પણ રોગ મટાડવામાં ઇચ્છા થતી નથી; તેમ અવેદ્યસંવેદ્યપદવાળા જીવોને વૃદ્ધાવસ્થાને કારણે શરીર શિથિલ થવાથી ભોગાદિની ઇચ્છા થતી નથી ત્યારે, વાજીકરણની ક્રિયા કરીને શરીરમાં તે પ્રકારની શક્તિને ઉત્તેજિત કરે છે, જેથી ભોગની ઇચ્છા થાય અને તેથી ભોગની પ્રવૃત્તિમાં આનંદ આવે.

અહીં વિશેષ એ છે કે તત્ત્વને જોનારા એવા વેદ્યસંવેદ્યપદવાળા યોગીઓ જુએ છે કે ભોગની ઇચ્છા એ જીવની વ્યાકુળ અવસ્થા છે, અને ભોગની ક્રિયા એ શ્રમાત્મક ચેષ્ટા છે, તે બન્નેથી સુખ થતું નથી; પરંતુ ભોગની ઇચ્છાથી વ્યાકુળ થયેલો જીવ ભોગની ક્રિયા કરીને તે ઇચ્છાના કંઈક શમનથી ક્ષણિક સુખને અનુભવે છે; પરંતુ જો ઇચ્છાનો ઉચ્છેદ થાય તો આ પ્રકારના શ્રમથી સુખ મેળવવાનું પ્રયોજન રહે નહિ, પરંતુ ઇચ્છાના ઉચ્છેદજન્ય અસ્ખલિત સ્વસ્થતાનું સુખ અનુભવી શકાય. તે રીતે સંસારવર્તી જીવોને કર્મનો સંયોગ, દેહનો સંયોગ, ઇંદ્રિયોનો સંયોગ અને અનાદિકાળથી તે તે પ્રકારની ભોગક્રિયાની વાસના છે, તેથી તે તે પ્રકારની ભોગક્રિયા કરીને સુખને અનુભવી શકે છે; પરંતુ જ્યારે જ્યારે તે ઇચ્છાના રોધ માટે યત્ન કરે છે ત્યારે ત્યારે અંતર્વૃત્તિથી વર્તતી ઇચ્છાથી વિરુદ્ધ યત્ન કરવો પડે છે. તેથી તત્કાલ સુખ અનુભવાતું નથી, પરંતુ ઇચ્છારૂપ રોગ શાંત થાય ત્યારે તે સુખનો અનુભવ થાય. જેમ, ખણજનો રોગી ખણજ

મટાડવા માટે ત્રિફળાનું સેવન કરતો હોય ત્યારે તે ત્રિફળાના સેવનથી દેહમાં જે ધાતુ આદિનો ઉદ્રેક થતો હોય તે વખતે સુખનો અનુભવ થતો નથી, પરંતુ ત્રિફળાના સેવનથી દેહમાં વર્તતી વિકૃતિઓ ઘટે છે ત્યારે ખણજના ઉપશમનથી સુખ થાય છે. તેમ 'જ્યાં સુધી મને ઇચ્છાનો ઉચ્છેદ થયો નથી કે વિશેષ પ્રકારની ઇચ્છાનું શમન થયું નથી, ત્યાં સુધી ઇચ્છારૂપી રોગના નાશ માટે જે સંયમની ક્રિયાઓ છે તે તત્કાલ સુખનો અનુભવ કરાવી શકે નહિ, પરંતુ આ ક્રિયાઓથી વિશેષ પ્રકારની ઇચ્છાનું શમન થશે ત્યારે સુખનો અનુભવ થશે, અને સંપૂર્ણ ઇચ્છાનો ઉચ્છેદ થશે ત્યારે વીતરાગભાવના અનુભવમાં પરમસુખનો અનુભવ થશે' આ પ્રકારનો બોધ વેદ્યસંવેદ્યપદવાળા જીવોને છે. તેથી તેઓને ઇચ્છાના પારમાર્થિક શમનમાં જેવી ઇચ્છા છે તેવી ભોગના સાધનમાં ઇચ્છા નથી. આમ છતાં જેમ ખણજના રોગીને ખણ અતિશય ઊઠે ત્યારે ખણવાની પણ ઇચ્છા થાય છે, તેમ વેદ્યસંવેદ્યપદવાળાને પણ કામના સંસ્કારો જાગૃત થાય છે ત્યારે ભોગની ઇચ્છા પણ થાય છે. આમ છતાં ઇચ્છાના ઉચ્છેદમાં તેઓની પ્રધાન બુદ્ધિ છે.

ભોગની પ્રવૃત્તિથી ક્ષણિક ઇચ્છાનું શમન થાય છે અને ઇચ્છાના સંસ્કારો વધે છે, માટે ઇચ્છાનું શમન પારમાર્થિક નથી; અને ભોગની અસારતાના ભાવનથી ઇચ્છાઓના સંસ્કાર ક્ષીણક્ષીણતર થાય છે, તેથી તે ઇચ્છાનું શમન પારમાર્થિક છે; અને તે શમન જ પ્રકર્ષને પામે ત્યારે ઇચ્છાનો અત્યંત ઉચ્છેદ થાય છે. **॥૮૧॥**

**અવતરણિકા :-**

**यतश्चैवमतः –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આવું છે=પૂર્વશ્લોકમાં કહ્યું કે અવેદ્યસંવેદ્યપદવાળાઓને ભોગની ઇચ્છાની નિવૃત્તિમાં અને ભોગની ક્રિયાની નિવૃત્તિમાં બુદ્ધિ નથી આવું છે, આથી શું થાય છે ? તે શ્લોકમાં બતાવે છે :**

**શ્લોક :-**

**आत्मानं पाशयन्त्येते, सदाऽसच्चेष्टया भृशम् ।**
**पापधूल्या जडाः कार्यमविचार्यैव तत्त्वतः ।।८२।।**

**અન્વયાર્થ :-**

जडाः एते=જડ એવા આ=અવેદ્યસંવેદ્યપદવાળા, तत्त्वतः=તત્ત્વથી कार्यमविचार्यैव=કાર્યનો વિચાર નહિ કરીને જ असच्चेष्टया=અસત્ ચેષ્ટા વડે सदा=હંમેશાં पापधूल्या=પાપધૂલીથી आत्मानं=આત્માને भृशम्=અત્યંત पाशयन्ति=ખરડે છે. ।।૮૨।।

**શ્લોકાર્થ :-**

**અવેદ્યસંવેદ્યપદવાળા તત્ત્વથી કાર્યનો વિચાર નહિ કરીને જ અસત્ ચેષ્ટા વડે હંમેશાં પાપધૂલીથી આત્માને અત્યંત ખરડે છે. ।।૮૨।।**

**ટીકા :-**

**'आत्मानं'=जीवं, 'पाशयन्ति'=गण्डयन्ति, 'एते'=अधिकृतसत्त्वाः, 'सदा'=सर्वकालं, 'असच्चेष्टया'-प्राणातिपातारम्भरूपया हेतुभूतया 'भृशम्'=अत्यर्थम्, कया पाशयन्तीत्याह-'पापधूल्या'-ज्ञानावरणीयादिलक्षणया 'जडा'=मन्दाः, 'कार्यमविचार्यैव तत्त्वतः'-परमार्थेन क्षणिककुसुखसक्ततया-ऽऽत्मानं पाशयन्तीति ।।८२।।**

**ટીકાર્થ :-**

**'आत्मानं' ..... पाशयन्तीति ।। આ=અધિકૃત જીવો=અવેદ્યસંવેદ્યપદવાળા જીવો, સદા=સર્વકાલ, હેતુભૂત એવી પ્રાણાતિપાત આરંભરૂપ અસત્ ચેષ્ટાથી આત્માને=જીવને, અત્યંત ખરડે છે.**

**કોનાથી ખરડે છે ?**

**જ્ઞાનાવરણીય આદિ સ્વરૂપ પાપધૂલીથી ખરડે છે.**

કોણ ખરડે છે ?

**મંદ એવા આ જીવો ખરડે છે.**

કેવી રીતે ખરડે છે ?

**તત્ત્વથી=પરમાર્થથી, કાર્યનો વિચાર નહિ કરીને જ ક્ષણિક સુખમાં આસક્તપણાથી આત્માને ખરડે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૮૨।।**

**ભાવાર્થ :-**

**(૧) સામાન્યથી અવેદ્યસંવેદ્યપદવાળા :-**

અવેદ્યસંવેદ્યપદવાળા જીવોને ઇચ્છાની નિવૃત્તિમાં સુખ દેખાતું નથી, પરંતુ ભોગની ઇચ્છા સુખનું અંગ દેખાય છે; કેમ કે સુખનો અનુભવ ભોગક્રિયાથી થાય છે એટલું તેઓ જોઈ શકે છે, અધિક તેઓ જોઈ શકતા નથી. ક્વચિત્ કર્મની કંઈક અલ્પતા થઈ હોય તો પરલોક આદિ અર્થે કે મોક્ષ માટે પણ પ્રયત્ન કરે, તોપણ જ્યાં સુધી અવેદ્યસંવેદ્યપદ વર્તે છે ત્યાં સુધી 'ઇચ્છાના અભાવમાં પારમાર્થિક સુખ છે' તેમ જોઈ શકતા નથી.

**(૨) પુનર્બંધક=ચાર દૃષ્ટિ બહારના અવેદ્યસંવેદ્યપદવાળા :-**

ચાર દૃષ્ટિ બહારના અવેદ્યસંવેદ્યપદવાળા જીવો યોગમાર્ગના બોધમાં અત્યંત મંદ બુદ્ધિવાળા હોવાથી સદા આત્માને કર્મથી મલિન કરે છે.

**(૩) અવેદ્યસંવેદ્યપદવાળા હોવા છતાં અપુનર્બંધક=ચાર દૃષ્ટિવાળા :-**

અપુનર્બંધક જીવોએ મુક્તિના અદ્વેષથી કે મનાક્ મુક્તિના રાગથી ધર્મમાં પ્રવૃત્તિ સ્વીકારી છે. તેથી એ પ્રાપ્ત થાય કે ચાર દૃષ્ટિવાળા અપુનર્બંધક જીવો મોક્ષના આશયથી પ્રવૃત્તિ કરતા હોય, તોપણ મોક્ષનો રાગ

અલ્પ છે; કેમ કે મોક્ષ અનિચ્છા સ્વરૂપ છે, અને 'અનિચ્છામાં જ પારમાર્થિક સુખ છે' તેવો બોધ અપુનર્બંધક જીવો કરી શકતા નથી; આમ છતાં યોગીઓના વચનની શ્રદ્ધાથી અને કંઈક ઊહથી 'અનિચ્છામાં સુખ છે' તેવું અપુનર્બંધક જીવો જાણે છે. તેથી અનિચ્છારૂપ મોક્ષમાં કંઈક રાગ થાય છે, તોપણ તે રાગ અલ્પ છે, પ્રધાનરૂપે તો ઇચ્છામાં સુખ છે તેવી પ્રતીતિ છે. આથી આવા જીવો ભોગાદિ સાધનોમાં પ્રવૃત્તિ કરે છે અને સુખનો અનુભવ કરે છે. વળી કંઈક મિથ્યાત્વની મંદતા છે, તેથી સંસારની વિષમ સ્થિતિ પણ જોઈ શકે છે. તેથી જન્મ-મૃત્યુની વિડંબના વગરના મોક્ષમાં ઇચ્છા પણ કરે છે, અને મોક્ષના અભિલાષથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ પણ કરે છે; તોપણ પારમાર્થિક સુખ ઇચ્છાના ઉચ્છેદમાં છે તેવું સ્પષ્ટ જોઈ શકતા નથી. તેથી કાર્યનો વિચાર કર્યા વગર ક્ષણિક એવા સુખમાં આસક્ત થઈને પ્રાણાતિપાતાદિ અસત્ ચેષ્ટાઓ કરે છે, અને વિપર્યાસને કારણે આત્માને જ્ઞાનાવરણીયાદિ કર્મની ધૂળથી મલિન કરે છે. આનું મુખ્ય કારણ ક્ષણિક એવા સુખમાં તેઓની આસક્તિ છે; છતાં ચાર દૃષ્ટિવર્તી જીવોમાં કંઈક વિવેક છે.

(૪) **વેદ્યસંવેદ્યપદવાળા :-**

વેદ્યસંવેદ્યપદવાળા જીવો ક્ષણિક સુખમાં આસક્ત નથી, પણ સર્વ ઇચ્છાના ઉપશમમાં પારમાર્થિક સુખ છે, અને સંસારમાં ઉપશમભાવવાળા મુનિઓને સુખ છે, તેમ જુએ છે. તેથી ક્વચિત્ ભોગાદિની ઇચ્છા થાય ત્યારે ભોગાદિમાં પ્રવૃત્તિ કરે, તોપણ તેઓ કુસુખમાં આસક્ત નહિ હોવાને કારણે આત્માને તે પ્રકારે કર્મથી મલિન કરતા નથી. આથી વેદ્યસંવેદ્યપદવાળા જીવોનું ચિત્ત પ્રાયઃ મોક્ષમાં હોય છે; કેમ કે વેદ્યસંવેદ્યપદવાળા જીવોની બળવાન રુચિ ઇચ્છાના અભાવરૂપ નિરાકુળ આત્મભાવમાં વર્તે છે. **॥૮૨॥**

**અવતરણિકા :-**

**तथाहि –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૮૨માં કહ્યું કે અવેદ્યસંવેદ્યપદવાળા જીવો તત્ત્વથી કાર્યનો વિચાર કર્યા વગર આત્માને પાપધૂલીથી ખરડે છે. તેથી અવેદ્યસંવેદ્યપદવાળા જીવો તત્ત્વથી કાર્યનો વિચાર કર્યા વગર કઈ રીતે પ્રવૃત્તિ કરે છે ? તે સ્પષ્ટ કરવા માટે 'तथाहि'=તે પ્રમાણેથી કહે છે –**

**શ્લોક :-**

**धर्मबीजं परं प्राप्य, मानुष्यं कर्मभूमिषु ।**
**न सत्कर्मकृषावस्य, प्रयतन्तेऽल्पमेधसः ।।८३।।**

**અન્વયાર્થ :-**

कर्मभूमिषु=કર્મભૂમિઓમાં धर्मबीजं परं मानुष्यं=ધર્મના બીજરૂપ એવા શ્રેષ્ઠ મનુષ્યભવને प्राप्य=પ્રાપ્ત કરીને अल्पमेधसः=અલ્પબુદ્ધિવાળા એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો अस्य=આની=ધર્મબીજની सत्कर्मकृषौ=સત્કર્મરૂપી ખેતીમાં प्रयतन्ते न=પ્રયત્ન કરતા નથી. ।।૮૩।।

શ્લોકાર્થ :-

**કર્મભૂમિઓમાં ધર્મના બીજરૂપ એવા શ્રેષ્ઠ મનુષ્યભવને પ્રાપ્ત કરીને અલ્પબુદ્ધિવાળા એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો ધર્મબીજની સત્કર્મરૂપી ખેતીમાં પ્રયત્ન કરતા નથી. ॥૮૩॥**

ટીકા :-

**'धर्मबीजं'=धर्मकारणं, 'परं'=प्रधानं, 'प्राप्य'=असाद्य, किं तदित्याह 'मानुष्यं'=मानुषत्वं, क्वेत्याह 'कर्मभूमिषु'-भरताद्यासु, किमित्याह 'न सत्कर्मकृषौ'-धर्मबीजाधानादिरूपायां 'अस्य'=धर्मबीजस्य, 'प्रयतन्तेऽल्पमेधसः'-अल्पमतय इत्यर्थः ।।८३।।**

ટીકાર્થ :-

**'धर्मबीजं' ..... इत्यर्थः ।। ભરતાદિ કર્મભૂમિમાં પરં=પ્રધાન એવા, ધર્મબીજરૂપ=ધર્મના કારણરૂપ, મનુષ્યપણાને પામીને શું ? એથી કહે છે :**

**આની=ધર્મબીજની અર્થાત્ મનુષ્યપણારૂપ ધર્મના બીજની, સત્કર્મરૂપી કૃષિમાં=ધર્મબીજાધાનાદિ રૂપ કૃષિમાં અર્થાત્ આત્મામાં યોગના સંસ્કારો નાખવારૂપ ધર્મબીજના આધાનાદિરૂપ સત્કર્મની કૃષિમાં, અલ્પમેધાવાળા=અલ્પમતિવાળા એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો प्रयतन्ते न=પ્રયત્ન કરતા નથી, એ પ્રમાણે અર્થ છે. ॥૮૩॥**

ભાવાર્થ :-

શ્લોક-૮૨ના અંતે કહેલું કે અવેદ્યસંવેદ્યપદવાળા જીવો પરમાર્થથી કાર્યાકાર્યનો વિચાર કરતા નથી. તે વાત પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટ કરે છે કે અલ્પબુદ્ધિવાળા એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો ભરતાદિ ક્ષેત્રમાં મનુષ્યભવને પામીને પણ ધનઅર્જનાદિમાં જ કે ભોગાદિમાં શક્તિનો વ્યય કરે છે, પરંતુ પ્રાપ્ત થયેલા મનુષ્યભવરૂપી ધર્મબીજની ધર્મબીજાધાનાદિરૂપ ક્રિયામાં યત્ન કરતા નથી.

આશય એ છે કે ધર્મની નિષ્પત્તિ કરવાનું બીજ મનુષ્યભવ છે, અને આ મનુષ્યભવને પામીને યોગીઓ પાસેથી તત્ત્વ સાંભળવામાં અને સાંભળીને સ્થિર કરવામાં યત્ન કરવામાં આવે તો આત્મામાં ધર્મબીજનું આધાન થાય છે, અને તેમાંથી ધર્મના અંકુર યાવત્ ધર્મનું વૃક્ષ પ્રગટ થાય છે. જેમ સારી ભૂમિમાં બીજનું વપન કરવામાં આવે તો પ્રથમ અંકુરો થાય અને પછી ખીલેલી અવસ્થાવાળું વૃક્ષ પણ પ્રગટે; તેમ કોઈ યોગ્ય જીવ મનુષ્યભવને પામીને તત્ત્વશ્રવણ કરે તો 'આ યોગમાર્ગ તત્ત્વ છે' તેવી રુચિ ઉત્પન્ન થાય, અને આત્મામાં ધર્મબીજનું આધાન થાય, તેમાંથી જિજ્ઞાસા આદિ ગુણો પ્રગટે, અને અંતે યોગમાર્ગની ખીલેલી અવસ્થા પણ પ્રાપ્ત થાય.

વળી જેઓની બુદ્ધિમાં વિપર્યાસ છે એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો, ક્વચિત્ બુદ્ધિમાન હોય તોપણ તેઓની બુદ્ધિ કેવલ ભોગસુખોની પ્રાપ્તિમાં કે ધનઅર્જનમાં વપરાય છે, પરંતુ આત્મહિતમાં વપરાતી નથી,

તેથી તેઓ અલ્પબુદ્ધિવાળા છે. આથી પરમકલ્યાણનું કારણ એવો મનુષ્યભવ યથાતથા જીવીને વ્યર્થ પૂર્ણ કરે છે.

અહીં વિશેષ એ છે કે પૂર્વમાં જિનકુશલચિત્તાદિને યોગબીજ કહેલ. અહીં મનુષ્યભવ ધર્મબીજ છે અને જિનકુશલચિત્તાદિરૂપ બીજાધાનની પ્રવૃત્તિ છે તે સત્કર્મની ખેતી છે, એ પ્રકારે વિવક્ષા કરેલ છે. **॥૮૩॥**

**અવતરણિકા :-**

**किन्तर्हि –**

**અવતરણિકાર્થ :-**

**તો શું કરે છે ?**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૩માં કહ્યું કે અલ્પબુદ્ધિવાળા જીવો સત્કર્મરૂપી કૃષિમાં પ્રયત્ન કરતા નથી. તો શું કરે છે ? તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે :

**શ્લોક :-**

**बडिशामिषवत्तुच्छे, कुसुखे दारुणोदये ।**
**सक्तास्त्यजन्ति सच्चेष्टां, धिगहो दारुणं तमः ।।८४।।**

**અન્વયાર્થ :-**

**बडिशामिषवत्तुच्छे दारुणोदये कुसुखे सक्ताः=બડિશ આમિષ જેવા તુચ્છ, દારુણ ઉદયવાળા કુસુખમાં આસક્ત એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો सच्चेष्टां=સત્‌ચેષ્ટાને त्यजन्ति=છોડે છે. अहो=અહો दारुणं तमः=દારુણ અજ્ઞાનને धिग्=ધિક્કાર થાઓ. ॥૮૪॥**

**શ્લોકાર્થ :-**

**બડિશ આમિષ જેવા તુચ્છ, દારુણ ઉદયવાળા કુસુખમાં આસક્ત એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો સત્‌ચેષ્ટાને છોડે છે.**

**અહો ! દારુણ અજ્ઞાનને ધિક્કાર થાઓ ! ॥૮૪॥**

**ટીકા :-**

'बडिशामिषवद्' इति निदर्शनं मत्स्यगलमांसवत् 'तुच्छे'=अल्पे, 'कुसुखे'=दुष्टभोगजे, 'दारुणोदये'= रौद्रविपाके, समयपरिभाषेयम्, 'सक्ता'=गृद्धाः, किमित्याह 'त्यजन्ति सच्चेष्टां'-धर्मसाधन(नी)म्, कर्मदोषोऽयमित्याह 'धिगहो दारुणं तमः' - कष्टमज्ञानमिति योऽर्थः ।।८४।।

**ટીકાર્થ :-**

**'बडिशामिषवद्' ..... योऽर्थः ।। બડિશ આમિષની જેમ, નિદર્શન છે=દૃષ્ટાંત છે,**

અને તેનો અર્થ સ્પષ્ટ કરે છે :

**મત્સ્યના ગળાને વીંધે તેવા માછીમારની જાળના કાંટા ઉપર રહેલા માંસ જેવા દારુણ ઉદયવાળા= રૌદ્રવિપાકવાળા, તુચ્છ એવા કુસુખમાં=અલ્પ એવા દુષ્ટ ભોગથી પેદા થયેલા સુખમાં, આસક્ત જીવો=ગૃદ્ધ એવા જીવો, ધર્મના સાધનભૂત એવી સત્ચેષ્ટાનો ત્યાગ કરે છે. આ કર્મનો દોષ છે, એ પ્રમાણે કહે છે. અહો ! દારુણ તમને=દારુણ અંધકારને ધિક્કાર થાઓ=કષ્ટરૂપ અજ્ઞાનને ધિક્કાર થાઓ.**

**અહીં દારુણ ઉદયનો અર્થ રૌદ્રવિપાક કર્યો, એ સમયની=શાસ્ત્રની, પરિભાષા છે. ।।૮૪।।**

**ભાવાર્થ :-**

અહીં બડિશ આમિષનો અર્થ મત્સ્યગલમાંસ કર્યો. તેથી એ પ્રાપ્ત થયું કે માછીમાર માછલાંઓને પકડવા માટે જે કાંટા ઉપર માંસ રાખે છે તે માંસ માછલાના ગળામાં કાંટાને ભરાવવાનું સાધન છે. તેથી માછલું માંસની લાલચથી તેને ખાય છે ત્યારે ક્ષણભર સુખને અનુભવે છે, જેનું દારુણ ફળ ગળામાં કાંટાની પ્રાપ્તિ અને અંતે મૃત્યુ આવે છે; તેના જેવું દુષ્ટ ભોગોથી થયેલું કુસુખ છે. અહીં દુષ્ટ ભોગોથી થનારું કુસુખ એ છે કે : જે જીવો ભોગોને સારભૂત માને છે અને ભૂતકાળના પાપાનુબંધીપુણ્યથી તે ભોગસામગ્રીને પામીને કંઈક ક્ષણિક સુખ મેળવે છે, તોપણ તે સુખમાં ગાઢ આસક્તિને કારણે વર્તમાનમાં ક્લેશને અનુભવે છે, અને તેનાથી બંધાયેલાં ક્લિષ્ટ કર્મોને કારણે દુર્ગતિના પરિભ્રમણરૂપ રૌદ્રવિપાકને પામે છે. જેમ માંસને ખાવાના ક્ષણભર સુખને અનુભવીને માછલાને તાળુમાં કાંટાની પ્રાપ્તિ થાય છે, જે તત્કાળ ક્લેશનું કારણ છે, અને અંતે અનિષ્ટ ફળરૂપ મૃત્યુની પ્રાપ્તિ થાય છે; તેમ દુષ્ટ ભોગોને ભોગવનારા જીવો ભોગકાળમાં કંઈક સુખનો અનુભવ કરે છે, તોપણ ભોગમાં આસક્તિને કારણે ઇચ્છાની ગૃદ્ધિરૂપ સંક્લેશને તત્કાલ પામે છે, અને પરિણામે દુર્ગતિઓના અનિષ્ટ ફળને પામે છે. અહીં દુષ્ટ ભોગથી પેદા થયેલા કુસુખને ગ્રહણ કરવાથી અર્થથી એ પ્રાપ્ત થયું કે જે જીવો પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી ભોગો પ્રાપ્ત કરે છે તે ભોગો કુસુખ નથી, પરંતુ ભૂતકાળમાં કરાયેલા ઉચિત અનુષ્ઠાનના ફળરૂપે પ્રાપ્ત થયેલા ઉત્તમ ભોગો છે, અને તે ભોગકાળમાં પણ તેઓને ઇચ્છાના શમનથી કંઈક સુખ થાય છે, અને ઉત્તમ ભોગોના ભોગથી રૌદ્રવિપાકવાળું કોઈ ફળ નથી, પરંતુ તે ભોગોથી તૃપ્તિને અનુભવીને સંયમના પરિણામવાળા થાય છે, અને ક્રમે કરીને અધિક સુખ મેળવે છે. તે સુખ અનર્થનું બીજ નથી, કેવલ હિતની પરંપરાનું કારણ છે.

વળી કુસુખમાં આસક્ત થયેલા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો તો ધર્મના સાધનરૂપ એવી સત્ચેષ્ટાને છોડે છે, જ્યારે પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી મેળવેલા ઉત્તમ સુખવાળા એવા વેદ્યસંવેદ્યપદવર્તી જીવો મેળવેલા ધનાદિનો ધર્મમાં વ્યય કરીને સત્ચેષ્ટાને પોષે છે. અવેદ્યસંવેદ્યપદવાળા આ પ્રકારના કુસુખમાં આસક્ત થઈને સત્ચેષ્ટાને છોડે છે, એ દારુણ અજ્ઞાન છે, એમ બતાવીને એ બતાવવું છે કે જીવનો સ્વભાવ યથાર્થ

તત્ત્વને જોવાનો છે, પરંતુ જીવમાં કર્મદોષને કારણે રહેલું એવું કષ્ટકારી અજ્ઞાન સત્ચેષ્ટાનો ત્યાગ કરાવીને જીવને અસત્ચેષ્ટામાં પ્રવૃત્તિ કરાવે છે.

અહીં 'ધિગ્ અહો !' કહ્યું, તે 'અહો' શબ્દ ખેદઅર્થક અવ્યય છે. તેથી ગ્રંથકાર એ બતાવે છે કે ખેદની વાત છે કે કષ્ટકારી અજ્ઞાન જીવને આ રીતે ધર્મસાધનની સત્ચેષ્ટાનો ત્યાગ કરાવે છે.

દારુણ ઉદયનો અર્થ ટીકામાં રૌદ્રવિપાક કર્યો, અને ખુલાસો કર્યો કે આ સમય પરિભાષા છે. તેનો અર્થ એ છે કે સામાન્ય રીતે કર્મનો ઉદય હોય ત્યાં ઉદય શબ્દ વપરાય, વિપાક નહિ; અને દારુણ ઉદય કહેવાથી ખરાબ કર્મોનો ઉદય અત્યારે વર્તી રહ્યો છે; પરંતુ ઉદયનો અર્થ વિપાક કર્યો એ શાસ્ત્રની પરિભાષા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારમાં ભોગવાતા કુસુખ રૌદ્ર વિપાકવાળા છે; અર્થાત્ આના પરિણામે કુસુખ ભોગવનારને ભાવિમાં રૌદ્રવિપાકની પ્રાપ્તિ થશે અર્થાત્ ભાવિમાં મહાકદર્થનાના ફળની પ્રાપ્તિ થશે. **॥૮૪॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૫૭માં દીપ્રાદૃષ્ટિ સૂક્ષ્મબોધથી રહિત છે તેમ બતાવ્યું. ત્યાર પછી શ્લોક-૬૫-૬૬માં સૂક્ષ્મબોધનું સ્વરૂપ બતાવ્યું અને કહ્યું કે આવો સૂક્ષ્મબોધ મિત્રાદિ ચાર દૃષ્ટિમાં નથી. ત્યારપછી શ્લોક-૬૭માં બતાવ્યું કે મિત્રાદિ ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ ઉલ્બણ=પ્રબળ હોવાને કારણે તેઓને પારમાર્થિક વેદ્યસંવેદ્યપદ આવી શકતું નથી, અને તેને કારણે ચાર દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ નથી.

તેથી એ ફલિત થયું કે સૂક્ષ્મબોધની પ્રાપ્તિનું કારણ વેદ્યસંવેદ્યપદ છે, અને તેને વિઘાત કરનારું અવેદ્યસંવેદ્યપદ છે. તેથી શ્લોક-૬૭થી અવેદ્યસંવેદ્યપદ અને વેદ્યસંવેદ્યપદ કેવું છે તેની ચર્ચા કરીને અવેદ્યસંવેદ્યપદની અનર્થકારિતા શ્લોક-૮૪ સુધી બતાવી. હવે તેનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે :

**શ્લોક :-**

**अवेद्यसंवेद्यपदमान्ध्यं दुर्गतिपातकृत् ।**
**सत्सङ्गागमयोगेन, जेयमेतन्महात्मभिः ।।८५।।**

**અન્વયાર્થ :-**

**अवेद्यसंवेद्यपदं=અવેદ્યસંવેદ્યપદ आन्ध्यं=અંધભાવરૂપ છે, दुर्गतिपातकृत्=દુર્ગતિના પાતને કરનારું છે. एतद्=આ सत्सङ्गागमयोगेन=સત્સંગ અને આગમના યોગથી महात्मभिः=મહાત્માઓ વડે=ચાર દૃષ્ટિવાળા જીવો વડે जेयम्=જિતાવું જોઈએ. ॥૮૫॥**

શ્લોકાર્થ :-

**અવેદ્યસંવેદ્યપદ અંધભાવરૂપ છે, દુર્ગતિના પાતને કરનારું છે. આ સત્સંગ અને આગમના યોગથી ચાર દૃષ્ટિવાળા જીવો વડે જિતાવું જોઈએ=ચાર દૃષ્ટિવાળા જીવોએ જીતવું જોઈએ. ॥૮૫॥**

ટીકા :-

**'अवेद्यसंवेद्यपदम्'-उक्तलक्षणं, 'आन्ध्यं'-अन्धभावरूपम्, अत एवाह 'दुर्गतिपातकृत्'=दुर्गतिपातकरणशीलम्, 'सत्सङ्गागमयोगेन'-विशिष्टसङ्गागमसम्बन्धेनेत्यर्थः एकवद्भावः उभयप्राधान्यख्यापनपरः, 'जेयम्' 'एतद्'=अवेद्यसंवेद्यपदं, 'महात्मभिः'=पुम्भिः, अस्यामेव भूमिकायामन्यदा जेतुमशक्यत्वात् । अत एवानुवादपरोऽप्यागम इति योगाचार्याः, अयोग्यनियोगाऽसिद्धेरिति ॥८५॥**

ટીકાર્થ :-

**'अवेद्यसंवेद्यपदम्' ..... सिद्धेरिति ॥ ઉક્ત લક્ષણવાળું=શ્લોક-૭૫માં બતાવ્યું એવા લક્ષણવાળું અવેદ્યસંવેદ્યપદ, આંધ્ય છે=અંધભાવરૂપ છે. આથી જ કહે છે :**

**દુર્ગતિના પાતને કરનારું છે=દુર્ગતિના પાતકરણ સ્વભાવવાળું છે. સત્સંગ અને આગમયોગથી=વિશિષ્ટ પુરુષનો યોગ અને આગમના સંબંધથી આ=અવેદ્યસંવેદ્યપદ, મહાત્મા પુરુષ વડે જીતવા યોગ્ય છે.**

અહીં પ્રશ્ન થાય કે મહાત્મા વડે જ જીતવા યોગ્ય છે, અન્ય વડે કેમ નહિ ? તેથી કહે છે :

**अस्यामेव भूमिकायाम्=આ જ ભૂમિકામાં=યોગની ચાર દૃષ્ટિરૂપ આ જ ભૂમિકામાં, મહાત્માઓ અવેદ્યસંવેદ્યપદ જીતી શકે છે. અન્યદા=દૃષ્ટિ વગરની ભૂમિકામાં, જીતવું અશક્ય છે.**

**અહીં=सत्सङ्गागमयोगेन એ કથનમાં, સત્સંગ અને આગમ એ બે પદ દ્વારા અવેદ્યસંવેદ્યપદને જીતવાનું છે; આમ છતાં એકવદ્ ભાવ બતાવવા માટે 'सत्सङ्गागमयोगेन' એ તૃતિયા એકવચનનો પ્રયોગ છે, અને આ એકવદ્ભાવ ઉભયના પ્રાધાન્યને ખ્યાપનમાં પર છે અર્થાત્ અવેદ્યસંવેદ્યપદને જીતવામાં સત્સંગ પણ પ્રધાન કારણ છે અને આગમનો યોગ પણ પ્રધાન કારણ છે, તે બતાવે છે. તેથી તે બંને એકરૂપ બતાવવા માટે એકવદ્ભાવનો પ્રયોગ કરેલ છે.**

**अत एव - આથી જ=પૂર્વમાં કહ્યું કે ચાર દૃષ્ટિવાળા મહાત્માઓએ અવેદ્યસંવેદ્યપદ જીતવું જોઈએ આથી જ, 'અનુવાદપર જ આગમ છે' એ પ્રમાણે યોગાચાર્યો કહે છે; કેમ કે અયોગ્યમાં નિયોગની અસિદ્ધિ છે=ચાર દૃષ્ટિ બહારના અયોગ્ય જીવોમાં વેદ્યસંવેદ્યપદના નિયોગની આગમ દ્વારા અસિદ્ધિ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૮૫॥**

નોંધ :- अनुवादपरोऽपि માં 'अपि' શબ્દ 'एवकार' અર્થમાં છે.

ભાવાર્થ :-

અવેદ્યસંવેદ્યપદ શ્લોક-૭૫માં બતાવ્યું એવા લક્ષણવાળું છે, જે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને દેખાડવામાં

અંધભાવરૂપ છે. તેનાથી અવેદ્યસંવેદ્યપદવાળા જીવો પાપકર્મ કરીને દુર્ગતિમાં જાય છે, તેથી અવેદ્યસંવેદ્યપદ દુર્ગતિના પાતને કરવાના સ્વભાવવાળું છે એમ કહેલ છે.

આ રીતે અવેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ બતાવ્યા પછી ઉપસંહારરૂપે કહે છે કે 'મહાત્માએ સત્સંગ અને આગમના યોગથી આ અવેદ્યસંવેદ્યપદને જીતવું જોઈએ.'

આશય એ છે કે ચાર દૃષ્ટિવાળા જીવો યોગમાર્ગમાં પ્રવૃત્ત છે, તેથી મહાત્માઓ છે. આમ છતાં તેઓમાં હજી અવેદ્યસંવેદ્યપદ સંપૂર્ણ નષ્ટ નથી, તોપણ યોગમાર્ગનો કંઈક ઉઘાડ થવાથી અવેદ્યસંવેદ્યપદ શિથિલ થયેલું છે. તેથી પ્રસ્તુત ઉપદેશ સાંભળીને જો તેઓ પ્રયત્ન કરે તો સત્સંગ અને આગમના યોગથી તેને જીતી શકે. તેથી ગ્રંથકાર કહે છે કે ચાર દૃષ્ટિવાળા મહાત્માઓએ વિશિષ્ટ પુરુષના સંગ દ્વારા અને આગમના પરિચય દ્વારા આ અવેદ્યસંવેદ્યપદને જીતવું જોઈએ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે અવેદ્યસંવેદ્યપદ અનર્થકારી છે, તો ગ્રંથકાર બધાને જીતવાનું ન કહેતાં ચાર દૃષ્ટિવાળા મહાત્માઓને જ જીતવાનું કેમ કહે છે ? તેથી ગ્રંથકાર ખુલાસો કરે છે : આ જ ભૂમિકામાં રહેલા જીવો અવેદ્યસંવેદ્યપદને જીતી શકે છે, પરંતુ અન્યદા=જ્યારે આ ભૂમિકા પ્રાપ્ત કરી નથી ત્યારે, આ અવેદ્યસંવેદ્યપદને જીતવું તેમના માટે અશક્ય છે. માટે ચાર દૃષ્ટિવાળા મહાત્માને જીતવાનું કહેલ છે, અને તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે આગમ પણ દૃષ્ટિ બહાર રહેલા જીવોમાં વર્તતા અવેદ્યસંવેદ્યપદને દૂર કરી શકતું નથી, પરંતુ યોગ્યતાને પામેલા જીવો શાસ્ત્રવચનના નિમિત્તને પામીને અવેદ્યસંવેદ્યપદને દૂર કરી શકે છે. આથી કરીને અનુવાદપર જ આગમ છે એમ યોગાચાર્યો કહે છે.

આશય એ છે કે યોગને જાણનારા આચાર્યો કહે છે કે શાસ્ત્ર તો ભગવાનના વચનનો અનુવાદ કરવામાત્રમાં જ તત્પર છે, પરંતુ કોઈ જીવમાં રહેલા અવેદ્યસંવેદ્યપદને દૂર કરી શકતું નથી, કે કોઈ જીવમાં રહેલા દોષોને કાઢી શકતું નથી; પરંતુ યોગ્યતાને પામેલો એવો જીવ સ્વપ્રયત્નથી દોષોને કાઢી શકે છે, અને તે દોષ કાઢવા માટે ઉચિત દિશા બતાવવા માત્રમાં શાસ્ત્ર સહાયક છે; અને જો શાસ્ત્ર કોઈના દોષોનું ઉન્મૂલન કરી શકતું હોય તો પક્ષપાત વગર સર્વ જીવોના દોષોનું ઉન્મૂલન કરે, પરંતુ શાસ્ત્ર તેમ કરતું નથી, તેથી તે શક્ય નથી. આથી કહે છે કે અયોગ્યમાં નિયોગની અસિદ્ધિ છે=અયોગ્ય જીવોમાં શાસ્ત્ર વેદ્યસંવેદ્યપદનો નિયોગ કરી શકતું નથી.

અહીં મહાત્માએ અવેદ્યસંવેદ્યપદ જીતવું જોઈએ એમ કહ્યું, ત્યાં કોઈને શંકા થાય કે પ્રસ્તુત ચોથી દૃષ્ટિ ચાલે છે, તેથી ચોથી દૃષ્ટિવાળાને અવેદ્યસંવેદ્યપદ જીતવા માટે કહેલ હશે; પરંતુ તેમ નથી, વસ્તુતઃ મહાત્મા શબ્દથી ચારે દૃષ્ટિવાળાને ગ્રહણ કરવા છે, અને તેનો નિર્ણય આ રીતે થાય છે :

શ્લોક-૫૭માં ચોથી દૃષ્ટિનું સ્વરૂપ બતાવ્યું અને તેમાં કહ્યું કે ચોથી દૃષ્ટિ સૂક્ષ્મબોધરહિત છે, અને તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૬૬ની ટીકામાં કર્યું કે દીપ્રાદૃષ્ટિમાં સૂક્ષ્મબોધ નથી અને નીચેની ત્રણ દૃષ્ટિમાં પણ નથી. ત્યાં સુધીમાં ચોથી દૃષ્ટિનું મૂળ કથન પૂરું થયું. ત્યાં પ્રશ્ન થયો કે વેદ્યસંવેદ્યપદથી સૂક્ષ્મબોધ થાય છે, તો ચાર દૃષ્ટિમાં વેદ્યસંવેદ્યપદ કેમ નથી ? તેથી અવેદ્યસંવેદ્યપદ અને વેદ્યસંવેદ્યપદ ચાર દૃષ્ટિમાં કેવું છે તે

શ્લોક-૬૭માં બતાવ્યું. તે શ્લોક-૬૭ની ટીકામાં કહ્યું કે પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ ઉલ્બણ છે. ત્યાર પછી વેદ્યસંવેદ્યપદ અને અવેદ્યસંવેદ્યપદ શું છે તેને સ્પષ્ટ કરવા માટે શ્લોક-૮૪ સુધી ચર્ચા કરી, અને ત્યાર પછી ઉપસંહાર કરતાં કહ્યું કે મહાત્માઓએ આ અવેદ્યસંવેદ્યપદને જીતવું જોઈએ; અને શ્લોક-૬૭ની ટીકાના કથનથી નક્કી થાય છે કે ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ છે, તેથી ચાર દૃષ્ટિવાળા જીવોએ અવેદ્યસંવેદ્યપદને જીતવા માટે યત્ન કરવો જોઈએ.

વળી શ્લોક-૩૦માં કહેલ કે ઘણો ભાવમલ ક્ષીણ થાય ત્યારે જીવ યોગબીજનું ઉપાદાન કરે છે, અને તે યોગની પ્રથમ દૃષ્ટિ છે; અને ત્યાર પછી કહ્યું કે આ ભાવમલ ક્ષીણ ક્યારે થાય ? તેનો ખુલાસો શ્લોક-૩૧માં કર્યો કે ચરમપુદ્ગલપરાવર્તમાં આ ભાવમલ ક્ષીણ થાય છે.

ત્યાં પ્રશ્ન થાય કે ચરમપુદ્ગલપરાવર્તમાં ભાવમલ ક્ષીણ થયો છે તે કેવી રીતે નક્કી થાય ? તેથી શ્લોક-૩૨માં કહ્યું કે જે કારણથી ચરમાવર્તનું આવું લક્ષણ છે, તેથી તે લક્ષણ ઉપરથી ચરમાવર્તમાં આવેલા જીવોમાં ભાવમલ ક્ષીણ છે તે નક્કી થાય છે, અને તેથી તેઓ યોગબીજ ગ્રહણ કરે છે તે નક્કી થાય છે. ત્યાર પછી શ્લોક-૩૩માં કહ્યું કે આવા પ્રકારના મહાત્માઓને શુભનિમિત્તસંયોગ થાય છે. તેથી પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોને પણ મહાત્મા તરીકે સંબોધન કરેલ છે, અને તેઓને પણ શુભનિમિત્તનો સંયોગ થાય છે, જેનાથી તેઓ અવેદ્યસંવેદ્યપદ જીતી શકે છે. તેથી અર્થથી પહેલી ચાર દૃષ્ટિવાળા જીવો અવેદ્યસંવેદ્યપદને જીતવાના અધિકારી છે, એ ફલિત થયું. **॥૮૫॥**

**અવતરણિકા :-**

**अत एव जयलिङ्गान्याह –**

**અવતરણિકાર્થ :-**

**આથી જ=પૂર્વશ્લોકમાં કહ્યું કે મહાત્માઓએ અવેદ્યસંવેદ્યપદને જીતવું જોઈએ, આથી જ, જયનાં લિંગોને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૫માં ઉપસંહારરૂપે કહ્યું કે ચાર દૃષ્ટિવાળા મહાત્માઓએ અવેદ્યસંવેદ્યપદ જીતવું જોઈએ. તે વચન સાંભળીને ઉલ્લસિત થયેલા વીર્યવાળા મહાત્માઓ અવેદ્યસંવેદ્યપદને જીતવા માટે યત્ન કરે, તોપણ તે અવેદ્યસંવેદ્યપદ જિતાયું છે કે નહિ તેનો નિર્ણય કરવો જોઈએ. આથી અવેદ્યસંવેદ્યપદ જિતાયું છે તેનાં લિંગો પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે :

**શ્લોક :-**

**जीयमाने च नियमादेतस्मिंस्तत्त्वतो नृणाम् ।**
**निवर्तते स्वतोऽत्यन्तं, कुतर्कविषमग्रहः ।।८६।।**

**અન્વયાર્થ :-**

**च=અને तत्त्वतः=તત્ત્વથી एतस्मिन् जीयमाने=આ જિતાયે છતે=અવેદ્યસંવેદ્યપદ જિતાયે છતે नृणाम्=મનુષ્યોને नियमात्=નિયમથી स्वतः=પોતાની મેળે कुतर्कविषमग्रहः=કુતર્કવિષમગ્રહ अत्यन्तं=અત્યંત निवर्तते=નિવર્તન પામે છે. ॥૮૬॥**

**શ્લોકાર્થ :-**

**અને તત્ત્વથી અવેદ્યસંવેદ્યપદ જિતાયે છતે મનુષ્યોને નિયમથી પોતાની મેળે કુતર્કવિષમગ્રહ અત્યંત નિવર્તન પામે છે. ॥૮૬॥**

**ટીકા :-**

**'जीयमाने च नियमादेतस्मिन्' अवेद्यसंवेद्यपदे महामिथ्यात्वनिबन्धने पशुत्वादिशब्दवाच्ये 'तत्त्वतः'=परमार्थेन, 'नृणां'=पुंसां, 'निवर्तते' 'स्वत'=आत्मनैवाऽपरोपदेशेन, निमित्ताभावे नैमित्तिकाभावात् 'अत्यन्तं'-नितरां सम्यग्ज्ञानयोगात्, आगमप्रामाण्यावगमात् 'कुतर्कविषमग्रहो'=दृष्टापायहेतुत्वेन ग्रह इव ग्रहः ॥८६॥**

**ટીકાર્થ :-**

**'जीयमाने ..... ग्रहः ॥ તત્ત્વથી=પરમાર્થથી, મહામિથ્યાત્વનું કારણ, પશુત્વાદિ શબ્દથી વાચ્ય એવું આ=અવેદ્યસંવેદ્યપદ, જિતાયે છતે, પુરુષનો કુતર્કવિષમગ્રહ=દૃષ્ટ અપાયનો હેતુ હોવાને કારણે ગ્રહના જેવો ગ્રહ, સ્વતઃ=આત્માથી જ=અપરોપદેશથી, નિયમથી અત્યંત નિવર્તન પામે છે; કેમ કે સમ્યગ્જ્ઞાનનો યોગ છે=અવેદ્યસંવેદ્યપદ જિતાયે છતે સમ્યગ્જ્ઞાનનો યોગ છે, અને સમ્યગ્જ્ઞાનનો યોગ હોવાથી આગમપ્રામાણ્યનો અવગમ છે. તેથી કુતર્કવિષમગ્રહ અત્યંત નિવર્તન પામે છે એમ અન્વય છે.**

અહીં સ્વતઃ નિવર્તન પામે છે તેમાં હેતુ કહે છે :

**નિમિત્તનો અભાવ હોતે છતે=કુતર્કના નિમિત્તરૂપ અવેદ્યસંવેદ્યપદનો અભાવ હોતે છતે, નૈમિત્તિકનો અભાવ છે=કુતર્કવિષમગ્રહનો અભાવ છે. ॥૮૬॥**

**ભાવાર્થ :-**

અવેદ્યસંવેદ્યપદ એટલે પદાર્થ જે રીતે વેદન કરવા યોગ્ય નથી તે રીતે તેનું વેદન કરાવે અર્થાત્ વિપરીત વેદન કરાવે તેવો બોધ. તેના કારણે જીવને વિપર્યાસની બુદ્ધિ થાય છે, તેથી અવેદ્યસંવેદ્યપદને મહામિથ્યાત્વનું કારણ કહ્યું છે.

વળી જેમ પશુઓ અત્યંત અવિચારક હોય છે, તેમ અવેદ્યસંવેદ્યપદવાળા જીવો વિષયોમાં ગાઢ આસક્ત થઈને તત્ત્વના વિષયમાં અવિચારક બને છે, તેથી અવેદ્યસંવેદ્યપદને પશુત્વાદિ શબ્દથી વાચ્ય કહેલ છે. 'પશુત્વાદિ' પદમાં આદિ શબ્દથી સંમૂર્ચ્છિમનું ગ્રહણ કરવું. સંમૂર્ચ્છિમ જીવો જેમ મૂઢ હોય છે તેથી માત્ર

વિષયોમાં પ્રવૃત્તિ કરે છે, તેમ અવેદ્યસંવેદ્યપદવાળા જીવો પણ માત્ર વિષયોમાં પ્રવૃત્તિ કરે છે.

ચાર દૃષ્ટિવાળા જીવો કંઈક તત્ત્વની વિચારણા કરીને અવેદ્યસંવેદ્યપદને શિથિલ કરે છે, તોપણ પરમાર્થથી અવેદ્યસંવેદ્યપદ જિતાયું નથી; પરંતુ યોગીઓ પાસેથી અવેદ્યસંવેદ્યપદની અનર્થકારિતાને જાણીને સત્પુરુષના યોગથી કે આગમથી તે ચાર દૃષ્ટિવાળા જીવો પરમાર્થથી અવેદ્યસંવેદ્યપદને જીતે ત્યારે તેઓમાં રહેલો કુતર્કરૂપી વિષમગ્રહ નિયમથી અત્યંત નિવર્તન પામે છે.

અહીં નિયમથી કહેવાથી એ ફલિત થયું કે અવેદ્યસંવેદ્યપદ જિતાય એટલે નિયમા કુતર્કવિષમગ્રહ દૂર થાય છે; અને અત્યંત કહેવાથી એ પ્રાપ્ત થયું કે ચાર દૃષ્ટિવાળાઓને પણ કંઈક કુતર્કવિષમગ્રહ દૂર થયો છે, તોપણ અત્યંત દૂર થયો નથી, પરંતુ પરમાર્થથી અવેદ્યસંવેદ્યપદ જિતાઈ જાય ત્યારે કુતર્કવિષમગ્રહ સર્વથા નિવર્તન પામે છે.

અહીં પ્રશ્ન થાય કે અવેદ્યસંવેદ્યપદ જિતાવાને કારણે સર્વથા કુતર્કવિષમગ્રહ કેમ નિવર્તન પામે ? તેથી ગ્રંથકાર કહે છે :

જીવમાંથી અવેદ્યસંવેદ્યપદ ચાલ્યું જાય છે ત્યારે જીવને સમ્યગ્જ્ઞાનનો યોગ થાય છે અર્થાત્ ત્યારે તેનામાં તેવી નિર્મળ પ્રજ્ઞા પ્રગટે છે કે જેથી તેના બોધમાં પદાર્થને પ્રામાણિક રીતે જોવાની જ્ઞાનશક્તિ પ્રગટે છે. તેથી તેના સમ્યગ્જ્ઞાનમાં તેને દેખાય છે કે ‘અતીન્દ્રિય પદાર્થો છદ્મસ્થના જ્ઞાનના વિષય નથી, અને સ્વમતિ પ્રમાણે યથાતથા અતીન્દ્રિય અર્થો જોડવાથી તે પ્રાપ્ત થતા નથી; પરંતુ જે પુરુષ સર્વ પદાર્થોને સાક્ષાત્ જુએ છે એવા સર્વજ્ઞના વચનથી અતીન્દ્રિય પદાર્થો જણાઈ શકે છે. માટે પરલોક અર્થે જે કંઈ યત્ન કરવાનો છે, તેમાં અતીન્દ્રિય પદાર્થોને કહેનારા આગમવચનાનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ, પરંતુ સ્વમતિ અનુસાર નહિ.’ આવું સમ્યગ્જ્ઞાન પ્રગટેલ હોવાથી આગમપ્રામાણ્યનો બોધ થાય છે. તેથી તે પુરુષ યત્નપૂર્વક અવેદ્યસંવેદ્યપદને જીતી લે ત્યારે આગમના પ્રામાણ્યના બળથી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવા પ્રયત્ન કરે છે, પરંતુ સ્વમતિના વિકલ્પથી અતીન્દ્રિય પદાર્થોને જાણવા પ્રયત્ન કરતો નથી.

અતીન્દ્રિય પદાર્થોને જાણવાના વિષયમાં કુતર્કવિષમગ્રહ એટલે સ્વમતિ પ્રમાણે વિકલ્પ કરીને અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવાની મતિ. આગમપ્રામાણ્યનો સ્વીકાર કરવાથી કુતર્કરૂપી વિષમગ્રહ રહેતો નથી, તેથી સ્વમતિવિકલ્પો દૂર થાય છે.

અહીં કુતર્કને સ્પષ્ટ કરવા માટે ટીકામાં બતાવ્યું કે ‘દૃષ્ટ અપાયનો હેતુ હોવાને કારણે ગ્રહના જેવો ગ્રહ છે.’ તેનાથી એ પ્રાપ્ત થાય કે જેમ કોઈ પુરુષ ભૂત આદિથી ગૃહીત થયો હોય ત્યારે તે ગ્રહ=ભૂતનો વળગાડ તેના માટે દૃષ્ટ અપાયનો હેતુ છે=પ્રત્યક્ષ અનર્થનો હેતુ છે, તેમ જે જીવો અતીન્દ્રિય પદાર્થોમાં કુતર્કો કરે છે તેઓ તે કુતર્કથી વિપરીત બોધ કરીને આત્મકલ્યાણની પ્રવૃત્તિ યથાતથા કરે છે, જે તેઓના હિતને બદલે અહિતનું કારણ બને છે; કેમ કે જે હેતુ માટે તે પ્રવૃત્તિ કરે છે તે ફળને તે પ્રવૃત્તિથી તે મેળવી શકતો નથી, અને તે પ્રવૃત્તિથી તે ફળની અપ્રાપ્તિનું કારણ તેનામાં રહેલો કુતર્કનો પરિણામ છે. માટે કુતર્ક દૃષ્ટ અપાયનો હેતુ હોવાથી ગ્રહના જેવો ગ્રહ છે.

યોગની ચાર દૃષ્ટિવાળા જીવો આત્મકલ્યાણ માટે તપ-સંયમમાં યત્ન કરતા હોય, આમ છતાં અવેદ્યસંવેદ્યપદ જિતાયું નથી, તેથી તેઓમાં કંઈક કુતર્કરૂપી વિષમગ્રહ વર્તે છે. તેથી શાસ્ત્રના પદાર્થો સ્વમતિ પ્રમાણે જોડીને પોતાની ઉત્તમ સંયમની ક્રિયાને કંઈક નિષ્ફળ કરે છે. તેથી તેઓમાં વર્તતો કુતર્કરૂપી વિષમગ્રહ દૃષ્ટ અપાયનો હેતુ છે.

વળી જેઓ દૃષ્ટિની બહારના છે તેઓમાં તો અવેદ્યસંવેદ્યપદ પણ અત્યંત છે, અને તેના કારણે તેઓમાં કુતર્કશક્તિ પણ અતિશયિત છે, જેથી પરમ કલ્યાણના કારણભૂત એવી તપ-સંયમની પ્રવૃત્તિ પણ તેઓ કરતા નથી; અને ક્વચિત્ કરે તોપણ સંસારના અનર્થકારી ફળમાં પર્યવસાન પામે છે. આ રીતે કલ્યાણને અર્થે કરાતી ઉત્તમ પ્રવૃત્તિને પણ નિષ્ફળ કરાવનાર આ કુતર્ક છે, તેથી દૃષ્ટ અપાયનો હેતુ છે.

અહીં ટીકામાં કહ્યું કે પરમાર્થથી અવેદ્યસંવેદ્યપદ જિતાયે છતે કુતર્કવિષમગ્રહ સ્વતઃ નિવર્તન પામે છે. તેમાં હેતુ આપ્યો કે 'નિમિત્તના અભાવમાં નૈમિત્તિકનો અભાવ છે.' તેનાથી એ કહેવું છે કે જીવમાં વર્તતું અવેદ્યસંવેદ્યપદ એ કુતર્ક કરવાનું નિમિત્ત કારણ છે. જ્યારે જીવ વિશિષ્ટ પુરુષના સંગ દ્વારા કે આગમના યોગથી અવેદ્યસંવેદ્યપદને જીતી લે છે, ત્યારે કુતર્કને કાઢવા માટે પરોપદેશની જરૂર રહેતી નથી; કેમ કે કુતર્કનું નિમિત્ત અવેદ્યસંવેદ્યપદ જીતવાથી, નિમિત્ત જતાં નૈમિત્તિક એવો કુતર્ક રહેતો નથી. **॥૮૬॥**

**અવતરણિકા :-**

**किंविशिष्टोऽयमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેવા પ્રકારનો વિશિષ્ટ આ=કુતર્ક છે ? इति=एतद्=એને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૬માં કહ્યું કે અવેદ્યસંવેદ્યપદ નિવર્તન પામે તો કુતર્ક અત્યંત નિવર્તન પામે છે. તેથી પ્રશ્ન થાય કે કુતર્ક કેવો છે ? તે બતાવવા માટે કુતર્કની અનર્થકારિતાનું સ્વરૂપ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે :

**શ્લોક :-**

**बोधरोगः शमाऽपायः, श्रद्धाभङ्गोऽभिमानकृत् ।**
**कुतर्कश्चेतसो व्यक्तं, भावशत्रुरनेकधा ।।८७।।**

**અન્વયાર્થ :-**

बोधरोगः शमाऽपायः श्रद्धाभङ्गोऽभिमानकृत् कुतर्कः=**બોધ માટે રોગ, શમ માટે અપાય, શ્રદ્ધાનો ભંગ કરનાર, અભિમાનને કરનાર એવો કુતર્ક** चेतसः=**ચિત્તનો=અંતઃકરણનો** अनेकधा=**અનેક પ્રકારે** व्यक्तं=**પ્રગટ** भावशत्रुः=**ભાવશત્રુ છે. ॥૮૭॥**

**શ્લોકાર્થ :-**

**બોધ માટે રોગ, શમ માટે અપાય, શ્રદ્ધાનો ભંગ કરનાર, અભિમાનને કરનાર એવો કુતર્ક અંતઃકરણનો અનેક પ્રકારે પ્રગટ ભાવશત્રુ છે. ।।૮૭।।**

**ટીકા :-**

**'बोधरोगः'-तद्यथावस्थितोपघातभावात्, 'शमाऽपायः'-असदभिनिवेशजनकत्वात्, 'श्रद्धाभङ्ग' आगमार्थाऽप्रतिपत्तेः, 'अभिमानकृत्' मिथ्याभिमानजनकत्वात्, एवं 'कुतर्क' आगमनिरपेक्ष इत्यर्थः, किमित्याह 'चेतसः'=अन्तःकरणस्य 'भावशत्रुः' - परमार्थरिपुः 'अनेकधा'-आर्यापवादादि-कारणात् ।।८७।।**

**ટીકાર્થ :-**

**'बोधरोगः' ..... आर्यापवादादिकारणात् ।। (૧) કુતર્ક, બોધ માટે રોગ છે; કેમ કે તેનાથી યથાવસ્થિત બોધનો ઉપઘાત થાય છે.**

**(૨) કુતર્ક, શમ માટે અપાય છે; કેમ કે અસદ્ અભિનિવેશનું જનકપણું છે.**

**(૩) કુતર્ક, શ્રદ્ધાનો ભંગ કરનાર છે; કેમ કે આગમના અર્થમાં અપ્રતિપત્તિ છે=અસ્વીકાર છે.**

**(૪) કુતર્ક, અભિમાનને કરનારો છે=પોતે તર્કથી વસ્તુ જોઈ શકે છે તેવા અભિમાનને કરનારો છે; કેમ કે મિથ્યાઅભિમાનનું જનકપણું છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આગમનિરપેક્ષ એવો કુતર્ક ચિત્તનો=અંતઃકરણનો, અનેક પ્રકારે ભાવશત્રુ છે=પરમાર્થશત્રુ છે; કેમ કે આર્ય અપવાદાદિ=આર્ય અપલાપાદિ કરાવનાર છે. ।।૮૭।।**

❖ અહીં आर्यापवदादिकारणात् માં 'आदि' પદથી આર્યના કથનની નિંદા ગ્રહણ કરવી.

**ભાવાર્થ :-**

(૧) અવેદ્યસંવેદ્યપદને કારણે જીવમાં જે કુતર્ક પ્રગટે છે તે જીવના બોધ માટે રોગ જેવો છે; કેમ કે રોગથી જેમ શરીરનું યથાવસ્થિત સ્વરૂપ ઉપઘાત પામે છે, તેમ કુતર્કથી બોધના યથાવસ્થિત સ્વરૂપનો ઉપઘાત થાય છે. આથી દૃષ્ટિ બહારના જીવો કુતર્ક કરીને પોતાના બોધને મલિન કરે છે, અને દૃષ્ટિવર્તી જીવો પણ સ્વસ્વદર્શનના રાગથી અતીન્દ્રિય પદાર્થોમાં યથાતથા વિકલ્પ કરીને ઊઠતા કુતર્ક દ્વારા પોતાના બોધને ઉપઘાત કરે છે.

(૨) વળી કુતર્ક શમ માટે અપાય છે અર્થાત્ અનર્થને કરનારો છે. જીવનો બોધ જીવને હિતમાં પ્રવૃત્તિ કરાવે છે, અને જે જીવને સમ્યગ્બોધ છે તે જીવનો બોધ તેના હિતરૂપ એવા શમપરિણામમાં યત્ન કરાવે છે; કેમ કે સમ્યગ્બોધમાં જીવને દેખાય છે કે 'શમભાવનો પરિણામ જ જીવનું એકાંતે કલ્યાણ કરનાર છે, અને તેનાથી વિપરીત એવો અશમભાવ જીવ માટે અનર્થને કરનારો છે.' તેથી સાચો બોધ શમભાવને પ્રગટ

કરવાનું કારણ છે, વળી, કુતર્ક શમભાવ માટે વિઘ્નભૂત છે; કેમ કે અસદ્ અભિનિવેશનો જનક છે, અને અસદ્ અભિનિવેશ જીવના તત્ત્વના યથાર્થ બોધને અનુકૂળ એવા શમભાવના પરિણામ પ્રત્યે જવામાં વિઘ્નભૂત છે. અહીં કુતર્ક સ્વમતિના વિકલ્પરૂપ છે, અને તે કુતર્ક સર્વજ્ઞના વચનથી વિપરીત એવા અસત્ પદાર્થ પ્રત્યે અભિનિવેશ કરાવે છે, અને અસત્ પદાર્થનો અભિનિવેશ શમભાવનો નાશ કરે છે. તેથી કુતર્ક શમ માટે અપાયરૂપ છે.

(૩) વળી આ કુતર્ક શ્રદ્ધાના ભંગને કરનારો છે; કેમ કે સ્વમતિના વિકલ્પથી કુતર્કવાળા જીવો અતીન્દ્રિય પદાર્થોને જોડે છે; પરંતુ અતીન્દ્રિય પદાર્થોને કહેનારા સર્વજ્ઞના વચનરૂપ આગમાર્થને સ્વીકારતા નથી. ક્વચિત્ સ્યાદ્વાદને માનનારા હોય અને સ્વમતિ પ્રમાણે માનતા હોય કે હું સર્વજ્ઞના વચનને પ્રમાણ માનું છું; આમ છતાં જેમણે અવેદ્યસંવેદ્યપદ જીત્યું નથી એવા આરાધક પણ ચાર દૃષ્ટિવર્તી જીવો, સ્વમતિ પ્રમાણે આગમનો અર્થ કરીને સર્વજ્ઞના વચનથી વિપરીત રુચિને દૃઢ કરે છે. તેથી તેમનામાં રહેલો કુતર્ક શ્રદ્ધાના ભંગને કરનારો છે. આથી શ્લોક-૮૫માં ગ્રંથકારે કહ્યું કે મહાત્માઓએ અવેદ્યસંવેદ્યપદ જીતવા માટે પ્રયત્ન કરવો જોઈએ, જેથી કુતર્ક દ્વારા આગમના અર્થની વિપરીત સ્વીકૃતિ થાય નહિ.

(૪) વળી આ કુતર્ક અભિમાનને કરનારો છે; કેમ કે મિથ્યા અભિમાનનો જનક છે. આશય એ છે કે અતીન્દ્રિય પદાર્થોને હું જોઈ શકું છું એ પ્રકારના મિથ્યા અભિમાનને કુતર્ક ઉત્પન્ન કરે છે, તેથી કુતર્કને અભિમાન કરનારો કહ્યો છે.

આ રીતે આગમનિરપેક્ષ એવો કુતર્ક આર્યના અપલાપાદિ કરવા દ્વારા ચિત્તનો અનેક પ્રકારનો ભાવશત્રુ છે. આશય એ છે કે જે વસ્તુ સ્વયં જોઈને 'આ આમ જ છે' એવો નિર્ણય કરીને કહે તે આર્ય કહેવાય; અને અતીન્દ્રિય પદાર્થોને સાક્ષાત્ જોનાર સર્વજ્ઞ છે, છદ્મસ્થ અતીન્દ્રિય પદાર્થોને સાક્ષાત્ જોઈ શકતા નથી. તેથી આર્ય એવા સર્વજ્ઞ પુરુષે અતીન્દ્રિય પદાર્થો જે રીતે કહ્યા છે તે રીતે જાણીને તેમના વચન પ્રમાણે તે પદાર્થોને કોઈ કહે, તો તે પણ આર્ય છે; કેમ કે તેઓ સ્વયં સાક્ષાત્ અતીન્દ્રિય પદાર્થો જોતા નથી, તોપણ અતીન્દ્રિય પદાર્થોને જોનારા સર્વજ્ઞના વચનના બળથી 'આ આમ જ છે' તેવો નિર્ણય કરીને કહે છે. તેથી તેઓ પણ આર્ય છે; અને તે આર્ય પુરુષોએ જે કંઈ કથન કર્યું છે તેનો અપલાપ કરીને સ્વમતિ પ્રમાણે વિકલ્પ કરીને જેઓ કહે છે તેઓ પોતાના અંતઃકરણને આર્ય પુરુષના અપલાપથી મલિન કરે છે.

આ રીતે આગમનિરપેક્ષ પ્રવર્તતો કુતર્ક ચિત્તનો ભાવશત્રુ છે. **॥૮૭॥**

**અવતરણિકા :-**

**यतश्चैवमतः किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે અર્થાત્ શ્લોક-૮૭માં બતાવ્યું એ રીતે કુતર્ક અનેક પ્રકારે ચિત્તનો ભાવશત્રુ છે, એમ છે. આનાથી શું ? અર્થાત્ આનાથી બચવા માટે શું કરવું જોઈએ ? इति=एतद्=એને=કુતર્કથી બચવા માટે શું કરવું જોઈએ એને, કહે છે –**

**શ્લોક :-**

**कुतर्केऽभिनिवेशस्तन्न युक्तो मुक्तिवादिनाम् ।**
**युक्तः पुनः श्रुते शीले, समाधौ च महात्मनाम् ।।८८।।**

**અન્વયાર્થ :-**

**तद्=તે કારણથી=શ્લોક-૮૮માં કહ્યું તે રીતે કુતર્ક ચિત્તનો અનેક પ્રકારે ભાવશત્રુ છે તે કારણથી, मुक्तिवादिनाम्=મુક્તિવાદીઓને=મોક્ષ માટે યત્ન કરનારા એવા યોગીઓને कुतर्के=કુતર્કમાં अभिनिवेशः= અભિનિવેશ युक्तो न=યુક્ત નથી. पुनः=વળી महात्मनाम्=મહાત્માઓને=મુક્તિવાદી એવા મહાત્માઓને श्रुते शीले समाधौ च=શ્રુત, શીલ અને સમાધિમાં युक्त=યુક્ત છે=અભિનિવેશ યુક્ત છે. ।।૮૮।।**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૮૮માં કહ્યું તે રીતે કુતર્ક ચિત્તનો અનેક પ્રકારે ભાવશત્રુ છે તે કારણથી, મોક્ષ માટે યત્ન કરનારા એવા યોગીઓને કુતર્કમાં અભિનિવેશ યુક્ત નથી; વળી મુક્તિવાદી એવા મહાત્માઓને શ્રુત, શીલ અને સમાધિમાં અભિનિવેશ યુક્ત છે. ।।૮૮।।**

**ટીકા :-**

**'कुतर्के'-उक्तलक्षणे, 'अभिनिवेशः'तथातद्ग्रहरूपः, किमित्याह-'न युक्तः', केषामित्याह 'मुक्तिवादिनां'-संन्यासिनामित्यर्थः, 'युक्तः पुनः' 'श्रुते'=आगमे, 'शीले'-परद्रोहविरतिलक्षणे 'समाधौ च'-ध्यानफलभूते 'महात्मनां' मुक्तिवादिनाम्, अभिनिवेशो युक्त इति ।।८८।।**

**ટીકાર્થ :-**

'कुतर्के' ..... इति ।। **ઉક્ત લક્ષણવાળા કુતર્કમાં, મુક્તિવાદી એવા સંન્યાસીઓને તથાતદ્ગ્રહરૂપ= 'આ આમ જ છે' તે પ્રકારે તેના સ્વીકારરૂપ, અભિનિવેશ યુક્ત નથી.**

**વળી શ્રુતમાં=આગમમાં, પરદ્રોહવિરતિસ્વરૂપ શીલમાં અને ધ્યાનના ફળભૂત સમાધિમાં મહાત્માઓને= મુક્તિવાદીઓને, યુક્ત છે=અભિનિવેશ યુક્ત છે.**

'इति' **શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૮૮।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૭માં બતાવ્યો તેવા લક્ષણવાળો કુતર્ક છે. તેથી મોક્ષના અર્થી એવા જીવોએ કુતર્કમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ અર્થાત્ અતીન્દ્રિય કોઈ પણ પદાર્થ સ્વમતિ અનુસાર 'આ આમ છે' તેવો વિકલ્પ ઊઠે તો તેમાં, 'આ આ પ્રકારે જ છે' એ પ્રકારના ગ્રહણરૂપ વિકલ્પ કરવો તે રૂપ અભિનિવેશ, મુક્તિવાદીઓએ કરવો જોઈએ નહિ. અહીં પ્રશ્ન થાય કે તો પછી મુક્તિવાદીઓએ ક્યાં અભિનિવેશ કરવો જોઈએ ? તેથી ગ્રંથકાર કહે છે :

અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવા માટે મુક્તિવાદીઓએ આગમમાં અભિનિવેશ કરવો જોઈએ અર્થાત્ સ્વમતિ પ્રમાણે પોતાને 'આ અતીન્દ્રિય પદાર્થ આમ છે' તેમ જણાયું હોય, તો તે પદાર્થ 'તેમ જ છે કે નહિ ?' તેનો નિર્ણય કરવા માટે આગમમાં અભિનિવેશ કરવો જોઈએ; જેથી પોતાને જણાયેલો પદાર્થ જો આગમાનુસારી હોય તો 'તે આમ છે' તેમ અભિનિવેશ થાય, અને જો આગમાનુસારી ન હોય તો આગમમાં અભિનિવેશ હોવાને કારણે સ્વમતિમાં ઊઠેલા 'તે આમ છે' એવા વિકલ્પમાં અભિનિવેશ થાય નહિ. માટે કુતર્કમાં અભિનિવેશના પરિહાર માટે મુક્તિવાદીઓએ આગમમાં અભિનિવેશ કરવો જોઈએ. વળી જેમ અતીન્દ્રિય પદાર્થનો બોધ કરવા માટે આગમ ઉપકારક છે માટે તેમાં અભિનિવેશ કરવો જોઈએ, તેમ આત્મહિત માટે અત્યંત કારણીભૂત એવા શીલ અને સમાધિમાં પણ મુક્તિવાદીઓએ અભિનિવેશ કરવો જોઈએ, જેથી મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિથી હિત થાય.

અહીં શીલનો અર્થ કર્યો કે 'પરદ્રોહની વિરતિ સ્વરૂપ શીલ છે.' તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે જે સાધુ મન, વચન, કાયાને ભગવાનના વચનાનુસાર સંવૃત કરીને ઉચિત પ્રવૃત્તિમાં પ્રવર્તાવે છે, તે સાધુ જગતના જીવમાત્રના દ્રોહથી વિરામ પામેલા એવા શીલવાળા છે; કેમ કે, અસંવૃત એવા મન-વચન-કાયાના યોગથી જગતના જીવોની હિંસા થાય છે, જીવોને પીડા થાય છે, જીવોના કષાયના ઉદ્રેકમાં પોતે નિમિત્ત બને છે; જેથી પરના અહિતને અનુકૂળ એવી મન-વચન-કાયાની તે પ્રવૃત્તિ બને છે. તેનાથી વિરામ પામવું તે શીલ છે; અને આવા શીલમાં અભિનિવેશ રાખવાથી સ્વમતિ પ્રમાણે પ્રવૃત્તિ કરવાનો કુતર્ક ઊઠતો નથી, પરંતુ આત્માને સંવૃતચારી બનાવવાનું કારણ બને છે.

વળી મુક્તિવાદીઓએ જેમ મોક્ષના ઉપાયભૂત આગમમાં અને શીલમાં અભિનિવેશ કરવો જોઈએ, તેમ ધ્યાનના ફલભૂત એવી નિર્લેપદશારૂપ સમાધિમાં અભિનિવેશ કરવો જોઈએ; જેથી અપ્રમાદભાવથી ધ્યાન-અધ્યયનાદિમાં પ્રવૃત્તિ થાય, અને ક્રમે કરીને નિર્લેપદશા પ્રગટે, જેથી જીવ વીતરાગ થઈને આ સંસારથી પર એવા મોક્ષરૂપ ફળને પામે.

સંક્ષેપથી પ્રસ્તુત શ્લોકનું તાત્પર્ય એ છે કે અતીન્દ્રિય પદાર્થમાં સ્વમતિ અનુસાર 'આ પદાર્થ આમ છે' તેવો વિકલ્પ ઊઠે, તો તેમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ; પરંતુ મોક્ષપ્રાપ્તિના એક ઉપાયભૂત શાસ્ત્ર, શાસ્ત્રાનુસારી ઉચિત ક્રિયારૂપ શીલ, અને ધ્યાનના ફળભૂત એવી નિર્લેપદશારૂપ સમાધિમાં અભિનિવેશ કરવો જોઈએ; જેથી તે ત્રણમાં યત્ન કરવાનું સત્ત્વ ઉલ્લસિત બને અને કુતર્કથી આત્માનું રક્ષણ થાય; અને આ રીતે પ્રયત્ન કરવામાં આવે તો ચાર દૃષ્ટિવાળા મહાત્માઓ કુતર્કને જીતી શકે. **II૮૮II**

**અવતરણિકા :-**

**શ્લોક-૮૮માં કહ્યું કે મોક્ષના અર્થી જીવોએ મોક્ષના ઉપાયભૂત શ્રુત, શીલ અને સમાધિમાં યત્ન કરવો જોઈએ. હવે શ્રુત, શીલ અને સમાધિની નિષ્પત્તિના અવંધ્ય કારણરૂપ પરાર્થકરણમાં પણ અભિનિવેશ કરવો જોઈએ, તે બતાવે છે; જેથી તેમાં કરાયેલા અભિનિવેશથી શ્રુત, શીલ અને સમાધિ પ્રગટે, અને તેના કારણે મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય.**

**શ્લોક :-**

**बीजं चास्य परं सिद्धमवन्ध्यं सर्वयोगिनाम् ।**
**परार्थकरणं येन, परिशुद्धमतोऽत्र च ।।८९।।**

**અન્વયાર્થ :-**

**च=અને अस्य=આનું=શ્રુતાદિનું परं अवन्ध्यं बीजं=પ્રધાન અવંધ્ય બીજ येन=જે કારણથી सर्वयोगिनाम्=સર્વ યોગીઓને परिशुद्धं परार्थकरणं=પરિશુદ્ધ પરાર્થકરણ सिद्धं=પ્રતિષ્ઠિત છે, अतः=આ કારણથી अत्र च=અહીં=પરાર્થકરણમાં, અભિનિવેશ યુક્ત છે. ।।૮૯।।**

**શ્લોકાર્થ :-**

**અને શ્રુતાદિનું પ્રધાન અવંધ્ય બીજ જે કારણથી સર્વ યોગીઓને પરિશુદ્ધ પરાર્થકરણ પ્રતિષ્ઠિત છે, આ કારણથી પરાર્થકરણમાં અભિનિવેશ યુક્ત છે. ।।૮૯।।**

નોંધ :- શ્લોકનો પ્રથમ 'च'કાર પૂર્વશ્લોકની સાથે સમુચ્ચયમાં છે, અને શ્લોકના અંતમાં રહેલ 'च'કાર પૂર્વ શ્લોકમાંથી 'અભિનિવેશ યુક્ત છે' એની અનુવૃત્તિ કરે છે.

**ટીકા :-**

**'बीजं च' 'अस्य'=श्रुतादेः, 'परं सिद्धं'=प्रधानं प्रतिष्ठितम् 'अवन्ध्यं'=नियतफलदायि, 'सर्वयोगिनां'=कुलयोगिप्रभृतीनाम्, किं तदित्याह 'परार्थकरणं'=परप्रयोजननिष्पादनं, 'येन'-कारणेन 'परिशुद्धं'-अन्यानुपघातेन, 'अतः' कारणात्-'अत्र च' परार्थकरणे युक्तोऽभिनिवेश इति ।।८९।।**

**ટીકાર્થ :-**

**'बीजं च' ..... इति ।। અને આનું=શ્રુતાદિનું, પરં=પ્રધાન, અવંધ્ય=નિયત ફલદાયી, બીજ, સર્વ યોગીઓને=કુલયોગી વગેરેને, સિદ્ધ છે=પ્રતિષ્ઠિત છે.**

**તે બીજ શું છે ? એથી કહે છે :**

**પરાર્થકરણ=પરપ્રયોજનનિષ્પાદન બીજ છે. જે કારણથી અન્ય અનુપઘાતથી પરિશુદ્ધ એવું પરપ્રયોજનનિષ્પાદન શ્રુતાદિનું બીજ છે, આ કારણથી અહીં=પરાર્થકરણમાં, અભિનિવેશ યુક્ત છે. અહીં च શબ્દ બતાવે છે કે શ્રુતાદિમાં તો અભિનિવેશ યુક્ત છે અને પરાર્થકરણમાં પણ અભિનિવેશ યુક્ત છે. ।।૮૯।।**

**ભાવાર્થ :-**

ભાવક્રિયાની નિષ્પત્તિનું પ્રબળ કારણ પ્રણિધાનાદિ આશય છે, અને પ્રણિધાનના લક્ષણમાં કહ્યું કે 'પરોપકારપ્રધાન એવું ચિત્ત' પ્રણિધાન આશય કરી શકે છે. તે બતાવવા માટે ૧૦મી બત્રીશીના ૧૧મા

શ્લોકમાં પ્રણિધાનનું લક્ષણ કર્યું કે "प्रणिधानं क्रियानिष्ठमधोवृत्तिकृपानुगं, परोपकारसारं च, चित्तं पापविवर्जितम् ।" તેથી એ ફલિત થયું કે મોક્ષપ્રાપ્તિ માટે કોઈપણ ક્રિયા કરવામાં આવે અને તે ક્રિયામાં પ્રણિધાન આશય પ્રગટ કરવો હોય તો 'પરોપકાર કરવાની વૃત્તિ' જોઈએ; અને જે જીવોમાં પરોપકાર કરવાની લેશ પણ વૃત્તિ નથી, તેવા જીવો શાસ્ત્ર ભણે, શીલ પાળે કે અન્ય ધર્મઅનુષ્ઠાનો કરે તોપણ પરમાર્થથી પ્રણિધાનની નિષ્પત્તિ થઈ શકે નહિ. જ્યારે જીવમાં કંઈક સ્વાર્થવૃત્તિ મોળી પડે છે ત્યારે પરોપકાર કરવાની વૃત્તિનો પક્ષપાત પ્રગટે છે. આવા જીવોમાં પણ ક્યારેક સ્વાર્થવૃત્તિ પણ દેખાય, તોપણ પરોપકારવૃત્તિનો પક્ષપાત હોવાથી તે અંશમાં પરોપકારવૃત્તિ બીજરૂપે પણ છે; અને જેમને પરોપકાર કરવામાં અભિનિવેશ પ્રગટે તે જીવો સુંદર ચિત્તવાળા બને છે, અને તેવા જીવોને પ્રણિધાનાદિ આશય પ્રગટી શકે છે.

વળી અહીં કહ્યું કે કુલયોગી વગેરેને શ્રુતાદિનું અવંધ્ય બીજ પરાર્થકરણ સિદ્ધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગોત્રયોગીમાં રહેલું પરાર્થકરણ શ્રુતાદિનું અવંધ્યબીજ નથી, અને તેથી યોગમાર્ગમાં સર્વથા અનધિકારી એવા ગોત્રયોગીઓમાં ક્વચિત્ પરાર્થકરણ દેખાય, તોપણ તે શ્રુત, શીલ અને સમાધિનું કારણ નથી; અને જેઓ કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને નિષ્પન્નયોગી છે, તેઓમાં રહેલું પરાર્થકરણ ઉત્તમ ચિત્તની નિષ્પત્તિ દ્વારા શીલ અને સમાધિનું અવંધ્ય બીજ છે.

વળી, આ પરાર્થકરણનું વિશેષણ મૂક્યું કે અન્યના અનુપઘાત દ્વારા પરિશુદ્ધ પરાર્થકરણ શ્રુત, શીલ અને સમાધિનું બીજ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે વિવેકપૂર્વકનું પરાર્થકરણ કોઈનો ઉપઘાત કરનાર નથી, પરંતુ એકાંતે બધાના હિતને કરનારું છે. જેમ સુસાધુ ભગવાનના વચનના પરમાર્થને જાણીને કેવલ લોકના ઉપકાર અર્થે માર્ગનો બોધ કરાવે છે, જે પ્રવૃત્તિથી કોઈને ઉપઘાત થતો નથી, અને આવું વિવેકવાળું પરાર્થકરણ પોતાનામાં પણ શ્રુત, શીલ અને સમાધિની વૃદ્ધિનું પ્રબળ કારણ બને છે. તેથી એ ફલિત થાય કે કુલયોગી વગેરેમાંથી જેને જેટલો વિવેક પ્રગટ્યો હોય તે વિવેક અનુસાર પરાર્થકરણ કરે તો તેનાથી પોતાનામાં શ્રુત, શીલ અને સમાધિની અવશ્ય વૃદ્ધિ થાય. માટે મોક્ષના અર્થીએ શ્રુત, શીલ અને સમાધિના બીજભૂત પરાર્થકરણમાં અભિનિવેશ કરવો જોઈએ. **॥૮૯॥**

**અવતરણિકા :-**

**कुतर्कासारतामेवाभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**કુતર્કની અસારતાને જ બતાવવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૫માં ગ્રંથકારે કહેલ કે અવેદ્યસંવેદ્યપદ આન્ધ્ય આદિ ભાવવાળું છે, માટે ચાર દૃષ્ટિવાળા મહાત્માઓએ સત્પુરુષના યોગથી અને આગમના સંબંધથી અવેદ્યસંવેદ્યપદને જીતવું જોઈએ; અને તે અવેદ્યસંવેદ્યપદ જિતાયું છે તેનો નિર્ણય કુતર્કનું અત્યંત નિવર્તન થયું છે તેવું જણાય તો નક્કી થાય. તેથી

એ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી કુતર્કનો અંશ હોય ત્યાં સુધી અવેદ્યસંવેદ્યપદ પૂર્ણ જિતાયું નથી. તેથી શ્લોક-૮૮-૮૯માં બતાવ્યું કે અવેદ્યસંવેદ્યપદને જીતવા માટે યત્ન કરનારે કુતર્કમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ, પરંતુ શ્રુતાદિમાં અભિનિવેશ કરવો જોઈએ, જેથી ચાર દૃષ્ટિવાળા યોગીઓ આગમ કે સત્સંગ દ્વારા અવેદ્યસંવેદ્યપદને જીતી શકે. હવે તે કુતર્ક કેવા સ્વરૂપવાળો છે તે બતાવી તેની અસારતા બતાવે છે :

શ્લોક-૮૭માં કુતર્કનું અનર્થકારીતા સ્વરૂપ બતાવેલ, જ્યારે પ્રસ્તુત શ્લોકમાં કુતર્કનો આકાર બતાવી તે કુતર્ક અસાર છે તે બતાવે છે :

**શ્લોક :-**

**अविद्यासङ्गताः प्रायो, विकल्पाः सर्व एव यत् ।**
**तद्योजनात्मकश्चैष, कुतर्कः किमनेन तत् ।।९०।।**

**અન્વયાર્થ :-**

सर्व एव विकल्पाः=**સર્વ જ વિકલ્પો** प्रायः=**બહુલતાથી** अविद्यासङ्गताः=**અવિદ્યાસંગત છે** च=**અને** यत्तद्योजनात्मकः एष कुतर्कः=**યદ્ તદ્ યોજનાત્મક એવો આ કુતર્ક છે,** तत्=**તે કારણથી** अनेन=**આના વડે=કુતર્ક વડે** किम्=**શું ? અર્થાત્ કુતર્ક નકામો છે. ।।૯૦।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ જ વિકલ્પો બહુલતાથી અવિદ્યાસંગત છે, અને યદ્ તદ્ યોજનાત્મક='જો તો'નું યોજન કરનારો એવો આ કુતર્ક છે, તે કારણથી કુતર્ક વડે શું ? અર્થાત્ કુતર્ક નકામો છે. ।।૯૦।।**

**ટીકા :-**

**'अविद्यासङ्गताः'=ज्ञानावरणीयादिसम्पृक्ताः, 'प्रायो'=बाहुल्येन, 'विकल्पाः सर्व एव'-शब्दविकल्पा अर्थविकल्पाश्च, 'यत्तद्योजनात्मको'-विकल्पयोजनात्मकः 'चैष'-गोमयपायसादिविकल्पनेन 'कुतर्कः'-उक्तलक्षणः, 'किमनेन तत्'-न किञ्चिदित्यर्थः ।।९०।।**

**ટીકાર્થ :-**

'अविद्यासङ्गताः' ..... किञ्चिदित्यर्थः ।। **પ્રાયઃ=બહુલતાથી, સર્વ જ શબ્દવિકલ્પો અને અર્થવિકલ્પો અવિદ્યાસંગત છે=જ્ઞાનાવરણીયાદિ સંપૃક્ત છે=જ્ઞાનાવરણીયાદિ કર્મના ઉદયથી સંશ્લિષ્ટ છે, અને યદ્ તદ્ યોજનાત્મક=યદ્ તદ્‌ના વિકલ્પનો યોજનાત્મક, આ ઉક્ત લક્ષણવાળો કુતર્ક છે.**

યદ્ તદ્ વિકલ્પો કેવા પ્રકારના છે ? તે સ્પષ્ટ કરે છે :

**ગોમયપાયસાદિ વિકલ્પ વડે=છાણ અને દૂધ આદિના વિકલ્પ વડે=ગાયનું છાણ પણ ગાયના શરીરમાંથી નીકળેલું છે, અને દૂધ પણ ગાયના શરીરમાંથી નીકળેલું છે, માટે છાણ જો ખવાય નહિ**

**તો દૂધ પણ પિવાય નહિ; અને જો દૂધ પિવાય તો છાણ પણ ખવાય, એ પ્રકારના યદ્ તદ્ યોજનાત્મક=જો તો યોજનાત્મક વિકલ્પ વડે આ કુતર્ક પ્રવર્તે છે. તત્=તે કારણથી, આના વડે શું ?= કંઈ નથી અર્થાત્ નકામો છે. ॥૯૦॥**

❖ 'ज्ञानावरणीयादिसम्पृक्ताः' થી એ કહેવું છે કે કુતર્ક કોઈક પ્રકારના જ્ઞાનાવરણીય આદિ કર્મના ઉદય અને કોઈક પ્રકારના જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી સંશ્લિષ્ટ છે અર્થાત્ યદ્ તદ્ના વિકલ્પના યોજનને અનુરૂપ જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ વર્તે છે, અને પ્રતીતિને અનુરૂપ પદાર્થને ન જોઈ શકે તેવો જ્ઞાનાવરણીયકર્મનો ઉદય વર્તે છે. આથી કુતર્કમાં જ્ઞાનાવરણીય આદિ કર્મના ઉદયથી અનુવિદ્ધ તથાપ્રકારનો મતિજ્ઞાનનો ક્ષયોપશમ વર્તે છે. અહીં આદિથી મોહનીયકર્મ લેવું.

**ભાવાર્થ :-**

અતીન્દ્રિય પદાર્થોમાં કુતર્ક કઈ રીતે પ્રવર્તે છે તે બતાવવા માટે દૃષ્ટ પદાર્થોમાં અનુભવની વિરુદ્ધ કુતર્ક કઈ રીતે પ્રવર્તે છે તે બતાવે છે, અને આ કુતર્કો શબ્દના વિકલ્પરૂપ હોય છે અને અર્થના વિકલ્પરૂપ હોય છે, તે બતાવે છે.

જેમ પ્રસ્તુતમાં કોઈએ શબ્દથી વિકલ્પ પાડ્યો કે 'ગાયના શરીરમાંથી નીકળેલું છાણ જો ખવાય નહિ તો ગાયના શરીરમાંથી જ નીકળેલું દૂધ પણ પિવાય નહિ.' આ સ્થાનમાં ગાયના શરીરમાંથી નીકળેલું છાણ ખવાય નહિ એ શબ્દવિકલ્પરૂપ છે, અને તે રીતે ગાયના શરીરમાંથી નીકળેલું દૂધ પિવાય નહિ એ અર્થવિકલ્પરૂપ છે; અને આ કુતર્કમાં થતા શબ્દવિકલ્પો અને અર્થવિકલ્પો પ્રતીતિને બાધ કરનારા હોવાથી અસાર છે. તે રીતે અતીન્દ્રિય પદાર્થોમાં પણ કુતર્કો પ્રવર્તે છે, જે અસાર છે, જેનું સ્વરૂપ ગ્રંથકાર સ્વયં આગળ બતાવવાના છે.

અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે યદ્ તદ્ યોજનાત્મક શબ્દવિકલ્પો અને અર્થવિકલ્પો પણ જે અનુભવને અનુરૂપ છે તે કુતર્ક નથી, પણ સુતર્ક છે. જેમ, આત્મા સાધના કરીને સંસારમાંથી મોક્ષમાં જાય છે તે કોઈ દેખાતો પદાર્થ નથી. તે સ્થાનમાં વિચારક વિચારે તો એ પણ દેખાય કે જેમ માટી અને સુવર્ણ અનાદિથી મિશ્રિત છે તોપણ પ્રક્રિયાથી શુદ્ધ થઈ શકે છે, તેમ આત્મા પણ સાધના કરીને કર્મરહિત થઈ શકે છે; પરંતુ આ દૃષ્ટાંતમાત્રના બળથી આત્મા યોગની પ્રક્રિયાથી કર્મરહિત થઈ શકે છે તેમ માની શકાય નહિ; કેમ કે સુવર્ણમાં તે પ્રકારે થતું હોય એટલામાત્રથી આત્મામાં પણ તેની જેમ શુદ્ધિની ક્રિયાથી શોધન થાય છે, તેમ નક્કી થાય નહિ; પરંતુ સર્વ યોગીઓ મોક્ષની વાતો કરે છે, સર્વ દર્શનકારોને મોક્ષ માન્ય છે, અને કહે છે કે કોઈક સર્વજ્ઞ પુરુષે 'સાધના કરીને આત્મા મોક્ષમાં જાય છે' તેમ જોયું છે, અને તેમનાં વિશ્વસનીય વચનોથી સર્વ યોગીઓને માન્ય થયું છે. આથી સર્વ દર્શનકારો સંસારમાં સાધના કરીને મોક્ષ મેળવવાનો ઉપદેશ આપે છે, મોક્ષ છે, મોક્ષનો આસન્ન ઉપાય સર્વજ્ઞત્વ છે અને તેનો ઉપાય અસંગભાવ છે, એમ કહેનાર સર્વજ્ઞ છે, તેમ કહે છે. તેથી મોક્ષના સ્વીકારમાં, તેના ઉપાયરૂપ સર્વજ્ઞત્વના સ્વીકારમાં અને સર્વજ્ઞત્વની પ્રાપ્તિના ઉપાયરૂપ અસંગભાવના સ્વીકારમાં સર્વ દર્શનકારોની એકવાક્યતા છે. તેથી તેને કહેનારાં આગમવચનો પ્રમાણરૂપ છે. માટે એ પ્રકારના યદ્ તદ્ યોજનાત્મક શબ્દના અને અર્થના વિકલ્પો

અતીન્દ્રિય પદાર્થોમાં આગમને પ્રમાણરૂપ સ્વીકારવામાં સુતર્કરૂપ છે. તેથી એવા સ્થાનમાં તે વિકલ્પો કુતર્કરૂપ નથી, તે બતાવવા માટે પ્રાયઃ શબ્દ મૂકેલ છે.

વળી અહીં જેમ અતીન્દ્રિય પદાર્થના વિષયમાં સુતર્ક થઈ શકે છે, તેમ દૃષ્ટ પદાર્થમાં કોઈ વિકલ્પ પાડે કે મનુષ્યના શરીરમાંથી નીકળેલી વિષ્ટા જેમ અશુચિમય છે તેથી ખવાય નહિ, તેમ મૂત્ર પણ અશુચિમય છે માટે પિવાય નહિ, તો તે વિકલ્પ અનુભવને અવિરુદ્ધ છે. તેથી કુતર્ક નથી, પણ સુતર્ક છે. તેની વ્યાવૃત્તિ કરવા માટે પ્રાયઃ શબ્દ મૂકેલ છે. **॥૯૦॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૯૦માં કુતર્કની અસારતા બતાવી. તે અસારતા અન્ય રીતે બતાવવા માટે 'किञ्च' થી સમુચ્ચય કરતાં કહે છે –**

**શ્લોક :-**

**जातिप्रायश्च सर्वोयं, प्रतीतिफलबाधितः ।**
**हस्ती (व्यापादयतीत्युक्तौ)व्यापादयत्युक्तौ, प्राप्ताऽप्राप्तविकल्पवत् ।।९१।।**

**અન્વયાર્થ :-**

**च=અને हस्ती व्यापादयतीत्युक्तौ='હાથી મારશે' એ પ્રકારની ઉક્તિમાં प्राप्ताऽप्राप्तविकल्पवत्=પ્રાપ્તાપ્રાપ્ત વિકલ્પની જેમ प्रतीतिफलबाधितः सर्वोयं=પ્રતીતિફલબાધિત એવો સર્વ આ=અનુભવથી દેખાતું ફળ બાધિત છે જેમાં એવો સર્વ આ કુતર્ક जातिप्रायः=જાતિપ્રાય છે=દૂષણના આભાસવાળો છે. ॥૯૧॥**

**શ્લોકાર્થ :-**

**અને 'હાથી મારશે' એ પ્રકારની ઉક્તિમાં પ્રાપ્તાપ્રાપ્ત વિકલ્પની જેમ, અનુભવથી દેખાતું ફળ બાધિત છે જેમાં એવો સર્વ કુતર્ક જાતિપ્રાય છે. ॥૯૧॥**

❖ અહીં શ્લોકમાં 'व्यापादयति' પછી 'इति' હોવાની સંભાવના છે. તેથી 'व्यापादयतीत्युक्तौ'પાઠ જોઈએ.

❖ 'व्यापादयति' એ વર્તમાનકાળનો પ્રયોગ નજીકના ભવિષ્યને બતાવવા માટે છે.

**ટીકા :-**

'जातिप्रायश्च'=दूषणाभासप्रायश्च, 'सर्वोऽयं' कुतर्कः 'प्रतीतिफलबाधित' इति कृत्वा, एतदेवाह- 'हस्ती व्यापादयत्युक्तौ'-मेण्ठेन, किमिवेत्याह 'प्राप्ताप्राप्तविकल्पवत्' इति । कश्चिन्नैयायिकश्छात्रः कुतश्चिदागच्छन् अवशीभूतमत्तहस्त्यारूढेन केनचिदुक्तः, भोः ! भोः ! त्वरितमपसर : हस्ती

व्यापादयति इति च । तथाऽपरिणतन्यायशास्त्र आह 'रे रे बठर ! किमेवं युक्तिबाह्यं प्रलपसि ! तथाहि - "किमयं प्राप्तं व्यापादयति किं वाऽप्राप्तमिति? आद्यपक्षे भवत एव व्यापत्तिप्रसङ्गः, प्राप्तिभावात्-द्वितीय पक्षे तु त्रैलोक्यस्य, अप्राप्त्यविशेषात्" एवं यावदाह तावद्धस्तिना गृहीतः स, कथमपि मेण्ठेन मोचित इति । जातिप्रायता (च) सर्वत्र भिन्नार्थग्रहणस्वभावसंवेदनवेदने तद्गताकारविकल्पनस्यैवम्प्रायत्वादिति चर्चितमन्यत्र ।।९१।।

**ટીકાર્થ :-**

'जातिप्रायश्च' ..... चर्चितमन्यत्र ।। અને અનુભવથી દેખાતું ફળ બાધિત છે, એથી કરીને સર્વ આ કુતર્ક જાતિપ્રાય છે=દૂષણના આભાસપ્રાય છે અર્થાત્ દૂષણના આભાસવાળો છે. એને જ કહે છે= કુતર્ક પ્રતીતિફળબાધિત છે એને જ કહે છે='હાથી હણશે' એ પ્રકારની મહાવત વડે બોલાયેલી ઉક્તિમાં પ્રાપ્તાપ્રાપ્ત વિકલ્પની જેમ કુતર્ક પ્રતીતિફળબાધિત છે, એમ અન્વય છે.

'इति' શબ્દ શ્લોકના અર્થને બતાવનાર ટીકાની સમાપ્તિમાં છે.

કોઈક ઠેકાણેથી આવતો કોઈક નૈયાયિક છાત્ર અવશીભૂત મત્ત હાથી ઉપર આરૂઢ થયેલા એવા કોઈક વડે કહેવાયો - 'રે, રે, હાથી હણશે, અને એથી તું જલદી દૂર થા.'

અને અપરિણતન્યાયશાસ્ત્રવાળો છાત્ર કહે છે - 'રે, રે, બઠર ! આ રીતે યુક્તિબાહ્ય શું બોલે છે ?'

તે યુક્તિ 'तथाहि' થી બતાવે છે - 'શું આ પ્રાપ્તને મારશે કે અપ્રાપ્તને ?'

'इति' શબ્દ વિકલ્પદ્વયની સમાપ્તિ માટે છે.

આદ્યપક્ષમાં=પ્રથમ વિકલ્પમાં, તને જ વ્યાપત્તિનો પ્રસંગ છે=તને જ મરણનો પ્રસંગ છે; કેમ કે પ્રાપ્તિનો સદ્ભાવ છે.

વળી બીજા પક્ષમાં ત્રણ લોકની વ્યાપત્તિનો પ્રસંગ આવશે=ત્રણ લોકને મરણનો પ્રસંગ આવશે; કેમ કે અપ્રાપ્તિ અવિશેષ છે=જેમ મારી હાથી દ્વારા અપ્રાપ્તિ છે તેમ ત્રણ લોકના સર્વ પદાર્થોની અપ્રાપ્તિ છે. તેથી ત્રણે લોકને મરણનો પ્રસંગ આવશે એમ અન્વય છે.

આ પ્રમાણે જેટલામાં કહે છે તેટલામાં હસ્તી દ્વારા તે ગ્રહણ કરાયો અને કોઈક રીતે મહાવત દ્વારા મુકાવાયો.

'इति' શબ્દ કથાની સમાપ્તિ માટે છે.

ભિન્નાર્થ ગ્રહણ સ્વભાવના સંવેદનના વેદનમાં=પ્રસ્તુત દૃષ્ટાંતમાં પ્રાપ્તાવચ્છેદનથી ભિન્નાર્થ એવું અગ્રાવચ્છેદેન હસ્તીથી પ્રાપ્ત એવા પુરુષના વ્યાપાદનરૂપ અર્થગ્રહણ સ્વરૂપ સ્વભાવના સંવેદનનું વેદન છે તેમાં, તદ્ગત આકારના વિકલ્પનનું=અગ્રાવચ્છેદેન નહિ, પરંતુ પ્રાપ્તાવચ્છેદેન આકારના વિકલ્પનનું, એવંપ્રાયપણું હોવાથી=કુતર્કપણું હોવાથી, સર્વત્ર=યત્ તદ્ વિકલ્પાત્મક સર્વ કુતર્કોમાં, જાતિપ્રાયતા છે, એ પ્રમાણે અન્યત્ર ચર્ચિત છે. ।।૯૧।।

**ભાવાર્થ :-**

પૂર્વે ૯૦મા શ્લોકમાં બતાવ્યું કે યદ્ તદ્ યોજનાત્મક કુતર્ક અસાર છે, અને તે અસાર કેમ છે ? તે દૃષ્ટાંત દ્વારા યુક્તિથી બતાવે છે :

જેમ કોઈક નૈયાયિક છાત્રને મહાવત કહે છે કે 'હાથી મારશે માટે દૂર થા', ત્યારે તે વિકલ્પ પાડે છે કે 'હાથી મને પ્રાપ્ત કરીને મારશે કે પ્રાપ્ત કર્યા વગર મારશે ? અને જો પ્રાપ્ત કરીને મારશે તો હાથીએ તને મારવો જોઈએ, અને પ્રાપ્ત કર્યા વગર મારશે તો ત્રણે લોકને મારશે. માટે તું અસંબદ્ધ કેમ બોલે છે ?' એમ છાત્ર કહે છે. છાત્રની આ યુક્તિ અનુભવથી દેખાતા ફળથી બાધિત છે; કેમ કે અનુભવથી દેખાય છે કે અગ્રથી પ્રાપ્ત થયેલાને હાથી મારે છે=હાથીને સન્મુખ પ્રાપ્ત એવા પુરુષને હાથી મારે છે, પાછળથી હસ્તાદિ સ્પર્શ દ્વારા પ્રાપ્ત એવા પુરુષને હાથી મારતો નથી. તેથી સર્વ પ્રાપ્તને હાથી મારતો નથી. આ રીતે અનુભવથી દેખાતા પદાર્થનો વિચાર કર્યા વગર માત્ર વિકલ્પની તર્કશક્તિ દ્વારા પદાર્થની વિચારણા કરે છે તે યુક્તિ જાતિપ્રાય છે.

અહીં છાત્રના પ્રસંગમાં યદ્ તદ્‌ના યોજનાત્મક શબ્દવિકલ્પ અને અર્થવિકલ્પ આ રીતે છે :

'જો પ્રાપ્તને હાથી મારશે' એ શબ્દવિકલ્પ છે, 'તો પ્રાપ્ત એવા તને મારશે' એ અર્થવિકલ્પ છે; અને 'જો અપ્રાપ્ત એવા મને મારશે' એ શબ્દવિકલ્પ છે, 'તો અપ્રાપ્ત એવા ત્રણ જગતને મારશે' એ અર્થવિકલ્પ છે.

જાતિપ્રાય કુતર્કમાં જાતિપ્રાયતા શું છે ? તે ટીકામાં સ્પષ્ટ કર્યું છે. તેનો અર્થ એ છે કે 'પ્રાપ્તને હાથી મારે છે' એ પ્રકારના વિકલ્પથી ભિન્નાર્થવાળું 'સામે રહેલા માણસને હાથી મારે છે' એ રૂપ અર્થનું ગ્રહણ થાય તેવા સ્વભાવના સંવેદનનું બધાને વેદન છે. તેવા સ્થાનમાં તદ્‌ગત આકારનું વિકલ્પન='પ્રાપ્તને મારે છે' એ પ્રકારના આકારનું વિકલ્પન, જાતિપ્રાય છે. શ્લોકમાં આ દૃષ્ટાંતથી દૃષ્ટ પદાર્થમાં અનુભવવિરુદ્ધ કુતર્ક કેવો છે તે બતાવેલ છે, અને પૂર્વના શ્લોકમાં ગોમય અને પાયસના વિકલ્પમાં પ્રામાણિક વ્યવહારની વિરુદ્ધ કુતર્ક કેવો છે તે બતાવેલ છે. હવે પછીના શ્લોકોમાં અતીન્દ્રિય પદાર્થોમાં કુતર્ક કેવો હોય છે તે બતાવશે. **II૯૧II**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**અતીન્દ્રિય પદાર્થોમાં કઈ રીતે કુતર્ક પ્રવર્તે છે ? તે બતાવવા માટે 'किञ्च'થી સમુચ્ચય કરે છે -**

**શ્લોક :-**

**स्वभावोत्तरपर्यन्त, एषोऽसावपि तत्त्वतः ।**
**नार्वाग्दृग्गोचरो न्यायादन्यथाऽन्येन कल्पितः ।।९२।।**

**અન્વયાર્થ :-**

**स्वभावोत्तरपर्यन्त एषो=સ્વભાવ છે જવાબ છેલ્લે જેને એવો આ છે=સ્વભાવ છે જવાબ છેલ્લે જેને એવો કુતર્ક છે. न्यायात्=ન્યાયથી=પરપ્રસિદ્ધ એવી યુક્તિથી तत्त्वतः=પરમાર્થ દૃષ્ટિએ अन्यथा=પ્રકારાંતરથી= બીજી રીતે अन्येन=પ્રતિવાદી દ્વારા कल्पितः असावपि=કલ્પિત એવો આ પણ=કલ્પિત એવો સ્વભાવ પણ अर्वाग्दृग्गोचरो न=છદ્મસ્થનો વિષય નથી. ।।૯૨।।**

**શ્લોકાર્થ :-**

**'સ્વભાવ છે' જવાબ છેલ્લે જેને, એવો આ કુતર્ક છે. ન્યાયથી=પરપ્રસિદ્ધ એવી યુક્તિથી, પરમાર્થ દૃષ્ટિએ બીજી રીતે પ્રતિવાદી દ્વારા કલ્પિત એવો સ્વભાવ પણ છદ્મસ્થનો વિષય નથી. ।।૯૨।।**

**ટીકા :-**

**'स्वभावोत्तरपर्यन्त' 'एष'=कुतर्कः, अत्र च वस्तुस्वभावैरुत्तरं वाच्यमिति वचनात्, एवमग्निर्दहत्यापः क्लेदयन्तीति स्वभाव एषामिति ।**

**ટીકાર્થ :-**

**'स्वभावोत्तरपर्यन्त' ..... एषामिति । 'સ્વભાવ છે' જવાબ છેલ્લે જેને, એવો આ=કુતર્ક છે, અને અહીં=ક્ષણિકવાદની સિદ્ધિમાં, વસ્તુસ્વભાવ વડે જવાબ કહેવો જોઈએ એ પ્રકારનું એકાંતક્ષણિકવાદીનું વચન છે. આ રીતે=વસ્તુનો ક્ષણિક સ્વભાવ છે એ રીતે, અગ્નિ બાળે છે, પાણી ભીંજવે છે, એ પ્રકારનો આમનો=અગ્નિનો અને પાણીનો, સ્વભાવ છે=બાળવાનો અને ભીંજવવાનો સ્વભાવ છે.**

**'इति' શબ્દ કુતર્કના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

પોતપોતાના દર્શનની સિદ્ધિ માટે અતીન્દ્રિય પદાર્થોમાં કુતર્કો પ્રવર્તે છે. જેમ એકાંતક્ષણિકવાદીને પણ પોતાના ક્ષણિકવાદની સિદ્ધિ માટે કોઈ પૂછે કે 'પદાર્થ ક્ષણિક કેમ છે ?' તો કહે છે કે 'પદાર્થનો ક્ષણિક સ્વભાવ છે, આથી તે અર્થક્રિયા કરે છે=ઉત્તરના કાર્યરૂપે થાય છે. જો તેનો ક્ષણિક સ્વભાવ ન હોય તો તે અર્થક્રિયા કરે નહિ'=ઉત્તરના કાર્યરૂપે થાય નહિ; અને પોતાની વાતની પુષ્ટિ કરવા માટે તે યુક્તિ આપે છે કે 'આ રીતે=પદાર્થ ક્ષણિક હોવાને કારણે જેમ અર્થક્રિયા કરે છે એ રીતે, અગ્નિનો બાળવાનો સ્વભાવ છે માટે બાળવાનું કાર્ય કરે છે, અને પાણીનો ભીંજવવાનો સ્વભાવ છે માટે ભીંજવવાનું કાર્ય કરે છે.' આ રીતે ક્ષણિકવાદી પદાર્થને ક્ષણિક સ્થાપન કરવામાં અનેક યુક્તિઓ આપ્યા પછી અંતે સ્વભાવના બળથી જ પદાર્થ ક્ષણિક છે તેમ સ્થાપન કરે છે, અને તેની પુષ્ટિ દૃષ્ટાંતથી કરે છે. જેમ અગ્નિ બાળે છે, પાણી ભીંજવે છે; કેમ કે તેમનો તેવો સ્વભાવ છે, તેમ પદાર્થનો પણ ક્ષણિક સ્વભાવ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્વભાવના બળથી પદાર્થ ક્ષણિક છે તેમ એકાંતક્ષણિકવાદીએ સ્થાપન કર્યું, પરંતુ તે તર્ક કુતર્કરૂપ કેમ છે ? તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે :

**ટીકા :-**

**'असावपि' स्वभावः 'तत्त्वतः'=परमार्थेन, 'नार्वाग्दृग्गोचरो'=न छद्मस्थविषयः, 'न्यायाद्'=न्यायेन परप्रसिद्धेन, किम्भूतः सन्नित्याह-'अन्यथा'=प्रकारान्तरेण, 'अन्येन'=प्रतिवादिना, 'कल्पितः' सन्निति ।**

**ટીકાર્થ :-**

**'असावपि' ..... सन्निति । ન્યાયથી=પરપ્રસિદ્ધ એવી યુક્તિથી, અન્યથા=પ્રકારાંતરથી, અન્ય દ્વારા= પ્રતિવાદી દ્વારા, કલ્પના કરાયો છતો આ પણ સ્વભાવ=પદાર્થમાં રહેલો ક્ષણિક સ્વભાવ, તત્ત્વથી= પરમાર્થથી, અર્વાગ્દૃગ્ગોચર નથી=છદ્મસ્થનો વિષય નથી. તેથી છદ્મસ્થને નહીં દેખાતા તેવા સ્વભાવના બળથી પદાર્થ ક્ષણિક છે તેમ સ્થાપન કરવું તે કુતર્ક છે, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.**

**'इति' શબ્દ શ્લોકના અર્થને સ્પર્શનારી ટીકાની સમાપ્તિમાં છે.**

❖ અહીં 'असावपि' માં 'अपि' થી એ કહેવું છે કે અતીન્દ્રિય એવા નરક, સ્વર્ગ, મોક્ષ તો છદ્મસ્થનો વિષય નથી, પરંતુ પદાર્થમાં રહેલો સ્વભાવ પણ છદ્મસ્થનો વિષય નથી.

**ભાવાર્થ :-**

એકાંતક્ષણિકવાદીએ પદાર્થને ક્ષણિક સ્થાપવામાં અગ્નિ અને પાણીના દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે જેમ કાર્ય ઉપરથી અગ્નિ અને પાણીનો તેવો તેવો સ્વભાવ નક્કી થાય છે, તેમ પદાર્થની અર્થક્રિયારૂપ કાર્ય ઉપરથી પદાર્થનો ક્ષણિક સ્વભાવ નક્કી થાય છે. તેને ગ્રંથકાર કહે છે કે પદાર્થમાં રહેલો ક્ષણિક સ્વભાવ પણ તત્ત્વથી=પરમાર્થથી છદ્મસ્થ જોઈ શકતો નથી, તેથી તે કુતર્ક છે; કેમ કે જેમ એકાંતક્ષણિકવાદી અર્થક્રિયારૂપ કાર્યના બળથી પદાર્થમાં એકાંત ક્ષણિક સ્વભાવ સ્થાપન કરે છે, તેનાથી વિપરીત સ્વભાવ=નિત્યસ્વભાવ, પ્રતિવાદી દ્વારા પણ અર્થક્રિયાના બળથી કલ્પના કરાય છે. તેથી એ નક્કી થાય કે જેમ એકાંતક્ષણિકવાદી અર્થક્રિયાના બળથી પદાર્થને ક્ષણિક સ્થાપન કરે છે, તેમ પ્રતિવાદી પણ અર્થક્રિયાના બળથી પદાર્થનો વિપરીત સ્વભાવ=નિત્યસ્વભાવ સ્થાપન કરે છે. તેથી પદાર્થનો સ્વભાવ છદ્મસ્થને પ્રત્યક્ષ નથી. જો પદાર્થનો સ્વભાવ છદ્મસ્થને પ્રત્યક્ષ હોય તો પ્રતિવાદી વિપરીત કલ્પના કરી શકે નહીં. જેમ, છદ્મસ્થ સફેદ વસ્તુને જોઈને કહે કે આ સફેદ છે, તો કોઈ પ્રતિવાદી તેને યુક્તિથી કાળું છે તેમ કહી શકે નહિ. તેથી નક્કી થાય કે પદાર્થમાં રહેલો સ્વભાવ છદ્મસ્થનો વિષય નથી, માટે સ્વભાવના બળથી પોતાની માન્યતાનું સ્થાપન કરવું તે કુતર્ક છે, એ પ્રમાણે ગ્રંથકાર કહે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે સ્વભાવના બળથી પદાર્થનું સ્વરૂપ સ્થાપન કરવામાં આવે તો તે કુતર્ક છે; કેમ કે સ્વભાવ છદ્મસ્થનો વિષય નથી. હવે સ્વભાવના બળથી ક્ષણિકવાદીએ પદાર્થને ક્ષણિક સિદ્ધ કર્યો, તેની સામે પ્રતિવાદી પ્રકારાંતરથી પણ="પદાર્થ ક્ષણિક સ્વભાવવાળા છે માટે અર્થક્રિયા કરે છે, તેમ નથી; પરંતુ પદાર્થનો અર્થક્રિયા કરવાનો સ્વભાવ છે તેથી અર્થક્રિયા કરે છે." એ રૂપ પ્રકારાંતરથી પણ, સ્વભાવની કલ્પના કરી શકે છે. માટે સ્વભાવ છદ્મસ્થનો વિષય નથી. તે 'तथाहि' થી બતાવે છે :

**ટીકા :-**

**तथाहि-अथ वस्तुस्वभावैरुत्तरं वाच्यमिति सर्वत्रैव तथातत्त्वसिद्धौ वक्तुं पार्यते। कथम्? येन तदर्थक्रियाकरणस्वभावस्तेन तां करोति न पुनः क्षणिकतया, तस्याः सर्वभावेष्वेवाभ्युपगमात्, यतः कुतश्चित्तदर्थक्रियाभावप्रसङ्गात्तन्निबन्धनाविशेषादिति ।**

**ટીકાર્થ :-**

तथा हि-अथ ..... विशेषादिति । **'વસ્તુના સ્વભાવ વડે ઉત્તર કહેવો જોઈએ,' એ પ્રમાણે સર્વત્ર જ= સર્વ સ્થાનોમાં જ, તે પ્રકારની તત્ત્વસિદ્ધિમાં=જે પ્રકારે ક્ષણિકવાદી પદાર્થને ક્ષણિક સ્થાપન કરવા માટે બતાવે છે તે પ્રકારની પોતાની માન્યતા પ્રમાણેના પદાર્થની સિદ્ધિમાં, કહેવું શક્ય છે. કેવી રીતે શક્ય છે ? તેથી કહે છે :**

**જે કારણથી તે અર્થક્રિયાકરણસ્વભાવ છે=જે પદાર્થ જે અર્થક્રિયા કરે છે તે પદાર્થમાં તે અર્થક્રિયાકરણસ્વભાવ છે, તે કારણથી, તેને=તે અર્થક્રિયાને, કરે છે, પરંતુ ક્ષણિકપણાથી નહિ; કેમ કે તેનો=અર્થક્રિયાકરણસ્વભાવનો, સર્વ ભાવોમાં=પદાર્થોમાં સ્વીકાર છે.**

અહીં પ્રશ્ન થાય કે પદાર્થ ક્ષણિક છે, માટે અર્થક્રિયા કરે છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી પ્રતિવાદી=ક્ષણિકવાદીનો પ્રતિવાદી એવો નિત્યવાદી કહે છે :

**જે કોઈકનાથી=ક્ષણિક હોવાને કારણે અર્થક્રિયા કરે છે એમ સ્વીકારવાને કારણે જે કોઈકનાથી અર્થાત્ ગમે તે પદાર્થથી, તદ્અર્થક્રિયાના ભાવનો=કોઈક ચોક્કસ જલધારણાદિ અર્થક્રિયાના સદ્ભાવનો, પ્રસંગ હોવાથી, ક્ષણિકપણાને કારણે અર્થક્રિયાકરણસ્વભાવ છે તેમ સ્વીકારી શકાય નહિ, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે ક્ષણિકપણાને કારણે પદાર્થ અર્થક્રિયા કરે છે તેમ સ્વીકારીએ તો, ગમે તે પદાર્થથી તે અર્થક્રિયાની પ્રાપ્તિનો પ્રસંગ કેમ છે ? તેથી કહે છે :

**તદ્નિબંધનનું અવિશેષ હોવાથી=તે અર્થક્રિયાના અર્થાત્ વિવક્ષિત ક્રિયાના કારણરૂપ ક્ષણિકપણાનું સર્વ પદાર્થોમાં સમાનપણું હોવાથી, ગમે તે પદાર્થથી તે અર્થક્રિયાના સ્વીકારવાનો પ્રસંગ આવે, એમ અન્વય છે.**

**'इति' શબ્દ પ્રતિવાદી વડે પ્રકારાંતરથી સ્વભાવ કઈ રીતે કલ્પી શકાય છે, તેની યુક્તિની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

વસ્તુના સ્વભાવ વડે પૂર્વપક્ષી=ક્ષણિકવાદી ક્ષણિકવાદની સિદ્ધિ કરી શકતો હોય તો એ રીતે સર્વ પદાર્થોમાં પૂર્વપક્ષીની જેમ તત્ત્વસિદ્ધિ માટે કહી શકાય.

આશય એ છે કે જેમ ક્ષણિકવાદી 'વસ્તુનો સ્વભાવ ક્ષણિક છે માટે અર્થક્રિયા કરે છે' તેમ કહીને પોતાને માન્ય પદાર્થ સિદ્ધ કરી શકતો હોય, તો તત્ત્વસિદ્ધિમાં સર્વત્ર તે પ્રમાણે કહી શકાય, એમ સ્પષ્ટ કરવા માટે વસ્તુના સ્વભાવનો આશ્રય કરીને ક્ષણિકવાદી વસ્તુને ક્ષણિક સ્થાપન કરે છે, તેમ વસ્તુના સ્વભાવને આશ્રયીને વસ્તુ નિત્ય છે, તેમ પણ કહી શકાય છે, તેમ ગ્રંથકાર બતાવે છે :

જેમ પૂર્વપક્ષી=ક્ષણિકવાદી કહે છે કે 'પદાર્થ ક્ષણિક છે માટે અર્થક્રિયા કરે છે' તેમ પ્રતિવાદી=નિત્યવાદી કહે કે 'જે પદાર્થ જે અર્થક્રિયા કરે છે, તે અર્થક્રિયા કરવાનો સ્વભાવ તે પદાર્થમાં છે, માટે તે પદાર્થ તે અર્થક્રિયા કરે છે, પરંતુ ક્ષણિકપણાને કારણે નહિ. જેમ બીજ અંકુરની અર્થક્રિયા કરે છે, તેથી બીજમાં અંકુરની અર્થક્રિયા કરવાનો સ્વભાવ છે, તેથી અંકુરની અર્થક્રિયા કરે છે, પરંતુ ક્ષણિક છે માટે અંકુરની અર્થક્રિયા કરતો નથી.'

અહીં ક્ષણિકવાદી કહે કે 'સ્થિરવાદી મતમાં તો બધા પદાર્થોમાં અર્થક્રિયા નથી. તેથી કયા પદાર્થોમાં અર્થક્રિયા કરવાનો સ્વભાવ છે અને કયા પદાર્થોમાં નથી, તે કેમ નક્કી થાય ?' તેથી ગ્રંથકાર કહે છે : અર્થક્રિયા કરવાના સ્વભાવનો સર્વ ભાવોમાં=પદાર્થોમાં સ્વીકાર છે. તેથી સર્વ પદાર્થો તે તે અર્થક્રિયા કરવાના સ્વભાવવાળા છે, માટે તે તે અર્થક્રિયા કરે છે, પરંતુ ક્ષણિકપણાને કારણે તે તે અર્થક્રિયા કરતા નથી. આમ સ્વભાવવાદીને=ક્ષણિકવાદીને પ્રતિવાદી=નિત્યવાદી કહી શકે.

વળી સ્વભાવને કારણે પદાર્થ ક્ષણિક છે, તેમ કહેનારાને=ક્ષણિકવાદીને, પ્રતિવાદી=નિત્યવાદી, દોષ આપતાં કહે છે કે જો પદાર્થ ક્ષણિક હોવાને કારણે અર્થક્રિયા કરતો હોય તો ગમે તે પદાર્થથી ગમે તે અર્થક્રિયા થવાનો પ્રસંગ આવે. તે આ રીતે –

ક્ષણિકવાદી કહે કે બીજ ક્ષણિક હોવાને કારણે અર્થક્રિયા કરે છે, અને તેમ સ્વીકારીએ તો જેમ બીજથી અંકુરરૂપ અર્થક્રિયા થાય છે, તેમ માટીથી પણ અંકુરરૂપ અર્થક્રિયા માનવાનો પ્રસંગ આવે; કેમ કે બીજમાં અને માટીમાં ક્ષણિકપણું સમાન છે, અને અર્થક્રિયા પ્રત્યે ક્ષણિકપણું હેતુ છે. તેથી અંકુરરૂપ અર્થક્રિયા પ્રત્યે ક્ષણિકપણું જેમ બીજમાં છે તેમ ક્ષણિકપણું માટીમાં પણ છે. માટે માટીથી પણ અંકુરરૂપ અર્થક્રિયા સ્વીકારવાનો અતિપ્રસંગ આવે.

આનાથી એ ફલિત થાય કે વસ્તુની સિદ્ધિમાં 'સ્વભાવ' અંતિમ ઉત્તર આપવો એ કુતર્ક છે; કેમ કે સ્વભાવ છદ્મસ્થનો વિષય નથી, આથી જ પ્રતિવાદી વિપરીત સ્વભાવની કલ્પના પણ કરી શકે છે. તેથી સ્વભાવના બળથી પદાર્થની સિદ્ધિ કરવી એ કુતર્ક છે, એમ ગ્રંથકારને કહેવું છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે સ્વભાવને છદ્મસ્થ જાણી શકતો નથી તેથી સ્વભાવના બળથી પદાર્થ ક્ષણિક છે, તેમ ક્ષણિકવાદી સિદ્ધ કરતો હોય તો પ્રતિવાદી વિપરીત પ્રકારે પણ સ્વભાવની કલ્પના કરી શકે છે. માટે સ્વભાવના બળથી પદાર્થની સિદ્ધિ કરવી એ કુતર્ક છે. હવે તેને પુષ્ટ કરવા માટે ગ્રંથકાર અન્ય યુક્તિ આપે છે :

**ટીકા :-**

**एवमग्निः क्लेदयत्यप्सन्निधौ तथाऽऽपो दहन्त्यग्निसन्निधौ तथास्वभावत्वादेव, स्वभाववैचित्र्यान्नात्रापि लोकबाधामन्तरेणाऽ परो बाधाभावो दृष्टान्तमात्रस्य सर्वत्र सुलभत्वात्, तदेवमसमञ्जसकारी कुतर्क इत्यैदम्पर्यम् ।।९२।।**

**ટીકાર્થ :-**

**एवमग्निः ..... इत्यैदम्पर्यम् ।। આ રીતે=પદાર્થનો ક્ષણિક સ્વભાવ હોવાને કારણે ક્ષણિકવાદી દૃષ્ટાંતના બળથી પદાર્થ અર્થક્રિયા કરે છે એમ કહે છે એ રીતે, અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે અને પાણી અગ્નિના સાંનિધ્યમાં બાળે છે; કેમ કે તથાસ્વભાવપણું જ છે અર્થાત્ અગ્નિનો પાણીના સાંનિધ્યમાં ભીંજવવાનો જ સ્વભાવ છે, અને પાણીનો અગ્નિના સાંનિધ્યમાં બાળવાનો જ સ્વભાવ છે. સ્વભાવના વૈચિત્ર્યથી અહીં પણ=પાણીના સાંનિધ્યમાં અગ્નિનો ભીંજવવાનો સ્વભાવ છે ઈત્યાદિ કથનમાં પણ, લોકબાધા સિવાય બીજી બાધાનો અભાવ છે; કેમ કે દૃષ્ટાંતમાત્રનું સર્વત્ર સુલભપણું છે. તે કારણથી=કુતર્કમાં દૃષ્ટાંતનું સુલભપણું છે તે કારણથી, આ રીતે=પૂર્વમાં ગ્રંથકારે યુક્તિથી બતાવ્યું કે સ્વભાવથી પદાર્થની સિદ્ધિ કરવામાં સર્વ પદાર્થો વિપરીત રીતે પણ સિદ્ધ થઈ શકે છે એ રીતે, અસમંજસકારી કુતર્ક છે, એ પ્રકારનું ઐદંપર્ય છે=પ્રસ્તુત શ્લોકનું તાત્પર્ય છે. ।।૯૨।।**

❖ અહીં 'अत्रापि' માં 'अपि' થી એ કહેવું છે કે ક્ષણિક સ્વભાવને કારણે અર્થક્રિયા થાય છે તેમ સ્વીકારવામાં તો લોકબાધા છે, પરંતુ પાણીના સાંનિધ્યમાં અગ્નિ ભીંજવે છે ઇત્યાદિ કથનમાં પણ લોકબાધા છે, અન્ય બાધા નથી.

**ભાવાર્થ :-**

પદાર્થ ક્ષણિક છે; કેમ કે તે તેનો સ્વભાવ છે, એમ જો પદાર્થના સ્વભાવના બળથી પદાર્થ ક્ષણિક છે, તેમ સ્વીકારવામાં આવે, તો એ રીતે સ્વભાવના બળથી અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે અને પાણી અગ્નિના સાંનિધ્યમાં બાળે છે એમ પણ સ્વીકારી શકાય; કેમ કે અગ્નિનો પાણીના સાંનિધ્યમાં ભીંજવવાનો સ્વભાવ છે, અને પાણીનો અગ્નિના સાંનિધ્યમાં બાળવાનો સ્વભાવ છે. સ્વભાવનું વિચિત્રપણું હોવાને કારણે આ પ્રકારના કથનમાં પણ લોકબાધા સિવાય બીજી કોઈ બાધા નથી અર્થાત્ લોક પાણીના સાંનિધ્યમાં અગ્નિ ભીંજવે છે તેમ સ્વીકારતો નથી, પણ પાણી ભીંજવે છે અને અગ્નિ બાળે છે તેમ સ્વીકારે છે. તેથી લોકના સ્વીકારનો આ કથનમાં બાધ થાય છે; તોપણ સ્વભાવના બળથી જો પદાર્થની સિદ્ધિ થતી

હોય, તો અહીં પણ સ્વભાવના બળથી અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે તેમ સિદ્ધ થઈ શકે; કેમ કે દૃષ્ટાંતમાત્રનું સર્વત્ર સુલભપણું છે અર્થાત્ અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે, તેની સિદ્ધિ કરવા માટે દૃષ્ટાંત જોઈતું હોય તો પ્રાપ્ત થઈ શકે છે, તે સ્વયં ગ્રંથકાર શ્લોક-૯૪માં બતાવવાના છે.

આનાથી એ કહેવું છે કે જો ક્ષણિકવાદી, અગ્નિ બાળે છે તેમાં અગ્નિનો બાળવાનો સ્વભાવ છે, એ દૃષ્ટાંતના બળથી પદાર્થમાં ક્ષણિક સ્વભાવની સિદ્ધિ કરતો હોય, તો ગ્રંથકાર કહે છે કે શ્લોક-૯૪માં બતાવાશે એ લોહચુંબકના દૃષ્ટાંતને ગ્રહણ કરીને શ્લોક-૯૩માં બતાવાશે, એ યુક્તિથી પાણીના સાંનિધ્યમાં અગ્નિ ભીંજવે છે ઇત્યાદિ પણ માની શકાય. વળી આ સ્થાનમાં જેમ લોકબાધા છે, તેમ સ્વભાવના બળથી પદાર્થના ક્ષણિકત્વના સ્વીકારવામાં પણ લોકબાધા છે. તે આ રીતે –

જેમ –

અગ્નિ બાળે છે પાણી ભીંજવે છે; કેમ કે અગ્નિનો બાળવાનો સ્વભાવ છે અને પાણીનો ભીંજવવાનો સ્વભાવ છે, એ દૃષ્ટાંતને ગ્રહણ કરીને એકાંતક્ષણિક પદાર્થ માનવામાં લોકપ્રતીતિનો બાધ હોવા છતાં=સર્વ લોકોને પ્રતીત છે કે બાલ્યાવસ્થામાં જે હું હતો તે જ હું યુવાવસ્થામાં છું, એ પ્રકારની લોકપ્રતીતિનો બાધ હોવા છતાં, પદાર્થનો એકાંતક્ષણિક સ્વભાવ છે એમ ગાથા-૯૨માં બતાવ્યું એ પ્રમાણે ક્ષણિકવાદી સ્થાપન કરે છે.

તેમ –

ગાથા-૯૪માં બતાવાશે, એ પ્રકારના લોહચુંબકના દૃષ્ટાંતને ગ્રહણ કરીને લોકપ્રતીતિનો બાધ હોવા છતાં એમ કહી શકાય કે પાણીના સાંનિધ્યમાં અગ્નિ ભીંજવે છે અને અગ્નિના સાંનિધ્યમાં પાણી બાળે છે, તો તે લોહબુંચકના દૃષ્ટાંતથી કરેલા કથનનું ક્ષણિકવાદી નિરાકરણ કરી શકે નહિ.

આ રીતે શ્લોકનો અર્થ કર્યા પછી તે આખા કથનનો ફલિતાર્થ બતાવતાં ગ્રંથકાર કહે છે કે 'આ રીતે અસમંજસકારી કુતર્ક છે' એ પ્રકારનું પ્રસ્તુત શ્લોકનું ઐદંપર્ય છે.

અહીં વિશેષ એ છે કે ક્ષણિકવાદ કહે છે કે દરેક પદાર્થ પ્રતિક્ષણ કોઈક અર્થને ઉત્પન્ન કરે છે, તેથી તે અર્થને કરવારૂપ અર્થક્રિયા કરે છે. જેમ, બીજમાંથી અંકુર થાય છે ત્યારે અંકુરરૂપ અર્થને કરવાની ક્રિયા બીજ કરે છે, અને અંકુર થાય છે ત્યારે બીજ હોતું નથી; તેથી અંકુરરૂપ અર્થક્રિયાને કરનાર બીજ ક્ષણિક છે, અને તેમાં તે યુક્તિ આપે છે કે જેમ અગ્નિનો સ્વભાવ બાળવાનો છે તેથી બાળવાની અર્થક્રિયા છે, તેમ બીજનો ક્ષણિક સ્વભાવ છે તેથી અંકુરરૂપ અર્થક્રિયા કરે છે. જો ક્ષણિક સ્વભાવ ન હોય તો અંકુરરૂપ અર્થક્રિયા કરે નહિ. વળી જેમ બીજથી અંકુર થતો દેખાય છે, તેમ એક દીપકલિકા પ્રગટ થયા પછી પ્રતિક્ષણ ઉત્તર ઉત્તરની દીપકલિકાને પ્રગટ કરે છે, તેમાં પણ પ્રથમ દીપકલિકાનો ક્ષણિક સ્વભાવ છે, આથી પોતાના સદૃશ બીજી દીપકલિકાને પ્રગટ કરે છે; અને જો પ્રથમ દીપકલિકાનો ક્ષણિક સ્વભાવ ન હોત તો બીજી ક્ષણમાં બે દીપકલિકાની પ્રાપ્તિ થવી જોઈએ, પરંતુ ઉત્તર ક્ષણમાં પણ તત્ સદૃશ દીપકલિકા દેખાય છે. ફક્ત પૂર્વસદૃશ દીપકલિકા હોવાથી ભ્રમ થાય છે કે દીપકલિકા દીર્ઘકાળસ્થાયી છે. વસ્તુતઃ

પ્રતિક્ષણ દીપકલિકા નશ્વર છે; તેમ સર્વ પદાર્થ પ્રતિક્ષણ નશ્વર છે. આ પ્રકારના ક્ષણિકવાદની સિદ્ધિ અગ્નિ બાળે છે અને પાણી ભીંજવે છે, એ દૃષ્ટાંતના બળથી ક્ષણિકવાદી કરે છે; પરંતુ સ્વભાવના બળથી ક્ષણિકવાદીની જેમ નિત્યવાદી પણ અર્થક્રિયાની સંગતિ કરે છે, તેમ ગ્રંથકારે આ જ શ્લોકમાં પૂર્વે બતાવેલ છે. તેથી ક્ષણિકવાદીનું કથન કુતર્કરૂપ છે તે બતાવવા ગ્રંથકાર કહે છે –

अग्निसंनिधौ - અગ્નિ ઉપર પાણી રાખેલું હોય અને જ્યારે પાણી ગરમ થયેલું હોય તે વખતે તે પાણીનાં પુદ્ગલો સાથે અગ્નિનાં પુદ્ગલો વર્તતાં હોવાથી એમ કહી શકાય કે પાણીના સાંનિધ્યમાં અગ્નિ ભીંજવે છે; કેમ કે અગ્નિનો એવો સ્વભાવ છે. વળી તે સ્થાનમાં જેમ અગ્નિનાં પુદ્ગલો છે તેમ પાણીનાં પણ પુદ્ગલો છે, અને પાણી ગરમ હોવાથી તે બાળે પણ છે. આથી એમ પણ કહી શકાય કે અગ્નિના સાંનિધ્યમાં પાણી બાળે છે; કેમ કે પાણીનો એવો સ્વભાવ છે. આ પ્રકારની લોકપ્રતીતિના બાધવાળી વસ્તુ શ્લોક-૯૪માં બતાવાશે એ લોહચુંબકના દૃષ્ટાંતથી સ્થાપન કરી શકાય છે. માટે આ કથન જેમ કુતર્કરૂપ છે તેમ ક્ષણિકવાદીનું કથન પણ કુતર્કરૂપ છે.

આ દૃષ્ટાંતથી ગ્રંથકારને એ બતાવવું છે કે દૃષ્ટાંતના બળથી પદાર્થનો તેવો સ્વભાવ છે તેમ કહીને પદાર્થ ક્ષણિક છે તેમ સિદ્ધ કરવામાં આવે, તો અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે ઇત્યાદિ વિપરીત સ્વભાવની પણ દૃષ્ટાંતના બળથી સિદ્ધિ થઈ શકે. માટે દૃષ્ટાંતના બળથી પદાર્થનો ક્ષણિક સ્વભાવ માનવો યુક્ત નથી; કેમ કે સ્વભાવ છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી. માટે શ્લોક-૧૦૧માં બતાવાશે તે રીતે અતીન્દ્રિય પદાર્થોમાં આગમ આદિના બળથી નિર્ણય કરવા માટે પ્રયત્ન કરવાથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે, પરંતુ કુતર્કથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. **॥૯૨॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं विशेषेणाभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને વિશેષથી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૨ના અંતે ગ્રંથકારશ્રીએ કહ્યું કે જો દૃષ્ટાંતના બળથી પદાર્થ ક્ષણિક છે તેમ ક્ષણિકવાદી સ્થાપન કરી શકે, તો એ રીતે દૃષ્ટાંતના બળથી અગ્નિ ભીંજવે છે ઇત્યાદિ વિપરીત પણ સ્થાપન કરી શકાય. તેથી દૃષ્ટાંતોના બળથી સ્થાપન કરવું એ કુતર્ક છે. એ જ અર્થને વિશેષથી કહેવા માટે કહે છે :

**શ્લોક :-**

**अतोऽग्निः क्लेदयत्यम्बुसन्निधौ दहतीति च ।**
**अम्ब्वग्निसन्निधौ तत्स्वाभाव्यादित्युदिते तयोः ।।९३।।**

**અવતરણિકા :-**

किमित्याह –

**શ્લોક :-**

कोशपानादृते ज्ञानोपायो नास्त्यत्र युक्तितः ।
विप्रकृष्टोऽप्ययस्कान्तः स्वार्थकृद् दृश्यते यतः ।।९४।।

**અન્વયાર્થ :-**

अतः=આ કારણથી=અધિકૃત સ્વભાવ છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી એ કારણથી तयोः=તે બેનું=અગ્નિ અને પાણીનું तत्स्वाभाव्यात्=તત્ સ્વભાવપણું હોવાને કારણે=અગ્નિનું ભીંજવવાનું સ્વભાવપણું, અને પાણીનું બાળવાનું સ્વભાવપણું હોવાને કારણે अग्निः=અગ્નિ अम्बुसन्निधौ=પાણીના સાંનિધ્યમાં क्लेदयति=ભીંજવે છે, च=અને अम्बु=પાણી अग्निसन्निधौ=અગ્નિના સાંનિધ્યમાં दहति= બાળે છે, इति=એ પ્રમાણે (પરવાદી દ્વારા) उदिते=કહેવાયે છતે,

શું ? એથી=શું કહેવાનું બાકી છે ? એથી, શ્લોક-૯૪માં કહે છે :

कोशपानादृते=સોગંદ ખાધા વગર अत्र=અહીં=સ્વભાવના કથનમાં युक्तितः=યુક્તિથી ज्ञानोपायः= જ્ઞાનનો ઉપાય नास्ति=નથી; यतः=જે કારણથી विप्रकृष्टोऽप्ययस्कान्तः=દૂર રહેલું પણ લોહચુંબક स्वार्थकृद्=સ્વાર્થને કરનારું दृश्यते=દેખાય છે. ।।૯૩।।૯૪।।

**શ્લોકાર્થ :-**

**આ કારણથી અગ્નિનું અને પાણીનું તત્ સ્વભાવપણું હોવાને કારણે અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે અને પાણી અગ્નિના સાંનિધ્યમાં બાળે છે, એ પ્રમાણે પરવાદી દ્વારા કહેવાયે છતે શું ? એથી શ્લોક-૯૪માં કહે છે –**

**સ્વભાવના કથનમાં સોગંદ ખાધા વગર યુક્તિથી જ્ઞાનનો ઉપાય નથી; જે કારણથી દૂર રહેલું પણ લોહચુંબક સ્વાર્થને કરનારું દેખાય છે. ।।૯૩-૯૪।।**

**ટીકા :-**

यतो नार्वाग्दृग्गोचरोऽधिकृतस्वभावः "अतोऽस्मात्कारणात् अग्निः क्लेदयति, अध्यक्षविरोधपरिहारायाह अम्बुसन्निधौ इति । दहति चाऽम्बु, न प्रतीतिबाधेत्याह अग्निसन्निधौ इति । किमित्येतदेवमित्याह – तत्स्वाभाव्यात्तयोः अग्न्यम्बुनोरिति" उदिते सति परवादिना ।।९३।।

**ટીકાર્થ :-**

यतो ..... परवादिना ।। જે કારણથી અધિકૃત સ્વભાવ=અતીન્દ્રિય પદાર્થની સિદ્ધિ માટે કલ્પના કરાતો સ્વભાવ, છદ્મસ્થનો વિષય નથી; આ કારણથી અગ્નિ ભીંજવે છે, પાણી બાળે છે; કેમ કે તે બેનો=અગ્નિ અને પાણીનો, તેવો સ્વભાવ છે એ પ્રમાણે, સ્વભાવના બળથી પદાર્થ ક્ષણિક સ્થાપન કરનારને પરવાદી વડે કહેવાયે છતે શું ? એથી કરીને શ્લોક-૯૪માં બતાવે છે, એમ અન્વય છે.

'અગ્નિ ભીંજવે છે' એમ કહેવાથી પ્રત્યક્ષનો વિરોધ થાય, તેથી પ્રત્યક્ષના વિરોધના પરિહાર માટે સ્વભાવના બળથી પદાર્થ ક્ષણિક સ્થાપન કરનારને પરવાદી કહે છે : "પાણીના સાંનિધ્યમાં અગ્નિ ભીંજવે છે," એ પ્રમાણે સંબંધ છે, તે બતાવવા માટે 'इति' નો પ્રયોગ છે; અને 'પાણી બાળે છે' આ કહેવામાં પ્રતીતિબાધા ન થાય એથી કહે છે "અગ્નિના સાંનિધ્યમાં પાણી બાળે છે", એ પ્રમાણે સંબંધ છે, તે બતાવવા માટે 'इति' નો પ્રયોગ છે.

किम् इति=कस्मात्=કેમ ? 'एतद्'=આ=અગ્નિ અને પાણી, एवं=એ પ્રમાણે=અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે, અને પાણી અગ્નિના સાંનિધ્યમાં બાળે છે એ પ્રમાણે કેમ છે ? એથી કહે છે : तयोः=તે બેનું=અગ્નિ અને પાણીનું, તત્ સ્વભાવપણું હોવાથી=અગ્નિનું પાણીના સાંનિધ્યમાં ભીંજવવાનું અને પાણીનું અગ્નિના સાંનિધ્યમાં બાળવાનું સ્વભાવપણું હોવાથી, અગ્નિ ભીંજવે છે અને પાણી બાળે છે, આ પ્રમાણે પરવાદી કહે છતે. ॥૯૩॥

નોંધ :- 'अतोऽस्मात्कारणात्' છે તેનો અન્વય ૯૪મા શ્લોક સાથે છે, તે આ રીતે –

અધિકૃત સ્વભાવ છદ્મસ્થનો વિષય નથી, એ કારણથી અગ્નિ ભીંજવે છે અને પાણી બાળે છે એ પ્રમાણે પરવાદી દ્વારા કહેવાયે છતે, સોગંદ ખાધા વગર યુક્તિથી જ્ઞાનનો ઉપાય નથી, એમ શ્લોક-૯૪ સાથે અન્વય છે.

**ટીકા :-**

'कोशपानादृते'=कोशपानं विना, 'ज्ञानोपायो नास्ति' 'अत्र'=स्वभावव्यतिकरे, 'युक्तितः'= शुष्कतर्कयुक्त्यां, कश्चिदपरो दृष्टान्तोऽप्यस्यार्थस्योपोद्बलको विद्यते न वेत्याह 'विप्रकृष्टः' 'अप्ययस्कान्तः'=लोहाकर्ष उपलविशेषः, 'स्वार्थकृत्'=लोहाकर्षादिस्वकार्यकरणशीलः, 'दृश्यते यतः' लोके, स हि विप्रकृष्ट एव न सन्निकृष्टः, लोहमेव न ताम्रादि, आकर्षत्येव न कर्तयति, तदित्थमस्येवाग्न्या-दीनां तथास्वभावकल्पनं केन बाध्यते ? न केनचिदिति भावनीयम् ।।९४।।

**ટીકાર્થ :-**

'कोशपानादृते' ..... भावनीयम् ।। અહીં=સ્વભાવના વ્યતિકરમાં=સ્વભાવના કથનમાં, યુક્તિ હોતે છતે=શુષ્ક તર્કવાળી યુક્તિ હોતે છતે, કોશપાન વગર=સોગંદ ખાધા વગર, જ્ઞાનનો ઉપાય નથી.

અહીં પ્રશ્ન થાય કે અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે, અને પાણી અગ્નિના સાંનિધ્યમાં બાળે છે, એ અર્થનો ઉપોદ્બલક=એ અર્થને પુષ્ટ કરનાર, કોઈ બીજું દૃષ્ટાંત વિદ્યમાન છે કે નહિ ? એથી કરીને કહે છે :

**જે કારણથી વિપ્રકૃષ્ટ પણ લોહચુંબક=દૂર રહેલું પણ લોહને આકર્ષણ કરનાર પથ્થર વિશેષરૂપ લોહચુંબક, સ્વાર્થને કરનાર=લોહઆકર્ષણ આદિ સ્વકાર્યકરણશીલ, લોકમાં દેખાય છે, તે કારણથી અગ્નિ પણ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે, અને પાણી પણ અગ્નિના સાંનિધ્યમાં બાળે છે, એ રીતે 'यतः' નો પૂર્વશ્લોક-૯૩ સાથે સંબંધ છે.**

લોહચુંબક પોતાનું કાર્ય કરે છે એ દૃષ્ટાંત, અગ્નિ ભીંજવે છે ઇત્યાદિ કથનમાં કઈ રીતે સંગત છે ? તે સ્પષ્ટ કરે છે :

**તે=લોહચુંબક, વિપ્રકૃષ્ટ જ સન્નિકૃષ્ટ નહિ, લોહને જ તામ્રાદિને નહિ, આકર્ષણ જ કરે છે, કાપતો નથી. 'तद्'=તે કારણથી=જે કારણથી લોહચુંબક દૂર રહેલા લોખંડનું જ આકર્ષણ આદિ કરે છે તે કારણથી, 'इत्थं'=આ રીતે=જે રીતે લોહચુંબક લોખંડને જ આકર્ષણ આદિ કરે છે તામ્રાદિને નહિ, એ રીતે 'अस्य इव'=આની જેમ=લોહચુંબકની જેમ, અગ્નિ આદિનું તથાસ્વભાવકલ્પન=પાણીના સાંનિધ્યમાં અગ્નિના ભીંજવવાના સ્વભાવનું અને અગ્નિના સાંનિધ્યમાં પાણીના બાળવાના સ્વભાવનું કલ્પન, કોનાથી અટકાવી શકાય ? અર્થાત્ કોઈનાથી ન અટકાવી શકાય, એ પ્રમાણે વિચારવું. ॥૯૪॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૨માં ગ્રંથકારે સ્થાપન કર્યું કે પદાર્થની સિદ્ધિ માટે 'વસ્તુનો સ્વભાવ આવો છે' એ પ્રમાણે ઉત્તર આપવો એ કુતર્ક છે; કેમ કે સ્વભાવ છદ્મસ્થનો વિષય નથી. વળી એક જ પદાર્થના ક્ષણિક અને નિત્યરૂપ બે પરસ્પર વિરોધી સ્વભાવ વાદી-પ્રતિવાદી દૃષ્ટાંતોના બળથી બતાવે તો, કયો સ્વભાવ સાચો છે ? એમ છદ્મસ્થ ન કહી શકે, તેથી આ કુતર્ક છે; અને તેની પુષ્ટિ માટે શ્લોક-૯૩-૯૪માં કહે છે કે સ્વભાવના બળથી પદાર્થની સિદ્ધિ કરવામાં આવે તો પર એવો નિત્યવાદી સ્વભાવવાદી એવા ક્ષણિકવાદીને કહે કે અગ્નિ પાણીના સાંનિધ્યમાં ભીંજવે છે, અને પાણી અગ્નિના સાંનિધ્યમાં બાળે છે; કેમ કે અગ્નિનો અને પાણીનો તેવો જ સ્વભાવ છે; તો સ્વભાવથી પદાર્થને સાધનાર ક્ષણિકવાદી અગ્નિનો સ્વભાવ ભીંજવવાનો નથી, એ પ્રકારનું જ્ઞાન પર એવા નિત્યવાદીને કરાવી શકે નહિ; કેમ કે ક્ષણિકવાદીએ દૃષ્ટાંતના બળથી સ્વભાવને સ્વીકારીને પોતાને માન્ય એવા ક્ષણિકવાદનું સ્થાપન કરેલ છે, તેમ પર એવો નિત્યવાદી પણ દૃષ્ટાંતના બળથી ઉપર મુજબનો સ્વભાવ સ્થાપન કરી શકે. તેથી ક્ષણિકવાદી પર એવા નિત્યવાદીને સોગંદ ખાઈને કહે કે અગ્નિનો સ્વભાવ ભીંજવવાનો નથી પણ બાળવાનો છે, અને પાણીનો સ્વભાવ બાળવાનો નથી પણ ભીંજવવાનો છે; અને પર એવો નિત્યવાદી તેના સોગંદને કારણે તે વાત સ્વીકારે તો જ પર એવા નિત્યવાદીને ક્ષણિકવાદી પોતાની વાત સમજાવી શકે. તો ગ્રંથકાર કહે છે કે પર એવા નિત્યવાદીની જેમ ક્ષણિકવાદીને પણ સોગંદ સિવાય અન્ય રીતે સમજાવી શકાય નહિ. તેથી સ્વભાવવાદમાં એકબીજાને સોગંદથી જ સમજાવવાનો માર્ગ છે, અન્ય કોઈ માર્ગ નથી.

વળી પર એવા નિત્યવાદી દ્વારા દૃષ્ટાંતના બળથી અગ્નિ અને પાણીના સ્વભાવની કલ્પના કરાઈ તેને પુષ્ટ કરનારું અનુભવને અનુરૂપ દૃષ્ટાંત પર એવો નિત્યવાદી બતાવે છે અર્થાત્ પર એવો નિત્યવાદી અગ્નિના અને પાણીના તેવા સ્વભાવની કલ્પના ક્ષણિકવાદીને બતાવે છે, તેમ અગ્નિનો પાણીના સાંનિધ્યમાં

ભીંજવવાનો સ્વભાવ છે અને પાણીનો અગ્નિના સાંનિધ્યમાં બાળવાનો સ્વભાવ છે તે સ્વીકારવા માટે લોકઅનુભવને બાધ ન કરે તેવું લોહચુંબકનું દૃષ્ટાંત પર એવો નિત્યવાદી બતાવે છે.

લોહચુંબક દૂર રહેલો જ લોહને આકર્ષણ કરે છે, નજીક રહેલો નહિ; લોહને જ આકર્ષણ કરે છે, તામ્રાદિને નહિ; આકર્ષણ જ કરે છે, કાપતો નથી, તેવો જ લોહચુંબકનો સ્વભાવ છે; તેમ અગ્નિનો પણ પાણીના સાંનિધ્યમાં ભીંજવવાનો સ્વભાવ છે, અને પાણીનો અગ્નિના સાંનિધ્યમાં બાળવાનો સ્વભાવ છે; આ પ્રકારે પર એવો નિત્યવાદી સ્વભાવની કલ્પના કરે તો કોના દ્વારા નિષેધ કરી શકાય ? અર્થાત્ કોઈના દ્વારા નિષેધ થઈ શકે નહિ - એ પ્રકારે ગ્રંથકાર સ્વભાવથી ઉત્તર આપનાર ક્ષણિકવાદીને કહે છે, એમ અન્વય છે.

આનાથી એ ફલિત થયું કે દૃષ્ટાંતના બળથી પદાર્થનો સ્વભાવ ક્ષણિક છે, એમ જે ક્ષણિકવાદી સ્થાપન કરે છે તે કુતર્ક છે, અને કુતર્કોથી તત્ત્વજ્ઞાન થાય નહિ. **॥૯૩-૯૪॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૫માં કહ્યું કે અવેદ્યસંવેદ્યપદ મહાત્માઓએ જીતવું જોઈએ, અને ત્યારપછી શ્લોક-૮૬માં બતાવ્યું કે અવેદ્યસંવેદ્યપદ જિતાયે છતે પોતાની મેળે જ કુતર્ક નિવર્તન પામે છે. ત્યારપછી શ્લોક-૮૭માં કુતર્કનું અનર્થકારી સ્વરૂપ બતાવ્યું અને શ્લોક-૮૮માં કહ્યું કે કુતર્કમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ, પરંતુ શ્રુત, શીલ અને સમાધિમાં અભિનિવેશ કરવો જોઈએ.

તેથી એ ફલિત થયું કે કુતર્કમાં અભિનિવેશને કારણે અવેદ્યસંવેદ્યપદ જીવે છે, વળી શ્રુત, શીલ અને સમાધિમાં અભિનિવેશ કરવો એ અવેદ્યસંવેદ્યપદને જીતવાનો ઉપાય છે. ત્યારપછી ગ્રંથકારે શ્લોક-૯૦માં પ્રામાણિક વ્યવહારને બાધક એવો કુતર્ક કઈ રીતે પ્રવર્તે છે તે બતાવ્યું, અને શ્લોક-૯૧માં પ્રામાણિક પ્રતીતિને બાધક કુતર્ક કઈ રીતે પ્રવર્તે છે તે બતાવ્યું. ત્યારપછી શ્લોક-૯૨માં અતીન્દ્રિય પદાર્થોમાં પ્રવર્તતો કુતર્ક ખરેખર કુતર્ક કેમ છે ? તે સિદ્ધ કર્યું, અને તેની પુષ્ટિ દૃષ્ટાંત દ્વારા શ્લોક-૯૩-૯૪માં કરી. હવે ઉપસંહાર કરતાં કહે છે –

**શ્લોક :-**

**दृष्टान्तमात्रं सर्वत्र यदेवं सुलभं क्षितौ ।**
**एतत्प्रधानस्तत्केन स्वनीत्यापोद्यते ह्ययम् ।।९५।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી एवं=આ રીતે=શ્લોક-૯૩-૯૪માં પરવાદી દ્વારા 'લોહચુંબકના દૃષ્ટાંતથી અગ્નિ ભીંજવે છે અને પાણી બાળે છે' એમ સ્થાપન કરાયું એ રીતે, क्षितौ=પૃથ્વી ઉપર दृष्टान्तमात्रं= દૃષ્ટાંતમાત્ર सर्वत्र=સર્વ વસ્તુઓ સિદ્ધ કરવામાં सुलभं=સુલભ છે तत्=તે કારણથી, केन=કયા કુતાર્કિક વડે स्वनीत्या=સ્વનીતિથી=દૃષ્ટાંતના બળથી પોતે પોતાનો ઈષ્ટ પદાર્થ સિદ્ધ કરે છે તે રૂપ સ્વનીતિથી एतत्प्रधानः अयं=દૃષ્ટાંતમાત્રપ્રધાન એવો આ કુતર્ક, अपोद्यते=બાધા કરાય ? ॥૯૫॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આ રીતે પૃથ્વી ઉપર દૃષ્ટાંતમાત્ર સર્વત્ર સુલભ છે તે કારણથી, કયા કુતાર્કિક વડે સ્વનીતિથી દૃષ્ટાંતમાત્રપ્રધાન એવો કુતર્ક બાધા કરાય ? ॥૯૫॥**

**ટીકા :-**

**'दृष्टान्तमात्रं' साध्ये वस्तुनि लोकप्रतीतिबाधितं 'सर्वत्र' अविशेषेण 'यद्' 'एवं'=उक्तनीत्या, 'सुलभं' 'क्षितौ'=पृथिव्याम्, 'एतत्प्रधानो'=दृष्टांतमात्रप्रधानः, तस्मात् 'केन' कुतार्किकेण 'स्वनीत्या'= आत्मीयया व्यवस्थया, 'अपोद्यते'=निराक्रियते, 'अयं'=कुतर्कः ?, न केनचित्, स्वनीतिविरोधा-दित्यर्थः ॥९५॥**

**ટીકાર્થ :-**

**दृष्टान्तमात्रं ..... स्वनीतिविरोधादित्यर्थः ॥ જે કારણથી एवं=ઉક્ત નીતિથી= શ્લોક-૯૩-૯૪માં 'લોહચુંબકના દૃષ્ટાંતથી અગ્નિ ભીંજવે છે અને પાણી બાળે છે તેમ બતાવ્યું' એ નીતિથી, સાધ્ય વસ્તુમાં લોકપ્રતીતિથી બાધિત એવું દૃષ્ટાંતમાત્ર સર્વત્ર અવિશેષથી=સમાન રીતિથી, પૃથ્વી ઉપર સુલભ છે, તે કારણથી, एतत्प्रधानः=દૃષ્ટાંતમાત્રપ્રધાન अयं=કુતર્ક, કયા કુતાર્કિક વડે સ્વનીતિથી=આત્મીય વ્યવસ્થાથી, अपोद्यते=નિરાકરણ કરાય ? न केनचित्=કોઈના વડે નહિ; કેમ કે સ્વનીતિનો વિરોધ છે. ॥૯૫॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૩-૯૪માં ગ્રંથકારે ક્ષણિકવાદીને કહ્યું કે પરવાદી લોહચુંબકના દૃષ્ટાંતથી અગ્નિનો ભીંજવવાનો સ્વભાવ અને પાણીનો બાળવાનો સ્વભાવ સ્થાપન કરી શકે છે, તેમ જગતમાં જેને જે કંઈ સાધ્યની સિદ્ધિ કરવી હોય તે સાધ્ય વસ્તુની સિદ્ધિમાં લોકની પ્રતીતિનો બાધ થતો હોય, છતાં એવું દૃષ્ટાંતમાત્ર સુલભ છે અર્થાત્ સાધ્યમાં પ્રતીતિનો બાધ હોય છતાં દૃષ્ટાંતથી તે સાધ્યની સિદ્ધિ કરવામાં આવે તો સર્વત્ર તેવું દૃષ્ટાંત સુલભ છે. જેમ શ્લોક-૯૩-૯૪માં લોહચુંબકનું દૃષ્ટાંત બતાવ્યું, તે દૃષ્ટાંત 'અગ્નિ ભીંજવે છે અને પાણી બાળે છે' એ પ્રકારના લોકપ્રતીતિનો બાધ કરે તેવા સાધ્યને સિદ્ધ કરે છે; તેમ ક્ષણિકવાદી પણ અગ્નિ બાળે છે અને પાણી ભીંજવે છે, તે દૃષ્ટાંતને ગ્રહણ કરીને કહે છે કે પદાર્થનો ક્ષણિક સ્વભાવ છે માટે

અર્થક્રિયા કરે છે, તો તે ક્ષણિકવાદીનું કથન પણ દૃષ્ટાંતના બળથી લોકપ્રતીતિને બાધ કરે તેવા સાધ્યની સિદ્ધિ કરે છે; કેમ કે સર્વ લોકોને પ્રતીતિ છે કે હું ક્ષણસ્થાયી નથી, પરંતુ નાનો હતો ત્યારે જે હું હતો તે જ અત્યારે પણ હું છું, અર્થાત્ હું ક્ષણિક હોત તો નાશ પામી ગયો હોત, અત્યારે પણ છું તે બતાવે છે કે હું ક્ષણિક નથી, આવી પ્રતીતિ સર્વને છે. આમ છતાં અગ્નિના બાળવાના સ્વભાવના અને પાણીના ભીંજવવાના સ્વભાવના દૃષ્ટાંતના બળથી પદાર્થનો ક્ષણિક સ્વભાવ સ્વીકારવામાં આવે તો, તેની જેમ જ લોહબુંચકના દૃષ્ટાંતથી અગ્નિનો ભીંજવવાનો સ્વભાવ અને પાણીનો બાળવાનો સ્વભાવ પણ સિદ્ધ કરી શકાય છે, જે અસમંજસ છે.

તેથી દૃષ્ટાંતમાત્રના બળથી જો ક્ષણિકવાદી પદાર્થને ક્ષણિક સિદ્ધ કરી શકતો હોય, તો દૃષ્ટાંતમાત્રથી સાધ્ય એવી કોઈપણ વસ્તુનું અન્યવાદી પણ સ્થાપન કરે, તો કુતાર્કિક એવો ક્ષણિકવાદી તેનું નિરાકરણ કરી શકે નહિ; કેમ કે દૃષ્ટાંતના બળથી પોતાના પદાર્થને સિદ્ધ કરવાની તેની નીતિ છે. તેથી દૃષ્ટાંતના બળથી સાધ્યને સિદ્ધ કરનાર એવા અન્યવાદીના મતનું જો તે નિરાકરણ કરે તો તેની પોતાની નીતિનો વિરોધ આવે. તેથી કોઈપણ કુતાર્કિક દૃષ્ટાંતના બળથી કોઈપણ પદાર્થ સ્થાપન કરતો હોય, તો તેનો વિરોધ દૃષ્ટાંતના બળથી પોતાનો પદાર્થ સ્થાપન કરનાર કુતાર્કિક કરી શકે નહિ. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**इहैव दृष्टान्तमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=દૃષ્ટાંતમાત્રથી પોતાને ઈષ્ટ એવા સાધ્યની સિદ્ધિ કોઈ કરતો હોય તેવા કુતાર્કિક વડે, દૃષ્ટાંતમાત્રથી અન્ય સાધ્યને સાધતા એવા અન્યનું નિરાકરણ ન થઈ શકે એમાં જ, દૃષ્ટાંતને કહે છે -**

**ભાવાર્થ :-**

ક્ષણિકવાદી, અગ્નિ બાળે છે એ દૃષ્ટાંતના બળથી પદાર્થ ક્ષણિક છે એમ સિદ્ધ કરતો હોય, તો અન્યવાદી દ્વારા અન્ય દૃષ્ટાંતના બળથી પદાર્થની અન્ય રીતે સિદ્ધિ કરાતી હોય ત્યારે તેનું નિરાકરણ ક્ષણિકવાદી કરી શકે નહિ; કેમ કે ક્ષણિકવાદીની પોતાની નીતિનો વિરોધ છે. એ કથનમાં દૃષ્ટાંત બતાવે છે –

**શ્લોક :-**

**द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थितः ।**
**निरालम्बनतां सर्वज्ञानानां साधयन् यथा ।।९६।।**

**અન્વયાર્થ :-**

यथा=જેમ કે द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थितः=**બે ચંદ્રના અને સ્વપ્નના વિજ્ઞાનના દૃષ્ટાંતના બળથી ઊઠેલો એવો જ્ઞાનાદ્વૈતવાદી** सर्वज्ञानानां निरालम्बनतां साधयन्=**સર્વ જ્ઞાનોની નિરાલંબનતાને**

**સાધતો કોના વડે નિરાકરણ કરી શકાય ? અર્થાત્ કોઈ કુતર્કવાદી વડે નિરાકરણ ન કરી શકાય, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૯૬॥**

**શ્લોકાર્થ :-**

**જેમ કે બે ચંદ્રના અને સ્વપ્નના વિજ્ઞાનના દૃષ્ટાંતના બળથી ઊઠેલો જ્ઞાનાદ્વૈતવાદી, સર્વ જ્ઞાનોની નિરાલંબનતાને સાધતો કોના વડે નિરાકરણ કરી શકાય ? અર્થાત્ કોઈ કુતર્કવાદી વડે નિરાકરણ ન કરી શકાય, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૯૬॥**

**ટીકા :-**

**'द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थित' इति 'निदर्शनम्'=उदाहरणम्, एतत्सामर्थ्योपजातः 'निरालम्बनताम्'=आलम्बनशून्यताम्, 'सर्वज्ञानानां'-मृगतृष्णिकाजलादिगोचराणाम् अविशेषेण-सामान्येन, 'साधयन् यथा' केनापोद्यते ? ।।९६।।**

**ટીકાર્થ :-**

**द्विचन्द्रस्वप्न ..... केनापोद्यते ? ।। કુતર્કવાદી અન્ય કુતર્કવાદીનું નિરાકરણ કરે તો સ્વનીતિનો વિરોધ આવે, એ વાત 'यथा' થી બતાવે છે –**

**જેમ કે - બે ચંદ્રના અને સ્વપ્નના વિજ્ઞાનના નિદર્શનના=ઉદાહરણના બળથી ઉત્થિત અર્થાત્ ઉદાહરણના સામર્થ્યથી ઊઠેલો એકાંત જ્ઞાનાદ્વૈતવાદી સર્વ જ્ઞાનોની અર્થાત્ ઝાંઝવાના જળ આદિના વિષયવાળા એવા સર્વ જ્ઞાનોની, નિરાલંબનતાને=આલંબનશૂન્યતાને, અવિશેષથી=સામાન્યથી, સાધતો કોના વડે નિરાકરણ કરી શકાય ?**

**નોંધ :-** 'सर्वज्ञानानां' નું વિશેષણ 'मृगतृष्णिकाजलादिगोचराणाम्' છે, તે વ્યાવર્તક વિશેષણ નથી, પરંતુ સ્વરૂપ ઉપરંજક છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનાદ્વૈતવાદીના મતમાં સર્વ જ્ઞાનો મૃગતૃષ્ણિકાજલાદિ વિષયવાળાં છે.

❖ 'मृगतृष्णिकाजलादिगोचराणाम्' માં 'आदि' પદથી ઇંદ્રજાળ આદિનું ગ્રહણ કરવું. **॥૯૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૫માં ઉપસંહાર કરતાં ગ્રંથકારે કહ્યું કે દૃષ્ટાંતમાત્રના બળથી કુતર્કવાદી પોતાને માન્ય પદાર્થની સિદ્ધિ કરતો હોય તો સર્વ પદાર્થો દૃષ્ટાંતના બળથી અન્ય કુતર્કવાદી સાધી શકે, અને તેનું નિરાકરણ દૃષ્ટાંતના બળથી પદાર્થની સિદ્ધિ કરનાર કુતર્કવાદી કરી શકે નહિ. તે વાત પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે -

જેમ શ્લોક-૯૨માં ક્ષણિકવાદીએ અગ્નિ બાળે છે માટે અગ્નિનો બાળવાનો સ્વભાવ છે, એ દૃષ્ટાંતના બળથી, પદાર્થનો ક્ષણિક સ્વભાવ છે માટે અર્થક્રિયા કરે છે તેમ સ્થાપન કર્યું; તો તેને જ્ઞાનાદ્વૈતવાદી કહે કે જેમને તૈમિરિક રોગ થયો છે તેમને આકાશમાં બે ચંદ્ર દેખાય છે. વસ્તુતઃ બે ચંદ્ર નથી, એક ચંદ્ર છે, છતાં જેમ બે ચંદ્રનું જ્ઞાન થાય છે; તેમ જગતમાં બાહ્ય પદાર્થો નથી, છતાં બાહ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે. વળી જ્ઞાનાદ્વૈતવાદી બીજું દૃષ્ટાંત આપે છે કે સ્વપ્નમાં હાથી-ઘોડા દેખાય છે, વસ્તુતઃ તે વખતે તે સ્થાનમાં હાથી-

ઘોડા નથી. તેથી જેમ હાથી-ઘોડારૂપ વસ્તુના આલંબન વગર સ્વપ્નમાં જ્ઞાન થાય છે; તેમ જાગૃત અવસ્થામાં પણ જે બાહ્ય પદાર્થો દેખાય છે, તે બાહ્ય પદાર્થો નથી, પરંતુ માત્ર બાહ્ય પદાર્થોનું જ્ઞાન છે. આ રીતે જ્ઞાનાદ્વૈતવાદી બે ચંદ્રના દૃષ્ટાંતથી અને સ્વપ્નના દૃષ્ટાંતથી સર્વ જ્ઞાનોને નિરાલંબન સિદ્ધ કરે, અને કહે કે જ્ઞાનથી અતિરિક્ત જગતમાં કોઈ વસ્તુ નથી, તેનું નિરાકરણ ક્ષણિકવાદી બૌદ્ધ કરી શકે નહિ; કેમ કે જેમ ક્ષણિકવાદી બૌદ્ધ કહે છે કે અગ્નિ બાળે છે માટે અગ્નિનો બાળવાનો સ્વભાવ છે, અને એ દૃષ્ટાંતના બળથી કહે છે કે પદાર્થનો ક્ષણિક સ્વભાવ છે, માટે અર્થક્રિયા કરે છે; તે નીતિથી જ્ઞાનાદ્વૈતવાદી પણ બે ચંદ્રના અને સ્વપ્નના દૃષ્ટાંતથી પદાર્થના આલંબન વગર જ્ઞાન થાય છે, તેમ સ્થાપન કરે, તો ક્ષણિકવાદી પોતાની નીતિથી તેનો વિરોધ કરી શકે નહિ. એ પ્રકારનો પ્રસ્તુત શ્લોકનો આશય છે. **॥૯૬॥**

**અવતરણિકા :-**

**न चैवं तत्त्वसिद्धिरित्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે=દૃષ્ટાંતના બળથી કુતાર્કિક પોતાના અભિપ્રેતની સિદ્ધિ કરે એ રીતે, તત્ત્વની સિદ્ધિ નથી. इति=एतद्=એને=આ રીતે તત્ત્વની સિદ્ધિ નથી એને, કહે છે –**

**શ્લોક :-**

**सर्वं सर्वत्र चाप्नोति यदस्मादसमञ्जसम् ।**
**प्रतीतिबाधितं लोके तदनेन न किञ्चन ।।९७।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી (કુતર્કવાદી) अस्मात्=આનાથી=કુતર્કથી सर्वत्र च=સર્વ જ વસ્તુમાં लोके=લોકમાં प्रतीतिबाधितं सर्वं असमञ्जसम्=પ્રતીતિબાધિત સર્વ અસમંજસ એવા સાધ્યને आप्नोति=પ્રાપ્ત કરે છે, तद्=તે કારણથી अनेन=આના વડે=કુતર્ક વડે न किञ्चन=કંઈ નહિ અર્થાત્ કુતર્કથી સર્યું. ।।૯૭।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી કુતર્કવાદી કુતર્કથી સર્વ જ વસ્તુમાં લોકમાં પ્રતીતિબાધિત સર્વ અસમંજસ એવા સાધ્યને પ્રાપ્ત કરે છે, તેથી કુતર્ક વડે સર્યું. ॥૯૭॥**

**ટીકા :-**

'सर्वं'=निरवशेषं, साध्यमिति प्रक्रमः 'सर्वत्र च'=सर्वत्रैव वस्तुनि, प्राप्नोति 'यद्' 'अस्मात्'=कुतर्कात्, 'असमञ्जसम्' अतिप्रसङ्गेन 'प्रतीतिबाधितं लोके' तथाविधदृष्टान्तमात्रसारं, 'तदनेन न किञ्चन कुतर्केण' ।।९७।।

**ટીકાર્થ :-**

**'सर्वं' ..... कुतर्केण' ।। જે કારણથી આનાથી=કુતર્કથી, सर्वत्रैव=સર્વ જ વસ્તુઓમાં, તેવા પ્રકારના દૃષ્ટાંતમાત્રપ્રધાન એવા લોકમાં પ્રતીતિબાધિત સર્વ અસમંજસને=અતિપ્રસંગ હોવાને કારણે સર્વ અસમંજસને=નિરવશેષ સાધ્યને, કુતર્કવાદી પ્રાપ્ત કરે છે; તે કારણથી આના વડે=કુતર્ક વડે, કંઈ નહિ અર્થાત્ કુતર્કથી સર્યું. ।।૯૭।।**

**ભાવાર્થ :-**

કુતર્કથી તત્ત્વની સિદ્ધિ થઈ શકતી નથી, તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે કે કુતર્ક, તેવા પ્રકારના દૃષ્ટાંતમાત્રપ્રધાન એવા પ્રતીતિબાધિત સાધ્યની સિદ્ધિ કરે છે. જેમ ક્ષણિકવાદીએ પદાર્થ એકાંત ક્ષણિક સિદ્ધ કર્યો, તે લોકમાં પ્રતીતિબાધિત છે; અથવા જ્ઞાનાદ્વૈતવાદીએ નિરાલંબન જ્ઞાન સિદ્ધ કર્યું, તે પણ પ્રતીતિબાધિત છે.

વળી કુતર્કથી સાધ્યની સિદ્ધિ કરવામાં અતિપ્રસંગ હોવાને કારણે કુતર્ક અસમંજસ છે=અસંગત છે. જેમ ક્ષણિકવાદી દૃષ્ટાંતના બળથી પદાર્થને એકાંત ક્ષણિક સ્થાપન કરે, તો તેની જેમ જ્ઞાનાદ્વૈતવાદી દૃષ્ટાંતના બળથી નિરાલંબન જ્ઞાન સિદ્ધ કરી શકે. તેથી ક્ષણિકવાદીને નિરાલંબન જ્ઞાન માનવાનો અતિ પ્રસંગ પ્રાપ્ત થાય. માટે કુતર્કથી સાધ્યને સિદ્ધ કરવું અસમંજસ છે.

વળી કુતર્ક દ્વારા સર્વ જ વસ્તુઓમાં સર્વ સાધ્યની સિદ્ધિ કરી શકાય છે. જેમ પાણી અગ્નિના સાંનિધ્યમાં બાળે છે તેમ સિદ્ધ કરી શકાય, તેમ પાણી ઝેરના સાંનિધ્યમાં મારે છે અને ઔષધના સાંનિધ્યમાં રોગ મટાડે છે, તેમ પણ સિદ્ધ કરી શકાય. તેથી પોતાને જે અભીષ્ટ સાધ્ય હોય તે સર્વ કુતર્કથી સિદ્ધ કરી શકાય છે, પરંતુ યથાસ્થિત પદાર્થ પ્રાપ્ત થાય નહિ. માટે આ કુતર્કથી સર્યું. **।।૯૭।।**

**અવતરણિકા :-**

**इतश्चैतदेवमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**इतश्च=અને આ બાજુ एतद्=અતીન્દ્રિય પદાર્થના જ્ઞાનરૂપ શ્રુતજ્ઞાન एवम्=આ રીતે=આગળમાં બતાવે છે એ રીતે, થાય છે. इति=एतद्=એને=અતીન્દ્રિય પદાર્થનું જ્ઞાન આ રીતે થાય છે એને, કહે છે -**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૮માં કહેલ કે કુતર્કમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ, પરંતુ શ્રુતાદિમાં અભિનિવેશ કરવો જોઈએ. ત્યારપછી કુતર્ક કેવો છે તે બતાવીને, કુતર્કથી પ્રતીતિબાધિત એવા પણ સાધ્યની સિદ્ધિ થઈ શકે છે, માટે કુતર્ક અસમંજસકારી છે એમ બતાવ્યું. હવે બીજી બાજુ બતાવવા માટે કહે છે કે આ બાજુ કુતર્ક અસમંજસકારી છે, તો બીજી બાજુ અતીન્દ્રિય પદાર્થનો બોધ કરાવનારું શ્રુતજ્ઞાન શ્લોક-૯૮-૯૯માં બતાવાશે એવું છે. એને કહે છે –

આનાથી એ ફલિત થયું કે શ્લોક-૮૮માં કહેલ કે કુતર્કમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ, કેમ ન કરવો જોઈએ ? તે એક બાજુ બતાવ્યું; હવે શ્રુતમાં અભિનિવેશ કરવો જોઈએ, કેમ શ્રુતમાં અભિનિવેશ કરવો જોઈએ ? તે બીજી બાજુ બતાવવા માટે 'इतः' નો પ્રયોગ છે.

**શ્લોક :-**

**अतीन्द्रियार्थसिद्ध्यर्थं यथाऽऽलोचितकारिणाम् ।**
**प्रयासः शुष्कतर्कस्य न चासौ गोचरः क्वचित् ।।९८।।**

**અન્વયાર્થ :-**

**यथा=જેમ કે आलोचितकारिणाम् प्रयासः=વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓનો પ્રયાસ अतीन्द्रियार्थसिद्ध्यर्थं= અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે છે, च=અને असौ=આ=અતીન્દ્રિય અર્થો शुष्कतर्कस्य गोचरः=શુષ્ક તર્કનો વિષય क्वचित् न=ક્યારેય નથી. ।।૯૮।।**

**શ્લોકાર્થ :-**

**જેમ કે વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓનો પ્રયાસ અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે છે, અને અતીન્દ્રિય અર્થ શુષ્ક તર્કનો વિષય ક્યારેય નથી. ।।૯૮।।**

**ટીકા :-**

'अतीन्द्रियार्थसिद्ध्यर्थं'-धर्मादिसिद्ध्यर्थमित्यर्थः, 'यथा' 'आलोचितकारिणां'=प्रेक्षावतां, 'प्रयासः'= प्रवृत्त्युत्कर्षः, 'शुष्कतर्कस्य' - अधिकृतस्य न चा(साव)तीन्द्रियोऽर्थो 'गोचरो'=विषयः, 'क्वचिद्' इति ।।९८।।

**ટીકાર્થ :-**

'अतीन्द्रियार्थसिद्ध्यर्थं' ..... 'क्वचिद' इति ।। 'यथा'=જેમ કે વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓનો પ્રયાસ=પ્રવૃત્તિનો ઉત્કર્ષ=અત્યંત પ્રયત્ન, અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે છે=ધર્માદિની અર્થાત્ પુણ્યાદિની સિદ્ધિ માટે છે, અને આ=અતીન્દ્રિય અર્થ, ક્યારેય અધિકૃત એવા શુષ્ક તર્કનો વિષય નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૯૮।।

❖ 'धर्मादिसिद्ध्यर्थं' માં 'आदि' પદથી મોક્ષમાર્ગને ઉપયોગી એવાં નવતત્ત્વમાંથી બાકીનાં આઠે ગ્રહણ કરવાં.

**અવતરણિકા :-**

પૂર્વમાં કહ્યું કે અતીન્દ્રિય અર્થ શુષ્ક તર્કનો વિષય નથી. તો પ્રશ્ન થાય કે કોનો વિષય છે ? એથી કરીને કહે છે –

**શ્લોક :-**

**गोचरस्त्वागमस्यैव ततस्तदुपलब्धितः ।**
**चन्द्रसूर्योपरागादिसंवाद्यागमदर्शनात् ।।९९।।**

**અન્વયાર્થ :-**

तु=વળી चन्द्रसूर्योपरागादिसंवाद्यागमदर्शनात्=ચંદ્ર, સૂર્યના ઉપરાગાદિને=ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણને, કહેનારા સંવાદિ આગમનું દર્શન હોવાથી ततः=તેનાથી=આગમથી तदुपलब्धितः=તેની ઉપલબ્ધિ હોવાને કારણે= અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ હોવાને કારણે आगमस्य एव गोचरः=આગમનો જ વિષય છે=અતીન્દ્રિય અર્થ આગમનો જ વિષય છે. ।।૯૯।।

**શ્લોકાર્થ :-**

**વળી ચંદ્ર, સૂર્યના ઉપરાગાદિને કહેનારા સંવાદિ આગમનું દર્શન હોવાથી, આગમથી અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ હોવાને કારણે અતીન્દ્રિય અર્થ આગમનો જ વિષય છે. ।।૯૯।।**

**ટીકા :-**

'गोचरस्तु'=गोचरः पुनः, 'आगमस्यैव' अतीन्द्रियोऽर्थः, कुत इत्याह 'ततस्तदुपलब्धितः'= आगमादतीन्द्रियार्थोपलब्धितः, एतदेवाह-'चन्द्रसूर्योपरागादिसंवाद्यागमदर्शनात्,' लौकिकोऽयमर्थ इति भावनीयम् ।।९९।।

**ટીકાર્થ :-**

'गोचरस्तु' ..... भावनीयम् ।। અતીન્દ્રિય અર્થ આગમનો જ વિષય છે. કેમ ? એથી કહે છે –

તેનાથી તેની ઉપલબ્ધિ હોવાને કારણે=આગમથી અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ હોવાને કારણે, અતીન્દ્રિય અર્થ આગમનો વિષય છે, એમ અન્વય છે.

આને જ કહે છે=આગમથી અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ છે એને જ, કહે છે –

ચંદ્ર-સૂર્યના ગ્રહણ આદિને બતાવનારું સંવાદિ=યથાર્થ આગમ પ્રાપ્ત થતું હોવાથી, આગમથી અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ છે, એમ અન્વય છે.

ચંદ્ર, સૂર્યના ગ્રહણ આદિને કહેનાર સંવાદિ આગમ છે, એ અર્થ લૌકિક છે એમ ભાવન કરવું. ।।૯૯।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવ્યું કે કુતર્કથી લોકપ્રતીતિબાધિત પણ ગમે તે પદાર્થો સિદ્ધ થઈ શકે છે, માટે કુતર્કમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ. હવે બતાવે છે કે વિચારક પુરુષનો પ્રયત્ન અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે હોય છે, અને અતીન્દ્રિય અર્થની સિદ્ધિ ક્યારેય કુતર્કથી થઈ શકતી નથી. માટે શ્લોક-૮૮માં બતાવ્યું તેમ કુતર્કમાં અભિનિવેશ કરવો જોઈએ નહિ.

અહીં પ્રશ્ન થાય કે અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય શેનાથી થઈ શકે ? એથી કહે છે –

આગમથી જ અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય થઈ શકે. તેમાં યુક્તિ આપી કે ચંદ્ર અને સૂર્યના ગ્રહણનો નિર્ણય આગમથી થઈ શકે છે, તેમ અન્ય પણ અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય આગમથી થઈ શકે છે.

ચંદ્ર, સૂર્યના ઉપરાગનો નિર્ણય આગમથી થાય છે, એ વચનથી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય આગમથી થાય છે, એવી વ્યાપ્તિ કઈ રીતે નક્કી કરી શકાય ? તેથી કહે છે --

આ લૌકિક અર્થ છે અર્થાત્ લોકમાં એમ કહેવાય છે કે ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણનો નિર્ણય આગમથી થાય છે; કેમ કે આગમ અતીન્દ્રિય એવા ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણને જે પ્રમાણે બતાવે છે, તે પ્રમાણે જ ચંદ્રગ્રહણાદિની પ્રાપ્તિ થાય છે. માટે આગમ અતીન્દ્રિય એવા ચંદ્રગ્રહણાદિને સત્ય બતાવી શકે છે, તેમ અન્ય પણ જે અતીન્દ્રિય અર્થને આગમ બતાવે છે, તે સત્ય છે, એમ નિર્ણય થઈ શકે છે. જ્યારે ગ્રંથકારને તો એ અભિમત છે કે સર્વજ્ઞકથિત આગમ છે, અને સર્વજ્ઞ રાગ-દ્વેષથી પર છે અને સર્વ વસ્તુને સાક્ષાત્ જોઈ શકે છે. તેથી તેમના વચનથી જ અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય થઈ શકે, તે બતાવવા માટે આ લૌકિક અર્થ છે એમ કહેલ છે. **॥૯૮-૯૯॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૯૮-૯૯માં કહ્યું કે વિચારકની પ્રવૃત્તિ અતીન્દ્રિય એવા પુણ્ય, પાપાદિની સિદ્ધિ માટે હોય છે; અને શુષ્ક તર્કથી તેની સિદ્ધિ થાય નહિ, અતીન્દ્રિય અર્થો આગમનો જ વિષય છે. એ કથનનો ઉપસંહાર કરતાં કહે છે –**

**શ્લોક :-**

**एतत्प्रधानः सच्छ्राद्धः शीलवान् योगतत्परः ।**
**जानात्यतीन्द्रियानर्थांस्तथा चाह महामतिः ।।१००।।**

**અન્વયાર્થ :-**

**एतत्प्रधानः=આગમપ્રધાન सच्छ्राद्धः=સાચી શ્રદ્ધાવાળો शीलवान्=શીલવાળો योगतत्परः=યોગમાં તત્પર अतीन्द्रियान् अर्थान्=અતીન્દ્રિય અર્થોને जानाति=જાણે છે च=અને तथा=તે પ્રમાણે=પૂર્વમાં કહ્યું તેવો પુરુષ અતીન્દ્રિય અર્થોને જાણે છે, તે પ્રમાણે महामतिः=પતંજલિ आह=કહે છે. ।।૧૦૦।।**

**શ્લોકાર્થ :-**

**આગમપ્રધાન, સાચી શ્રદ્ધાવાળો, શીલવાળો, યોગમાં તત્પર અતીન્દ્રિય અર્થોને જાણે છે; અને તે પ્રમાણે પતંજલિ કહે છે. ।।૧૦૦।।**

**ટીકા :-**

**'एतत्प्रधान' इत्यागमप्रधानः, 'सच्छ्राद्धः'-प्राज्ञः, 'शीलवान्'=परद्रोहविरतिमान्, 'योगतत्परः'=सदा तदभियुक्तः, एवम्भूतः सन् 'जानात्यतीन्द्रियानर्थान्' धर्मादीन्, 'तथा चाह महामतिः' पतञ्जलिः ।।१००।।**

**ટીકાર્થ :-**

'एतत्प्रधान' ..... पतञ्जलिः ।। **एतत्प्रधानः=આગમપ્રધાન, સત્શ્રદ્ધાવાળો-પ્રજ્ઞાવાળો, શીલવાળો-પરદ્રોહમાં વિરતિવાળો=ષટ્કાયના પાલનમાં તત્પર, યોગમાં તત્પર=હંમેશાં મોક્ષસાધક યોગથી અભિયુક્ત, આવા પ્રકારનો છતો અતીન્દ્રિય એવા ધર્માદિ અર્થોને જાણે છે, અને તે પ્રકારે મહામતિ પતંજલિ કહે છે. ।।૧૦૦।।**

**ભાવાર્થ :-**

**एतत्प्रधान=આગમપ્રધાન :-** પૂર્વમાં કહ્યું કે આગમથી અતીન્દ્રિય અર્થો પ્રાપ્ત થાય છે; તોપણ આ શ્લોકમાં એમ ન કહ્યું કે જે આગમ ભણે એને અતીન્દ્રિય અર્થો પ્રાપ્ત થાય; પરંતુ જે વિચારક યોગી હોય તે વિચારે કે 'અતીન્દ્રિય પદાર્થને કહેનાર સર્વજ્ઞનું વચન છે; માટે મારે કંઈપણ નિર્ણય કરવો હોય તો આગમથી જ અતીન્દ્રિય પદાર્થ જાણવા માટે યત્ન કરવો જોઈએ.' આવા વિચારક યોગી અતીન્દ્રિય અર્થોને જાણવામાં આગમને પ્રધાન કરનારા હોય છે; આમ છતાં આગળનાં બતાવેલાં સર્વ વિશેષણોથી યુક્ત યોગી જ અતીન્દ્રિય અર્થોને આગમથી જાણી શકે છે, માત્ર આગમ ભણનાર યોગી નહિ.

**સાચી શ્રદ્ધાવાળો :-** વળી આગમથી અતીન્દ્રિય અર્થોને જાણનારા યોગી સાચી શ્રદ્ધાવાળા હોય છે અર્થાત્ જ્યાં સુધી શાસ્ત્રવચનના બળથી પરમાર્થનો નિર્ણય ન થાય ત્યાં સુધી સ્વમતિ અનુસાર યથાતથા નિર્ણય કરતા નથી, પરંતુ શાસ્ત્રવચનોને ઉચિત સ્થાને જોડીને તેના પરમાર્થને જાણવા માટે પ્રયત્ન કરવાની નિર્મળ મતિવાળા હોય છે. આથી આવા યોગી જ્યાં સુધી શાસ્ત્રવચનનું તાત્પર્ય ગ્રહણ ન થાય ત્યાં સુધી તેનો યથાર્થ નિર્ણય કરવા માટે શક્તિના પ્રકર્ષથી ઉચિત યત્ન કરનારા હોય છે. તેવા યોગી આગમમાં યત્ન કરીને અતીન્દ્રિય પદાર્થ જાણી શકે, અન્ય નહિ.

**શીલવાન :-** વળી આગમથી અતીન્દ્રિય અર્થોને જાણનારા યોગી શાસ્ત્રના પદાર્થને જાણવા માટે ઉચિત યત્ન કરે, તેમ જીવનમાં શાસ્ત્રવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે, જેથી છ કાયના પાલનના પરિણામરૂપ શીલના પરિણામવાળા બને તો ઘણા અતીન્દ્રિય પદાર્થોનો સૂક્ષ્મ બોધ થાય છે; કેમ કે શીલ નિર્લેપ પરિણતિને પ્રગટ કરે છે, અને જેમ જેમ શીલમાં યત્ન વધે છે તેમ તેમ નિર્લેપ પરિણતિરૂપ સંવરભાવની વિશેષ પ્રાપ્તિ થાય છે. આથી નિર્લેપ પરિણતિરૂપ સંવરભાવની વિશેષ પ્રાપ્તિમાં જેમ શાસ્ત્રનો બોધ આવશ્યક છે તેમ શીલ પણ આવશ્યક છે.

**યોગતત્પર :-** વળી આગમથી અતીન્દ્રિય અર્થોને જાણનારા યોગી મોક્ષસાધક એવા સંયમના યોગોમાં તત્પર હોય તો સંયમના ઊંચા ઊંચા કંડકોનું તેમને વેદન થાય, જેના બળથી મોક્ષને અનુકૂળ એવા

સૂક્ષ્મભાવોનો બોધ થાય. આવા યોગી અતીન્દ્રિય એવા ધર્માદિ અર્થોને સૂક્ષ્મ રીતે જાણી શકે છે, અને તે પ્રમાણે મહામતિ એવા પતંજલિ ઋષિએ પણ કહ્યું છે, જે સ્વયં ગ્રંથકાર આગળ બતાવશે. તેથી એ ફલિત થયું કે અતીન્દ્રિય પદાર્થને જાણવા માટે જેમ શાસ્ત્રનો બોધ આવશ્યક છે, તેમ શાસ્ત્રાનુસારી સંયમમાં અપ્રમાદ પણ આવશ્યક છે. **॥૧૦૦॥**

**અવતરણિકા :-**

किमित्याह –

**અવતરણિકાર્થ :-**

**किम् - શું કહે છે ?=પતંજલિ શું કહે છે ? इति=एतद्=એને=પતંજલિ જે કહે છે એને, કહે છે -**

**શ્લોક :-**

**आगमेनानुमानेन योगाभ्यासरसेन च ।**
**त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ।।१०१।।**

**અન્વયાર્થ :-**

**आगमेन=આગમથી अनुमानेन=અનુમાનથી च=અને योगाभ्यासरसेन=યોગના અભ્યાસના રસથી त्रिधा=ત્રણ પ્રકારે प्रज्ञां प्रकल्पयन्=પ્રજ્ઞાને વ્યાપૃત કરતો उत्तमं तत्त्वं=ઉત્તમ તત્ત્વને लभते=પ્રાપ્ત કરે છે. ।।૧૦૧।।**

**શ્લોકાર્થ :-**

**આગમથી, અનુમાનથી અને યોગના અભ્યાસના રસથી ત્રણ પ્રકારે પ્રજ્ઞાને વ્યાપૃત કરતો ઉત્તમ તત્ત્વને પ્રાપ્ત કરે છે. ।।૧૦૧।।**

**ટીકા :-**

**'आगमेन' आप्तवचनेन लक्षणेन, 'अनुमानेन'-लिङ्गाल्लिङ्गिज्ञानरूपेण, 'योगाभ्यासरसेन च' विहितानुष्ठानात्मकेन, 'त्रिधा प्रकल्पयन्' 'प्रज्ञाम्' उक्तक्रमेणैव, अन्यथेह प्रवृत्त्यसिद्धेः, किमित्याह - 'लभते तत्त्वमुत्तमं' पापसंमोहनिवृत्त्या श्रुतादिभेदेन ।।१०१।।**

**ટીકાર્થ :-**

**'आगमेन' ..... श्रुतादिभेदेन ।। આગમ દ્વારા=યોગવિષયક આપ્તવચનસ્વરૂપ આગમ વડે, લિંગથી લિંગિના જ્ઞાનરૂપ અનુમાન વડે અને શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાનાત્મક યોગાભ્યાસના રસથી, ત્રણ પ્રકારે પ્રજ્ઞાને=જ્ઞાનશક્તિને, ઉક્ત ક્રમથી જ પ્રકલ્પન કરતો=વ્યાપૃત કરતો, ઉત્તમ તત્ત્વને પ્રાપ્ત કરે છે.**

અહીં પ્રશ્ન થાય કે આ ક્રમથી જ પ્રજ્ઞાને કેમ વ્યાપૃત કરે છે ? એથી કહે છે –

**અહીં=તત્ત્વની પ્રાપ્તિમાં, અન્યથા પ્રવૃત્તિની અસિદ્ધિ છે.**

**અહીં પ્રશ્ન થાય કે ઉક્ત ક્રમથી પ્રજ્ઞાને વ્યાપારવાળી કરવાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ કેમ થાય છે ? એથી કહે છે –**

**પાપસંમોહની નિવૃત્તિ થવાથી શ્રુતાદિ ભેદથી ઉત્તમ તત્ત્વને પ્રાપ્ત કરે છે. ॥૧૦૧॥**

**ભાવાર્થ :-**

યોગવિષયક આગમનો બોધ કરવા માટે અતીન્દ્રિય તત્ત્વનો અર્થી પ્રેક્ષાવાન સાધક, (૧) પ્રથમ આગમવચનના તાત્પર્યને જાણવા માટે પ્રયત્ન કરે, (૨) તેનો બોધ કર્યા પછી અનુમાન દ્વારા તે અર્થને સમજવા માટે પ્રયત્ન કરે, અને (૩) આગમવચનથી સમજીને અને અનુમાનથી તાત્પર્યને જોડીને તે આગમવચન પ્રમાણે મોક્ષને અનુકૂળ એવી યોગની પરિણતિના અભ્યાસના રસથી અનુષ્ઠાનોના સેવનમાં યત્ન કરે, તો તત્ત્વને દેખાડવામાં અને તત્ત્વને પરિણમન પમાડવામાં સંમોહ ઉત્પન્ન કરાવે તેવું પાપ નિવર્તન પામે છે; અને પાપ નિવર્તન થવાના કારણે સમ્યગ્ બોધરૂપ શ્રુતની પરિણતિ, અને મોક્ષને અનુકૂળ એવી યોગની પરિણતિરૂપ ચારિત્રની પરિણતિસ્વરૂપ ઉત્તમ તત્ત્વ પ્રાપ્ત થાય છે, પરંતુ આ ક્રમને છોડીને પ્રયત્ન કરવામાં આવે તો પાપ નિવર્તન પામે નહિ અને ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય નહિ.

જેમ કોઈ સાધક શાસ્ત્રવચનના પૂરા તાત્પર્યને જાણ્યા વગર અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે, અથવા શાસ્ત્રના તાત્પર્યને જાણ્યા વગર અનુમાનથી તે શાસ્ત્રવચનને જોડવા પ્રયત્ન કરે તો તત્ત્વની પ્રાપ્તિ થાય નહિ; પરંતુ શાબ્દબોધની મર્યાદાથી શાસ્ત્રવચનો શું કહે છે તેના પરમાર્થનો પ્રથમ નિર્ણય કરે, ત્યારપછી અનુમાન દ્વારા તેને વિચારીને શાસ્ત્રવચનના પરમાર્થનો સ્પષ્ટ નિર્ણય કરે, અને ત્યારપછી યોગાભ્યાસના રસપૂર્વક અનુષ્ઠાનરૂપે તેનું સેવન કરે તો પાપ નિવર્તન પામે છે, અને તેથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. તે ચોક્કસ ક્રમ બતાવવા માટે ટીકામાં કહ્યું કે આ ક્રમથી જ તત્ત્વની પ્રાપ્તિ છે.

'अन्यथेह प्रवृत्त्यसिद्धेः' અન્યથા, તત્ત્વની પ્રાપ્તિમાં, પ્રવૃત્તિની અસિદ્ધિ છે. આ ક્રમપૂર્વક પ્રવૃત્તિ કરવાથી પ્રથમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો શાસ્ત્રવચનને અનુસરતો સામાન્યથી ક્ષયોપશમ થાય છે, ત્યારપછી શાસ્ત્રમાં કહેલાં વચનોને પરસ્પર સાપેક્ષ રીતે ગ્રહણ કરીને અનુમાનથી જાણવા પ્રયત્ન કરવાથી તે શાસ્ત્રના પદાર્થોનું સૂક્ષ્મ મનન થાય છે, ત્યારપછી શ્રુતના બોધ અનુસાર તે તે ઉચિત આચરણા દ્વારા સંયમમાં યત્ન કરવાથી નિદિધ્યાસનની ક્રિયા થાય છે, તેનાથી સંયમની યોગપરિણતિનો ક્ષયોપશમ થાય છે, તે ચારિત્રની પરિણતિરૂપ છે. આ શ્રુત અને ચારિત્રની પરિણતિને અટકાવનાર પાપી એવો સંમોહનો પરિણામ જીવમાં પૂર્વે વર્તતો હતો, તેની નિવૃત્તિ આ ત્રણ પ્રકારની પ્રજ્ઞામાં ક્રમસર કરાતા યત્નથી થાય છે, જેનાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે જીવ પાસે મતિજ્ઞાનનો ક્ષયોપશમ છે, અને સંસારથી કોઈક રીતે વિમુખ થયેલો જીવ તત્ત્વને જાણવાની જિજ્ઞાસાવાળો બને ત્યારે, આગમના અભ્યાસથી તેનું મતિજ્ઞાન શાસ્ત્રવચનોથી કંઈક પરિકર્મિત બને છે, તેથી અતીન્દ્રિય પદાર્થોને જોવાને અનુકૂળ બને છે. તે મતિજ્ઞાનથી દેખાયેલા બોધને શ્રુતજ્ઞાન કહેવાય છે. શાસ્ત્રવચનથી તે બોધ કર્યા પછી અનુમાનપ્રયોગ દ્વારા તે પદાર્થનો યથાર્થ નિર્ણય

કરવામાં આવે ત્યારે પૂર્વનું શ્રુતજ્ઞાન વિશેષ પ્રકારના શ્રુતરૂપે પરિણમન પામે છે, અને તે શ્રુતનો ઉપયોગ શાસ્ત્રાનુસારી ક્રિયાથી કષાયના સંશ્લેષ વગરનો કંઈક કંઈક અંશે બનવા માંડે છે, જે ક્રમસર વધીને વીતરાગભાવસ્વરૂપ બને છે; અને બારમા ગુણસ્થાનકમાં સંપૂર્ણ કષાયના શ્લેષ વગરનો શ્રુતજ્ઞાનનો વિશિષ્ટ ઉપયોગ હોય છે, જેને શાસ્ત્રપરિભાષામાં મતિવિશેષ કહેવામાં આવે છે, અને તે મતિવિશેષ તેરમા ગુણસ્થાનકે કેવળજ્ઞાનના ઉપયોગમાં પરિણમન પામે છે. **॥૧૦૧॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૦૧માં કહ્યું કે આગમથી, અનુમાનથી અને યોગના અભ્યાસથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. એ જ અર્થને શ્લોક-૧૦૨ થી ૧૫૨ સુધી કહે છે –

ત્યાં પ્રથમ પ્રશ્ન થાય કે આગમથી અતીન્દ્રિય પદાર્થનો બોધ કરવા માટે યત્ન કરવાનો છે, અને બધા દર્શનવાદીઓનાં આગમો જુદાં જુદાં છે. તેથી કયા આગમથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે ? તે બતાવવા માટે પ્રથમ તો આગમ સર્વજ્ઞના વચનરૂપ છે, અને સર્વ દર્શનકારો સર્વજ્ઞના વચનને આશ્રય કરે છે, માટે સર્વજ્ઞ જુદા જુદા છે તેમ માનીને આગમને જુદા માનવા તે યુક્ત નથી, તે બતાવવા માટે શ્લોક-૧૦૨ થી પ્રારંભ કરે છે –

**શ્લોક :-**

**न तत्त्वतो भिन्नमताः सर्वज्ञा बहवो यतः ।**
**मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ।।१०२।।**

**અન્વયાર્થ :-**

**तत्त्वतः=તત્ત્વથી सर्वज्ञाः=સર્વજ્ઞો भिन्नमताः=ભિન્ન અભિપ્રાયવાળા न=નથી यतः=જે કારણથી बहवः=ઘણા છે ततः=તે કારણથી तदधिमुक्तीनां=સર્વજ્ઞ પ્રત્યે અતિશય શ્રદ્ધાવાળાઓને तद्भेदाश्रयणं=તેના ભેદનો સ્વીકાર=સર્વજ્ઞના ભેદનો સ્વીકાર मोहः=મોહ છે. ।।૧૦૨।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વથી સર્વજ્ઞો ભિન્ન અભિપ્રાયવાળા નથી, જે કારણથી ઘણા છે તે કારણથી સર્વજ્ઞ પ્રત્યે અતિશય શ્રદ્ધાવાળાઓને સર્વજ્ઞના ભેદનો સ્વીકાર મોહ છે. ।।૧૦૨।।**

**ટીકા :-**

**'न' 'तत्त्वतः'=परमार्थेन, 'भिन्नमता'=भिन्नाभिप्रायाः, 'सर्वज्ञा बहवो' 'यतो'=यस्मात्, मोहस्तदधिमुक्तीनां=सर्वा(र्वज्ञा)तिशयश्राद्धानां, 'तद्भेदाश्रयणं'=सर्वज्ञभेदाङ्गीकरणं, 'ततः'=तस्माद्, इति ।।१०२।।**

**ટીકાર્થ :-**

'न' 'तत्त्वतः' ..... तस्माद्, इति ।। **પરમાર્થથી ભિન્નમતવાળા=ભિન્ન અભિપ્રાયવાળા સર્વજ્ઞ નથી; જે કારણથી ઘણા છે=સર્વજ્ઞ ઘણા છે, ततः=तस्मात्=તે કારણથી, તદધિમુક્તિવાળાઓનું=સર્વજ્ઞ પ્રત્યેની અતિશય શ્રદ્ધાવાળાઓનું, તેના ભેદનું આશ્રયણ=સર્વજ્ઞના ભેદનો સ્વીકાર, મોહ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૦૨॥**

**ભાવાર્થ :-**

પરમાર્થથી સંપૂર્ણ વસ્તુને જાણે તે સર્વજ્ઞ કહેવાય, અને તે સર્વજ્ઞના અભિપ્રાય ભિન્ન નથી પરંતુ એક જ છે; અને સર્વજ્ઞ ઘણા છે, માટે સર્વજ્ઞની શ્રદ્ધાવાળા જીવો કહે કે અમારા સર્વજ્ઞ જુદા છે અને તમારા સર્વજ્ઞ જુદા છે, તો તે પ્રકારનો ભેદ સ્વીકારવો તે મોહ છે; કેમ કે બધા સર્વજ્ઞ એક જ વસ્તુ કહે છે જુદી કહેતા નથી. તેથી કોઈપણ દર્શનવાળા સર્વજ્ઞને સ્વીકારતા હોય અને સર્વજ્ઞના વચનનો આશ્રય કરતા હોય, તો તે સર્વ દર્શનવાદીઓ એક જ સર્વજ્ઞનો આશ્રય કરે છે. માટે ભિન્ન ભિન્ન દર્શનવાદીઓ પોતપોતાના આગમના પ્રણેતા સર્વજ્ઞ વ્યક્તિથી જુદા છે તેમ ભલે માને, પરંતુ તેમનો અભિપ્રાય ભિન્ન છે તેમ માને તો તે મોહ છે. **॥૧૦૨॥**

**અવતરણિકા :-**

**कथमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેવી રીતે ?=સર્વજ્ઞના ભેદનું આશ્રયણ કેવી રીતે મોહ છે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે સર્વજ્ઞ વ્યક્તિથી અનેક હોવા છતાં ભિન્ન અભિપ્રાયવાળા નથી. માટે પોતપોતાના દર્શનના ઉપાસ્ય સર્વજ્ઞ જુદા છે, તે પ્રકારના ભેદનું આશ્રયણ મોહ છે. કેમ મોહ છે ? એથી કહે છે –

**શ્લોક :-**

**सर्वज्ञो नाम यः कश्चित्पारमार्थिक एव हि ।**
**स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ।।१०३।।**

**અન્વયાર્થ :-**

**पारमार्थिक एव हि=પારમાર્થિક જ यः कश्चित् सर्वज्ञः=જે કોઈ સર્વજ્ઞ છે व्यक्तिभेदेऽपि=વ્યક્તિનો ભેદ હોતે છતે પણ तत्त्वतः=તત્ત્વથી सः=તે सर्वत्र=સર્વ ક્ષેત્ર અને સર્વકાળમાં एक एव=એક જ છે. ॥૧૦૩॥**

શ્લોકાર્થ :-

**પારમાર્થિક જ જે કોઈ સર્વજ્ઞ છે, વ્યક્તિનો ભેદ હોતે છતે પણ તે તત્ત્વથી સર્વક્ષેત્ર અને સર્વકાળમાં એક જ છે. ॥૧૦૩॥**

ટીકા :-

**'सर्वज्ञो नाम यः कश्चिद्' अर्हदादिः, 'पारमार्थिक एव हि'=निरुपचरितः, 'स एक एव सर्वत्र' सर्वज्ञत्वेन 'व्यक्तिभेदेऽपि तत्त्वतः' ऋषभादिलक्षणे सति ।।१०३।।**

ટીકાર્થ :-

**'सर्वज्ञो नाम ..... सति ।। પારમાર્થિક જ=નિરુપચરિત જ, જે કોઈ અર્હદાદિ સર્વજ્ઞ છે; વ્યક્તિનો ભેદ હોતે છતે પણ=ઋષભાદિ સ્વરૂપ વ્યક્તિનો ભેદ હોતે છતે પણ, તે તત્ત્વથી સર્વત્ર=સર્વક્ષેત્ર અને સર્વકાળમાં, સર્વજ્ઞપણાથી એક જ છે. ॥૧૦૩॥**

❖ 'अर्हदादिः' માં 'आदि' પદથી શ્લોક-૧૩૪માં કહેશે એ પ્રમાણે કપિલ, સુગતાદિનું ગ્રહણ કરવું.

❖ 'ऋषभादिलक्षणे' માં 'आदि' પદથી અજિતનાથ આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ઋષભદેવ, અજિતનાથ આદિ વ્યક્તિના ભેદથી જેમ સ્વમત પ્રમાણે પણ તીર્થંકરોનો ભેદ છે, તોપણ સર્વજ્ઞપણારૂપે સર્વ તીર્થંકરોનું એકપણું છે; તેમ પારમાર્થિક સર્વજ્ઞ અર્હત્, કપિલ, સુગતાદિ જે કોઈ હોય તે સર્વ એક અભિપ્રાયવાળા હોવાથી એક છે.

અહીં પારમાર્થિક કહેવાથી એ કહેવું છે કે જે સર્વ શાસ્ત્રોને જાણનાર હોય તે પણ સર્વજ્ઞ કહેવાય, પરંતુ તે સર્વજ્ઞ ઉપચારથી છે પારમાર્થિક નથી; અને જગતના તમામ પદાર્થોને જે યથાર્થ જાણે તે પારમાર્થિક સર્વજ્ઞ કહેવાય; અને તેવા સર્વજ્ઞોમાંથી કોઈનું નામ કપિલ હોય, બુદ્ધ હોય કે અન્ય કોઈ હોય, પરંતુ સર્વજ્ઞરૂપે ઉપાસ્ય એક જ છે. માટે જુદા જુદા દર્શનવાદીઓ માને કે અમારા સર્વજ્ઞ જુદા અને તમારા સર્વજ્ઞ જુદા, તો તેવા ભેદનું આશ્રયણ કરવું તે મોહ છે, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. **॥૧૦૩॥**

અવતરણિકા :-

**પૂર્વના શ્લોક-૧૦૨ અને ૧૦૩માં સ્થાપન કર્યું કે સર્વજ્ઞ પ્રત્યેની શ્રદ્ધાવાળાઓને અર્હત્, કપિલ, બુદ્ધ આદિનું ભેદાશ્રયણ મોહ છે, વસ્તુતઃ પારમાર્થિક સર્વજ્ઞ એક છે. હવે ભિન્ન ભિન્ન દર્શનવાદી સર્વજ્ઞના ઉપાસકો એક જ સર્વજ્ઞની ઉપાસના કરે છે, તે યુક્તિથી બતાવવા માટે કહે છે –**

શ્લોક :-

**प्रतिपत्तिस्ततस्तस्य सामान्येनैव यावताम् ।**
**ते सर्वेऽपि तमापन्ना इति न्यायगतिः परा ।।१०४।।**

**અન્વયાર્થ :-**

**ततः=તે કારણથી=પારમાર્થિક સર્વજ્ઞ એક છે તે કારણથી तस्य=તેનો=સર્વજ્ઞનો सामान्येनैव= સામાન્યથી જ यावताम्=જેટલાઓને प्रतिपत्तिः=સ્વીકાર છે, તે सर्वेऽपि=તેઓ સર્વે પણ तम्=તેને= સર્વજ્ઞને=મુખ્ય સર્વજ્ઞને आपन्नाः=પામેલા છે, इति=એ પ્રકારે परा न्यायगतिः=સર્વોચ્ચ યુક્તિ છે. ।।૧૦૪।।**

**શ્લોકાર્થ :-**

**પારમાર્થિક સર્વજ્ઞ એક છે તે કારણથી સર્વજ્ઞની સામાન્યથી જ જેટલાઓને પ્રતિપત્તિ છે તેઓ સર્વે પણ મુખ્ય સર્વજ્ઞને પામેલા છે, એ પ્રકારે સર્વોચ્ચ યુક્તિ છે. ।।૧૦૪।।**

**ટીકા :-**

**'प्रतिपत्तिस्ततः' 'तस्य'=सर्वज्ञस्य 'सामान्येनैव' 'यावतां'-तन्त्रान्तरीयाणामपि, 'ते सर्वेऽपि तमापन्नाः' सर्वज्ञं मुख्यमेव 'इति न्यायगतिः परा,' तमन्तरेण तत्प्रतिपत्तेरसिद्धेः ।।१०४।।**

**ટીકાર્થ :-**

**'प्रतिपत्तिस्ततः' ..... तत्प्रतिपत्तेरसिद्धेः ।। તે કારણથી=પારમાર્થિક સર્વજ્ઞ એક છે તે કારણથી, સામાન્યથી જ તેની=સર્વજ્ઞની, પ્રતિપત્તિ=સ્વીકાર, જેટલા તંત્રાંતરીઓને પણ છે=અન્ય દર્શનવાળાઓને પણ છે, તેઓ સર્વે પણ તેને=મુખ્ય જ સર્વજ્ઞને, પામેલા છે, એ પ્રમાણે પરા ન્યાયગતિ છે=સર્વોચ્ચ યુક્તિ છે; કેમ કે તેના વગર=સામાન્ય વગર, તેની પ્રતિપત્તિની=સર્વજ્ઞની પ્રતિપત્તિની, અસિદ્ધિ છે. ।।૧૦૪।।**

❖ 'तन्त्रान्तरीयाणामपि' માં 'अपि' થી એ કહેવું છે કે જૈનદર્શનને માનનારા સર્વજ્ઞના ઉપાસકો તો સામાન્યથી સર્વજ્ઞને પામેલા છે, પરંતુ અન્ય દર્શનવાળા પણ સામાન્યથી સર્વજ્ઞને પામેલા છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં શ્લોક-૧૦૩માં સ્થાપન કર્યું કે વ્યક્તિના ભેદથી સર્વજ્ઞ જુદા હોવા છતાં સર્વજ્ઞપણારૂપે સર્વજ્ઞ એક જ છે, તેથી સર્વજ્ઞની ઉપાસના કરનારાઓ સર્વ એક જ સર્વજ્ઞની ઉપાસના કરે છે. તે બતાવવા માટે પ્રસ્તુત શ્લોકમાં કહે છે કે અન્ય દર્શનવાળાઓ પણ જે કોઈ સામાન્યથી જ સર્વજ્ઞને સ્વીકારે છે, તે સર્વ પણ મુખ્ય સર્વજ્ઞને જ=જે જ્ઞાનાવરણીયના સંપૂર્ણ ક્ષયથી સર્વજ્ઞ બનેલા છે, અને જેમણે શુદ્ધ માર્ગ બતાવ્યો છે, તે મુખ્ય સર્વજ્ઞને જ, સ્વીકારીને તેની ઉપાસના કરે છે.

આશય એ છે કે રાગાદિરહિત હોય અને સંપૂર્ણ જાણનાર હોય તે સર્વજ્ઞ છે; અને તે સર્વજ્ઞ બુદ્ધ છે તેમ કોઈ અન્ય દર્શનવાળા માને છે, તો વળી તે સર્વજ્ઞ કપિલ છે તેમ કોઈ અન્ય દર્શનવાળા માને છે, તો વળી જૈનો ઋષભદેવાદિ સર્વજ્ઞ છે તેમ માને છે, પરંતુ સર્વજ્ઞને વિશેષરૂપે કોઈ જાણી શકતા નથી. આમ છતાં, "રાગાદિ રહિત હોય અને સંપૂર્ણ જાણનાર હોય તે સર્વજ્ઞ", એ પ્રકારે બધા દર્શનવાળા સામાન્યથી સર્વજ્ઞનો સ્વીકાર કરીને બુદ્ધની કે કપિલની ઉપાસના કરે છે, તોપણ તે સર્વ ઉપાસકોના ઉપાસ્ય મુખ્ય જ સર્વજ્ઞ છે= સર્વજ્ઞપણાથી અનુપચરિત એવા એક સર્વજ્ઞ છે; કેમ કે કોઈ છદ્મસ્થો સર્વ પ્રકારે વિશેષથી સર્વજ્ઞને જાણી

શકતા નથી, પરંતુ સ્વબોધ અનુસાર કંઈક વિશેષતાયુક્ત પણ આ પૂર્ણગુણવાળા પુરુષ છે, એ પ્રકારે સામાન્યથી જ સર્વજ્ઞને જાણી શકે છે. તેથી કોઈપણ દર્શનવાળા સામાન્યથી ઉપાસ્ય તરીકે સર્વજ્ઞને સ્વીકારીને તેની ઉપાસના કરતા હોય, અને તે સર્વજ્ઞને બુદ્ધ કહેતા હોય, કપિલ કહેતા હોય કે ઋષભદેવ કહેતા હોય, તોપણ અર્થથી તે સર્વેના ઉપાસ્ય મુખ્ય જ=કેવલજ્ઞાનને પામેલા એક જ સર્વજ્ઞ છે. માટે સર્વ દર્શનકારોને ઉપાસ્ય તરીકે માન્ય સર્વજ્ઞ, નામથી જુદા હોવા છતાં અર્થથી એક છે. **॥૧૦૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦૪માં બતાવ્યું કે સર્વજ્ઞની ઉપાસના કરનાર સર્વ દર્શનકારો સર્વજ્ઞને સામાન્યથી સ્વીકારી શકે છે. તેને જ દૃઢ કરવા માટે બતાવે છે –**

**શ્લોક :-**

**विशेषस्तु पुनस्तस्य कार्त्स्न्येनासर्वदर्शिभिः ।**
**सर्वैर्न ज्ञायते तेन तमापन्नो न कश्चन ।।१०५।।**

**અન્વયાર્થ :-**

**पुनः=વળી तस्य=તેનો=સર્વજ્ઞનો कार्त्स्न्येन=સંપૂર્ણ રીતે विशेषस्तु=વિશેષ જ सर्वैरसर्वदर्शिभिः=સર્વ છદ્મસ્થો વડે ज्ञायते न=જણાતો નથી, तेन=તે કારણથી तम्=તેને=સર્વજ્ઞને कश्चन=કોઈ आपन्नो न=પામેલો નથી. ।।૧૦૫।।**

**શ્લોકાર્થ :-**

**વળી સર્વજ્ઞનો સંપૂર્ણ રીતે વિશેષ જ સર્વ છદ્મસ્થો વડે જણાતો નથી, તે કારણથી સર્વજ્ઞને કોઈ પામેલો નથી. ।।૧૦૫।।**

**ટીકા :-**

**'विशेषस्तु'=भेद एव, 'पुनः' 'तस्य'=सर्वज्ञस्य, 'कार्त्स्न्येनासर्वदर्शिभिः'-प्रमातृभिः 'सर्वैर्न विज्ञायते,' तददर्शनात्, दर्शनेऽपि तज्ज्ञानाऽगतेः, 'तेन' कारणेन 'तं'-सर्वज्ञं 'आपन्नः'-प्रतिपन्नो, 'न कश्चन' असर्वदर्शी ।।१०५।।**

**ટીકાર્થ :-**

**'विशेषस्तु' ..... असर्वदर्शी ।। વળી તેનો=સર્વજ્ઞનો, સંપૂર્ણથી વિશેષ જ=ભેદ જ= અસર્વજ્ઞ કરતાં સર્વજ્ઞનો સંપૂર્ણથી ભેદ જ, સર્વ અસર્વદર્શી પ્રમાતૃ દ્વારા=સર્વ છદ્મસ્થો દ્વારા, જણાતો નથી; કેમ કે તેનું અદર્શન છે=સર્વજ્ઞનું અદર્શન છે. દર્શનમાં પણ=સાક્ષાત્ સર્વજ્ઞ ઉપલબ્ધ હોય તોપણ, તેના જ્ઞાનની=અસર્વજ્ઞ કરતાં સર્વજ્ઞના સંપૂર્ણથી ભેદના જ્ઞાનની, અગતિ છે=અપ્રાપ્તિ છે. તે કારણથી=કોઈ**

**છદ્મસ્થ વિશેષરૂપે સર્વજ્ઞના ભેદને જાણતા નથી તે કારણથી, કોઈ અસર્વદર્શી=કોઈ છદ્મસ્થ, તેને=સર્વજ્ઞને, પામેલો નથી. ॥૧૦૫॥**

**શ્લોક :-**

**तस्मात्सामान्यतोऽप्येनमभ्युपैति य एव हि ।**
**निर्व्याजं तुल्य एवासौ तेनांशेनैव धीमताम् ॥१०६॥**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તે કારણથી=છદ્મસ્થ વિશેષથી સર્વજ્ઞને જાણતો નથી તે કારણથી, सामान्यतोऽपि=સામાન્યથી પણ एनम्=આને=સર્વજ્ઞને निर्व्याजं=નિર્વ્યાજ य एव हि=જે જ अभ्युपैति=સ્વીકારે છે, तेनांशेनैव=તે અંશથી જ=સર્વજ્ઞના સ્વીકારના અંશથી જ धीमताम्=બુદ્ધિમાનોને असौ=સર્વજ્ઞને સ્વીકારનાર तुल्य एव=તુલ્ય જ છે=બુધ, કપિલ, અર્હદાદિને સ્વીકારનાર સમાન જ છે. ॥૧૦૬॥**

**શ્લોકાર્થ :-**

**છદ્મસ્થ, વિશેષથી સર્વજ્ઞને જાણતો નથી તે કારણથી, સામાન્યથી પણ સર્વજ્ઞને નિર્વ્યાજ જે જ સ્વીકારે છે, તે અંશથી જ બુદ્ધિમાનોને આ=સર્વ ઉપાસકો, સમાન જ છે. ॥૧૦૬॥**

**ટીકા :-**

**'तस्मात्सामान्यतोऽपि' 'एनं'=सर्वज्ञं, 'अभ्युपैति य एव हि' कश्चिदसर्वदर्शी, 'निर्व्याजम्'= औचित्ययोगेन तदुक्तपालनपरः, 'तुल्य एवासौ' 'तेनांशेन'=सर्वज्ञप्रतिपत्तिलक्षणेन, 'धीमताम्' अनुपहतबुद्धीनामित्यर्थः ॥१०६॥**

**ટીકાર્થ :-**

**'तस्मात्सामान्यतोऽपि' ..... अनुपहतबुद्धीनामित्यर्थः ॥ તે કારણથી=છદ્મસ્થ વિશેષથી સર્વજ્ઞને જાણતો નથી તે કારણથી, સામાન્યથી પણ જે કોઈ અસર્વદર્શી, આને=સર્વજ્ઞને, નિર્વ્યાજ સ્વીકારે છે=ઔચિત્યના યોગથી તેમના વડે કહેવાયેલાના પાલનમાં પર છે અર્થાત્ સર્વજ્ઞ વડે કહેવાયેલા આચારના પાલનમાં તત્પર છે, असौ=એ, તે અંશથી=સર્વજ્ઞના સ્વીકારરૂપ અંશથી, બુદ્ધિમાનોને=અનુપહત બુદ્ધિવાળાઓને, સમાન જ છે=કપિલ, બુધ કે અરિહંતના ઉપાસકો સર્વજ્ઞના સ્વીકાર અંશથી સમાન જ છે. ॥૧૦૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૦૪માં કહેલ કે જે કોઈ અન્ય દર્શનવાળા પણ સામાન્યથી સર્વજ્ઞને સ્વીકારે છે, તે સર્વ મુખ્ય સર્વજ્ઞને=કેવલજ્ઞાનને પામેલા એવા મુખ્ય સર્વજ્ઞને, પામેલા છે, એ પ્રકારની પરા ન્યાયગતિ છે, અને એ પરા ન્યાયગતિ કઈ રીતે છે, તે પ્રસ્તુત શ્લોક ૧૦૫-૧૦૬ દ્વારા સ્પષ્ટ કરે છે.

કોઈ છદ્મસ્થ, સંપૂર્ણથી સર્વજ્ઞના વિશેષ ભેદને જાણી શકતો નથી; કેમ કે વર્તમાનમાં સર્વજ્ઞ દેખાતા નથી કે જેને જોઈને સર્વજ્ઞ કેવા હોય તેનો નિર્ણય કરી શકાય; અને સર્વજ્ઞ કદાચ દેખાતા હોય તોપણ છદ્મસ્થ ઇંદ્રિયથી તેમના દેહનો આકાર વગેરે જોઈ શકે, અને તેમનાં અવિસંવાદી વચનો દ્વારા આ સર્વજ્ઞ છે તેવું સામાન્ય અનુમાન કરી શકે, પરંતુ અસર્વજ્ઞ કરતાં સર્વજ્ઞનો ભેદ છે તેને સંપૂર્ણ રીતે કોઈ છદ્મસ્થ જાણી શકતો નથી. તેથી કોઈ છદ્મસ્થ વિશેષથી સર્વજ્ઞને પામેલા નથી, આ પ્રકારનું સ્પષ્ટીકરણ શ્લોક-૧૦૫માં કરીને હવે તેનાથી શું ફલિત થાય ? તે શ્લોક-૧૦૬માં બતાવે છે.

છદ્મસ્થો, સંપૂર્ણથી સર્વજ્ઞને જાણતા નથી; તે કારણથી સામાન્યથી જે કોઈ છદ્મસ્થ ઉપાસક સર્વજ્ઞને સ્વીકારે છે, તે સર્વ છદ્મસ્થો સર્વજ્ઞના સ્વીકાર અંશથી બુદ્ધિમાનોને સમાનરૂપે માન્ય છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે સામાન્યથી સર્વજ્ઞને સ્વીકારે છે એટલે શું ? તેથી ખુલાસો કર્યો કે જે ઉપાસક નિર્વ્યાજ=કપટ રહિત હૈયાથી, સ્વીકારે છે, અર્થાત્ જે ઉપાસક ઔચિત્યના યોગથી સર્વજ્ઞએ કહેલા આચારોના પાલનમાં તત્પર છે, તે ઉપાસક સામાન્યથી સર્વજ્ઞને સ્વીકારે છે.

આશય એ છે કે સર્વજ્ઞે રાગ, દ્વેષ અને મોહના નાશને માટે ઉપાયો બતાવેલા છે, અને તેથી જે લોકો સર્વજ્ઞનું અવલંબન લઈને યમનિયમાદિ આચારોને પાળીને શમપ્રધાન માર્ગમાં યત્ન કરે છે, તેઓ સર્વજ્ઞના કહેવાયેલા આચારના પાલનમાં તત્પર છે, અને તેથી આવા જીવો સર્વજ્ઞના આચારોને પાળીને ક્રમસર વીતરાગ બને છે. માટે કોઈપણ દર્શનવાળા જીવો ઔચિત્યયોગથી સર્વજ્ઞના કહેવાયેલા આચારોને પાળતા હોય તેઓ સર્વજ્ઞને જ ઉપાસ્યરૂપે પામેલા છે. તેથી તે ઉપાસકો ક્વચિત્ અન્ય દર્શનમાં રહેલા હોય કે જૈનદર્શનમાં રહેલા હોય, પરમાર્થથી તે સર્વ એક જ સર્વજ્ઞની ઉપાસના કરીને યોગમાર્ગમાં પ્રવૃત્ત છે, માટે તે સર્વને બુદ્ધિમાનોએ ભાવથી જૈન કહેલ છે. **॥૧૦૫-૧૦૬॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं निदर्शनगर्भमाह –**

**અવતરણિકાર્થ :-**

**દૃષ્ટાંત છે ગર્ભમાં જેને એવા આ જ અર્થને=શ્લોક-૧૦૪ થી ૧૦૬ સુધી બતાવ્યું કે સામાન્યથી જે કોઈ દર્શનવાદીઓ સર્વજ્ઞને સ્વીકારે છે તે સર્વ મુખ્ય જ સર્વજ્ઞના ઉપાસકો છે, એ જ અર્થને, કહે છે -**

**શ્લોક :-**

**यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः ।**
**दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ।।१०७।।**
**सर्वज्ञतत्त्वाऽभेदेन तथा सर्वज्ञवादिनः ।**
**सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ।।१०८।।**

**અન્વયાર્થ :-**

यथैव=જેમ જ एकस्य नृपतेः=એક રાજાને बहवोऽपि समाश्रिताः=ઘણા પણ આશ્રિતો दूरासन्नादिभेदेऽपि= દૂરાસન્નાદિ ભેદ હોતે છતે પણ ते सर्व एव=તેઓ સર્વ જ तद्भृत्याः=તેના ભૃત્યો છે=તે રાજાના સેવકો છે. ।।૧૦૭।।

तथा=તે પ્રકારે सर्वज्ञतत्त्वाऽभेदेन=સર્વજ્ઞતત્ત્વનો અભેદ હોવાને કારણે भिन्नाचारस्थिता अपि सर्वे सर्वज्ञवादिनः=ભિન્ન આચારમાં રહેલા પણ સર્વ સર્વજ્ઞવાદીઓ तत्तत्त्वगा=તત્ તત્ત્વ તરફ જનારા છે= સર્વજ્ઞ તત્ત્વ તરફ જનારા ज्ञेया=જાણવા. ।।૧૦૮।।

**શ્લોકાર્થ :-**

**જેમ જ એક રાજાને ઘણા પણ આશ્રિતો, દૂરાસન્નાદિ ભેદ હોતે છતે પણ, તેઓ સર્વ જ તે રાજાના સેવકો છે, ।।૧૦૭।।**

**તે પ્રકારે સર્વજ્ઞ તત્ત્વનો અભેદ હોવાને કારણે ભિન્ન આચારમાં રહેલા પણ સર્વ સર્વજ્ઞવાદીઓ સર્વજ્ઞ તત્ત્વ તરફ જનારા જાણવા. ।।૧૦૮।।**

❖ 'दूरासन्नादिभेदेऽपि' માં 'आदि' પદથી દૂરતર, દૂરતમ, આસન્નતર, આસન્નતમનું ગ્રહણ કરવું.

❖ 'दूरासन्नादिभेदेऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે દૂરાસન્નાદિ ભેદ ન હોય તો તો એક રાજાના આશ્રિત છે, પરંતુ દૂરાસન્નાદિ ભેદ હોતે છતે પણ એક રાજાના આશ્રિત છે.

**ટીકા :-**

**'यथैवैकस्य नृपतेः'-कस्यचिद्विवक्षितस्य, 'बहवोऽपि समाश्रिताः'-पुमांसो, 'दूरासन्नादिभेदेऽपि' सति तथानियोगादिभेदेन कृते, 'तद्भृत्या'-विवक्षितनृपतिभृत्याः, 'सर्व एव ते' समाश्रिता इति ।।१०७।।**

**ટીકાર્થ :-**

'यथैवैकस्य ..... समाश्रिता इति ।। જે પ્રમાણે જ કોઈ વિવક્ષિત એક રાજાને ઘણા પણ આશ્રિત પુરુષો, તે પ્રકારના નિયોગાદિ ભેદ વડે કરાયેલ દૂરાસન્નાદિ ભેદ હોતે છતે પણ સર્વ જ તે આશ્રિતો તેના ભૃત્યો છે=વિવક્ષિત રાજાના સેવકો છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૦૭।।

❖ 'तथानियोगादिभेदेन' માં 'आदि' પદથી રાજાની કૃપાને મેળવવાને અનુકૂળ તેવી બુદ્ધિની પટુતા આદિનું ગ્રહણ કરવું.

**અવતરણિકા :-**

दार्ष्टान्तिकयोजनमाह –

**અવતરણિકાર્થ :-**

**દાર્ષ્ટાંતિક યોજનને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૦૭માં એક રાજાને આશ્રિત અનેક સેવકોનું દૃષ્ટાંત બતાવ્યું. તે દૃષ્ટાંતના દાર્ષ્ટાંતિક યોજનને શ્લોક-૧૦૮માં કહે છે –

**ટીકા :-**

**'सर्वज्ञतत्त्वाभेदेन'-यथोदितनीत्या हेतुभूतेन 'तथा' नृपतिसमाश्रितबहुपुरुषवत् 'सर्वज्ञवादिनः सर्वे' जिनादिमतभेदावलम्बिनः 'तत्तत्त्वगाः' सर्वज्ञतत्त्वगाः, 'ज्ञेया भिन्नाचारस्थिता अपि' तथाधिकारभेदेनेति ।।१०८।।**

**ટીકાર્થ :-**

**'सर्वज्ञतत्त्वाभेदेन' ..... तथाधिकारभेदेनेति ।। તે પ્રકારે=નૃપતિસમાશ્રિત બહુ પુરુષોની જેમ, તે પ્રકારના અધિકારના ભેદથી ભિન્ન આચારમાં રહેલા પણ જિનાદિમતભેદાવલંબી સર્વ સર્વજ્ઞવાદીઓ, હેતુભૂત એવી યથોદિત નીતિથી=શ્લોક-૧૦૩માં કહેલ સર્વજ્ઞનો અભેદ સ્વીકારવામાં હેતુભૂત એવી નીતિથી, સર્વજ્ઞતત્ત્વનો અભેદ હોવાને કારણે તત્તત્ત્વગા=સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા, જાણવા.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૦૮।।**

❖ 'भिन्नाचारस्थिता अपि' માં 'अपि' થી એ કહેવું છે કે જિનમતના આચારમાં રહેલા તો સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે, પરંતુ ભિન્ન આચારમાં=અન્ય દર્શનના આચારમાં, રહેલા પણ સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે.

**ભાવાર્થ :-**

જેમ કોઈ એક વિવક્ષિત રાજાને સેવક તરીકે દૂર, દૂરતર, દૂરતમ, આસન્ન, આસન્નતર, આસન્નતમ આદિ ભેદથી ઘણા પુરુષો આશ્રિત હોય, તોપણ તે સર્વ એક જ રાજાના સેવકો કહેવાય છે અર્થાત્ કોઈ રાજાએ કોઈને મંત્રી તરીકે નિયોગ કર્યો છે, તો કોઈને દ્વારપાળ તરીકે નિયોગ કર્યો છે, તો કોઈને કોઈ અન્ય અન્ય કાર્યોમાં નિયોગ કર્યો છે; અને તેમાં વળી કોટવાળ કે દ્વારપાળ દૂરનો સેવક કહેવાય, અને મંત્રી નજીકનો સેવક કહેવાય, છતાં તે સર્વ એક રાજાના સેવકો કહેવાય છે; તે રીતે જુદાં જુદાં દર્શનોમાં રહેલા યોગમાર્ગના સર્વ ઉપાસકો સર્વજ્ઞની ઉપાસના કરીને એક સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે. તેથી સર્વજ્ઞ શબ્દથી કોઈ જિનને ગ્રહણ કરે છે, તો કોઈ બુદ્ધને ગ્રહણ કરે છે, તો અન્ય કોઈ વળી કપિલને ગ્રહણ કરે છે; એ રીતે મતભેદને અવલંબન કરનારા હોવા છતાં સર્વ સર્વજ્ઞવાદીઓ એક સર્વજ્ઞને ઉપાસ્ય કરીને તે સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે; કેમ કે, બધાને માટે ઉપાસ્ય સર્વજ્ઞતત્ત્વનો અભેદ છે.

અહીં ટીકામાં કહ્યું કે યથોદિત નીતિથી હેતુભૂત એવા સર્વજ્ઞતત્ત્વનો અભેદ હોવાને કારણે સર્વ ઉપાસકો સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે. તેનો આશય એ છે કે શ્લોક-૧૦૩માં કહ્યું એ પ્રમાણે સર્વજ્ઞરૂપ વ્યક્તિના ભેદમાં પણ સર્વજ્ઞ એક છે, તેથી સર્વજ્ઞત્વનો અભેદ છે. માટે સામાન્યથી સર્વજ્ઞનો સ્વીકાર કરનાર જેટલા દર્શનવાદીઓ છે તે સર્વ મુખ્ય સર્વજ્ઞને પામેલા છે, તેથી સર્વ સર્વજ્ઞવાદીઓ સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે.

વળી ભિન્નાચારમાં રહેલાને તે પ્રકારનો અધિકારનો ભેદ હોવાને કારણે તેઓ પણ સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે, તેમ કહ્યું. તેનાથી એ બતાવવું છે કે જેમ રાજાના મંત્રીને જુદા પ્રકારનો અધિકાર હોય છે અને કોટવાળને જુદા પ્રકારનો અધિકાર હોય છે, અને પોતાના અધિકાર પ્રમાણે તે કૃત્ય કરે તો તે રાજાનો સેવક કહેવાય; તેમ મંત્રીસ્થાને રહેલાની જેમ જિનમતના આચારમાં રહેલા ઉચ્ચ ભૂમિકાના આચારો પાળીને, વીર ભગવાનની ઉપાસના કરે છે; અને અન્ય દર્શનવાળા, સર્વજ્ઞની ઉપાસના કરવા માટેની પ્રાથમિક ભૂમિકાના અધિકારી છે, તેથી સામાન્યથી સંસારથી અતીત તત્ત્વને બતાવનારા અને રાગ-દ્વેષથી પર સર્વજ્ઞ છે તેમ નિર્ણય કરીને, પોતપોતાના ઉપાસ્ય એવા કપિલાદિને સર્વજ્ઞ માનીને તેમની ઉપાસના કરે છે; અને પોતાની ભૂમિકાના અધિકાર પ્રમાણે યમનિયમાદિની ઉચિત પ્રવૃત્તિઓ કરીને શમમાર્ગનું આશ્રયણ કરે છે, જેના દ્વારા પોતાના અધિકાર પ્રમાણેની ભૂમિકાના આચારોને સેવીને તેઓ પણ સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે. **॥૧૦૭-૧૦૮॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૦૧માં કહેલ કે આગમથી, અનુમાનથી અને યોગના અભ્યાસથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, તેથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિના અર્થીએ આગમમાં યત્ન કરવો જોઈએ. ત્યાં પ્રશ્ન થયો કે દરેક દર્શનનાં આગમો જુદાં જુદાં છે, તેથી કયા આગમથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય ? તેથી શ્લોક-૧૦૨થી માંડીને શ્લોક-૧૦૮ સુધી એ બતાવ્યું કે યોગમાર્ગને કહેનારાં આગમો સર્વજ્ઞકથિત છે, અને ભિન્ન ભિન્ન દર્શનવાળા પણ પોતાના ઉપાસ્ય એવા સર્વજ્ઞના ભેદનો આશ્રય કરે છે, તોપણ તેમના ઉપાસ્ય એવા સર્વજ્ઞમાં સર્વજ્ઞત્વનો ભેદ નથી; તેથી સર્વ દર્શનવાળાઓ મુખ્ય સર્વજ્ઞની ઉપાસના કરીને સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે સર્વ દર્શનકારો પોતપોતાની ભૂમિકા પ્રમાણે જે યમનિયમાદિ આચારો પાળીને શમપરાયણ માર્ગનું આશ્રયણ કરે છે, તે આગમવચનો મુખ્ય સર્વજ્ઞકથિત છે. તેથી તેવાં આગમવચનોનો આશ્રય કરીને પ્રયત્ન કરવામાં આવે તો ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય, એટલું વક્તવ્ય શ્લોક-૧૦૧ થી ૧૦૮ સુધીમાં પ્રાપ્ત થયું. હવે તેનો ઉપસંહાર કરતાં કહે છે –

**શ્લોક :-**

**न भेद एव तत्त्वेन सर्वज्ञानां महात्मनाम् ।**
**तथानामादिभेदेऽपि भाव्यमेतन्महात्मभिः ।।१०९।।**

**અન્વયાર્થ :-**

**तथानामादिभेदेऽपि=તે પ્રકારના નામાદિનો ભેદ હોવા છતાં પણ तत्त्वेन=તત્ત્વથી सर्वज्ञानां महात्मनाम्=સર્વજ્ઞ મહાત્માઓનો ભેદ एव न=ભેદ જ નથી, एतत्=એ महात्मभिः=મહાત્માઓએ भाव्यम्=ભાવન કરવું જોઈએ. ।।૧૦૯।।**

**શ્લોકાર્થ :-**

**તે પ્રકારના નામાદિનો ભેદ હોવા છતાં પણ તત્ત્વથી સર્વજ્ઞ મહાત્માઓનો ભેદ જ નથી, એ મહાત્માઓએ ભાવન કરવું જોઈએ. ।।૧૦૯।।**

**ટીકા :-**

**'न भेद एव' 'तत्त्वेन'=परमार्थेन, 'सर्वज्ञानां महात्मनां'-भावसर्वज्ञानामित्यर्थः तथेष्टानिष्टनामादि-भेदेऽपि सति, 'भाव्यमेतन्महात्मभिः' श्रुतमेधाऽसंमोहसारया प्रज्ञया ।।१०९।।**

**ટીકાર્થ :-**

**'न भेद एव' ..... प्रज्ञया ।। તે પ્રકારના ઈષ્ટ, અનિષ્ટ નામાદિનો ભેદ હોવા છતાં પણ સર્વજ્ઞ મહાત્માઓનો=ભાવસર્વજ્ઞોનો, તત્ત્વથી=પરમાર્થથી, ભેદ જ નથી, એ શ્રુતરૂપી મેધાની અસંમોહપ્રધાન પ્રજ્ઞાથી મહાત્માઓએ ભાવન કરવું જોઈએ.**

❖ 'तथेष्टानिष्टनामादिभेदेऽपि' માં 'आदि' પદથી વ્યક્તિના ભેદનું ગ્રહણ કરવું.

❖ 'तथेष्टानिष्टनामादिभेदेऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે ઇષ્ટ, અનિષ્ટ નામાદિનો ભેદ ન હોય તો તો ભાવસર્વજ્ઞનો ભેદ નથી, પરંતુ ઇષ્ટ, અનિષ્ટ નામાદિનો ભેદ હોવા છતાં પણ ભાવસર્વજ્ઞનો ભેદ નથી. **।।૧૦૯।।**

**ભાવાર્થ :-**

કોઈને સર્વજ્ઞ તરીકે ઉપાસ્ય બુદ્ધ ઇષ્ટ છે અને મહાવીર અનિષ્ટ છે, વળી અન્ય કોઈને મહાવીર ઇષ્ટ છે તો બુદ્ધ અનિષ્ટ છે. આ રીતે ઉપાસ્ય તરીકે ઇષ્ટ અને અનિષ્ટ નામાદિનો ભેદ હોવા છતાં પણ ભાવસર્વજ્ઞનો પરમાર્થથી ભેદ નથી અર્થાત્ રાગ, દ્વેષ અને મોહથી રહિત અને પૂર્ણ વસ્તુને જાણનારા એવા ભાવસર્વજ્ઞનો ભેદ નથી; અને સર્વ દર્શનકારોને આવા ભાવસર્વજ્ઞ ઉપાસ્ય તરીકે માન્ય છે, અને તેથી સર્વ દર્શનકારો આવા સર્વજ્ઞની ઉપાસના કરીને સર્વજ્ઞતત્ત્વ પ્રત્યે જનારા છે, એ વાત શ્લોક-૧૦૮માં બતાવી. માટે સર્વજ્ઞતત્ત્વ પ્રત્યે જવાના યત્નરૂપે કોઈ સાધક કપિલને ભાવસર્વજ્ઞ માનીને ઉપાસના કરતા હોય, તો કોઈ સાધક બુદ્ધને ભાવસર્વજ્ઞ માનીને ઉપાસના કરતા હોય, તો કોઈ સાધક મહાવીરને ભાવસર્વજ્ઞ માનીને

ઉપાસના કરતા હોય, તોપણ તત્ત્વથી તે સર્વના ઉપાસ્ય એવા સર્વજ્ઞનો ભેદ નથી, એ વાત શ્રુતરૂપી મેધાથી ભાવન કરવી અર્થાત્ સંમોહ વગર શ્રુતરૂપી મેધાને પ્રવર્તાવીને ભાવન કરવું.

આશય એ છે કે સર્વજ્ઞના સ્વરૂપને કહેનાર આગમવચન છે, અને તે આગમવચનથી પ્રગટ થયેલી બુદ્ધિ પણ મારા-તારાના પક્ષપાત વગર વસ્તુતત્ત્વને જોવા માટે પ્રવર્તતી હોય તો અસંમોહવાળી છે; અને એવી બુદ્ધિથી વિચારવામાં આવે તો વિચારક જાણી શકે કે 'જે ઉપાસક કદાગ્રહ વગર સર્વજ્ઞના વચનનું અનુસરણ કરીને સર્વજ્ઞની ઉપાસના કરે, તે ઉપાસક શમપરાયણ માર્ગ તરફ જનાર છે; અને તે ઉપાસકો સર્વજ્ઞ તરીકે નામથી કોઈ બુદ્ધને માનતા હોય કે કોઈ મહાવીરને માનતા હોય; તોપણ અર્થથી તો બધા ઉપાસકો સર્વ દોષથી રહિત એવા એક સર્વજ્ઞની ઉપાસના કરવા માટે પોતાની ભૂમિકાના યમનિયમાદિ આચારને સેવે છે; આ પ્રકારના તત્ત્વનું મહાત્માઓએ ભાવન કરવું જોઈએ. અહીં મહાત્મા શબ્દથી પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોનો ઉલ્લેખ કર્યો છે, અને તેઓ આ રીતે ભાવન કરે તો કુતર્ક પ્રત્યેનો અભિનિવેશ જાય, તેથી સ્વસ્વદર્શનની એકાંત માન્યતા માટેનો પ્રયાસ દૂર થાય, અને જેમ યોગમાર્ગના ઉપાયરૂપ યમ-નિયમને તેઓ સેવે છે તેમ મધ્યસ્થતાથી સર્વ શાસ્ત્રોને જોવાથી યોગમાર્ગના સૂક્ષ્મ પદાર્થો પણ તેમને પ્રાપ્ત થાય, જેથી વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થાય. **॥૧૦૯॥**

**અવતરણિકા :-**

**शास्त्रगर्भमेवोपपत्त्यन्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૧૦૨ થી ૧૦૯ સુધી કહેલ કે સર્વજ્ઞની ઉપાસના કરનારા સર્વ મુખ્ય સર્વજ્ઞને આશ્રય કરે છે, અને તેમાં યુક્તિ આપી કે જે કોઈ દર્શનવાદી સર્વજ્ઞને સ્વીકારે છે તે સર્વ દર્શનવાદીઓ સામાન્યથી સર્વજ્ઞને સ્વીકારે છે, પણ કોઈ છદ્મસ્થ વિશેષથી સંપૂર્ણ રીતે સર્વજ્ઞને જાણી શકતો નથી; અને સર્વજ્ઞએ કહેલા યોગમાર્ગને ઔચિત્યથી પાળવામાં જેઓ તત્પર છે, તે સર્વ એક સર્વજ્ઞના ઉપાસક છે, તે વાત શ્લોક-૧૦૬માં સ્થાપન કરી.**

**તેથી એ ફલિત થયું કે સર્વજ્ઞએ કહેલા યોગમાર્ગનું ઔચિત્યથી જે લોકો સેવન કરે છે, તે સર્વ મુખ્ય સર્વજ્ઞ તરફ જનારા છે; પછી ભલે તે ઉપાસ્ય તરીકે કપિલને સર્વજ્ઞ કહેતા હોય, મહાવીરને સર્વજ્ઞ કહેતા હોય કે બુદ્ધને સર્વજ્ઞ કહેતા હોય. આ રીતે યુક્તિથી સર્વ દર્શનવાદીઓ એક સર્વજ્ઞના ઉપાસક છે તેમ બતાવ્યું. હવે શાસ્ત્રગર્ભ એવી બીજી ઉપપત્તિને બતાવે છે અર્થાત્ શાસ્ત્રવચનની યુક્તિથી બતાવે છે કે સર્વજ્ઞના સર્વ ઉપાસકો ભિન્ન ભિન્ન દર્શનમાં રહેલા પણ એક જ સર્વજ્ઞના ઉપાસક છે.**

**શ્લોક :-**

**चित्राऽचित्रविभागेन यच्च देवेषु वर्णिता ।**
**भक्तिः सद्योगशास्त्रेषु ततोऽप्येवमिदं स्थितम् ।।११०।।**

**અન્વયાર્થ :-**

**ચ=અને યત્=જે કારણથી देवेषु=દેવોમાં=લોકપાલ-મુક્તાદિ દેવોમાં चित्राऽचित्राविभागेन=ચિત્ર-અચિત્રના વિભાગથી અર્થાત્ લોકપાલમાં ચિત્ર અને મુક્તાદિમાં અચિત્ર વિભાગથી भक्तिः=ભક્તિ सद्योगशास्त्रेषु=સદ્યોગશાસ્ત્રમાં=શૈવદર્શનના અધ્યાત્મચિંતાશાસ્ત્રમાં वर्णिता=વર્ણન કરાઈ, ततोऽपि=તેથી પણ इदं=આ=પ્રસ્તુત एवम्=આ પ્રમાણે=શ્લોક-૧૦૯માં કહ્યું કે ભિન્ન ભિન્ન સર્વજ્ઞના ઉપાસક પણ એક ભાવસર્વજ્ઞની ઉપાસના કરે છે એ પ્રમાણે, स्थितम्=સ્થિત છે=વ્યવસ્થિત છે. ।।૧૧૦।।**

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી લોકપાલ-મુક્તાદિ દેવોમાં ચિત્ર, અચિત્રના વિભાગથી અર્થાત્ લોકપાલમાં ચિત્ર અને મુક્તાદિમાં અચિત્ર એવા વિભાગથી, ભક્તિ શૈવદર્શનના અધ્યાત્મચિંતાશાસ્ત્રમાં વર્ણન કરાઈ, તેથી પણ આ=પ્રસ્તુત શ્લોક-૧૦૯માં કહ્યું એ પ્રમાણે વ્યવસ્થિત છે. ।।૧૧૦।।**

**ટીકા :-**

**'चित्राऽचित्रविभागेन'-वक्ष्यमाणलक्षणेन 'यच्च देवेषु वर्णिता'-लोकपालमुक्तादिषु 'भक्तिः सद्योग-शास्त्रेषु'-शैवाध्यात्मचिन्ताशास्त्रेषु, 'ततोऽपि' कारणात् 'एवमिदं' 'स्थितं' प्रस्तुतमिति ।।११०।।**

**ટીકાર્થ :-**

**'चित्राऽचित्रविभागेन' ..... प्रस्तुतमिति ।। અને જે કારણથી દેવોમાં=લોકપાલ-મુક્તાદિ દેવોમાં, વક્ષ્યમાણ સ્વરૂપ ચિત્ર-અચિત્ર વિભાગથી સદ્યોગશાસ્ત્રમાં=શૈવદર્શનના અધ્યાત્મચિંતાશાસ્ત્રમાં, ભક્તિ વર્ણન કરાઈ, તે પણ કારણથી, આ=પ્રસ્તુત=સર્વદર્શનના યોગીઓ સર્વજ્ઞની ઉપાસના કરે છે એ રૂપ પ્રસ્તુત, આ પ્રમાણે=શ્લોક-૧૦૯માં કહ્યું કે ભિન્ન ભિન્ન સર્વજ્ઞના ઉપાસક પણ પરમાર્થથી એક ભાવસર્વજ્ઞની ઉપાસના કરે છે એ પ્રમાણે, સ્થિત છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧૦।।**

❖ 'लोकपालमुक्तादिषु' માં 'आदि' પદથી બુદ્ધ, અર્હત્ આદિનું ગ્રહણ કરવું.

❖ 'ततोऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે શ્લોક-૧૦૪ થી ૧૦૬માં બતાવ્યું તે પ્રમાણે ઔચિત્યયોગથી સર્વજ્ઞના કહેવાયેલા આચારનું પાલન કરનારા સર્વ દર્શનના ઉપાસકો સર્વજ્ઞતત્ત્વ તરફ જનારા છે, તેથી એક સર્વજ્ઞના ઉપાસક છે; પરંતુ લોકપાલ અને મુક્તાદિમાં અનુક્રમે ચિત્ર અને અચિત્ર ભક્તિ શાસ્ત્રમાં કહેવાઈ છે, તે પણ કારણથી સર્વદર્શનના ઉપાસકો એક સર્વજ્ઞના ઉપાસક છે.

**ભાવાર્થ :-**

અધ્યાત્મની વિચારણા કરનાર શૈવદર્શનનાં શાસ્ત્રોમાં કહ્યું છે કે લોકપાલની ઉપાસના ચિત્ર પ્રકારની છે, અને મુક્ત, બુદ્ધ, અર્હત્ આદિની ઉપાસના અચિત્ર પ્રકારની છે. આ વચનથી પણ નક્કી થાય છે કે સર્વ દર્શનવાદીઓ સર્વજ્ઞ શબ્દથી ભિન્ન ભિન્ન વ્યક્તિઓને ગ્રહણ કરે છે, તોપણ અચિત્ર પ્રકારની

ભક્તિ કરીને તે સર્વ ઉપાસકો એક સર્વજ્ઞ તરફ જનારા છે. માટે તે સર્વ ઉપાસકો ઉપાસ્યને જુદા જુદા માને છે, પણ પરમાર્થથી એક જ ભાવસર્વજ્ઞની ઉપાસના કરે છે. આથી તે સર્વની શમપ્રધાન એવી અચિત્ર ભક્તિ છે. **॥૧૧૦॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं स्पष्टयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=શ્લોક-૧૧૦માં કહ્યું કે લોકપાલમાં ચિત્ર ભક્તિ છે અને મુક્તાદિમાં અચિત્ર ભક્તિ છે એ જ અર્થને, શ્લોક-૧૧૨ સુધી સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् ।**
**तदतीते पुनस्तत्त्वे तदतीतार्थयायिनाम् ।।१११।।**

**અન્વયાર્થ :-**

**तत्कायगामिनाम् भक्तिः=સંસારી દેવોની કાયામાં જનારાઓની ભક્તિ संसारिषु हि देवेषु=સંસારી દેવોમાં છે, पुनः=વળી तदतीतार्थयायिनाम्=તદ્ અતીત અર્થમાં જનારાઓની=સંસારથી અતીત અર્થમાં જનારાઓની ભક્તિ तदतीते तत्त्वे=તદ્ અતીત તત્ત્વમાં=સંસારથી અતીત તત્ત્વમાં છે. ।।૧૧૧।।**

**શ્લોકાર્થ :-**

**સંસારી દેવોની કાયામાં જનારાઓની ભક્તિ સંસારી દેવોમાં છે, વળી સંસારથી અતીત અર્થમાં જનારાઓની ભક્તિ સંસારથી અતીત તત્ત્વમાં છે. ।।૧૧૧।।**

**ટીકા :-**

**'संसारिषु हि देवेषु'-लोकपालादिषु 'भक्तिः'=सेवा, 'तत्कायगामिनां'=संसारिदेवकायगामिनां, 'तदतीते पुनः'=संसारातीते तु, 'तत्त्वे' 'तदतीतार्थयायिनां'=संसारातीतमार्गयायिनां योगिनां भक्तिः ।।१११।।**

**ટીકાર્થ :-**

**'संसारिषु हि ..... भक्तिः ।। તત્કાયગામીઓની=સંસારી દેવોની કાયામાં જનારાઓની, ભક્તિ=સેવા, સંસારી લોકપાલાદિ દેવોમાં છે. વળી તદ્ અતીત અર્થયાયિઓની=સંસારથી અતીતમાર્ગમાં જનારા યોગીઓની, ભક્તિ તદ્ અતીત=સંસારથી અતીત, તત્ત્વમાં છે. ।।૧૧૧।।**

❖ 'लोकपालादिषु' માં 'आदि' પદથી વરુણ, યમનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

જે લોકોને ધર્મના અનુષ્ઠાનનું ફળ માત્ર દેવભવની પ્રાપ્તિ છે, તેઓ ધર્મઅનુષ્ઠાન કરીને સંસારી દેવોની કાયામાં જનારા છે, અને તેઓની ભક્તિ લોકપાલાદિ દેવોમાં છે.

આનાથી એ ફલિત થાય કે જે લોકો ગરઅનુષ્ઠાન સેવે છે તેઓ તે અનુષ્ઠાન સેવીને સંસારના પરિભ્રમણના કારણીભૂત એવા કોઈક દેવભવમાં જાય છે. તેઓ ક્વચિત્ ભગવાન મહાવીરની ઉપાસના કરતા હોય કે બુદ્ધની ઉપાસના કરતા હોય કે અન્યની ઉપાસના કરતા હોય, તોપણ તેઓની ભક્તિ પરમાર્થથી લોકપાલાદિ દેવોમાં છે; કેમ કે "જે જેની ભક્તિ કરે તે તેની ભક્તિના બળથી તે અવસ્થાને પામે," એ પ્રકારનો ન્યાય છે. જેમ ભમરીનું ધ્યાન કરતી ઇયળ ભમરી થાય છે, તેમ સંસારથી અતીત તત્ત્વનું ધ્યાન કરનાર સંસારથી અતીત અવસ્થાને પામે છે; પરંતુ જેઓની ઉપાસનાનું ફળ સંસારથી અતીત અવસ્થા નથી પણ કોઈક સંસારી દેવભવની પ્રાપ્તિ છે, તેઓ જે દેવકાયમાં જનારા છે તે દેવકાય પ્રત્યે ભક્તિથી તન્મય થઈને તે દેવકાયની પ્રાપ્તિ કરે છે. આથી જમાલી ઉત્સૂત્ર ભાષણ કર્યા પછી નિરતિચાર સંયમ પાળીને પણ કુદેવની કાયમાં જનારા થયા. ઉત્સૂત્ર ભાષણ પછીની તેમની સંયમની ઉપાસના જે દેવભવની પ્રાપ્તિનું કારણ બની, તે દેવ પ્રત્યે જમાલીની ભક્તિ હતી=શબ્દોલ્લેખથી મોક્ષના આશયવાળી જમાલીની ભક્તિ હતી તોપણ અર્થથી જે દેવલોકમાં જમાલિ ગયા તે દેવલોકને અનુકૂળ ભાવમાં વિશ્રાંત થનારી ભક્તિ હતી. તેથી ઉત્સૂત્ર ભાષણ કરનાર જમાલિની જેમ નિહ્નવપણું કે અતત્ત્વના આગ્રહવાળા કોઈપણ જૈન, સાધુપણું પાળતા હોય તોપણ પરમાર્થથી તેઓની ભક્તિ લોકપાલાદિ દેવોમાં છે.

વળી જે યોગીઓ સંસારથી ઉદ્વિગ્ન થયા છે અને સંસારથી અતીત માર્ગમાં ચાલનારા છે, તેઓની ભક્તિ સંસારથી અતીત એવા સિદ્ધ તત્ત્વમાં છે. આવા યોગીઓ ક્વચિત્ આ ભવમાં સંસારથી અતીત તત્ત્વની ભક્તિ કરીને સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત ન કરી શકે તો દેવભવમાં જાય છે; તોપણ તેઓની ભક્તિ દેવભવરૂપ ફળમાં વિશ્રાંત થતી નથી, પરંતુ મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે. આથી આવા યોગીઓ દેવભવમાં ગયા પછી પણ તે દેવભવને અનુરૂપ યોગમાર્ગની ઉપાસના કરી શક્તિસંચય કરે છે, જેના ફળરૂપે મનુષ્યભવને પામીને અધિક શક્તિથી સંસારથી અતીત તત્ત્વની ઉપાસના કરે છે, અને અન્તે મોક્ષરૂપ ફળને પામે છે. **॥૧૧૧॥**

**અવતરણિકા :-**

**अनयोर्विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ બેના=સંસારી દેવોની ભક્તિ અને સંસારથી અતીત તત્ત્વની ભક્તિ એ બેના, વિશેષને= ભેદને, કહે છે –**

**શ્લોક :-**

**चित्रा चाद्येषु तद्रागतदन्यद्वेषसङ्गता ।**
**अचित्रा चरमे त्वेषा शमसाराखिलैव हि ।।११२।।**

**અન્વયાર્થ :-**

च=અને तद्रागतदन्यद्वेषसङ्गता चित्रा=સ્વઅભીષ્ટ દેવતાનો રાગ અને અન્ય દેવના દ્વેષથી સહિત એવી ચિત્રા आद्येषु=આદ્યમાં=સંસારી દેવોમાં ભક્તિ છે. तु=વળી चरमे=ચરમમાં=સંસારથી અતીત તત્ત્વમાં अचित्रा अखिला एव हि एषा=અચિત્રા બધી જ આ=અચિત્રા બધી જ ભક્તિ शमसारा=શમપ્રધાન છે. ।।૧૧૨।।

**શ્લોકાર્થ :-**

**અને સંસારી દેવોમાં સ્વઅભીષ્ટ દેવતાનો રાગ અને અન્ય દેવના દ્વેષથી સહિત એવી ચિત્રા ભક્તિ છે. વળી સંસારથી અતીત તત્ત્વમાં અચિત્રા બધી જ ભક્તિ શમપ્રધાન છે. ।।૧૧૨।।**

**ટીકા :-**

'चित्रा च'=नानाप्रकारा च 'आद्येषु'=सांसारिकेषु देवेषु, 'तद्रागतदन्यद्वेषसङ्गता'=स्वाभीष्टदेवतारागाऽनभीष्टद्वेषसंयुक्ता, मोहगर्भत्वात्, 'अचित्रा'=एकाकारा, 'चरमे'=तदतीते तु तत्त्वे, 'एषा'=भक्तिः, सा च 'शमसारा'=शमप्रधाना, 'अखिलैव हि' तथासंमोहाभावादिति ।।११२।।

**ટીકાર્થ :-**

'चित्रा च' ..... तथासंमोहाभावादिति ।। અને તદ્ રાગ અને તદ્ અન્ય દ્વેષસંગત=પોતાને અભીષ્ટ એવા દેવતા પ્રત્યે રાગ અને પોતાને અનભીષ્ટ એવા દેવતા પ્રત્યે દ્વેષથી સંયુક્ત, ચિત્રા=નાના પ્રકારવાળી, આદ્યમાં=સંસારી દેવોમાં, ભક્તિ, છે; કેમ કે મોહનું ગર્ભપણું છે અર્થાત્ મોહગર્ભિત ભક્તિ છે.

વળી ચરમમાં=સંસારથી અતીત તત્ત્વમાં, અચિત્રા=એકાકાર, અખિલ જ આ=ભક્તિ, છે, અને તે=ભક્તિ, શમસારા છે=શમપ્રધાન છે; કેમ કે તે પ્રકારના સંમોહનો અભાવ છે=અભીષ્ટ સ્વદેવ પ્રત્યે રાગ કરે અને અનભીષ્ટ દેવ પ્રત્યે દ્વેષ કરે તેવા સંમોહનો અભાવ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧૨।।

**ભાવાર્થ :-**

જે ધર્મ કરનારાઓ પોતાને અભીષ્ટ એવા દેવતા પ્રત્યે રાગ કરે છે અને પોતાને અનભીષ્ટ એવા દેવતા પ્રત્યે દ્વેષ કરે છે, તેઓ કોઈપણ દેવની ઉપાસના કરતા હોય તોપણ પરમાર્થથી સંસારી દેવની ઉપાસના કરે

છે; કેમ કે તે ભક્તિ મોહગર્ભિત છે અર્થાત્ પોતે જેને માને છે તેના પ્રત્યે વિચાર્યા વગર સ્વપણાની બુદ્ધિકૃત મોહની પરિણતિથી યુક્ત તેમની સ્વદેવ પ્રત્યે ભક્તિ છે; અને તે મોહની પરિણતિ ઘણા પ્રકારની છે. આથી નિહ્નવોની ભક્તિ પણ મોહગર્ભિત હોવાથી સંસારી દેવો પ્રત્યેની ભક્તિ છે. તેથી તે ભક્તિ મોહના પરિણામના ભેદથી ચિત્ર પ્રકારની છે તેમ કહેલ છે; અને આ સર્વ ભક્તિના ફળરૂપે તેઓ દેવલોકમાં જાય, તોપણ તે દેવભવ સંસારના પરિભ્રમણના કારણરૂપ છે; અને જેઓ સંસારથી અતીત તત્ત્વની ભક્તિ કરે છે, તેઓની ભક્તિ એક આકારવાળી છે અર્થાત્ સંસારથી અતીત તત્ત્વ એકસ્વરૂપ છે, તેથી તેમના પ્રત્યેની ભક્તિ પણ એક આકારવાળી છે, અને તે સર્વ સાધકોની ભક્તિ શમપ્રધાન છે. જેમ કોઈ પણ દર્શનમાં રહેલા સાધક સંસારથી અતીત તત્ત્વના ઉપાસક હોય, અને યોગમાર્ગના અર્થી થઈને યમનિયમની આચરણા કરતા હોય, તો તે આચરણા દ્વારા કષાયોનો ઉપશમ કરીને સંસારથી અતીત તત્ત્વ તરફ જતા હોય છે. તેથી તેમની ઉપાસના સંસારથી અતીત તત્ત્વની ઉપાસના છે; અને તે સંસારથી અતીત તત્ત્વ તરફ જવાની તરતમતાની ભૂમિકાઓ ઘણા પ્રકારની છે, અને આવી સંસારથી અતીત તત્ત્વની ઉપાસનાની સર્વ ભૂમિકાઓ શમપરિણામપ્રધાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અન્ય દર્શનવાળા પણ જેઓ યમનિયમનું સેવન કરે છે અને કદાગ્રહ વગરના છે, તેઓની તે ભક્તિ સંસારથી અતીત તત્ત્વની ભક્તિ છે અને શમપ્રધાન છે; અને તત્ત્વના પરમાર્થના જાણ એવા જૈનશાસનને પામેલા મુનિ પણ જે સમિતિ-ગુપ્તિની આચરણા કરે છે, તે પણ સંસારથી અતીત તત્ત્વની ભક્તિ છે અને તે ભક્તિ પણ શમપ્રધાન છે; ફક્ત ભૂમિકાના ભેદથી અન્ય દર્શનવાળાને આદ્ય ભૂમિકાનો શમપરિણામ હોય છે, અને વિવેકી એવા મુનિને વિશેષ કોટીનો શમપરિણામ હોય છે, પરંતુ તે સર્વેની ભક્તિ કષાયોનો ઉચ્છેદ કરીને સંસારથી અતીત તત્ત્વની પ્રાપ્તિનું કારણ બને તેવી છે; કેમ કે તે પ્રકારના સંમોહનો અભાવ છે અર્થાત્ પોતે જે પ્રકારનો યોગમાર્ગ સેવે છે, તે પ્રકારનો સંમોહનો અભાવ છે. તેથી સ્વભૂમિકાના સંમોહથી રહિત તે ઉપાસક સંસારથી અતીત તત્ત્વની ઉપાસના કરીને ઉપર ઉપરની ભૂમિકાને પામે છે, અને ક્રમે કરીને વીતરાગતા તરફ જાય છે.

અહીં વિશેષ એ છે કે જે લોકોને સ્વદર્શન પ્રત્યે વિચાર્યા વગર રાગ છે, અને પરદર્શન પ્રત્યે 'આ પારકું દર્શન છે માટે સારું નથી' એ પ્રકારની બુદ્ધિને કારણે દ્વેષ છે, આવા જીવોને પરદર્શનની યુક્તિયુક્ત વાતો પણ પ્રિય લાગતી નથી; પરંતુ તે યુક્તિયુક્ત વાત પરમાર્થથી સર્વજ્ઞના વચનરૂપ છે, અને સર્વજ્ઞના વચન પ્રત્યેનો દ્વેષ પરમાર્થથી મોક્ષમાર્ગ પ્રત્યેનો દ્વેષ છે, તેથી એ ફલિત થાય કે જે લોકોને સ્વઅભીષ્ટ દર્શન પ્રત્યે આવા પ્રકારનો રાગ છે, અને સ્વઅનભીષ્ટ દર્શન પ્રત્યે દ્વેષ છે, તેઓ મિથ્યાત્વથી છન્ન બુદ્ધિવાળા છે, અને મોક્ષમાર્ગના દ્વેષવાળા છે, તેથી મોક્ષમાર્ગથી બહાર છે. માટે તેવા ઉપાસકો જે કંઈ ધર્મઅનુષ્ઠાન કરે તે સર્વ અનુષ્ઠાન તત્ત્વથી સંસારી દેવોની ઉપાસનામાં વિશ્રાંત થાય છે; અને તે મોહગર્ભિત ઉપાસના અનેક પ્રકારની છે, તેથી સંસારી દેવોની ભક્તિ ચિત્ર પ્રકારની છે=અનેક પ્રકારની છે, તેમ કહેલ છે. **॥૧૧૨॥**

**અવતરણિકા :-**

अत्रैव हेतुमाह –

**અવતરણિકાર્થ :-**

અહીં જ=સંસારી દેવોમાં ચિત્ર ભક્તિ છે એમાં જ, હેતુને કહે છે –

**શ્લોક :-**

**संसारिणां हि देवानां यस्माच्चित्राण्यनेकधा ।**
**स्थित्यैश्वर्यप्रभावाद्यैः स्थानानि प्रतिशासनम् ।।११३।।**

**અન્વયાર્થ :-**

यस्मात्=જે કારણથી प्रतिशासनं=દરેક બ્રહ્માંડને આશ્રયીને अनेकधा=અનેક પ્રકારના स्थित्यैश्वर्यप्रभावाद्यैः= સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ આદિ વડે संसारिणां हि देवानां स्थानानि=સંસારી દેવોનાં સ્થાનો चित्राणि= અનેક પ્રકારનાં છે, ।।૧૧૩।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી દરેક બ્રહ્માંડને આશ્રયીને અનેક પ્રકારના સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ આદિ વડે સંસારી દેવોનાં સ્થાનો અનેક પ્રકારનાં છે, ।।૧૧૩।।**

**આ શ્લોકમાં કહેલ 'यस्मात्' નો સંબંધ શ્લોક-૧૧૪માં 'तस्मात्' સાથે છે.**

**ટીકા :-**

'संसारिणां हि देवानां'=लोकपालादीनां, 'यस्मात्' 'चित्राणि'=अनेकाकाराणि, 'अनेकधा'=अनेकैः प्रकारैः, कैः कानीत्याह 'स्थित्यैश्वर्यप्रभावाद्यैः' आदिशब्दात्सहजरूपादिपरिग्रहः, 'स्थानानि'= विमानादीनि, 'प्रतिशासनं'=शासनं शासनं प्रति ब्रह्माण्डत्रैधानुभेदात् ।।११३।।

**ટીકાર્થ :-**

'संसारिणां हि ..... ब्रह्माण्डत्रैधानुभेदात् ।। જે કારણથી પ્રતિશાસન=શાસન શાસન પ્રત્યે, દરેક બ્રહ્માંડને આશ્રયીને, અનેક પ્રકારના સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ આદિ વડે, સંસારી દેવોનાં=લોકપાલાદિનાં, સ્થાનો=વિમાનાદિ, ચિત્ર છે=અનેક આકારવાળાં છે,

અહીં स्थित्यैश्वर्यप्रभावाद्यैः માં 'आदि' પદથી સહજ રૂપાદિનું ગ્રહણ કરવાનું છે.

પ્રતિશાસનનો અર્થ શાસન શાસનને આશ્રયીને એમ કહ્યું, ત્યાં યુક્તિ આપે છે - બ્રહ્માંડનો ત્રણ પ્રકારનો અનુભેદ હોવાને કારણે=ભેદ હોવાને કારણે, દરેક બ્રહ્માંડને આશ્રયીને જુદા જુદા પ્રકારના દેવો છે એમ અન્વય છે. ।।૧૧૩।।

❖ 'लोकपालादीनां' માં 'आदि' પદથી યમ, વરુણ વગેરેનું ગ્રહણ કરવું.

❖ 'विमानादि' માં 'आदि' પદથી ભવનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

બ્રહ્માંડનો ત્રણ પ્રકારનો ભેદ છે : અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક; અને તે ત્રણે બ્રહ્માંડોમાં દેવોના આવાસો છે. તેમાં અધોલોકમાં અમુક દેવોનાં ભવનો છે અને મધ્યલોકમાં અમુક દેવોનાં વિમાનો છે, તો ઊર્ધ્વલોકમાં વળી અન્ય દેવોનાં વિમાનો છે. એ ત્રણે બ્રહ્માંડને આશ્રયીને સંસારી દેવોનાં સ્થાનો છે, અને તે સ્થાનો પણ જુદા જુદા પ્રકારની સ્થિતિ, જુદા જુદા પ્રકારનાં ઐશ્વર્ય અને જુદા જુદા પ્રભાવ વડે જુદા જુદા પ્રકારનાં છે.

આશય એ છે કે અમુક દેવોની આયુષ્યની સ્થિતિ અલ્પ છે, તો અમુક દેવોની આયુષ્યની સ્થિતિ ઘણી છે; વળી અમુક દેવોનું ઐશ્વર્ય થોડું છે, તો વળી અન્ય દેવોનું ઘણું છે; અમુક દેવોનો પ્રભાવ સામાન્ય કક્ષાનો છે, તો વળી અન્ય દેવોનો પ્રભાવ ઘણો છે; અને કેટલાક દેવોનું સહજરૂપ જેવું તેજસ્વી છે, તેના કરતાં અન્ય દેવોનું સહજરૂપ અત્યંત તેજસ્વી છે. આ રીતે સ્થિતિ આદિના ભેદથી દેવોનાં વિમાનાદિ અનેક પ્રકારનાં છે; અને જે કારણથી સંસારી દેવોનાં સ્થાનો આ રીતે અનેક પ્રકારનાં છે, તે કારણથી તેમને સાધવાનો ઉપાય ચિત્ર=અનેક પ્રકારનો છે, અને તેથી સંસારી દેવો પ્રત્યેની ભક્તિ ચિત્ર=અનેક પ્રકારની છે, એમ શ્લોક-૧૧૨ સાથે પણ સંબંધ છે. **॥૧૧૩॥**

**અવતરણિકા :-**

**यस्मादेवम् –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે=સંસારી દેવોનાં સ્થાનો ચિત્ર છે, તે કારણથી શું ? તે વાત શ્લોકમાં બતાવે છે –**

**શ્લોક :-**

**तस्मात्तत्साधनोपायो नियमाच्चित्र एव हि ।**
**न भिन्ननगराणां स्यादेकं वर्त्म कदाचन ।।११४।।**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તે કારણથી=સંસારી દેવોનાં સ્થાનો ચિત્ર છે તે કારણથી तत्साधनोपायः=તેના સાધનનો ઉપાય=સંસારી દેવોના સ્થાનની સિદ્ધિનો ઉપાય नियमात्=નિયમથી चित्र एव हि=ચિત્ર જ છે, कदाचन= ક્યારેય भिन्ननगराणां वर्त्म=ભિન્ન નગરોનો માર્ગ एकं न स्यात्=એક ન હોય. ।।૧૧૪।।**

**શ્લોકાર્થ :-**

**સંસારી દેવોનાં સ્થાનો ચિત્ર છે, તે કારણથી સંસારી દેવોના સ્થાનની સિદ્ધિનો ઉપાય નિયમથી ચિત્ર જ છે; ક્યારેય ભિન્ન નગરોનો માર્ગ એક ન હોય. ।।૧૧૪।।**

**ટીકા :-**

**'तस्मात्' कारणात् 'तत्साधनोपायः'=संसारिदेवस्थानसाधनोपायो, 'नियमाच्चित्र एव हि' भवति, इदमेव वस्तु लोकप्रसिद्धोदाहरणद्वारेणाह-'न भिन्ननगराणां' 'स्याद्'=भवेत्, 'एकं वर्त्म कदाचन' तथातद्भेदानुपपत्तेरिति ।।११४।।**

**ટીકાર્થ :-**

**'तस्मात्' कारणात् ..... तथातद्भेदानुपपत्तेरिति ।। તે કારણથી=શ્લોક-૧૧૩માં કહ્યું કે સંસારી દેવોનાં સ્થાનો અનેક આકારવાળાં છે તે કારણથી, તેના સાધનનો ઉપાય=સંસારી દેવોના સ્થાનની સિદ્ધિનો ઉપાય, નિયમથી ચિત્ર જ હોય છે.**

**આ જ વસ્તુ=સંસારી દેવોના સ્થાનની સિદ્ધિનો ઉપાય ચિત્ર જ છે એ જ વસ્તુ, લોકપ્રસિદ્ધ ઉદાહરણ દ્વારા કહે છે –**

**ભિન્ન નગરોનો માર્ગ ક્યારેય એક ન હોય; કેમ કે તે પ્રકારના તેના ભેદની અનુપપત્તિ છે= એક નગર એક દિશામાં રહેલું છે, બીજું નગર બીજી દિશામાં રહેલું છે, તે પ્રકારના તે નગરોના ભેદ છે તે ઘટે નહિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૧૩માં સ્થાપન કર્યું કે અનેક પ્રકારની સ્થિતિ આદિ વડે કરીને સંસારી દેવોનાં સ્થાનો અનેક આકારવાળાં છે, તેથી તે દેવલોકની સિદ્ધિનો ઉપાય પણ ચિત્ર જ હોય=જુદા જુદા પ્રકારનો હોય. માટે સંસારી દેવોની ભક્તિ પણ અનેક પ્રકારની છે, એમ શ્લોક-૧૧૨ સાથે સંબંધ છે.

આનાથી એ ફલિત થાય કે દેવલોક જુદા જુદા પ્રકારના છે, અને દેવલોકની નિષ્પત્તિની પરિણતિ પણ જુદા જુદા પ્રકારની હોય છે; અને જે લોકો ધર્મ કરીને માત્ર દેવલોકરૂપ ફળ મેળવનારા છે, તેઓની ભક્તિ, વીતરાગની ભક્તિ જેવી એક આકારવાળી=વીતરાગતા તરફ જવાના એક આકારવાળી હોતી નથી, પરંતુ જુદા જુદા આકારવાળી હોય છે=તે તે પ્રકારના સંસારી દેવના સ્થાનની પ્રાપ્તિનું કારણ બને તેવા મોહથી આકુળ એવા આકારવાળી હોય છે. તેથી જેવા પ્રકારની ભક્તિ હોય તેવા પ્રકારના દેવલોકરૂપ ફળને તેઓ પામે છે. માટે તે સર્વ ઉપાસકો તે તે લોકપાલાદિ દેવોના ઉપાસકો છે વીતરાગના નહિ. એ

વાતને દૃષ્ટાંતથી બતાવે છે કે જુદાં જુદાં નગરોમાં જવાનો એક માર્ગ ક્યારેય ન હોય; કેમ કે કોઈ એક નગરથી અન્ય નગર જે સ્થાનમાં રહ્યું છે, તેનાથી અન્ય સ્થાનમાં અન્ય નગર રહેલું છે; તે પ્રકારના તે નગરોના ભેદની સંગતિ ત્યારે જ થાય કે તે બન્ને નગરો પ્રત્યે જવાનો માર્ગ જુદો હોય, એક ન હોય; અને જો એક નગરથી બે જુદા સ્થાનમાં રહેલા નગરનો એક જ માર્ગ હોય, તો તે બે નગરના ભેદની સંગતિ થાય નહિ.

અહીં વિશેષ એ છે કે એક જ નગરનાં અનેક નામો પણ હોય. જેમ તે નગરને કોઈક અમદાવાદ કહે, તો કોઈ અન્ય વળી રાજનગર કહે, તો કોઈ અન્ય વળી કર્ણાવતી કહે, તો ત્રણે નામવાળાં પરંતુ તત્ત્વથી એક જ એવા તે નગર પ્રત્યે જવાનો માર્ગ એક હોઈ શકે. તેમ સંસારથી અતીત એક જ અવસ્થાને કોઈ મુક્ત કહે, તો વળી અન્ય કોઈ બુદ્ધ કહે, તો વળી અન્ય કોઈ અર્હત્ કહે, તો તે ત્રણે નામથી વાચ્ય અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય એક હોય; કેમ કે સંસારથી અતીત અવસ્થા એક જ છે; પરંતુ જેમ ભિન્ન દિશામાં રહેલાં ભિન્ન ભિન્ન નગરોનો એક માર્ગ ક્યારેય હોઈ શકે નહિ, તેમ ભિન્ન ભિન્ન પ્રકારના સંસારી દેવોના સ્થાનની પ્રાપ્તિનો ઉપાય પણ એક ક્યારેય હોઈ શકે નહિ. માટે શ્લોક-૧૧૨માં કહ્યું કે સંસારી દેવોમાં ચિત્ર ભક્તિ છે, અને સંસારથી અતીત તત્ત્વમાં શમપ્રધાન એકરૂપ ભક્તિ છે.

તેથી એ ફલિત થાય કે જેઓને સર્વજ્ઞના વચનથી વિપરીત માર્ગ પ્રત્યે અનિવર્તનીય રાગ હોય, તેઓને મોક્ષમાર્ગ કરતાં સંસારમાર્ગ પ્રત્યે અધિક દૃઢ રાગ છે, અને તેઓની તપ-સંયમની સર્વ ક્રિયા શમમાર્ગનું કારણ નથી, તેથી તપાદિકાળમાં જે પ્રકારની શુભલેશ્યા હોય તે પ્રકારના સ્વર્ગને અનુકૂળ તેમની ચિત્રભક્તિ છે; અને કદાગ્રહ વગરના યોગમાર્ગના ઉપાસકો જે કાંઈ યોગમાર્ગ સેવે છે, તેનાથી તેઓ ઉપશમમાર્ગને અનુસરે છે, તેથી તેઓની ભક્તિ અચિત્ર છે. **॥૧૧૪॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૧૨માં કહ્યું કે સંસારી દેવોમાં ચિત્ર પ્રકારની ભક્તિ હોય છે.

તેથી એ ફલિત થાય કે સંસારી દેવોમાં જનારાઓની ધર્મની પ્રવૃત્તિમાં જુદા જુદા પ્રકારની પરિણતિ હોય છે, પરંતુ સંસારથી અતીત તત્ત્વમાં જનારાઓની જેમ એક આકારવાળી શમની પરિણતિ હોતી નથી.

હવે ઇષ્ટાપૂર્ત કર્મમાં પણ જુદી જુદી પરિણતિને કારણે જુદા જુદા પ્રકારનાં ફળો છે, તે બતાવવા માટે 'તથા' થી સમુચ્ચય કરે છે.

**શ્લોક :-**

**इष्टापूर्तानि कर्माणि लोके चित्राभिसन्धितः ।**
**नानाफलानि सर्वाणि द्रष्टव्यानि विचक्षणैः ।।११५।।**

**અન્વયાર્થ :-**

लोके=લોકમાં चित्राभिसन्धितः=ચિત્ર અભિસંધિને કારણે सर्वाणि इष्टापूर्तानि=સર્વ ઈષ્ટાપૂર્ત કર્મો नानाफलानि=જુદા જુદા ફળવાળાં विचक्षणैः=વિચક્ષણો વડે द्रष्टव्यानि=જાણવાં. ।।૧૧૫।।

**શ્લોકાર્થ :-**

**લોકમાં ચિત્ર અભિસંધિને કારણે સર્વ ઈષ્ટાપૂર્ત કર્મો જુદા જુદા ફળવાળાં વિચક્ષણો વડે જાણવાં. ।।૧૧૫।।**

**ટીકા :-**

**'इष्टापूर्तानि कर्माणि' वक्ष्यमाणलक्षणानि 'लोके'=प्राणिगणे, 'चित्राभिसन्धितः' कारणात् किमित्याह 'नानाफलानि'-चित्रफलानीति योऽर्थः, 'सर्वाणि द्रष्टव्यानि' हेतुभेदात्, कैरित्याह 'विचक्षणैः'-विद्वद्भिरिति ।।११५।।**

**ટીકાર્થ :-**

**'इष्टापूर्तानि ..... विद्वद्भिरिति ।। લોકમાં=પ્રાણીગણમાં=ઈષ્ટાપૂર્ત કર્મ કરનારા જીવોમાં, ચિત્ર અભિસંધિને કારણે સર્વ - આગળ કહેવાશે એવા સ્વરૂપવાળાં ઈષ્ટાપૂર્ત કર્મો, નાના ફળવાળાં=ચિત્ર ફળવાળાં, જાણવાં; કેમ કે હેતુનો ભેદ છે અર્થાત્ તે તે હેતુના ભેદથી તે તે ઈષ્ટાપૂર્ત કર્મ કરાય છે.**

**કોના વડે જાણવાં ? એથી કહે છે –**

**વિચક્ષણ વડે=વિદ્વાન વડે, સર્વ ઈષ્ટાપૂર્ત કર્મો જુદા જુદા ફળવાળાં જાણવાં, એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧૫।।**

**ભાવાર્થ :-**

દરેક ઇષ્ટકર્મ અને પૂર્તકર્મની જુદી જુદી અભિસંધિ હોય છે. તેથી સર્વ ઇષ્ટાપૂર્ત કર્મો જુદા જુદા ફળને આપનારાં છે એમ બુદ્ધિમાનોએ જાણવું.

આશય એ છે કે વેદવચનમાં અમુક પ્રકારના રાજ્યની પ્રાપ્તિ માટે અમુક પ્રકારનું ઇષ્ટકર્મ કરવું જોઈએ તેમ કહેલ છે. તેથી તેવા પ્રકારના રાજ્યની પ્રાપ્તિની અભિસંધિથી તે ઇષ્ટકર્મ કરવામાં આવે છે. તે જ રીતે અન્ય પ્રકારનું ઇષ્ટકર્મ અન્ય પ્રકારના ફળની અભિસંધિથી કરાય છે. તેથી દરેક ઇષ્ટકર્મ અને પૂર્તકર્મમાં જુદી જુદી અભિસંધિ હોવાને કારણે દરેક ઇષ્ટકર્મ અને પૂર્તકર્મ જુદા જુદા ફળને આપનારાં છે. તેથી જેમ

સંસારી દેવોની ભક્તિ ચિત્ર હોવાથી ચિત્રફળને આપનારી છે, તેમ ઇષ્ટકર્મ અને પૂર્તકર્મ પણ ચિત્ર અભિસંધિથી કરાતાં હોવાથી જુદા જુદા ફળવાળાં જાણવાં. **॥૧૧૫॥**

**અવતરણિકા :-**

**इष्टापूर्तस्वरूपमाह –**

**અવતરણિકાર્થ :-**

**ઈષ્ટાપૂર્તના સ્વરૂપને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૧૫માં કહ્યું કે જુદા જુદા અભિપ્રાયને કારણે ઇષ્ટાપૂર્ત કર્મ જુદા જુદા ફળવાળાં છે. તેથી જિજ્ઞાસા થાય કે ઇષ્ટાપૂર્ત શું છે ? માટે ઇષ્ટાપૂર્તના સ્વરૂપને કહે છે –

**શ્લોક :-**

**ऋत्विग्भिर्मन्त्रसंस्कारैर्ब्राह्मणानां समक्षतः ।**
**अन्तर्वेद्यां हि यद्दत्तमिष्टं तदभिधीयते ।।११६।।**

**અન્વયાર્થ :-**

**ऋत्विग्भिः=યજ્ઞના અધિકારીઓ વડે मन्त्रसंस्कारैः=મંત્રસંસ્કારથી ब्राह्मणानां समक्षतः=બ્રાહ્મણોની સમક્ષ अन्तर्वेद्यां=અંતર્વેદીમાં यद्दत्तं=જે અપાયું तद् इष्टं=તે ઈષ્ટ अभिधीयते=કહેવાય છે. ।।૧૧૬।।**

**શ્લોકાર્થ :-**

**યજ્ઞના અધિકારીઓ વડે મંત્રસંસ્કારથી બ્રાહ્મણોની સમક્ષ અંતર્વેદીમાં જે અપાયું તે ઈષ્ટ કહેવાય છે. ।।૧૧૬।।**

**ટીકા :-**

**'ऋत्विग्भिः'=यज्ञाधिकृतैः, 'मन्त्रसंस्कारैः' करणभूतैः 'ब्राह्मणानां समक्षतः' तदन्येषां, 'अन्तर्वेद्यां हि यद्दत्तं' हिरण्यादि, 'इष्टं तदभिधीयते' विशेषलक्षणयोगात् ।।११६।।**

**ટીકાર્થ :-**

ऋत्विग्भिः' ..... विशेषलक्षणयोगात् ।। **યજ્ઞના અધિકારી એવા બ્રાહ્મણો વડે કરણભૂત એવા મંત્રસંસ્કારોથી બ્રાહ્મણોની સમક્ષ=અન્ય બ્રાહ્મણોની સમક્ષ, તેનાથી અન્યોને=તે બ્રાહ્મણોથી અન્યોને,** અંતર્વેદીમાં જે હિરણ્યાદિ અપાયું તે ઈષ્ટ કહેવાય છે; કેમ કે વિશેષ લક્ષણનો યોગ છે અર્થાત્ જે ઈષ્ટને આપે તે ઈષ્ટ કહેવાય, એ પ્રકારના વિશેષ લક્ષણનો પ્રસ્તુત ઈષ્ટકર્મમાં યોગ છે, તેથી ઈષ્ટ કહેવાય છે. ।।૧૧૬।।

**શ્લોક :-**

**वापीकूपतडागानि, देवतायतनानि च ।**
**अन्नप्रदानमेतत्तु, पूर्तं तत्त्वविदो विदुः ।।११७।।**

**અન્વયાર્થ :-**

वापीकूपतडागानि=વાવ, કૂવા, તળાવો देवतायतनानि=દેવમંદિરો च=અને अन्नप्रदानं=અન્નપ્રદાન एतत्तु=એને વળી तत्त्वविदः=તત્ત્વના જાણનારાઓ पूर्तं विदुः=પૂર્ત કહે છે. ।।૧૧૭।।

**શ્લોકાર્થ :-**

**વાવ, કૂવા, તળાવો, દેવમંદિરો, સ્થાનો અને અન્નપ્રદાન, એને વળી તત્ત્વના જાણનારાઓ પૂર્ત કહે છે. ।।૧૧૭।।**

**ટીકા :-**

'वापीकूपतडागानि'-लोकप्रसिद्धान्येव, 'देवतायतनानि च'-वसतिकादीनि, तथा 'अन्नप्रदानं' लौकिकमेव, 'एतत्तु' एवम्भूतं, किमित्याह 'पूर्तं तत्त्वविदो विदुः'-इति पूर्तपरिभाषया तत्त्वविदो विदन्ति ।।११७।।

**ટીકાર્થ :-**

'वापीकूपतडागानि' ..... विदन्ति ।। લોકપ્રસિદ્ધ જ વાવ, કૂવા, તળાવો અને દેવતાનાં આયતનો=દેવતાનાં મંદિરો, અને લૌકિક જ અન્નપ્રદાન, છે, વળી, एवम्भूतं=આવા પ્રકારના, આને તત્ત્વના જાણનારાઓ પૂર્ત, કહે છે=પૂર્તની પરિભાષાથી તત્ત્વના જાણનારાઓ પૂર્ત કહે છે અર્થાત્ બીજાના કાર્યોની પૂર્તિ કરે એ પૂર્ત કહેવાય, એ પ્રકારની પૂર્તની પરિભાષાથી તત્ત્વના જાણનારાઓ પૂર્ત કહે છે. ।।૧૧૭।।

**અવતરણિકા :-**

आन्तरं हेतुमधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

આંતરહેતુને આશ્રયીને કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૧૧૫ થી ૧૧૭ સુધી જે ઇષ્ટાપૂર્ત કર્મો બતાવ્યાં, તે દરેક ઇષ્ટાપૂર્ત કર્મ જુદી જુદી અભિસંધિથી કરાય છે. તેથી બાહ્ય એવા ઇષ્ટાપૂર્ત કર્મને આશ્રયીને જુદાં જુદાં ફળો છે તેમ બતાવ્યું. હવે અંતરંગરૂપ અભિસંધિને કારણે ફળો જુદાં છે, તે બતાવવા માટે આંતરહેતુને આશ્રયીને ફળભેદને કહે છે –

શ્લોક-૧૧૦ થી ૧૧૨ સુધી એ બતાવ્યું કે લોકપાલાદિમાં ચિત્ર ભક્તિ હોય છે અને મુક્તાદિમાં અચિત્ર ભક્તિ હોય છે; અને જે લોકો સંસારી દેવોમાં જનારા છે તેઓની લોકપાલાદિમાં ભક્તિ છે, અને જેઓ મોક્ષમાં જનારા છે તેઓની સંસારથી અતીત તત્ત્વમાં ભક્તિ છે. તે કથનમાં અર્થથી એ બતાવવું છે કે એક જ અરિહંતની ભક્તિ કરનારા પણ, જુદી અભિસંધિથી=સ્વદર્શનનો અવિચારક રાગ, અને પરદર્શનનો અવિચારક દ્વેષ હોય એવા પરિણામથી, ભક્તિ કરે, તો લોકપાલની ઉપાસના કરે છે; અને તેનાથી જુદી અભિસંધિથી=તત્ત્વના રાગમાંથી ઊઠેલ પૂર્ણ પુરુષની ભક્તિના પરિણામથી ભક્તિ કરે, તો મોક્ષની ઉપાસના કરે છે. જોકે તે વાત શ્લોક-૧૧૦ થી ૧૧૨માં શબ્દથી સ્પષ્ટ થતી નથી, તોપણ અર્થથી રહેલી છે; તેથી તેને જ સ્પષ્ટ કરવા માટે આંતરહેતુના ભેદને આશ્રયીને એક જ અનુષ્ઠાન સંસારનું કારણ પણ બની શકે છે અને મોક્ષનું કારણ પણ બની શકે છે, એ વાત શ્લોક-૧૧૮ થી ૧૨૬ સુધીના કથનથી સ્પષ્ટ કરે છે.

**શ્લોક :-**

**अभिसन्धेः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि ।**
**परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ।।११८।।**

**અન્વયાર્થ :-**

**समेऽपि हि अनुष्ठाने=સમાન પણ અનુષ્ઠાનમાં अभिसन्धेः=અભિસંધિના કારણે फलं भिन्नं=ફળ જુદું છે, अतः=આથી कृषिकर्मणि=કૃષિકર્મમાં वारि इव=પાણીની જેમ इह=અહીં=ફળસિદ્ધિમાં स एव=તે જ=અભિસંધિ જ परमः=પ્રધાન છે. ।।૧૧૮।।**

**શ્લોકાર્થ :-**

**સમાન પણ અનુષ્ઠાનમાં અભિસંધિના કારણે ફળ જુદું છે, આથી કૃષિકર્મમાં પાણીની જેમ ફળસિદ્ધિમાં અભિસંધિ જ પ્રધાન છે. ।।૧૧૮।।**

**ટીકા :-**

'अभिसन्धेः' तथाविधाशयलक्षणात् किमित्याह 'फलं भिन्नं'-संसारिदेवस्थानादि 'अनुष्ठाने समेऽपि हि' इष्टादौ, परमः=प्रधानः, 'अतः'-कारणात् 'स एव' अभिसन्धिरेव 'इह'=फलसिद्धौ किंवदित्याह 'वारीव कृषिकर्मणि' इति दृष्टान्तः परमो-लोकरूढ्या ।।११८।।

**ટીકાર્થ :-**

अभिसन्धेः' ..... लोकरूढ्या ।। તેવા પ્રકારના આશયસ્વરૂપ અભિસંધિના કારણે સમાન પણ ઈષ્ટાદિ અનુષ્ઠાનમાં સંસારી દેવસ્થાનાદિ ફળ ભિન્ન છે. अतः कारणात्=આ કારણથી, તે જ= અભિસંધિ જ, અહીં=ફળસિદ્ધિમાં, પરમ છે=પ્રધાન છે.

**કોની જેમ ? એથી કરીને કહે છે - કૃષિકર્મમાં પાણીની જેમ. એ પ્રકારે લોકરૂઢિથી પરમ દૃષ્ટાંત છે=પ્રધાન દૃષ્ટાંત છે. ।।૧૧૮।।**

❖ 'संसारिदेवस्थानादि' માં 'आदि' પદથી સંસારથી અતીત એવા મુક્તિસ્થાનનું ગ્રહણ કરવું.

❖ 'इष्टादौ' માં 'आदि' પદથી પૂર્તકર્મનું ગ્રહણ કરવું.

❖ 'समेऽपि अनुष्ठाने' એ કથનમાં 'अपि' થી એ કહેવું છે કે ભિન્ન અનુષ્ઠાનમાં તો અભિસંધિના ભેદને કારણે ફળભેદ છે, પરંતુ સમાન પણ અનુષ્ઠાનમાં અભિસંધિના ભેદને કારણે ફળભેદ છે.

**ભાવાર્થ :-**

કોઈ બે વ્યક્તિ સમાન એવું ઇષ્ટકર્મરૂપ કે પૂર્તકર્મરૂપ અનુષ્ઠાન સેવતી હોય, તોપણ તેવા પ્રકારના અધ્યવસાયના ભેદને કારણે તે અનુષ્ઠાનનું અંતિમ ફળ એકને સંસારી દેવસ્થાનની પ્રાપ્તિ થાય છે તો અન્યને મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી નક્કી થાય છે કે ફળપ્રાપ્તિમાં અનુષ્ઠાનની પ્રધાનતા નથી, પરંતુ અધ્યવસાયની પ્રધાનતા છે. જો અનુષ્ઠાનની પ્રધાનતા હોય તો અનુષ્ઠાનના ભેદથી ફળભેદ થવો જોઈએ, પરંતુ એક સમાન અનુષ્ઠાનથી એકને અંતિમ ફળરૂપ સંસારી દેવસ્થાનની પ્રાપ્તિ અને અન્યને અંતિમ ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે તે સંગત થાય નહીં. માટે ફળભેદમાં ક્વચિત્ અનુષ્ઠાનભેદ પણ કારણ બને, તોપણ મુખ્યરૂપે અધ્યવસાયભેદ ફળભેદ પ્રત્યે કારણ છે.

ફળની નિષ્પત્તિમાં તેવા પ્રકારના આશયરૂપ અધ્યવસાય પ્રધાન કારણ છે, તેમાં લોકરૂઢિથી દૃષ્ટાંત આપે છે : જેમ ખેતીમાં પાણીની પ્રધાનતા છે, તેમ અનુષ્ઠાનના ફળની નિષ્પત્તિમાં અભિસંધિની પ્રધાનતા છે.

અહીં લોકરૂઢિથી પ્રધાન દૃષ્ટાંત છે એમ કહ્યું. એનાથી એ કહેવું છે કે લોકમાં એ પ્રકારે વ્યવહાર રૂઢ છે કે ખેતી માટે ગમે તેટલો યત્ન કરવામાં આવે, તોપણ વરસાદ ન પડે તો ફળ થાય નહિ. તેથી ફળનિષ્પત્તિમાં પ્રધાન કારણ પાણી છે, યત્ન નહિ. તેમ ઇષ્ટાદિ અનુષ્ઠાનથી થતી ફળનિષ્પત્તિમાં પ્રધાન કારણ અભિસંધિ છે, અનુષ્ઠાન નહિ, એટલા જ અર્થમાં દૃષ્ટાંત છે. વસ્તુતઃ ખેતીમાં ભિન્ન પ્રકારની ફળનિષ્પત્તિમાં ભિન્ન પ્રકારનું બીજ કારણ છે, તેથી ફળનિષ્પત્તિમાં પ્રધાન કારણ બીજ છે. તે અપેક્ષાએ ખેતીકર્મમાં પ્રધાન કારણ બીજ બને, પાણી નહિ. તેને છોડીને લોકરૂઢિથી કહ્યું કે ખેતીકર્મમાં જેમ પ્રધાન પાણી છે, તેમ અનુષ્ઠાનથી ફળનિષ્પત્તિમાં પ્રધાન કારણ અભિસંધિ છે, તે બતાવવા માટે ટીકામાં લોકરૂઢિથી પરમ=પ્રધાન, દૃષ્ટાંત છે, એમ કહેલ છે. **।।૧૧૮।।**

**નોંધ :-** તથા લોકરૂઢિનું પ્રયોજન :-

અનુષ્ઠાનમાં વપરાતા શ્રમ, સમય, સંપત્તિ આદિ અને ખેતીમાં વપરાતા શ્રમ, સમય, સંપત્તિ આદિની દૃષ્ટિએ વિચારીએ તો વરસાદ ન પડે તો ખેતી નિષ્ફળ છે, તેમ અભિસંધિ વિપરીત હોય તો અનુષ્ઠાન નિષ્ફળ થાય. લોક બીજ સારું પસંદ કરે છે, પછી વિચાર વરસાદનો જ હોય, તેમ અનુષ્ઠાન પસંદ કર્યા પછી અભિસંધિ જ ફળમાં કારણ બને છે.

**અવતરણિકા :-**

**अभिसन्धिभेदनिबन्धनान्याह –**

**અવતરણિકાર્થ :-**

**અભિસંધિના ભેદનાં કારણોને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૧૮માં કહ્યું કે સમાન પણ અનુષ્ઠાનમાં અભિસંધિને કારણે ફળભેદ થાય છે. તેથી જિજ્ઞાસા થાય કે અભિસંધિના ભેદનાં કારણો શું છે ? કે જેથી એક જ અનુષ્ઠાનમાં જુદી જુદી અભિસંધિઓ થાય છે ? તેના સમાધાન માટે અભિસંધિના ભેદનાં કારણોને બતાવે છે –

**શ્લોક :-**

**रागादिभिरयं चेह, भिद्यतेऽनेकधा नृणाम् ।**
**नानाफलोपभोक्तृणां, तथा बुद्ध्यादिभेदतः ।।११९।।**

**અન્વયાર્થ :-**

**च=અને इह=અહીં=લોકમાં, रागादिभिः=રાગાદિથી तथा=અને बुद्ध्यादिभेदतः=બુદ્ધિ આદિના ભેદથી नानाफलोपभोक्तृणां नृणां=જુદાં જુદાં ફળ ભોગવનાર મનુષ્યોની अयं=આ=અભિસંધિ अनेकधा=અનેક પ્રકારની भिद्यते=થાય છે. ।।૧૧૯।।**

**શ્લોકાર્થ :-**

**અને લોકમાં રાગાદિથી અને બુદ્ધિ આદિના ભેદથી જુદાં જુદાં ફળ ભોગવનાર મનુષ્યોની અભિસંધિ અનેક પ્રકારની થાય છે. ।।૧૧૯।।**

**ટીકા :-**

**'रागादिभिः' दोषैः 'अयं च' अभिसन्धिः 'इह'=लोके, 'भिद्यतेऽनेकधा नृणां' तन्मृदुमध्याधिमात्रभेदेन किंविशिष्टानामित्याह-'नानाफलोपभोक्तृणां तथा बुद्ध्यादिभेदतः'-वक्ष्यमाणाद् भिद्यतेऽभिसन्धिरिति ।।११९।।**

**ટીકાર્થ :-**

**'रागादिभिः' दोषैः ..... भिसन्धिरिति ।। અને રાગાદિ દોષો વડે આ=અભિસંધિ, અહીં=લોકમાં, મનુષ્યોને અનેક પ્રકારની જુદી જુદી થાય છે.**

અભિસંધિના અનેક પ્રકારો કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**તેના=રાગાદિ દોષોના, મૃદુ, મધ્ય અને અધિમાત્રાના ભેદથી અભિસંધિ અનેક પ્રકારની થાય છે, એમ અન્વય છે.**

**કેવા પ્રકારના વિશિષ્ટ મનુષ્યોને થાય છે ? એથી કરીને કહે છે –**

**જુદાં જુદાં ફળ ભોગવનારા મનુષ્યોને અનેક પ્રકારની અભિસંધિ થાય છે, એમ અન્વય છે.**

**રાગાદિ વડે જુદી જુદી અભિસંધિ થાય છે, તેમ જુદા જુદા જ્ઞાનના પરિણામથી પણ જુદી જુદી અભિસંધિ થાય છે, તે બતાવવા માટે 'तथा' થી અભિસંધિના ભેદકનો સમુચ્ચય કરે છે.**

**तथा=અને, આગળ કહેવાશે એવા બુદ્ધિ આદિના ભેદથી અભિસંધિ જુદી જુદી થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧૯।।**

❖ 'रागादिभिः' માં 'आदि' પદથી દ્વેષ અને મોહનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

કોઈપણ ઇષ્ટકર્મ અને પૂર્તકર્મરૂપ અનુષ્ઠાન રાગ, દ્વેષ અને મોહના પરિણામથી થતું હોય તો તેનાથી સાંસારિક ફળની પ્રાપ્તિ થાય છે. જેમ કેટલાક જીવો ભગવાન મહાવીરની ભક્તિ કરતા હોય અને તેઓને વિચાર્યા વગર સ્વદર્શનનો રાગ હોય અને પરદર્શનનો દ્વેષ હોય, તેથી તેઓને પરદર્શનના યોગમાર્ગની ઉચિત પ્રવૃત્તિ પ્રત્યે પણ 'આ પરદર્શનની વાત છે માટે બરાબર નથી', તે પ્રકારની અરુચિ હોય, તેથી તત્ત્વના વિષયમાં મિથ્યાત્વરૂપ વિપર્યાસ હોવાથી તેવા જીવો ભગવાનની ભક્તિરૂપ ઇષ્ટકર્મ કરતા હોય, તોપણ તે અનુષ્ઠાન સંસારી દેવની કાયામાં જવાનું કારણ બને તેવી અભિસંધિવાળું=તેવા પ્રકારના આશયવાળું, છે.

વળી રાગાદિથી થયેલો આ અધ્યવસાય પણ રાગાદિની તરતમતાના ભેદથી અનેક પ્રકારનો છે. તેથી રાગાદિનો ભાવ મૃદુ હોય, મધ્ય હોય કે અતિશય હોય તેના ભેદથી તે અનુષ્ઠાન સ્વર્ગાદિનું કારણ બનીને તે પ્રકારે સંસારના પરિભ્રમણનું કારણ બને છે અર્થાત્ જો રાગાદિ અતિશય હોય તો અધિક સંસારના પરિભ્રમણનું કારણ બને છે અને રાગાદિ મંદ હોય તો ઓછા સંસારપરિભ્રમણનું કારણ બને છે.

વળી તે અનુષ્ઠાનના સેવનકાળમાં તે શુભઅનુષ્ઠાનજન્ય જેટલી શુભલેશ્યા હોય, તેને અનુરૂપ નીચેના કે ઉપરના દેવલોકની પ્રાપ્તિ થાય છે; પરંતુ તે અનુષ્ઠાનમાં અસદ્ગ્રહથી દુષિત એવા રાગાદિ પરિણામથી યુક્ત શુભલેશ્યા હોવાથી સંસારી દેવપણાની પ્રાપ્તિનું કારણ બને છે, પરંતુ મોક્ષપ્રાપ્તિનું કારણ બનતું નથી.

વળી જેમ ઇષ્ટાદિ અનુષ્ઠાન રાગાદિના ભેદથી અનેક પ્રકારના અધ્યવસાયવાળું છે, તેમ બુદ્ધિ આદિ રૂપ જ્ઞાનના પરિણામના ભેદથી પણ અનેક પ્રકારના ફળવાળું છે. બુદ્ધિ આદિ ત્રણનું સ્વરૂપ સ્વયં ગ્રંથકાર આગળ બતાવશે. ફક્ત અહીં વિશેષ એ છે કે બુદ્ધિરૂપ જ્ઞાનના પરિણામથી તે ઇષ્ટાદિ અનુષ્ઠાન સાંસારિક ફળવાળું છે, અને જ્ઞાન અને અસંમોહરૂપ જ્ઞાનના પરિણામને કારણે તે અનુષ્ઠાન સંસારથી અતીત તત્ત્વની પ્રાપ્તિનું કારણ છે; અને તેમાં પણ "જ્ઞાનપૂર્વકનું અનુષ્ઠાન અભ્યુદય દ્વારા મોક્ષનું કારણ છે, અને

અસંમોહપૂર્વકનું અનુષ્ઠાન શીઘ્ર મોક્ષનું કારણ છે.” આ કથન દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકામાં ૨૩મી બત્રીશી-શ્લોક-૨૬ પ્રમાણે છે.

આનાથી એ ફલિત થયું કે અનુષ્ઠાનમાં વર્તતો જીવનો ઉપયોગ રાગ, દ્વેષ અને મોહથી આક્રાંત હોય છે, અને બુદ્ધિ આદિ ત્રણ પ્રકારના જ્ઞાનમાંથી કોઈ એક જ્ઞાનથી યુક્ત પણ હોય છે, અને જે પ્રકારના રાગાદિથી યુક્ત હોય અને જે પ્રકારના જ્ઞાનના પરિણામથી યુક્ત હોય તેને અનુરૂપ અધ્યવસાયનો ભેદ પડે છે; અને તે અધ્યવસાયના ભેદને કારણે સમાન પણ અનુષ્ઠાનથી સાંસારિક ફળ અને સંસારથી અતીત એવા મોક્ષપ્રાપ્તિરૂપ ફળનો ભેદ પડે છે. **॥૧૧૯॥**

**અવતરણિકા :-**

**एनमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=બુદ્ધિ આદિના ભેદને જ, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૧૯માં કહ્યું કે અનુષ્ઠાનમાં રાગાદિના ભેદથી અને બુદ્ધિ આદિના ભેદથી અભિસંધિ જુદી થાય છે. તેથી અભિસંધિના ભેદના કારણીભૂત બુદ્ધિ આદિનો ભેદ શું છે ? તે બતાવવા માટે કહે છે -

**શ્લોક :-**

**बुद्धिर्ज्ञानमसंमोहस्त्रिविधो बोध इष्यते ।**
**तद्भेदात्सर्वकर्माणि, भिद्यन्ते सर्वदेहिनाम् ।।१२०।।**

**અન્વયાર્થ :-**

**बुद्धिर्ज्ञानमसंमोहस्त्रिविधो बोधः=બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ ત્રણ પ્રકારનો બોધ इष्यते=ઇચ્છાય છે. तद्भेदात्=તેના ભેદથી सर्वदेहिनाम् सर्वकर्माणि भिद्यन्ते=સર્વ જીવોનાં સર્વ કર્મો જુદાં થાય છે=જુદા ફળવાળાં થાય છે. ।।૧૨૦।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ ત્રણ પ્રકારનો બોધ ઇચ્છાય છે. તેના ભેદથી સર્વ જીવોનાં સર્વ કર્મો જુદા ફળવાળાં થાય છે. ।।૧૨૦।।**

**ટીકા :-**

'बुद्धिः' वक्ष्यमाणलक्षणा 'ज्ञानम्' अप्येवमेव, 'असंमोहः' चैवं, 'त्रिविधो बोध इष्यते' शास्त्रेषु, 'तद्-भेदाद्'=बुद्ध्यादिभेदात्, 'सर्वकर्माणि' इष्टादीनि 'भिद्यन्ते सर्वदेहिनां,' तद्धेतुभेदात्फलभेद इति कृत्वा ।।१२०।।

**ટીકાર્થ :-**

**'बुद्धिः' वक्ष्यमाणलक्षणा ..... इति कृत्वा ।। આગળ કહેવાશે એવા સ્વરૂપવાળી બુદ્ધિ, જ્ઞાન પણ આવું જ=આગળ કહેવાશે એવા સ્વરૂપવાળું, અને અસંમોહ આવો=આગળ કહેવાશે એવા સ્વરૂપવાળો, આ ત્રણ પ્રકારનો બોધ શાસ્ત્રમાં ઈચ્છાય છે.**

**તેના ભેદથી=બુદ્ધિ આદિના ભેદથી, સર્વ જીવોનાં ઈષ્ટાદિ સર્વ કર્મો=સર્વ અનુષ્ઠાનો, જુદાં પડે છે. તેના હેતુના ભેદથી=ફળભેદના હેતુ એવાં બુદ્ધિ આદિના ભેદથી, ફળભેદ છે; એથી કરીને સર્વ અનુષ્ઠાનો જુદાં પડે છે, એમ અન્વય છે. ।।૧૨૦।।**

**ભાવાર્થ :-**

આગળ કહેવાશે એવા અનુષ્ઠાન વિષયક બોધના ત્રણ ભેદો શાસ્ત્રમાં કહેલા છે : (૧) બુદ્ધિ=બુદ્ધિરૂપ જ્ઞાનનો ઉપયોગ, (૨) જ્ઞાન=શાસ્ત્રાનુસારી સમ્યક્ બોધરૂપ જ્ઞાનનો ઉપયોગ અને (૩) અસંમોહ=સંમોહ વગરનો જ્ઞાનનો ઉપયોગ. અનુષ્ઠાનકાળવર્તી આ ત્રણ પ્રકારના જ્ઞાનના ઉપયોગો છે, અને તે ત્રણ પ્રકારના ઉપયોગોના ભેદથી સંસારી જીવો વડે સેવાતા ઇષ્ટ અને પૂર્તકર્મરૂપ અનુષ્ઠાનોના ફળભેદની પ્રાપ્તિ છે. તેનું સ્પષ્ટીકરણ સ્વયં ગ્રંથકાર આગળ કરે છે. **।।૧૨૦।।**

**અવતરણિકા :-**

**तत्र –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=ત્રણ પ્રકારના બોધમાં –**

**શ્લોક :-**

**इन्द्रियार्थाश्रया बुद्धिर्ज्ञानं त्वागमपूर्वकम् ।**
**सदनुष्ठानवच्चैतदसंमोहोऽभिधीयते ।।१२१।।**

**અન્વયાર્થ :-**

**इन्द्रियार्थाश्रया बुद्धिः=ઈન્દ્રિય અને અર્થના આશ્રયવાળી બુદ્ધિ છે, तु=વળી आगमपूर्वकम् ज्ञानम्= આગમપૂર્વક જ્ઞાન છે च=અને सदनुष्ठानवत् एतद्=સદનુષ્ઠાનવાળું આ=સદનુષ્ઠાનવાળું જ્ઞાન असंमोहः= અસંમોહ अभिधीयते=કહેવાય છે. ।।૧૨૧।।**

**શ્લોકાર્થ :-**

**ઈંદ્રિય અને અર્થના આશ્રયવાળી બુદ્ધિ છે, વળી આગમપૂર્વક જ્ઞાન છે, અને સદનુષ્ઠાનવાળું જ્ઞાન અસંમોહ કહેવાય છે. ।।૧૨૧।।**

**ટીકા :-**

**'इन्द्रियार्थाश्रया' बुद्धिः' तीर्थयातृकदर्शने तद्गमनबुद्धिवत्, 'ज्ञानं त्वागमपूर्वकं' तीर्थयात्राविधिविज्ञानवत्, 'सदनुष्ठानवच्चैतद्' ज्ञानम् किमित्याह 'असंमोहोऽभिधीयते' बोधराज इति ।।१२१।।**

**ટીકાર્થ :-**

**'इन्द्रियार्थाश्रया' ..... बोधराज इति ।। ઇન્દ્રિય અને અર્થના આશ્રયવાળી બુદ્ધિ છે.**

તે સ્પષ્ટ કરે છે –

**તીર્થયાત્રાએ જનારાના દર્શનમાં, તેના ગમનની બુદ્ધિની જેમ=તીર્થયાત્રાગમનની બુદ્ધિની જેમ, ઇન્દ્રિય અને અર્થના આશ્રયવાળી બુદ્ધિ છે.**

**વળી આગમપૂર્વક જ્ઞાન છે.**

તે સ્પષ્ટ કરે છે –

**તીર્થયાત્રાની વિધિના વિજ્ઞાનની જેમ આગમપૂર્વક જ્ઞાન છે.**

**અને સદનુષ્ઠાનવાળું આ=જ્ઞાન, અસંમોહ અર્થાત્ બોધરાજ, કહેવાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૨૧।।**

**ભાવાર્થ :-**

અનુષ્ઠાનવિષયક જ્ઞાનના ઉપયોગ ત્રણ પ્રકારના છે :

**(૧) બુદ્ધિ :-** તીર્થયાત્રાએ જનારા યાત્રિકને જોઈને કોઈ જીવને તીર્થયાત્રાએ જવાની બુદ્ધિ થાય, તેમ કોઈપણ ધર્મઅનુષ્ઠાન કરનારને જોઈને તે અનુષ્ઠાન કરવાની કોઈને બુદ્ધિ થાય, ત્યાર પછી તે જીવ અનુષ્ઠાન કરે છે. તેથી યાત્રિકને જોનાર ઇંદ્રિય, અને ઇંદ્રિયના વિષયભૂત અનુષ્ઠાન કરનાર યાત્રિક, એ રૂપ અર્થનો=એ રૂપ ઇન્દ્રિયના વિષયનો, આશ્રય કરનારી જીવમાં જે જ્ઞાનની પરિણતિ થાય છે તે બુદ્ધિ છે, અને આ બુદ્ધિપૂર્વકનું યાત્રાગમનનું અનુષ્ઠાન જીવ કરે તો તે બુદ્ધિપૂર્વકનું અનુષ્ઠાન છે, અને તે પ્રમાણે તેનું ફળ મળે.

**(૨) જ્ઞાન :-** કોઈ જીવને ઉપદેશશ્રવણથી કે શાસ્ત્રાભ્યાસથી જ્ઞાન થાય કે 'સંસારસાગરથી તરવું હોય તો લોકોત્તમ પુરુષ એવા પરમાત્માની આગમવિધિપૂર્વક પૂજા કરવાથી તે પૂજાના ફળરૂપે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે, અને સંસારનો અંત આવે છે; માટે સંસારના ઉચ્છેદ માટે શાસ્ત્રવિધિ અનુસાર ભગવાનની પૂજા કરવી જોઈએ.' આ રીતે શાસ્ત્રવિધિ અનુસાર ભગવાનની પૂજા કરવાના અભિલાષવાળો અને શાસ્ત્રવિધિનો જાણ, જે પૂજા કરે તે જ્ઞાનપૂર્વકનું અનુષ્ઠાન છે. વળી જેમ કોઈ તીર્થયાત્રાની શાસ્ત્રવિધિને જાણતો હોય અને તેથી તીર્થયાત્રાના ફળની ઇચ્છાથી તે જ્ઞાન અનુસાર તીર્થયાત્રાએ જાય, ત્યારે તેનું તીર્થયાત્રાનું અનુષ્ઠાન જ્ઞાનપૂર્વકનું બને છે.

(૩) **અસંમોહ** :- સદનુષ્ઠાનવાળું જ્ઞાન તે અસંમોહ છે; અને તે સર્વ બોધોમાં શ્રેષ્ઠ બોધ છે, તેથી તેને બોધરાજ કહેવામાં આવે છે. જેમ કોઈ જીવ શાસ્ત્રવિધિ અનુસાર ભગવાનની પૂજા કરતો હોય, અને તે પૂજારૂપ સદ્‌અનુષ્ઠાનના સેવનથી જીવમાં મોહની પરિણતિનો વિલય થવાથી વિશેષ પ્રકારનો નિર્મળ જ્ઞાનનો ઉપયોગ પ્રગટે, અને તે જ્ઞાનના ઉપયોગથી પૂર્ણ વિધિપૂર્વક પૂજા કરે, ત્યારે તે અમૃત અનુષ્ઠાન બને છે. તેથી તે અમૃતઅનુષ્ઠાનકાળમાં વર્તતો બોધ એ સદનુષ્ઠાનથી થયેલા અસંમોહના પરિણામરૂપ છે, અને તે બધા બોધોમાં શ્રેષ્ઠ બોધરૂપ છે; અને આવા બોધથી ભગવાનની પૂજામાં તન્મય થયેલો જીવ વીતરાગની ભક્તિમાં સમાપત્તિને પ્રાપ્ત કરી શકે છે. આ રીતે કોઈપણ અનુષ્ઠાન વિધિપૂર્વક સેવવા માટે કરાતા યત્નથી અસંમોહની પરિણતિ પ્રગટે, તો તે અસંમોહની પરિણતિપૂર્વક ઉત્તરમાં જે અનુષ્ઠાન થાય, તે અસંમોહપૂર્વકનું ઇષ્ટાદિ કર્મ છે; અને અસંમોહપૂર્વકનું અનુષ્ઠાન શીઘ્ર મોક્ષનું કારણ બને છે. **॥૧૨૧॥**

**અવતરણિકા :-**

**एवमेतेषां लक्षणे व्यवस्थिते सति लोकसिद्धमुदाहरणमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૧૨૧માં બતાવ્યું એ રીતે, આમનું=બુદ્ધિ આદિનું, લક્ષણ વ્યવસ્થિત હોતે છતે, લોકસિદ્ધ ઉદાહરણને=બુદ્ધિ આદિના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે લોકસિદ્ધ ઉદાહરણને, કહે છે -**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨૧માં બતાવ્યું એ પ્રકારના લક્ષણવાળો અનુષ્ઠાન વિષયક ત્રણ પ્રકારનો જ્ઞાનનો ઉપયોગ છે, અને અનુષ્ઠાન વિષયક જ્ઞાનના ત્રણ પ્રકારના ઉપયોગનાં ઉપરોક્ત લક્ષણો બતાવ્યા પછી તેને સ્પષ્ટ કરવા માટે લોકસિદ્ધ ઉદાહરણ બતાવે છે, જેથી અનુષ્ઠાન વિષયક ત્રણ પ્રકારના જ્ઞાનનો બોધ અધિક સ્પષ્ટ થાય.

**શ્લોક :-**

**रत्नोपलम्भतज्ज्ञानतत्प्राप्त्यादि यथाक्रमं ।**
**इहोदाहरणं साधु, ज्ञेयं बुद्ध्यादिसिद्धये ।।१२२।।**

**અન્વયાર્થ :-**

**रत्नोपलम्भतज्ज्ञानतत्प्राप्त्यादि=રત્નનો ઉપલંભ અર્થાત્ ચક્ષુ સામે રત્નનું દર્શન, તેનું જ્ઞાન= રત્નલક્ષણશાસ્ત્ર અનુસાર પૂરોવર્તી રત્નનો બોધ, તત્પ્રાપ્તિ આદિ=ઇષ્ટ એવા રત્નની પ્રાપ્તિ આદિ इह=અહીં=બુદ્ધિ આદિ વિષયક बुद्ध्यादिसिद्धये=બુદ્ધિ આદિની સિદ્ધિ માટે=બુદ્ધિ આદિના સ્વરૂપના બોધ અર્થે, यथाक्रमम्=અનુક્રમે साधु उदाहरणं=સુંદર ઉદાહરણ ज्ञेयं=જાણવું. ।।૧૨૨।।**

**શ્લોકાર્થ :-**

**રત્નનો ઉપલંભ અર્થાત્ ચક્ષુ સામે રત્નનું દર્શન, રત્નલક્ષણશાસ્ત્ર અનુસાર પૂરોવર્તી રત્નનો બોધ, અને ઈષ્ટ એવા રત્નની પ્રાપ્તિ આદિ, બુદ્ધિ આદિ વિષયક બુદ્ધિ આદિના સ્વરૂપના બોધ અર્થે અનુક્રમે સુંદર ઉદાહરણ જાણવું. ।।૧૨૨।।**

**ટીકા :-**

**'रत्नोपलम्भः'=सामान्येनेन्द्रियार्थाश्रया बुद्धिः, 'तज्ज्ञानं'=त्वागमपूर्वकं रत्नज्ञानं, 'तत्प्राप्त्यादि' त्वसंमोहः, बोधगर्भत्वादस्य यथाक्रमम् 'इह'=बुद्ध्यादौ, 'उदाहरणं साधु,' अभिप्रेतार्थसाधकत्वात्, अत एवाह 'ज्ञेयं बुद्ध्यादिसिद्धये' बुद्धिज्ञानाऽसंमोहसिद्ध्यर्थमिति ।।१२२।।**

**ટીકાર્થ :-**

'रत्नोपलम्भः' ..... संमोहसिद्ध्यर्थमिति ।। **રત્નનો ઉપલંભ=સામાન્યથી ઈન્દ્રિયના અર્થના આશ્રયવાળી બુદ્ધિ, વળી તેનું જ્ઞાન=આગમપૂર્વક અર્થાત્ રત્નના લક્ષણને જણાવનાર શાસ્ત્રપૂર્વક રત્નનું જ્ઞાન, તેની પ્રાપ્તિ આદિ=રત્નની પ્રાપ્તિ આદિ, વળી અસંમોહ છે; કેમ કે આનું=તેની પ્રાપ્તિ આદિનું બોધગર્ભપણું છે. અહીં=બુદ્ધિ આદિ વિષયક, અનુક્રમે સુંદર ઉદાહરણ છે; કેમ કે અભિપ્રેત અર્થનું સાધકપણું છે અર્થાત્ અભિપ્રેત (સ્વરૂપના બોધ માટે ઈચ્છા કરાયેલ) એવા બુદ્ધિ આદિના સ્વરૂપરૂપ અર્થનું પ્રસ્તુત ઉદાહરણ સાધક છે.**

**આથી જ કહે છે=બુદ્ધિ આદિ વિષયક પ્રસ્તુત ઉદાહરણ સુંદર છે આથી જ કહે છે –**

**બુદ્ધિ આદિની સિદ્ધિ માટે જાણવું=બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહની સિદ્ધિ માટે પ્રસ્તુત ઉદાહરણ જાણવું.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૨૨।।**

❖ 'तत्प्राप्त्यादि' માં 'आदि' પદથી રત્નના ઉપભોગનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

જેમ કોઈને રત્ન જોવા મળે ત્યારે સામાન્યથી ઇંદ્રિય અને રત્નરૂપ અર્થના આશ્રયવાળી બુદ્ધિ થાય છે અર્થાત્ આ રત્ન જોતાં મેળવવા જેવું છે તેવી બુદ્ધિ થાય છે; તેમ કોઈ જીવ સદનુષ્ઠાન કરતો હોય તો તેને જોઈને આ સદનુષ્ઠાન મારે કરવું જોઈએ તેવી બુદ્ધિ થાય છે, અને તે બુદ્ધિપૂર્વક અનુષ્ઠાન કરે તે બુદ્ધિપૂર્વકનું અનુષ્ઠાન છે.

કોઈક જીવને રત્નનું મહત્ત્વ હોય, અને આથી ઉત્તમ રત્નોને જાણવા માટે રત્નોના લક્ષણને બતાવનારા આગમથી રત્નનું જ્ઞાન કરે, તેવા જીવને તેવા વિશેષ લક્ષણવાળું રત્ન જોવા મળે ત્યારે આગમપૂર્વક તે રત્નનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. તેમ કોઈક જીવને આત્મકલ્યાણ માટે સદનુષ્ઠાનનું મહત્ત્વ હોય, અને તે જીવ

સદનુષ્ઠાનને બતાવનારા આગમથી સદનુષ્ઠાન વિષયક વિધિ અને સદનુષ્ઠાનથી પ્રાપ્ત થતા સાધ્યનું જ્ઞાન કરીને તે અનુષ્ઠાનને સેવવાના અભિલાષવાળો થાય, અને અનુષ્ઠાન સેવે, તો તે જ્ઞાનપૂર્વકનું અનુષ્ઠાન છે.

કોઈને આગમ અનુસાર શ્રેષ્ઠ રત્નનું જ્ઞાન હોય, અને તેને તેવું ઉત્તમ રત્ન કોઈક પાસે જોવા મળે, અને તે રત્ન પોતે ખરીદી શકે તેમ હોય, અને ખરીદી કરીને તે રત્નની પ્રાપ્તિ કરે, અને તેનો ઉપભોગ કરે, તે અસંમોહપૂર્વકનો ઉપભોગ છે; કેમ કે આ રત્નની પ્રાપ્તિ અને ઉપભોગ શ્રેષ્ઠ રત્નના શાસ્ત્રીય બોધથી યુક્ત છે. તેની જેમ કોઈ જીવને આગમાનુસાર અનુષ્ઠાનની વિધિનું જ્ઞાન હોય, અને અનુષ્ઠાનની વિધિના સમ્યક્ સેવનથી અપેક્ષિત એવા ઉત્તમ ભાવો તે કરી શકે તેમ હોય, અને તે અનુષ્ઠાન સેવન કરતાં તેવા ઉત્તમ ભાવો કરે, તે અસંમોહપૂર્વકનું અનુષ્ઠાન છે; કેમ કે તેને શાસ્ત્રીય બોધપૂર્વક અનુષ્ઠાનના સેવનથી થયેલી બોધની પરિણતિ છે, તેથી તે અસંમોહ છે=અસંમોહપૂર્વકનું અનુષ્ઠાન છે. **॥૧૨૨॥**

**અવતરણિકા :-**

**सदनुष्ठानलक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

**સદનુષ્ઠાનના લક્ષણને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨૧માં કહેલ કે સદનુષ્ઠાનવાળું જ્ઞાન અસંમોહ છે. તેથી જિજ્ઞાસા થાય કે સદનુષ્ઠાન શું છે ? માટે સદનુષ્ઠાનના લક્ષણને કહે છે –

**શ્લોક :-**

**आदरः करणे प्रीतिरविघ्नः सम्पदागमः ।**
**जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ।।१२३।।**

**અન્વયાર્થ :-**

**आदरः=આદર करणे प्रीतिः=કરવામાં પ્રીતિ अविघ्नः=અવિઘ્ન=અનુષ્ઠાન કરવામાં અવિઘ્ન सम्पदागमः= સંપત્તિનું આગમન जिज्ञासा=જિજ્ઞાસા च=અને तज्ज्ञसेवा=તેના જાણનારાની સેવા=સદનુષ્ઠાન જાણનારાની સેવા सदनुष्ठानलक्षणम्=સદનુષ્ઠાનનું લક્ષણ છે. ।।૧૨૩।।**

**શ્લોકાર્થ :-**

**આદર, કરવામાં પ્રીતિ, અનુષ્ઠાન કરવામાં અવિઘ્ન, સંપત્તિનું આગમન, જિજ્ઞાસા અને સદનુષ્ઠાન જાણનારાની સેવા, સદનુષ્ઠાનનું લક્ષણ છે. ।।૧૨૩।।**

**ટીકા :-**

**'आदरो'=यत्नातिशय इष्टादौ, 'करणे प्रीतिः' अभिष्वङ्गात्मिका, 'अविघ्नः' तत्करण एवादृष्टसामर्थ्यात्, 'सम्पदागमः', तत एव शुभभावपुण्यसिद्धेः, 'जिज्ञासा' इष्टादिगोचरैव, 'तज्ज्ञसेवा' चेष्टादिज्ञाऽऽसेवा चशब्दात्तदनुग्रहग्रहः, एतत् 'सदनुष्ठानलक्षणं,' अनुबन्धसारत्वादस्य ।।१२३।।**

**ટીકાર્થ :-**

**'आदरो' ..... अनुबन्धसारत्वादस्य ।। આદર=ઈષ્ટાદિમાં અર્થાત્ સદનુષ્ઠાનરૂપ ઈષ્ટ-પૂર્તકર્મમાં યત્નનો અતિશય; કરણમાં અભિષ્વંગાત્મક પ્રીતિ=સદનુષ્ઠાન કરવામાં રાગાત્મક પ્રીતિ; તેના કરણમાં જ= અનુષ્ઠાનના કરણમાં જ, અદૃષ્ટના સામર્થ્યથી=અનુષ્ઠાનના સેવનથી થયેલા અનુષ્ઠાન વિષયક ક્ષયોપશમભાવવાળા કર્મના સામર્થ્યથી અવિઘ્ન; સંપત્તિનું આગમન, કેમ કે તેનાથી જ=અનુષ્ઠાનના સેવનથી જ, શુભ ભાવ થવાને કારણે પુણ્યની સિદ્ધિ છે=પુણ્યની નિષ્પત્તિ છે; ઈષ્ટાદિ ગોચર જ જિજ્ઞાસા=જે અનુષ્ઠાન પોતે સેવે છે તેના વિષયક અધિક અધિક નિષ્પત્તિના ઉપાયની જિજ્ઞાસા; तज्ज्ञसेवा=અનુષ્ઠાનના જાણનારાની સેવા=ઈષ્ટાદિ રૂપ સદનુષ્ઠાનના જાણનારાની સેવા; च શબ્દથી= શ્લોકમાં રહેલા च શબ્દથી ઈષ્ટાદિ જાણનારાઓના અનુગ્રહનું ગ્રહણ કરવું.**

**एतत्=આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, સદનુષ્ઠાનનું લક્ષણ છે; કેમ કે આનું=પૂર્વમાં બતાવેલા લક્ષણવાળા અનુષ્ઠાનનું, અનુબંધપ્રધાનપણું છે અર્થાત્ અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ફળનિષ્પત્તિ કરીને પ્રકર્ષવાળા સદનુષ્ઠાનનું અને પ્રકર્ષવાળા ફળનું સાધકપણું છે. ।।૧૨૩।।**

**ભાવાર્થ :-**

**(१) आदर :-** કોઈ જીવને સંસારથી અતીત અવસ્થા સારભૂત લાગે, અને તે અતીત અવસ્થાની પ્રાપ્તિના ઉપાયભૂત આ ઇષ્ટાદિ અનુષ્ઠાન છે અર્થાત્ આ અનુષ્ઠાન રાગાદિ ક્લેશના ઉચ્છેદનું કારણ છે એવો બોધ થાય, તે જીવ પ્રથમ તે અનુષ્ઠાનવિષયક શાસ્ત્રવિધિનું જ્ઞાન મેળવી લે, અને પછી ફળનિષ્પત્તિનું કારણ બને તે રીતે યત્નના અતિશયથી તે અનુષ્ઠાનનું સેવન કરે, તો કહી શકાય કે આ સાધકને અનુષ્ઠાનવિષયક આદર છે, માટે આમનું અનુષ્ઠાન સદનુષ્ઠાન છે; અથવા તો પોતે પણ અનુષ્ઠાનમાં તે રીતે યત્ન કરતા હોય તો નિર્ણય કરી શકે કે મારું અનુષ્ઠાન સદનુષ્ઠાન છે.

**(२) करणे प्रीति :-** આ સદનુષ્ઠાન પોતાને ઇષ્ટ એવા મોક્ષનું કારણ છે તેવું જ્ઞાન કોઈ યોગીને હોય, તેથી તે યોગીને અનુષ્ઠાનના સેવનકાળમાં અત્યંત પ્રીતિ વર્તે છે, તેનાથી નક્કી થાય કે આ તેમનું અનુષ્ઠાન સદનુષ્ઠાન છે.

**(३) अविघ्न :-** અનુષ્ઠાનના કરણમાં જ અદૃષ્ટના સામર્થ્યથી અવિઘ્નની પ્રાપ્તિ. જેમ કોઈ સાધક, આ અનુષ્ઠાન મારા ઇષ્ટ એવા મોક્ષનું સાધન છે તેવું જાણતા હોય, અને અત્યંત પ્રીતિપૂર્વક યત્નાતિશયથી એ અનુષ્ઠાનને સેવતા હોય, ત્યારે, તે અનુષ્ઠાનના સેવનથી ઉત્તરના અનુષ્ઠાનના પ્રતિબંધક એવા અદૃષ્ટનો

ક્ષયોપશમભાવ થાય છે. તેથી ઉત્તર-ઉત્તરની પ્રવૃત્તિમાં વિઘ્નઆપાદક કર્મો ક્ષયોપશમભાવને પામેલાં હોવાથી તે અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરના ગુણોની પ્રાપ્તિ પ્રત્યે વિઘ્નરહિત બને છે. વળી જેમ અંતરંગ રીતે વિઘ્નઆપાદક કર્મો ક્ષયોપશમભાવ પામે છે, તેમ તે અનુષ્ઠાનના સેવનથી પુણ્યપ્રકૃતિ જાગૃત થાય છે, તેથી અનુષ્ઠાન સેવવામાં પ્રતિબંધક એવાં બાહ્ય વિઘ્નો પણ તે અનુષ્ઠાનથી નાશ પામે છે.

**(૪) सम्पदागम :-** સંપત્તિનું આગમન થાય છે; કેમ કે તે અનુષ્ઠાનથી શુભ ભાવ થવાને કારણે પુણ્યની સિદ્ધિ છે. જેમ કોઈ સાધક સમ્યગ્જ્ઞાનપૂર્વક અનુષ્ઠાનમાં યત્નનો અતિશય કરતા હોય તો તે અનુષ્ઠાનના સેવનથી વીતરાગતાને અનુકૂળ શુભ ભાવો થાય છે, અને તે શુભ ભાવોને કારણે જેમ નિર્જરા થાય છે, તેમ પુણ્યની નિષ્પત્તિ પણ થાય છે, અને તે પુણ્ય પણ પ્રકર્ષવાળું હોય તો તત્કાળ સંપત્તિનું આગમન થાય છે. અથવા તો તે શુભભાવથી સત્તામાં રહેલી પાપપ્રકૃતિ પુણ્યરૂપે થાય છે, જેથી સંપત્તિનું આગમન થાય છે.

**(૫) जिज्ञासा :-** ઇષ્ટાદિવિષયક જિજ્ઞાસા : સદનુષ્ઠાન સેવનાર સાધક સદનુષ્ઠાનની વિધિને જાણીને સદનુષ્ઠાન સેવતા હોય ત્યારે પણ, તે સદનુષ્ઠાન ઉપર ઉપરની ભૂમિકાની નિર્લેપદશાનું કારણ કઈ રીતે બને તેના વિષયક જિજ્ઞાસાવાળા હોય છે. વળી પોતે જે સદનુષ્ઠાન સેવે છે, તેનાથી ઉપરની ભૂમિકાવાળું સદનુષ્ઠાન કયું છે, અને તેના માટે કેવો યત્ન કરવામાં આવે કે જેથી તે અનુષ્ઠાન પોતાને પ્રાપ્ત થાય, એ પ્રકારની જિજ્ઞાસાવાળા હોય છે. આથી તે સદનુષ્ઠાનને વિશેષથી જાણવાના ઉપાયો જે યોગી પાસેથી મળે તેમની પાસેથી જાણવા યત્ન કરે છે. આ જિજ્ઞાસા પણ માત્ર જાણવાની વૃત્તિમાંથી ઊઠેલી હોતી નથી, પરંતુ સદનુષ્ઠાન સેવીને પોતાને સંસારથી પર અવસ્થા પ્રાપ્ત કરવી છે તેવા આશયથી જાણવા યત્ન કરે છે, જેથી તે સદનુષ્ઠાનને વિશેષથી જાણીને પોતાના જીવનમાં ઉપર ઉપરના સદનુષ્ઠાનને પ્રાપ્ત કરી શકે છે.

**(૬) तज्ज्ञसेवा :-** વળી સદનુષ્ઠાન સેવનારને જેમ અનુષ્ઠાન પ્રત્યે પ્રીતિ છે, તેમ સદનુષ્ઠાનના જાણનારાઓ પ્રત્યે ભક્તિનો પરિણામ છે. તેથી અંતરંગ પ્રીતિપૂર્વક તેમની સેવા કરે છે.

**(૭) तदनुग्रह :-** વળી અનુષ્ઠાન સેવનારાને જે રીતે સદનુષ્ઠાન પ્રત્યે પ્રીતિ છે અને સદનુષ્ઠાન સેવનારા પ્રત્યે ભક્તિ છે, તેને જોઈને સદનુષ્ઠાન જાણનારાઓને પણ તેના પર અનુગ્રહ કરવાનો પરિણામ થાય છે અર્થાત્ 'આ યોગ્ય જીવ છે માટે તેને વિશેષ પ્રકારના અનુષ્ઠાનની પ્રાપ્તિના ઉપાયો બતાવું કે જેથી તે યોગ્ય જીવ પણ ઉપરના સદનુષ્ઠાનને સેવીને આત્મહિત સાધી શકે,' આવા પ્રકારનો સદનુષ્ઠાનના જાણનારાઓનો તેના ઉપર અનુગ્રહનો પરિણામ દેખાતો હોવાથી પણ નક્કી થાય છે કે આ અનુષ્ઠાન સેવનારો સદનુષ્ઠાન સેવે છે.

ઉપર્યુક્ત બતાવેલ દરેક સ્વરૂપ સદનુષ્ઠાનનું લક્ષણ છે; કેમ કે આ રીતે સેવનાર સાધકનું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય તેવા અનુબંધવાળું છે. તેથી આવું અનુષ્ઠાન સેવનાર સાધક કોઈ બલવાન નિમિત્તને પામીને માર્ગથી ભ્રષ્ટ ન થાય તો તે સદનુષ્ઠાનના બળથી થોડા ભવોમાં અવશ્ય સંસારથી પારને પામે છે, અને ક્વચિત્ માર્ગથી ભ્રષ્ટ થાય તોપણ થોડા વિલંબથી ફરી યોગમાર્ગની પ્રાપ્તિ કરીને અવશ્ય મોક્ષને પામે છે. **॥૧૨૩॥**

**અવતરણિકા :-**

तत्र –

**અવતરણિકાર્થ :-**

ત્યાં –

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨૦માં કહેલ કે બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહરૂપ ત્રણ પ્રકારનો બોધ છે, અને તે બોધના ભેદથી સર્વ ક્રિયાઓનો ભેદ થાય છે. ત્યારપછી તે બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ શું છે ? તે શ્લોક-૧૨૧-૧૨૨માં સ્પષ્ટ કર્યુ, અને શ્લોક-૧૨૧માં બતાવ્યું કે સદનુષ્ઠાનવાળું જ્ઞાન અસંમોહ છે. તેથી જિજ્ઞાસા થાય કે સદનુષ્ઠાન શું છે ? તેથી શ્લોક-૧૨૩માં સદનુષ્ઠાનનું સ્વરૂપ બતાવ્યું.

હવે ત્રણ પ્રકારના બોધના ભેદથી સર્વ અનુષ્ઠાનોનો ભેદ થાય છે, એમ જે શ્લોક-૧૨૦માં કહેલ, તેમાં બુદ્ધિપૂર્વક, જ્ઞાનપૂર્વક અને અસંમોહપૂર્વક અનુષ્ઠાનોનો ભેદ શું છે ? તે બતાવવા માટે ત્રણ શ્લોકોની અવતરણિકા રૂપે 'तत्र' કહેલું છે. તેથી એ પ્રાપ્ત થાય કે તેમાં=બુદ્ધિ આદિના ભેદથી થતા અનુષ્ઠાનના ભેદમાં, શું ફળ પ્રાપ્ત થાય છે ? તે હવે બતાવે છે –

**શ્લોક :-**

**बुद्धिपूर्वाणि कर्माणि, सर्वाण्येवेह देहिनाम् ।**
**संसारफलदान्येव, विपाकविरसत्वतः ।।१२४।।**

**અન્વયાર્થ :-**

इह=અહીં=લોકમાં देहिनाम्=જીવોનાં सर्वाणि एव बुद्धिपूर्वाणि कर्माणि=સર્વ જ બુદ્ધિપૂર્વકનાં કર્મો विपाकविरसत्वतः=વિપાકથી વિરસપણું હોવાને કારણે संसारफलदानि एव=સંસારફળ દેનારાં જ છે. ।।૧૨૪।।

**શ્લોકાર્થ :-**

**લોકમાં જીવોનાં સર્વ જ બુદ્ધિપૂર્વકનાં કર્મો વિપાકથી વિરસપણું હોવાને કારણે સંસારફળ દેનારાં જ છે. ।।૧૨૪।।**

**ટીકા :-**

'बुद्धिपूर्वाणि'=यथोदितबुद्धिनिबन्धनानि, 'कर्माणि सर्वाण्येव' सामान्येन 'इह=लोके,' 'देहिनां'=प्राणिनाम्, किमित्याह संसारफलदान्येव, अशास्त्रपूर्वकत्वात्, तथा चाह 'विपाकविरसत्वतः' इति तेषां नियोगत एव विपाकविरसत्वादिति ।।१२४।।

**ટીકાર્થ :-**

'बुद्धिपूर्वाणि' ..... विपाकविरसत्वादिति ।। **અહીં=લોકમાં, જીવોનાં બુદ્ધિપૂર્વકનાં=યથોદિત બુદ્ધિનિબંધનાનિ=જે પ્રમાણે શ્લોક-૧૨૧માં કહેલ તે પ્રકારે બુદ્ધિ છે કારણ જેને એવાં, સામાન્યથી સર્વ જ કર્મો=સંસારનાં અને ધર્મનાં સર્વ જ કૃત્યો, સંસારફળને દેનારાં જ છે; કેમ કે અશાસ્ત્રપૂર્વકપણું છે=અનુષ્ઠાનને બતાવનારાં સત્શાસ્ત્રોનું નિરપેક્ષપણું છે, અને તે રીતે=બુદ્ધિપૂર્વકનાં કર્મો સંસારફળને દેનારાં છે તે રીતે, કહે છે -**

**વિપાકવિરસપણું હોવાથી=તેઓનું અર્થાત્ બુદ્ધિપૂર્વકનાં કર્મોનું નિયોગથી જ અર્થાત્ નક્કી જ વિપાકવિરસપણું હોવાને કારણે, બુદ્ધિપૂર્વકનાં કર્મો સંસારફળને દેનારાં જ છે, એમ અન્વય છે. ।।૧૨૪।।**

**ભાવાર્થ :-**

કોઈને તીર્થયાત્રાએ જતા જોઈને તીર્થયાત્રારૂપ ધર્મઅનુષ્ઠાન કરવામાં આવે, તે ધર્મઅનુષ્ઠાન તીર્થયાત્રાએ જવાની બુદ્ધિપૂર્વક સેવાયેલું છે, તેથી સંસારના ફળવાળું છે; કેમ કે શાસ્ત્રવચન સાંભળીને "આ તીર્થયાત્રા મોક્ષનું કારણ છે, માટે હું શાસ્ત્રવિધિ અનુસાર સેવીને આ સંસારસાગરથી તરું," તેવા સંવેગના આશયના લેશથી પણ નહીં સ્પર્શાયેલું આ અનુષ્ઠાન છે; તેથી તે અનુષ્ઠાન સંસારફળવાળું જ છે, તેમ 'જ' કાર પૂર્વક ગ્રંથકારે કહેલ છે.

વળી તીર્થયાત્રાગમનનું અનુષ્ઠાનમાત્ર નહિ, પરંતુ બુદ્ધિપૂર્વકનાં સર્વ અનુષ્ઠાનો સંસારફળવાળાં જ છે, તે બતાવવા માટે સર્વ કર્મોમાં પણ 'જ' કારનો પ્રયોગ કરેલ છે.

વળી તેને અતિ દૃઢ કરવા માટે કહ્યું કે બુદ્ધિપૂર્વકનાં સર્વ કર્મો નિયોગથી જ વિપાકવિરસ છે. ત્યાં પણ 'નક્કી જ' એમ 'જ'કારથી બતાવીને તે કર્મોની અત્યંત હેયતા બતાવેલ છે. આમ છતાં, જેમ દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય સંસારફળવાળો હોવા છતાં કોઈક જીવને જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું પણ કારણ બને છે, ત્યારે તે જીવની અપેક્ષાએ તે દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય પણ ઉપાદેય છે; વળી સંસારના આશયથી કરાયેલું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન બને છે, તેથી હેય છે, આમ છતાં કોઈક જીવનું ઈહલોકાદિ ફળ માટે કરાતું અનુષ્ઠાન બાધ્યફળઅપેક્ષાવાળું હોવાથી હિતનું કારણ પણ છે, તેથી તે જીવ માટે ઉપાદેય પણ છે; તે રીતે બુદ્ધિપૂર્વક કરાતું અનુષ્ઠાન સંસારફળવાળું હોવા છતાં પણ સામગ્રીને પામીને જ્ઞાનપૂર્વકનું થાય તેવા યોગ્ય જીવની અપેક્ષાએ કલ્યાણનું પણ કારણ છે; છતાં જેમ દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય મોક્ષનું કારણ નથી, કે આલોક અને પરલોક માટે કરાતાં અનુષ્ઠાન મોક્ષનાં કારણ નથી, તેમ બુદ્ધિપૂર્વકનાં અનુષ્ઠાન પણ મોક્ષનાં કારણ નથી જ, તે બતાવવા માટે ગ્રંથકારે અત્યંત ભારપૂર્વક બુદ્ધિપૂર્વકનાં અનુષ્ઠાન સંસારફળવાળાં જ છે એમ કહેલ છે. **॥૧૨૪॥**

**શ્લોક :-**

**ज्ञानपूर्वाणि तान्येव, मुक्त्यङ्गं कुलयोगिनाम् ।**
**श्रुतशक्तिसमावेशादनुबन्धफलत्वतः ।।१२५।।**

**અન્વયાર્થ :-**

શ્રુતશક્તિસમાવેશાત્=શ્રુતશક્તિનો સમાવેશ હોવાને કારણે=કુલયોગીઓનાં અનુષ્ઠાનોમાં શ્રુતશક્તિનો સમાવેશ હોવાને કારણે अनुबंधफलत्वतः=અનુબંધફળપણું હોવાથી कुलयोगिनां ज्ञानपूर्वाणि तान्येव= કુલયોગીઓનાં જ્ઞાનપૂર્વક તે જ અર્થાત્ અન્ય કોઈ બુદ્ધિપૂર્વક કરે છે તે જ કર્મો मुक्त्यङ्गं=મુક્તિનું અંગ છે. ॥૧૨૫॥

**શ્લોકાર્થ :-**

**કુલયોગીઓનાં અનુષ્ઠાનોમાં શ્રુતશક્તિનો સમાવેશ હોવાને કારણે અનુબંધફળપણું હોવાથી, અન્ય કોઈ બુદ્ધિપૂર્વક કરે છે તે જ કુલયોગીઓનાં જ્ઞાનપૂર્વકનાં કર્મો મુક્તિનું અંગ છે. ॥૧૨૫॥**

**ટીકા :-**

**'ज्ञानपूर्वाणि'-यथोदितज्ञाननिबन्धनानि 'तान्येव'-कर्माणि किमित्याह 'मुक्त्यङ्गं' भवन्ति 'कुलयोगिनां'-वक्ष्यमाणलक्षणानाम्, कुलयोगिग्रहणमन्याऽसम्भवज्ञापनार्थम्, कुत इत्याह 'श्रुतशक्तिसमावेशात्' हेतोः, अमृतशक्तिकल्पेयं, नैतदभावे मुख्यं कुलयोगित्वम्, अत एवाह 'अनुबन्धफलत्वतः' मुक्त्यङ्गत्वसिद्धेः, तात्त्विकानुबन्धस्यैवम्भूतत्वादिति ॥१२५॥**

**ટીકાર્થ :-**

'ज्ञानपूर्वाणि' ..... बन्धस्यैवम्भूतत्वादिति ॥ જે પ્રમાણે શ્લોક-૧૨૧માં બતાવ્યું તેવું બીજા પ્રકારનું જ્ઞાન છે કારણ જેને એવાં બીજા પ્રકારના જ્ઞાનપૂર્વકનાં તે જ કર્મો=જે કર્મો અન્ય કોઈ બુદ્ધિપૂર્વક સેવે છે તે જ કર્મો, આગળ કહેવાશે એવા સ્વરૂપવાળાં, કુલયોગીઓને મુક્તિનું અંગ છે. અહીં કુલયોગીનું ગ્રહણ અન્યને=જે કુલયોગી નથી ફક્ત બુદ્ધિપૂર્વક અનુષ્ઠાન કરે છે તેઓને, અસંભવના જ્ઞાપન માટે છે.

કેમ ? અર્થાત્ કુલયોગીઓનાં જ્ઞાનપૂર્વકનાં અનુષ્ઠાનો મુક્તિનાં અંગ કેમ છે ? એથી કરીને કહે છે –

શ્રુતશક્તિનો સમાવેશ હોવાને કારણે=જીવમાં પ્રગટ થયેલ શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જન્ય જે શ્રુતજ્ઞાન, તેનાથી નિષ્પન્ન થયેલ જે સંવેગ, તે રૂપ શ્રુતશક્તિનો અનુષ્ઠાનમાં સમાવેશ હોવાને કારણે, જ્ઞાનપૂર્વકનાં કર્મો મુક્તિનું અંગ છે, એમ અન્વય છે.

આ=શ્રુતશક્તિ=શ્રુતજ્ઞાનથી જન્ય સંવેગની પરિણતિરૂપ શ્રુતશક્તિ, અમૃતશક્તિ જેવી છે=અમૃત જેમ અમર અવસ્થાનું કારણ છે, તેમ આ શ્રુતશક્તિ મુક્તિનું કારણ છે, તેથી અમૃતશક્તિ જેવી છે; આના અભાવમાં=શ્રુતશક્તિના અભાવમાં, મુખ્ય કુલયોગીપણું નથી.

**'अत एव'=આથી જ કહે છે અર્થાત્ જ્ઞાનપૂર્વકનાં કર્મોમાં શ્રુતશક્તિનો સમાવેશ હોવાને કારણે મોક્ષનાં કારણ છે આથી જ કહે છે –**

**અનુબંધફળપણું હોવાને કારણે=જ્ઞાનપૂર્વકનાં કર્મોમાં અનુબંધફળપણું હોવાને કારણે, મુક્તિઅંગપણાની સિદ્ધિ હોવાથી જ્ઞાનપૂર્વકનાં કર્મો મુક્તિનાં કારણ છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે અનુષ્ઠાનમાં અનુબંધફળપણું હોય એટલામાત્રથી મુક્તિનું કારણ છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

**તાત્ત્વિક અનુબંધનું એવંભૂતપણું હોવાથી અર્થાત્ અંતિમ ફળ સુધી પ્રવાહ ચલાવે એવા તાત્ત્વિક અનુબંધનું આવું સ્વરૂપ હોવાથી અનુબંધફળવાળું અનુષ્ઠાન મુક્તિનું અંગ છે, એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૨૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨૪માં પ્રાણીઓનાં કર્મો બુદ્ધિપૂર્વકનાં છે એમ કહ્યું, શ્લોક-૧૨૫માં કુલયોગીઓનાં તે જ કર્મો જ્ઞાનપૂર્વકનાં છે એમ કહ્યું અને શ્લોક-૧૨૬માં ભવાતીત માર્ગમાં જનારાઓનાં તે જ કર્મો અસંમોહપૂર્વકનાં છે તેમ કહેશે.

તેથી એ ફલિત થાય કે જે સામાન્ય સંસારી જીવો ગતાનુગતિક પ્રવૃત્તિ કરનારા છે, અને કોઈકને તીર્થયાત્રાએ જતા જોઈને તીર્થયાત્રાએ જવાનો વિચાર કરે છે, પરંતુ તત્ત્વની જિજ્ઞાસાથી તીર્થયાત્રાના પરમાર્થને જાણવા માટે અભિમુખ થતા નથી, તેઓનાં અનુષ્ઠાનો સંવેગથી સર્વથા શૂન્ય હોય છે, માટે સંસારના ફળવાળાં હોય છે. આવા પ્રાણીઓનાં કર્મો બુદ્ધિપૂર્વકનાં છે.

અને શ્લોક-૨૧૦માં કુલયોગીનું લક્ષણ બતાવશે, તે પ્રમાણે જેઓ જન્મથી જ યોગીના કુળમાં જન્મ્યા છે, તેઓ દ્રવ્યથી કુલયોગી છે; અને જેઓ પ્રકૃતિથી યોગીના ધર્મોને અનુસરનારા છે, તેઓ યોગીકુળમાં જન્મ્યા હોય કે ન પણ જન્મ્યા હોય તેઓ ભાવથી કુલયોગી છે. આ બન્ને પ્રકારના કુલયોગીઓ જ્ઞાનપૂર્વક કર્મ કરવાના અધિકારી છે. આમ છતાં દ્રવ્યથી કુલયોગીને જ્યાં સુધી તેવી સામગ્રી ન મળી હોય ત્યાં સુધી તેઓનું અનુષ્ઠાન જ્ઞાનપૂર્વકનું ન હોય, પરંતુ સામગ્રી મળે તો તેઓનું અનુષ્ઠાન જ્ઞાનપૂર્વકનું બને તેવો સંભવ છે; અને જેઓ આવા કુલયોગી નથી, તેઓને જ્ઞાનપૂર્વક અનુષ્ઠાન થવાનો સંભવ નથી. તેથી પ્રસ્તુત શ્લોકમાં કુલયોગીનું ગ્રહણ કરેલ છે.

તેથી એ ફલિત થાય કે જેઓ દ્રવ્યથી કે ભાવથી કુલયોગી નથી, તેવા સંસારી જીવો, કોઈકને તીર્થયાત્રાએ જતા જોઈને તીર્થયાત્રાએ જવાની બુદ્ધિવાળા થાય અને તે બુદ્ધિપૂર્વક તીર્થયાત્રા કરે તો તેઓની તીર્થયાત્રા સંસારફળવાળી છે; અને જેઓ યોગીકુળમાં જન્મ્યા છે તેવા દ્રવ્યયોગીઓને પ્રાયઃ કરીને સામગ્રી મળે તો સંવેગ ઉત્પન્ન થાય તેવો સંભવ છે; અને જેઓ યોગીકુળમાં જન્મ્યા હોય, કે જન્મ્યા ન હોય, તોપણ

યોગીઓનાં અનુષ્ઠાન જોઈને તેવાં અનુષ્ઠાન કરવાની મનોવૃત્તિવાળા છે તેઓ ભાવથી કુલયોગીઓ છે; અને આવા બંને પ્રકારના કુલયોગીઓ કોઈકને તીર્થયાત્રાએ જતા જોઈને તીર્થયાત્રા કરવાનો અભિલાષ કરે, તોપણ તેઓનું તે અનુષ્ઠાન સર્વથા નિષ્ફળ નથી=સામગ્રી ન પામે ત્યાં સુધી પણ નિષ્ફળ નથી; પરંતુ આવા યોગ્ય જીવો ઉપદેશાદિની સામગ્રી પામે તો તીર્થયાત્રાનું મહત્ત્વ સમજી શકે, અને તીર્થયાત્રાનું માહાત્મ્ય સાંભળવાથી તેઓને સંવેગનો પરિણામ થાય તેવો સંભવ છે, માટે તેઓને જ્ઞાનપૂર્વક અનુષ્ઠાનના અધિકારી સ્વીકાર્યા છે. આવા કુલયોગીઓ તીર્થયાત્રાનું માહાત્મ્ય સાંભળે ત્યારે તેઓને શાસ્ત્રવચનાનુસાર તીર્થયાત્રા વિષયક શ્રુતજ્ઞાન પ્રગટે છે, અને તે શ્રુતજ્ઞાનના બળથી સંવેગનો પરિણામ પ્રગટે છે, અને તે સંવેગના પરિણામપૂર્વક જ્યારે તેઓ તીર્થયાત્રા કરે ત્યારે તેઓનું તીર્થયાત્રાનું અનુષ્ઠાન જ્ઞાનપૂર્વકનું હોવાને કારણે વિશેષથી મુક્તિનું અંગ છે; કેમ કે આવું અનુષ્ઠાન અનુબંધના ફળવાળું હોવાને કારણે મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે; અને જેઓ માત્ર યોગીના કુળમાં જન્મેલા છે, પરંતુ તેઓમાં પણ ઉપદેશ સાંભળીને સંવેગનો પરિણામ ન થાય તો મુખ્ય કુલયોગીપણું નથી અર્થાત્ યોગીના કુળમાં જન્મેલા હોય, કદાચ યોગીઓના ધર્મઅનુષ્ઠાનને જોઈને તે ધર્મઅનુષ્ઠાનોને આચરતા હોય, તોપણ શાસ્ત્રવચનથી તે ધર્મઅનુષ્ઠાનનું પારમાર્થિક સ્વરૂપ સાંભળે અને જો લેશ પણ સંવેગ ન થાય તેવા હોય, તો તેઓ જન્મથી કુલયોગી હોવા છતાં તેઓમાં મુખ્ય કુલયોગીપણું નથી અર્થાત્ સામગ્રી મળે તોપણ ભાવથી કુલયોગી થાય તેવા પ્રકારના જન્મથી કુલયોગી નથી.

અહીં વિશેષ એ છે કે કોઈક કુલયોગી ઉપદેશ સાંભળે ત્યારે તે અનુષ્ઠાન વિષયક સંવેગનો પરિણામ થાય, અને સંવેગપૂર્વક તે અનુષ્ઠાન કરવાના આશયથી યત્ન પણ કરે; આમ છતાં બોધ તીવ્ર ન હોય તો આખું અનુષ્ઠાન વિધિપૂર્વક અને સંવેગથી યુક્ત ન હોય, તોપણ કંઈક અંશથી સંવેગવાળું હોવાથી કંઈક અંશથી જ્ઞાનપૂર્વક અનુષ્ઠાન છે, માટે દૂરવર્તી પણ મોક્ષનું કારણ છે; અને જે કુલયોગીઓ ઉપદેશને સાંભળીને તીવ્ર સંવેગપૂર્વક શાસ્ત્રવિધિ અનુસાર તે અનુષ્ઠાન કરે, તેઓનું તે અનુષ્ઠાન યથાર્થ જ્ઞાનપૂર્વકનું હોવાને કારણે સુતરાં મોક્ષનું કારણ છે; અને યોગની દૃષ્ટિમાં આવેલા જીવો જ કંઈક કંઈક અંશથી જ્ઞાનપૂર્વક અનુષ્ઠાન કરનારા છે, અન્ય નહિ. **॥૧૨૫॥**

**શ્લોક :-**

**असंमोहसमुत्थानि, त्वेकान्तपरिशुद्धितः ।**
**निर्वाणफलदान्याशु, भवातीताध्वयायिनाम् ।।१२६।।**

**અન્વયાર્થ :-**

**एकान्तपरिशुद्धितः=એકાંત પરિશુદ્ધિ હોવાથી भवातीताध्वयायिनाम्=ભવથી અતીત માર્ગમાં જનારાઓનાં तु=વળી असंमोहसमुत्थानि=અસંમોહથી ઊઠેલાં અનુષ્ઠાનો आशु=શીઘ્ર निर्वाणफलदानि=નિર્વાણફળને આપનારાં છે. ।।૧૨૬।।**

**શ્લોકાર્થ :-**

**એકાંત પરિશુદ્ધિ હોવાથી, ભવથી અતીત માર્ગમાં જનારાઓનાં વળી અસંમોહથી ઊઠેલાં અનુષ્ઠાનો શીઘ્ર નિર્વાણફળને આપનારાં છે. ।।૧૨૬।।**

**ટીકા :-**

**'असंमोहसमुत्थानि'-पुनर्यथोदितासंमोहनिबन्धनानि 'तु एकान्तपरिशुद्धितः'-कारणात्, परिपाकवशेन किमित्याह निर्वाणफलदानि' 'आशु'=शीघ्रं, तान्येव कर्माणि केषामित्याह 'भवातीताध्वयायिनां'-सम्यग्परतत्त्व-वेदिनामित्यर्थः ।।१२६।।**

**ટીકાર્થ :-**

**'असंमोहसमुत्थानि' ..... परतत्त्ववेदिनामित्यर्थः ।। વળી જે પ્રમાણે શ્લોક-૧૨૧માં બતાવ્યું તે પ્રમાણે, અસંમોહ છે કારણ જેને એવાં અસંમોહથી ઊઠેલાં તે જ કર્મો=કુલયોગી જે સેવે છે તે જ કર્મો, પરિપાકના વશથી=પુનઃ પુનઃ અનુષ્ઠાનના સેવનને કારણે અનુષ્ઠાન પરિપાક પામેલ હોવાથી, એકાંત પરિશુદ્ધિ હોવાને કારણે=અનુષ્ઠાનમાં પરિપૂર્ણ પરિશુદ્ધિ હોવાને કારણે, આશુ=શીઘ્ર, નિર્વાણફળને દેનારાં છે.**

**કોનાં અનુષ્ઠાનો અસંમોહપૂર્વકનાં છે ? એથી કરીને કહે છે –**

**ભવથી અતીત એવો જે મોક્ષ, તેના માર્ગમાં જનારાઓનાં=સમ્યક્ પ્રકારે પર તત્ત્વને અર્થાત્ સંસારથી પર એવા આત્માના સ્વરૂપ રૂપ પર તત્ત્વને વેદન કરનારાઓનાં, અસંમોહથી ઊઠેલાં અનુષ્ઠાનો હોય છે, એમ અન્વય છે. ।।૧૨૬।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૧૧માં સંસારથી અતીત માર્ગમાં જનારાઓની ભક્તિ સંસારથી અતીત તત્ત્વમાં હોય છે એમ કહ્યું, અને શ્લોક-૧૨૮માં સંસારથી અતીત માર્ગમાં જનારાઓમાં ગુણસ્થાનકનો ભેદ હોવા છતાં તેઓનો એક માર્ગ છે એમ કહેશે. તે વચનથી નક્કી થાય છે કે યોગની દૃષ્ટિવાળા જીવો ભવથી અતીત માર્ગમાં જનારા છે. આવા યોગની દૃષ્ટિમાં વર્તતા યોગીઓ પોતાની ભૂમિકાનું કોઈપણ અનુષ્ઠાન આગમપૂર્વક કરતા હોય=યોગમાર્ગને કહેનારા શાસ્ત્રવચનપૂર્વક સેવતા હોય, અને તે અનુષ્ઠાન અત્યંત વિધિપૂર્વક સેવવાને કારણે પરિપાક અવસ્થાવાળું થાય, ત્યારે તે અનુષ્ઠાન એકાંત પરિશુદ્ધ બને છે; અને એકાંત પરિશુદ્ધ બનેલું એવું તે અનુષ્ઠાન અસંમોહથી ઊઠેલું છે.

આશય એ છે કે શાસ્ત્રવિધિ અનુસાર અનુષ્ઠાન સેવી સેવીને યોગીઓ જે મોહને દૂર કરવાનો છે તે મોહના પરિણામને દૂર કરી શકે ત્યારે, તે અનુષ્ઠાનથી નિવર્તનીય એવો મોહ તેમનામાંથી નિવર્તન પામે છે; અને તે પ્રકારના મોહનું નિવર્તન થયેલું હોવાથી તેમનું અનુષ્ઠાન અસંમોહના પરિણામથી ઊઠેલું છે, તેથી શીઘ્ર મોક્ષફળને આપનારું છે. **।।૧૨૬।।**

**અવતરણિકા :-**

एतेषामेव लक्षणमाह –

**અવતરણિકાર્થ :-**

શ્લોક-૧૨૬માં કહ્યું કે ભવથી અતીત એવા મોક્ષના માર્ગમાં જનારાઓનાં અસંમોહથી ઊઠેલાં અનુષ્ઠાનો શીઘ્ર મોક્ષફળને આપનારાં છે. તેથી પ્રશ્ન થાય કે ભવથી અતીત અર્થમાં જનારા કેવા સ્વરૂપવાળા છે ? તે બતાવવા માટે તેઓના જ=ભવથી અતીત અર્થમાં જનારાઓના જ, લક્ષણને કહે છે –

**શ્લોક :-**

**प्राकृतेष्विह भावेषु, येषां चेतो निरुत्सुकम् ।**
**भवभोगविरक्तास्ते, भवातीताध्वयायिनः ।।१२७।।**

**અન્વયાર્થ :-**

इह=અહીં=સંસારમાં येषां चेतः=જેઓનું ચિત્ત प्राकृतेषु भावेषु=પ્રાકૃત ભાવોમાં निरुत्सुकम्=નિરુત્સુક છે, भवभोगविरक्ताः ते=ભવભોગથી વિરક્ત એવા તેઓ भवातीताध्वयायिनः=ભવથી અતીત એવા મોક્ષમાર્ગમાં જનારા છે. ।।૧૨૭।।

**શ્લોકાર્થ :-**

**સંસારમાં જેઓનું ચિત્ત પ્રાકૃત ભાવોમાં નિરુત્સુક છે, ભવભોગથી વિરક્ત એવા તેઓ ભવથી અતીત એવા મોક્ષમાર્ગમાં જનારા છે. ।।૧૨૭।।**

**ટીકા :-**

'प्राकृतेष्विह भावेषु'=शब्दादिषु बुद्धिपर्यवसानेषु, 'येषां चेतो निरुत्सुकं'=निःसङ्गतासमावेशात्, 'भवभोगविरक्तास्ते'=एवम्भूता जीवा मुक्तकल्पा 'भवातीताध्वयायिन' उच्यन्ते, भवचित्ताऽसंस्पर्शादिति ।।१२७।।

**ટીકાર્થ :-**

'प्राकृतेष्विह भावेषु' ..... संस्पर्शादिति ।। અહીં=સંસારમાં, જેઓનું ચિત્ત પ્રાકૃત ભાવોમાં= શબ્દાદિથી માંડીને બુદ્ધિ છે અંતમાં જેને એવા પ્રકૃતિના ભાવોમાં, નિરુત્સુક છે; કેમ કે નિઃસંગતાનો સમાવેશ છે અર્થાત્ ચિત્તમાં નિઃસંગતાનો પ્રાદુર્ભાવ છે, ભવભોગથી વિરક્ત એવા તેઓ=આવા પ્રકારના મુક્તકલ્પ અર્થાત્ મુક્ત જેવા જીવો, ભવથી અતીત એવા મોક્ષમાર્ગમાં જનારા કહેવાય છે; કેમ કે ભવચિત્તનો અસંસ્પર્શ છે=ભવની નિષ્પત્તિનું કારણ એવા ચિત્તનો અસંસ્પર્શ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૨૭।।

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શન પ્રમાણે પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિના ક્રમથી અંતમાં શબ્દાદિ વિષયોની ઉત્પત્તિ થાય છે, અને સાધના દ્વારા શબ્દાદિથી માંડીને બુદ્ધિ સુધીના પદાર્થો પ્રતિલોમથી પ્રકૃતિમાં વિશ્રાંત થાય છે. તેથી અહીં પ્રકૃતિના જે ભાવો છે તેને પ્રાકૃત ભાવોથી ગ્રહણ કરેલ છે; અને ઉત્પત્તિની દૃષ્ટિએ બુદ્ધિ પ્રથમ અને શબ્દાદિ અંતમાં હોવા છતાં વિશ્રાંતિની દૃષ્ટિએ શબ્દાદિ પ્રથમ અને પ્રકૃતિ અંતિમ ભાવ છે, અને તે ભાવો પ્રકૃતિમાં વિશ્રાંત થાય ત્યારે મોક્ષ થાય છે; અને મોક્ષ ન થાય ત્યાં સુધી પ્રતિલોમથી શબ્દાદિથી માંડીને બુદ્ધિ અંત સુધીના પ્રકૃતિના જે ભાવો છે, તે ભાવોમાં જેઓનું ચિત્ત નિરુત્સુક છે, તેઓ સંસારથી અતીત તત્ત્વ તરફ જનારા છે અને ભવના ભોગોથી વિરક્ત ચિત્તવાળા છે.

સંસારથી અતીત તત્ત્વ તરફ જનારા તેઓ પ્રાકૃત ભાવોમાં નિરુત્સુક કેમ છે ? તેમાં યુક્તિ બતાવી કે તેઓમાં નિઃસંગતાનો સમાવેશ છે. આશય એ છે કે બાહ્ય પદાર્થોમાં સંગ કરવાની ચિત્તની જે વૃત્તિ હતી તે ચાલી જવાથી તેઓને પાંચે ઇન્દ્રિયોના વિષયમાં કોઈ ઉત્સુકતા નથી, અને સંસારના ભોગો પ્રત્યે તેમનું ચિત્ત આકર્ષણ પામતું નથી. તેથી નિઃસંગતાનો પરિણામ પ્રગટ થયેલો હોવાથી સંસારથી અતીત તત્ત્વ તરફ જનારાઓનું ચિત્ત પ્રાકૃત ભાવોમાં નિરુત્સુક છે.

વળી આવા જીવો મુક્ત જેવા છે. જેમ મુક્ત આત્માઓ જ્ઞાનથી સંસારના બધા પદાર્થો જુએ છે, છતાં સંસારના બધા ભોગોથી વિરક્ત છે, તેમ સંસારમાં રહેલા આવા યોગીઓ પણ સંસારના ભોગોથી વિરક્ત છે માટે મુક્ત જેવા છે; અને આવા યોગીઓનું ચિત્ત આત્મભાવોમાં નિવેશ પામતું હોવાથી તેઓ ભવથી અતીત એવા મોક્ષમાર્ગમાં જનારા છે; કેમ કે ભવના કારણીભૂત એવા ચિત્તના સ્પર્શનો અભાવ છે અર્થાત્ સંસારના કોઈપણ પદાર્થમાં ચિત્તનો સ્પર્શ થાય તો તે ભવના કારણીભૂત બને, પરંતુ તેઓનું ચિત્ત સંસારના કોઈપણ ભાવોને સ્પર્શતું નથી. તેથી ભવથી અતીત એવા શુદ્ધ આત્મભાવોમાં તેઓનું ચિત્ત જાય છે, માટે તે યોગીઓ ભવથી અતીત માર્ગમાં જનારા છે.

અહીં વિશેષ એ છે કે પહેલી દૃષ્ટિથી માંડીને આઠે દૃષ્ટિવર્તી જીવો ભવથી અતીત એવા મોક્ષમાર્ગ તરફ જનારા છે, અને પહેલી દૃષ્ટિમાં પ્રસ્તુત શ્લોકમાં બતાવેલા ભાવો કંઈક કંઈક અંશથી ખૂલે છે અને સાતમી-આઠમી દૃષ્ટિમાં આ ભાવો પૂર્ણ ખીલેલા દેખાય છે. આ પૂર્ણ ખીલેલા ભાવોને સામે રાખીને સંસારથી અતીત માર્ગમાં જનારા યોગીઓ કેવા હોય છે તેનું સ્વરૂપ પ્રસ્તુત શ્લોકમાં બતાવ્યું છે. **॥૧૨૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨૭માં કહ્યું કે સંસારથી અતીત માર્ગમાં જનારાઓનું ચિત્ત પ્રાકૃત ભાવોમાં નિરુત્સુક હોય છે. હવે સર્વ દર્શનોમાં રહેલા ભવથી અતીત એવા મોક્ષમાર્ગમાં જનારા કઈ રીતે એક માર્ગથી જઈ રહ્યા છે, તે બતાવે છે.**

**શ્લોક :-**

**एक एव तु मार्गोऽपि, तेषां शमपरायणः ।**
**अवस्थाभेदभेदेऽपि, जलधौ तीरमार्गवत् ।।१२८।।**

**અન્વયાર્થ :-**

जलधौ=**સમુદ્રમાં** तीरमार्गवत्=**કિનારાના માર્ગની જેમ** अवस्थाभेदभेदेऽपि=**અવસ્થાવિશેષનો ભેદ હોવા છતાં પણ** तेषाम्=**તેઓનો=ભવાતીત માર્ગમાં જનારાઓનો** शमपरायणः मार्गोऽपि=**શમપરાયણ માર્ગ પણ** एक एव तु=**એક જ છે. ।।૧૨૮।।**

**શ્લોકાર્થ :-**

**સમુદ્રમાં કિનારાના માર્ગની જેમ, અવસ્થાવિશેષનો ભેદ હોવા છતાં પણ ભવાતીત માર્ગમાં જનારાઓનો શમપરાયણ માર્ગ પણ એક જ છે. ।।૧૨૮।।**

❖ मार्गोऽपि માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે સંસારથી અતીત માર્ગમાં જનારાઓનું લક્ષ્ય તો એક છે, પરંતુ માર્ગ પણ શમપરાયણ એક જ છે.

**ટીકા :-**

**'एक एव तु मार्गोऽपि' चित्तविशुद्धिलक्षणः, 'तेषां'=भवातीताध्वयायिनां, 'शमपरायणः'=शमनिष्ठः, 'अवस्थाभेदभेदेऽपि'-गुणस्थानकभेदापेक्षया 'जलधौ तीरमार्गवद्' इति निदर्शनम्, अवस्थाभेदश्चेह तद्दूरासन्नतादिभेदेन ।।१२८।।**

**ટીકાર્થ :-**

'एक एव तु ..... तद्दूरासन्नतादिभेदेन ।। **ગુણસ્થાનકના ભેદની અપેક્ષાએ અવસ્થાભેદનો ભેદ હોવા છતાં પણ=અવસ્થાવિશેષનો પરસ્પર ભેદ હોવા છતાં પણ, તેઓનો=ભવાતીત માર્ગમાં જનારાઓનો, ચિત્તવિશુદ્ધિ લક્ષણ=ચિત્તવિશુદ્ધિ સ્વરૂપ, માર્ગ પણ શમપરાયણ એક જ છે=શમનિષ્ઠ=શમમાં નિષ્ઠાવાળો એક જ છે, સમુદ્રમાં કિનારાના માર્ગની જેમ.** इति=एतद्=**આ, દૃષ્ટાંત છે.**

**અને અહીં=ભવથી અતીત માર્ગે જનારાઓમાં, તદ્દૂરાસન્નતાદિભેદથી=સંસારથી અતીત એવા મોક્ષથી દૂર-આસન્નતાદિના ભેદથી, અવસ્થાભેદ છે. ।।૧૨૮।।**

❖ 'अवस्थाभेदभेदेऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે ભવથી અતીત માર્ગે જનારાઓમાં ગુણસ્થાનકકૃત અવસ્થાવિશેષનો ભેદ ન હોય તો તો એક માર્ગ છે, પરંતુ ગુણસ્થાનકકૃત અવસ્થાવિશેષનો ભેદ હોવા છતાં પણ એક જ માર્ગ છે.

❖ तद्दूरासन्नतादिभेदेन માં 'आदि' થી આસન્નતર, આસન્નતમનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

કોઈપણ દર્શનમાં રહેલા યોગીઓ જેઓ સંસારથી અતીત એવા મોક્ષના માર્ગમાં જનારા છે, તેઓ યોગમાર્ગની પ્રવૃત્તિ દ્વારા શમપરિણામમાં યત્ન કરે છે, અને આખો યોગમાર્ગ તરતમતાની ભૂમિકાથી શમપરાયણ માર્ગરૂપ છે. તેથી જે યોગીને યોગમાર્ગનું સ્વરૂપ સાંભળીને સંવેગ ઉત્પન્ન થાય છે, તેને પ્રથમ ભૂમિકાનો શમપરિણામ છે, અને તે યોગી સદનુષ્ઠાનો સેવીને જે ઉત્તર-ઉત્તરના શમપરિણામનો અતિશય કરે છે, તે સર્વ માર્ગ સંસારથી અતીત અવસ્થા તરફ જનારો છે.

તેથી એ ફલિત થાય કે સમુદ્રની મધ્યમાં રહેલા જીવો કોઈક એક ઇષ્ટ નગર તરફ જતા હોય, તો તે ઇષ્ટ નગર તરફના માર્ગમાં કોઈક કિનારાથી દૂર હોય, કોઈક કિનારાની નજીક હોય, કોઈક એનાથી પણ અધિક નજીક હોય, તોપણ તે નગર તરફ જનારા સર્વનો માર્ગ એક જ દિશા તરફ છે; કેમ કે એક જ નગર તરફના સમુદ્રના કિનારા સન્મુખ તેઓ દૂર - આસન્ન આદિ ભેદથી રહેલા છે. તેમ યોગમાર્ગમાં પણ પ્રસ્થિત સર્વ યોગીઓમાં જેઓ સ્વદર્શનમાં કે અન્યદર્શનમાં રહેલા છે, તેઓ ગુણસ્થાનકની અપેક્ષાએ દૂર કે નજીક હોવા છતાં મોક્ષમાર્ગની સન્મુખ છે; જોકે તેમાં ભગવાનના શાસનને ભાવથી પામીને યોગમાર્ગમાં દૃઢ યત્ન કરનારા યોગીઓ અધિક શમપરિણામની પ્રાપ્તિના કારણે મોક્ષના અતિ આસન્નભાવવાળા છે; તોપણ તે દૂર-આસન્ન સર્વ યોગીઓનો ચિત્તની શુદ્ધિ કરવારૂપ શમપરાયણ માર્ગ એક જ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે યોગમાર્ગની દરેક પ્રવૃત્તિ ચિત્તશોધનમાં ઉપયોગી છે. તેથી જે જીવો આ યોગમાર્ગની પ્રવૃત્તિ કરીને ચિત્તશોધન કરતા નથી તેઓ માર્ગમાં નથી, અને જેઓ ચિત્તશોધન કરે છે તેઓ માર્ગમાં છે; અને તેવા માર્ગમાં રહેલા જીવોને સમ્યગ્બોધની સામગ્રી મળે, અને ધીરતાપૂર્વક યથાર્થ બોધ કરીને સુદૃઢ યત્ન કરે, તો અધિક અધિક ચિત્તની શુદ્ધિને પામે છે, અને તેના પ્રકર્ષથી અંતે વીતરાગ બને છે. **॥૧૨૮॥**

**અવતરણિકા :-**

**परतत्त्वाभिधित्सयाऽऽह –**

**અવતરણિકાર્થ :-**

**પરતત્ત્વને કહેવાની ઇચ્છાથી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨૮માં કહ્યું કે ભવથી અતીત એવા મોક્ષમાર્ગમાં જનારાઓનો એક જ માર્ગ છે, તેથી કોઈપણ દર્શનમાં રહેલા હોય અને તે માર્ગનું સેવન કરતા હોય તો તેઓ ભવથી અતીત અવસ્થા તરફ જનારા છે.

હવે ભવથી અતીત અવસ્થારૂપ જે પરતત્ત્વ છે, તે કેવા સ્વરૂપવાળું છે ? અને સર્વ દર્શનોમાં રહેલાને લક્ષ્યરૂપે તે એક જ કેમ અભિમત છે ? તે બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**संसारातीततत्त्वं तु, परं निर्वाणसंज्ञितम् ।**
**तद्ध्येकमेव नियमाच्छब्दभेदेऽपि तत्त्वतः ।।१२९।।**

**અન્વયાર્થ :-**

**संसारातीततत्त्वं तु=સંસારથી અતીત તત્ત્વ વળી परं निर्वाणसंज्ञितम्=પ્રધાન નિર્વાણસંજ્ઞાવાળું છે. शब्दभेदेऽपि=શબ્દનો ભેદ હોવા છતાં પણ=સંસારથી અતીત તત્ત્વને કહેનારા ભિન્ન ભિન્ન દર્શનના શબ્દોનો ભેદ હોવા છતાં પણ तत्त्वतः=તત્ત્વથી=પરમાર્થથી नियमात्=નિયમથી=નક્કી तद्=તે=સંસારથી અતીત તત્ત્વ एक एव हि=એક જ છે. ।।૧૨૯।।**

**શ્લોકાર્થ :-**

**સંસારથી અતીત તત્ત્વ વળી પ્રધાન નિર્વાણસંજ્ઞાવાળું છે, શબ્દનો ભેદ હોવા છતાં પણ પરમાર્થથી નક્કી તે નિર્વાણપદ એક જ છે. ।।૧૨૯।।**

**ટીકા :-**

**'संसारातीततत्त्वं तु' इति संसारातीतं पुनस्तत्त्वम् किमित्याह 'परं'=प्रधानं, 'निर्वाणसंज्ञितं' निर्वाणसंज्ञा संजाताऽस्येति कृत्वा, 'तद्ध्येकमेव' सामान्येन, 'नियमात्'=नियमेन, 'शब्दभेदेऽपि' वक्ष्यमाणलक्षणे सति, 'तत्त्वतः'=परमार्थेन ।।१२९।।**

**ટીકાર્થ :-**

**'संसारातीततत्त्वं ..... परमार्थेन ।। વળી સંસારથી અતીત તત્ત્વ શું છે ? એથી કહે છે, નિર્વાણસંજ્ઞા થઈ છે આને, એથી કરીને, પરં=પ્રધાન, નિર્વાણસંજ્ઞાવાળું સંસારથી અતીત તત્ત્વ છે. તત્ત્વથી=પરમાર્થથી, આગળ કહેવાશે એવા લક્ષણવાળું, શબ્દનો ભેદ હોવા છતાં પણ નિયમથી તે સામાન્યરૂપે એક જ છે=સર્વ દર્શનને માન્ય એવું સંસારથી અતીત તત્ત્વ સામાન્યરૂપે એક જ છે. ।।૧૨૯।।**

❖ 'शब्दभेदेऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે ભિન્ન ભિન્ન દર્શનવાળાઓ શબ્દભેદથી કહેતા ન હોય તો તો એક છે, પરંતુ ભિન્ન ભિન્ન શબ્દથી કહેતા હોવા છતાં તે શબ્દોનો તાત્પર્યાર્થ વિચારીએ તો પરમાર્થથી સંસારથી અતીત તત્ત્વ એક જ છે.

**ભાવાર્થ :-**

જીવની મુક્ત અવસ્થા સંસારથી અતીત અવસ્થારૂપ છે, અને તે પ્રધાન નિર્વાણસંજ્ઞારૂપ છે અર્થાત્ જીવમાં સંસારનો ઉદ્ભવ કરનારા જે સર્વ ભાવો હતા, તે ભાવો સદા માટે નિર્વાણ પામ્યા અર્થાત્ ચાલ્યા ગયા. જેમ દીવો બુઝાઈ જાય છે ત્યારે કહેવાય છે કે દીવો નિર્વાણ પામ્યો, તેમ જીવમાં સંસારના ભાવોને ઉત્પન્ન કરાવે તેવો દીપક બુઝાઈ જાય છે ત્યારે આત્મા નિર્વાણ પામ્યો તેમ કહેવાય છે, અને તે અવસ્થાને

જુદા જુદા દર્શનકારો જુદા જુદા શબ્દોથી કહે છે; તોપણ તે શબ્દોનો અર્થ પરમાર્થથી વિચારીએ તો સંસારથી અતીત અવસ્થાના વાચક તે સર્વ શબ્દો બને છે. તેથી સર્વ દર્શનકારો આત્માને પ્રાપ્ત કરવા જેવી અવસ્થા જુદા જુદા શબ્દો દ્વારા પણ એક જ બતાવે છે, તેથી તે અવસ્થા તરફ જવા માટે પ્રયત્ન કરનારા સર્વ યોગીઓનું લક્ષ્ય જુદા જુદા શબ્દોથી વાચ્ય હોવા છતાં એક જ છે.

અહીં ટીકામાં કહ્યું કે સામાન્યથી 'તે એક જ છે.' તેનાથી એ કહેવું છે કે કોઈ દર્શનકાર સંસારથી અતીત તત્ત્વને 'સદાશિવ' કહે છે, જેનો અર્થ વિચારીએ તો 'સદા ઉપદ્રવ વગરની અવસ્થાવાળું સંસારથી અતીત તત્ત્વ' પ્રાપ્ત થાય; 'સિદ્ધાત્મા' કહેવાથી જીવની 'કૃતકૃત્ય અવસ્થા' પ્રાપ્ત થાય; 'તથાતા' કહેવાથી 'સદા એક સ્વરૂપ' પ્રાપ્ત થાય. આમ, તે વિશેષ વિશેષ અર્થને ગ્રહણ કરીએ તો દરેક દર્શનને માન્ય સંસારથી અતીત તત્ત્વનું સ્વરૂપ જુદું જુદું પ્રાપ્ત થાય; તોપણ સંસારથી અતીત અવસ્થાને પામેલા સર્વ આત્માઓમાં તે સર્વ ભાવો રહેલા છે. તેથી સામાન્યથી એક જ અવસ્થાના આ સર્વ વિશેષ ભાવો છે. માટે સામાન્યથી વિચારીએ તો સંસારથી અતીત તત્ત્વ એક જ છે; કેમ કે સંસારથી અતીત અવસ્થાવાળા આત્મામાં સર્વદર્શનોથી વાચ્ય શબ્દોના અર્થોની પ્રાપ્તિ થાય છે. આથી એ પ્રાપ્ત થાય કે સર્વ દર્શનકારો સિદ્ધના આત્માની જ ભિન્ન ભિન્ન પર્યાયોથી ઉપસ્થિતિ કરીને સિદ્ધની ઉપાસના કરે છે. આ બતાવવા માટે કહ્યું કે સામાન્યથી સર્વ દર્શનકારોને માન્ય સંસારથી અતીત તત્ત્વ એક જ છે. **॥૧૨૯॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

**એને જ કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨૯માં કહ્યું કે ભિન્ન ભિન્ન દર્શનના ઉપાસકો સંસારથી અતીત તત્ત્વને જુદા જુદા શબ્દોથી કહે છે, તોપણ તે શબ્દોનો પરમાર્થ વિચારીએ તો એક જ અર્થ પ્રાપ્ત થાય છે. એને જ કહે છે –

**શ્લોક :-**

**सदाशिवः परंब्रह्म, सिद्धात्मा तथातेति च ।**
**शब्दैस्तदुच्यतेऽन्वर्थादेकमेवैवमादिभिः ।।१३०।।**

**અન્વયાર્થ :-**

**सदाशिवः=સદાશિવ परंब्रह्म=પરંબ્રહ્મ सिद्धात्मा=સિદ્ધાત્મા तथाता=તથાતા एवमादिभिः शब्दैः=એ વગેરે શબ્દો વડે अन्वर्थात्=અન્વર્થથી=બધા શબ્દોના વ્યુત્પત્તિ અર્થના અનુસરણથી तद्=તે=નિર્વાણ एकमेव=એક જ उच्यते=કહેવાય છે. ।।૧૩૦।।**

**શ્લોકાર્થ :-**

**સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા એ વગેરે શબ્દો વડે અન્વર્થથી નિર્વાણ એક જ કહેવાય છે. ||૧૩૦||**

**ટીકા :-**

**'सदाशिव' इति सर्वकालं शिवो न कदाचिदप्यशिवः, त्रिकालपरिशुद्धः सर्वाशिवाऽभावात् । 'परं'=प्रधानं, 'ब्रह्म-' तथाबृंहत्त्वबृंहकत्वाभ्यां सद्भावालम्बनत्वात् । 'सिद्धात्मा'-कृतकृत्यात्मा निष्ठितार्थ इत्यर्थः । 'तथातेति च'-आकालं तथाभावात् । यथोक्तम् -** "उपादाननिमित्ताभ्यामधिकारित्वतो ध्रुवा । सर्वकालं तथाभावात्तथातेत्यभिधीयते ।।१।। विसंयोगात्मिका चेयं त्रिदुःखपरिवर्जिता। भूतकोटिः परात्यन्तं भूतार्थफलदेति च ।।२।।" **( ) इत्यादि 'शब्दैस्तद्' निर्वाणमुच्यते, 'अन्वर्थाद्' अन्वर्थेनोक्तनीत्या 'एकमेव' सत् 'एवमादिभिः' इति ।।१३०।।**

**ટીકાર્થ :-**

'सदाशिव' ..... 'एवमादिभिः' इति ।। **સદાશિવ=સર્વકાલ શિવ, ક્યારેય અશિવ નહિ તે સદાશિવ અર્થાત્ ત્રિકાલ પરિશુદ્ધ.**

તે સદાશિવ કેમ છે ? તેથી કહે છે -

**સર્વ અશિવનો=સર્વ ઉપદ્રવનો અભાવ હોવાથી સદાશિવ છે.**

**પરં=પ્રધાન બ્રહ્મ એટલે પરંબ્રહ્મ.**

તેમાં યુક્તિ બતાવે છે -

**તે પ્રકારે બૃંહત્ત્વ અને બૃંહકત્વ દ્વારા સદ્ભાવની પ્રાપ્તિ માટે આલંબનપણું હોવાથી પરંબ્રહ્મ છે, એમ અન્વય છે.**

**સિદ્ધાત્મા=કૃતકૃત્ય આત્મા=નિષ્ઠિત અર્થવાળો આત્મા, એ પ્રકારનો સિદ્ધાત્માનો અર્થ છે.**

**અને તથાતા=આકાલ અર્થાત્ સર્વકાલ તે પ્રકારનો ભાવ હોવાથી અર્થાત્ સર્વકાલ સમાન પ્રકારનો ભાવ હોવાથી તથાતા કહેવાય છે.**

**તથાતા શબ્દના ભાવને કહેનારા વચનની 'यथोक्तम्' થી સાક્ષી આપે છે –**

સર્વકાલ તથાભાવ હોવાને કારણે, ઉપાદાન-નિમિત્ત દ્વારા=પોતાની ઉત્તર અવસ્થા પ્રત્યે ઉપાદાન દ્વારા અને પોતાની સદૃશ અવસ્થાની અન્ય જીવોને પ્રાપ્તિ કરાવવામાં નિમિત્ત દ્વારા, અધિકારીપણાથી ધ્રુવ તથાતા છે, એ પ્રમાણે કહેવાય છે. ||૧||

વળી તે તથાતાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

અને આ=તથાતા, વિસંયોગાત્મિકા છે અર્થાત્ સર્વ સંયોગથી રહિત એવી આત્માની અવસ્થા છે. ત્રિદુઃખથી પરિવર્જિત છે=દુઃખદુઃખ, સંસ્કાર દુઃખ અને પરિણામ દુઃખ એ ત્રિદુઃખથી પરિવર્જિત છે, પરાભૂતકોટિ છે=શ્રેષ્ઠ આત્માની અવસ્થા છે, અત્યંત ભૂતાર્થ ફળને દેનારી છે=તેની ઉપાસના કરવાથી આત્માના શ્રેષ્ઠ ફળને દેનારી છે. ।।૨।।

**'यथोक्तम्' થી જે સાક્ષી આપી તેવા જ અન્ય પાઠોનો સંગ્રહ કરવા માટે 'इत्यादि' કહેલ છે.**

હવે શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ કરે છે –

**શબ્દો વડે :**

અહીં પ્રશ્ન થાય કે કયા શબ્દો વડે ? તેથી શ્લોકના અંતમાં કહે છે -

**એવમાદિ શબ્દો વડે અર્થાત્ સદાશિવ, પરંબ્રહ્મ એ વગેરે છે આદિમાં જેને એવા શબ્દો વડે, તે= નિર્વાણ કહેવાય છે.**

**અન્વર્થથી=ઉક્ત નીતિ વડે અન્વર્થથી=પૂર્વમાં સદાશિવ આદિ શબ્દોની વ્યુત્પત્તિ બતાવી એ નીતિ વડે અન્વર્થથી, એક જ છતું તે=નિર્વાણ, કહેવાય છે, એમ અન્વય છે. ।।૧૩૦।।**

❖ ત્રિદુઃખપરિવર્જિતાના અર્થને બતાવવા માટે તાડપત્રીમાં दुःखदुःखसंस्कारदुःखपरिणामदुःखाख्यैः એ પ્રકારની ટિપ્પણી છે.

**ભાવાર્થ :-**

સંસારથી અતીત તત્ત્વને કેટલાક 'સદાશિવ' કહે છે, કેટલાક 'પરંબ્રહ્મ' કહે છે, કેટલાક 'સિદ્ધાત્મા' કહે છે, તો કેટલાક 'તથાતા' કહે છે. આવા પ્રકારના શબ્દો જેની આદિમાં છે, એવા શબ્દો વડે એક જ નિર્વાણ કહેવાય છે; કેમ કે દરેક શબ્દનો અન્વર્થ વિચારીએ તો એક જ નિર્વાણ પામેલ આત્માની જુદી જુદી પરિણતિને સામે રાખીને સર્વ દર્શનકારો પોતપોતાને અભિમત શબ્દથી તે આત્માને વાચ્ય કરે છે. જેમ કે કેટલાક સંસારથી અતીત તત્ત્વને 'સદાશિવ' કહે છે. તેનો અન્વર્થ અર્થાત્ વ્યુત્પત્તિ અર્થ એ છે કે 'સર્વ કાલ શિવ' છે, ક્યારે પણ અશિવ નથી અર્થાત્ ક્યારે પણ ઉપદ્રવ નથી, અને એનો ફલિતાર્થ કહે છે કે ત્રણે કાળ તેઓ પરિશુદ્ધ છે અર્થાત્ જ્યારથી સિદ્ધ અવસ્થાને પામ્યા ત્યારથી માંડીને દરેક સિદ્ધાત્મા પરિશુદ્ધ થાય છે, તોપણ સિદ્ધ અવસ્થા પામેલા આત્માઓ સદા=ત્રણે કાલ ઉપલબ્ધ છે. તે સિદ્ધ અવસ્થાવર્તી આત્માની દૃષ્ટિએ વિચારીએ તો સિદ્ધના આત્માઓ ભૂતકાળમાં પણ પરિશુદ્ધ હતા, વર્તમાનકાળમાં પણ પરિશુદ્ધ છે અને ભવિષ્યકાળમાં પણ પરિશુદ્ધ રહેશે. તેથી સિદ્ધસામાન્યને આશ્રયીને ત્રિકાલ પરિશુદ્ધ કહેલ છે.

વળી કોઈ દર્શનકાર સદાશિવ શબ્દથી જે સંસારથી અતીત અવસ્થાવાળા આત્માને ગ્રહણ કરે છે, તે જ આત્માને કોઈક 'પરંબ્રહ્મ' શબ્દથી કહે છે. તેથી પરંબ્રહ્મ શબ્દનો અન્વર્થ વિચારીએ તો સદાશિવ કરતાં જુદો અર્થ પ્રાપ્ત થાય, તોપણ સિદ્ધના આત્મામાં જ રહેલા પરંબ્રહ્મ ભાવનો વાચક તે શબ્દ છે. પરંબ્રહ્મનો અર્થ કર્યો કે બૃહત્ત્વ અને બૃહકત્વ દ્વારા.સદ્ભાવની=સદ્ભૂત ભાવની=સાચા ભાવની પ્રાપ્તિ માટે આલંબન હોવાથી પરંબ્રહ્મ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્માની સર્વશ્રેષ્ઠ અવસ્થા બૃહત્ત્વરૂપ છે અને તે પરંબ્રહ્મમાં છે. વળી તે પરંબ્રહ્મ આપણને પરંબ્રહ્મની પ્રાપ્તિમાં કારણ છે, માટે તેને બૃહક કહ્યો છે. તેથી પરંબ્રહ્મમાં

બૃંહકત્વ પણ છે, અને આ બન્ને ભાવોથી અર્થાત્ બૃંહત્ત્વ અને બૃંહકત્વરૂપ બન્ને ભાવોથી શુદ્ધ આત્માની પ્રાપ્તિમાં પરંબ્રહ્મ આલંબનરૂપ છે.

વળી સંસારથી અતીત તત્ત્વને કેટલાક 'સિદ્ધાત્મા' કહે છે, અને તેનો અર્થ એ છે કે સંસારથી અતીત અવસ્થાને પામેલા જીવો કૃતકૃત્ય છે અર્થાત્ બધાં કૃત્યો કરી લીધાં છે, હવે તેઓને કંઈ સાધવાનું બાકી નથી. આ અર્થ પ્રમાણે પણ 'સિદ્ધાત્મા' શબ્દથી સંસારથી અતીત આત્માનું સ્વરૂપ વાચ્ય બને છે.

વળી બૌદ્ધદર્શનવાળા સંસારથી અતીત તત્ત્વને 'તથાતા' કહે છે, અને તેનો ભાવ એ છે કે સદાકાળ તેવા પ્રકારનો સમાન ભાવ હોવાથી સંસારથી અતીત તત્ત્વ તથાતા=તેવા પ્રકારનો ભાવ છે જેને એવા છે. તેમાં સાક્ષીપાઠ આપ્યો, તેનો અર્થ આ પ્રમાણે છે –

સિદ્ધ થયેલા આત્માઓની પૂર્વક્ષણ ઉત્તરક્ષણ પ્રત્યે ઉપાદાન કારણ છે, અને બીજાને પોતાના સદૃશ ભાવ પ્રગટ કરાવવામાં નિમિત્ત કારણ છે. તેથી સિદ્ધ થયેલા આત્માની પ્રથમ ક્ષણ ઉપાદાન અને નિમિત્ત દ્વારા અધિકારી છે, અર્થાત્ પ્રથમ ક્ષણ ઉત્તરક્ષણને ઉત્પન્ન કરવાની અધિકારી છે અને તેનું આલંબન લેનારને નિમિત્ત દ્વારા પોતાના જેવો બનાવવા માટે અધિકારી છે. તેથી સિદ્ધ થયેલા આત્માઓમાં ઉપાદાન અને નિમિત્ત દ્વારા અધિકારીપણાથી ધ્રુવ તથાતા છે; કેમ કે સર્વકાલ તે પ્રકારનો ભાવ છે અર્થાત્ સિદ્ધ થયેલા આત્માની પ્રથમ ક્ષણ સર્વકાલ પોતાના જેવી જ ઉત્તરક્ષણ ઉત્પન્ન કરે છે, પણ વિસદૃશ ક્ષણ ઉત્પન્ન કરતી નથી, અને જીવોને પોતાના જેવા થવામાં નિમિત્તરૂપે સદા કારણ બને છે, અન્ય રીતે કારણ બનતી નથી. તેથી સિદ્ધ થયેલા આત્માઓમાં સર્વકાલ તથાભાવ હોવાથી સિદ્ધ થયેલા આત્માઓને 'તથાતા' કહેવાય છે.

અહીં વિશેષ એ છે કે સંસારી જીવોની દરેક ક્ષણ ઉત્તરક્ષણ પ્રત્યે ઉપાદાન કારણ છે, અને સંસારી જીવો બીજા જીવોને ભાવો કરવામાં નિમિત્ત પણ બને છે. તેથી ઉપાદાન અને નિમિત્તથી અધિકારીપણું સંસારી જીવોમાં પણ છે. આમ છતાં તેઓનું ઉપાદાન અને નિમિત્તથી અધિકારીપણું ધ્રુવ તથાતારૂપ નથી, પરંતુ ક્યારેક તત્સદૃશભાવ=જેવો પૂર્વક્ષણમાં છે તત્સદૃશભાવ કરે, ક્યારેક વિસદૃશભાવ=જેવો પૂર્વક્ષણમાં છે તેના કરતાં વિસદૃશભાવ પણ કરે, તેમ અન્ય જીવોને પણ જુદા જુદા ભાવો કરવામાં નિમિત્ત બને છે. તેથી સંસારી જીવોમાં ધ્રુવ તથાતા નથી, જ્યારે મુક્ત આત્માઓમાં ધ્રુવ તથાતા છે. માટે મુક્ત આત્માઓને કેટલાક 'તથાતા' શબ્દથી કહે છે.

વળી તે તથાતાનું સ્વરૂપ જ સ્પષ્ટ કરે છે –

તે તથાતા વિસંયોગાત્મિકા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવો દેહ આદિના સંયોગવાળા છે, અને તે તથાતા સર્વ સંયોગથી રહિત છે. વળી ત્રણ પ્રકારનાં દુઃખોથી રહિત છે. જેમ સંસારમાં જીવોને અશાતારૂપ દુઃખ છે, તે દુઃખદુઃખ છે. સંસારમાં જીવો ભોગાદિ કરે છે ત્યારે તેઓમાં રાગના સંસ્કારો પડે છે, જે ઇચ્છાના પરિણામરૂપ છે, અને ઇચ્છા સ્વયં સુખ નથી, તેથી ભોગકાળમાં ફરી ઇચ્છા ઉત્પન્ન કરાવે તેવા જે સંસ્કારો પડે છે, તે સંસ્કારદુઃખ છે. અને સંસારના સર્વ ભોગોથી કર્મબંધ થાય છે, અને તે કર્મબંધ પરિણામે સંસારના પરિભ્રમણરૂપ દુઃખોની પ્રાપ્તિ કરાવે છે, તેથી સંસારના ભોગો પરિણામદુઃખ છે.

આનાથી એ ફલિત થાય કે સંસારમાં (૧) અશાતાનું દુઃખ છે, (૨) ભોગકાળમાં રાગાદિના સંસ્કારો પડે છે તે સંસ્કારદુઃખ છે અને (૩) સંસારના ભોગો પરિણામદુઃખ છે; જ્યારે તથાતા આ ત્રણે દુઃખોથી રહિત છે.

વળી સિદ્ધાત્મા પરાભૂતકોટિ છે અર્થાત્ આત્માની પરાકોટિની સુંદર અવસ્થા છે, અને એની ઉપાસના કરનારને ભૂતાર્થફળને દેનારી છે અર્થાત્ આત્માનો પારમાર્થિક જે અર્થ છે તે ભૂતાર્થ છે, અને તે ભૂતાર્થભાવને દેનાર તથાતા છે, તેથી અત્યંત ભૂતાર્થરૂપ ફળને દેનારા તથાતા છે. તેથી જેઓ તે તથાતાની ઉપાસના કરે છે, તેઓ પણ તેમના જેવી જ શ્રેષ્ઠ અવસ્થારૂપ તથાતારૂપતાને પામે છે.

આ રીતે શ્લોકના પૂર્વાર્ધનું વર્ણન કર્યા પછી ટીકામાં ઉત્તરાર્ધનો અર્થ કરતાં કહે છે - પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અન્વર્થથી સંસારથી અતીત તત્ત્વ એક જ છતું 'સદાશિવ' આદિ શબ્દો વડે તે 'નિર્વાણ' કહેવાય છે અર્થાત્ સદાશિવ આદિ શબ્દો વડે તે નિર્વાણ વાચ્ય બને છે. **॥૧૩૦॥**

**અવતરણિકા :-**

**कथमेकमेवेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ એક જ છે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોક-૧૩૦માં કહ્યું કે સદાશિવ આદિ શબ્દો દ્વારા વાચ્ય સંસારથી અતીત તત્ત્વ અન્વર્થથી એક જ છે. ત્યાં પ્રશ્ન થાય કે દરેક શબ્દથી વાચ્ય અર્થ જુદો જુદો પ્રાપ્ત થાય છે, તો અન્વર્થથી એક જ કેમ છે ? એથી કહે છે –

**શ્લોક :-**

**तल्लक्षणाविसंवादान्निराबाधमनामयम् ।**
**निष्क्रियं च परं तत्त्वं, यतो जन्माद्ययोगतः ।।१३१।।**

**અન્વયાર્થ :-**

**तल्लक्षणाविसंवादात्=તેના લક્ષણનો અવિસંવાદ હોવાથી=નિર્વાણના સ્વરૂપનો અવિસંવાદ હોવાથી એક છે અર્થાત્ સદાશિવ આદિ શબ્દોથી વાચ્ય એવું નિર્વાણ એક છે, એમ અવતરણિકા સાથે સંબંધ છે.**

**यतः=જે કારણથી जन्माद्ययोगतः=જન્માદિનો અયોગ છે, તેથી परं तत्त्वं=સંસારથી અતીત તત્ત્વ निराबाधं=બાધા વગરનું अनामयम्=રોગરહિત च=અને निष्क्रियं=ક્રિયારહિત છે. ॥૧૩૧॥**

**શ્લોકાર્થ :-**

**નિર્વાણના સ્વરૂપનો અવિસંવાદ છે, તેથી એક છે અર્થાત્ સદાશિવ આદિ શબ્દોથી વાચ્ય એવું નિર્વાણ એક છે, એમ અવતરણિકા સાથે સંબંધ છે.**

**જે કારણથી જન્માદિનો અયોગ છે, તેથી સંસારથી અતીત તત્ત્વ બાધારહિત, રોગરહિત અને ક્રિયારહિત છે. ।।૧૩૧।।**

**ટીકા :-**

'तल्लक्षणाऽविसंवादाद्' इति-निर्वाणलक्षणाविसंवादात् । एनमेवाह 'निराबाधं'=निर्गतमाबाधाभ्यः, 'अनामयं'= अविद्यमानद्रव्यभावरोगम्, 'निष्क्रियं च' कर्तव्याभावान्निबन्धनाभावेन 'परं तत्त्वम्' एवम्भूतं 'यतो'=यस्मात्, 'जन्माद्ययोगतो'=जन्मजरामरणाऽयोगेन ।।१३१।।

**ટીકાર્થ :-**

'तल्लक्षणाऽविसंवादाद्' ..... जन्मजरामरणाऽयोगेन ।। **નિર્વાણના સ્વરૂપનો અવિસંવાદ હોવાથી, સર્વ દર્શનને માન્ય ભિન્ન ભિન્ન શબ્દથી વાચ્ય સંસારથી અતીત તત્ત્વ એક જ છે, એમ અવતરણિકા સાથે સંબંધ છે.**

**આને જ કહે છે=સંસારથી અતીત તત્ત્વ, નિર્વાણના સ્વરૂપના અવિસંવાદને કારણે એક જ છે, એને જ કહે છે –**

**જે કારણથી જન્માદિનો અયોગ હોવાથી=જન્મ-જરા-મરણનો અયોગ હોવાથી, નિરાબાધ= આબાધાથી નીકળી ગયેલું, અનામય=દ્રવ્યરોગ અને ભાવરોગ જેને નથી એવું, અને કર્તવ્યનો અભાવ હોવાને કારણે, કારણનો અભાવ હોવાથી=ક્રિયા કરવાના કારણનો અભાવ હોવાથી નિષ્ક્રિય, પરતત્ત્વ આવા પ્રકારનું છે=નિર્વાણ લક્ષણવાળું છે. ।।૧૩૧।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૦માં કહ્યું કે અન્વર્થથી સદાશિવ આદિ શબ્દો દ્વારા એક જ નિર્વાણ વાચ્ય છે. ત્યાં શંકા થાય કે સદાશિવ આદિ શબ્દોનો વાચ્યાર્થ તો જુદો છે, તો તે સદાશિવાદિ સર્વ શબ્દોથી એક જ નિર્વાણ કેમ વાચ્ય છે ? તેમાં યુક્તિ આપતાં ગ્રંથકાર કહે છે કે નિર્વાણના સ્વરૂપનો અવિસંવાદ છે.

આશય એ છે કે કોઈ નિર્વાણને સદાશિવ કહે તો કોઈ પરંબ્રહ્મ કહે તો કોઈ સિદ્ધાત્મા કહે, તે દરેક શબ્દોથી પ્રાપ્ત થતા સ્વરૂપવાળી અવસ્થામાં નિર્વાણનું સ્વરૂપ ઘટે છે, માટે સર્વદર્શનને માન્ય ભિન્ન ભિન્ન શબ્દથી વાચ્ય નિર્વાણ એક જ છે. એ જ વસ્તુને યુક્તિથી સ્પષ્ટ કરતાં કહે છે –

જે કારણથી નિર્વાણ અવસ્થામાં રહેલા આત્માને જન્મ-જરા-મરણનો અયોગ છે, તેથી નિર્વાણ અવસ્થામાં રહેલો આત્મા (૧) સર્વ બાધાઓથી રહિત છે, (૨) સર્વ દ્રવ્યરોગથી અને સર્વ ભાવરોગથી રહિત છે અને (૩) તેઓને કોઈ કર્તવ્ય નથી, તેથી કોઈ ક્રિયા કરવાનું કારણ નથી, માટે નિષ્ક્રિય છે; અને આવા પ્રકારનું પરતત્ત્વ છે, તેથી તેને સદાશિવ પણ કહી શકાય; વળી પરંબ્રહ્મ પણ કહી શકાય, કેમ કે કોઈ પ્રકારનો રોગ નથી અને કોઈ પ્રકારની બાધા નથી; અને કૃતકૃત્ય પણ કહી શકાય, કેમ કે સર્વ કૃત્યો કરી લીધાં છે માટે કોઈ કર્તવ્ય રહેતું નથી અને તેથી કોઈ ક્રિયા કરતા નથી; અને સંસારમાં જેમ જન્માદિ છે, તેમ નિર્વાણ પામેલા આત્માને જન્માદિ નથી, માટે સદા એક જ સ્વરૂપવાળા રહે છે, તેથી તથાતા પણ કહી શકાય. **।।૧૩૧।।**

**અવતરણિકા :-**

**ऐदम्पर्यमाह –**

**અવતરણિકાર્થ :-**

**ઐદંપર્યને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૦૧માં કહ્યું કે આગમથી, અનુમાનથી અને યોગના અભ્યાસથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે ભિન્ન ભિન્ન દર્શનોનાં આગમો જુદાં જુદાં છે, તો કયા આગમ દ્વારા ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય ? તે નક્કી થઈ શકે નહિ. તેના સમાધાન રૂપે શ્લોક-૧૦૨થી કહેવાની શરૂઆત કરી કે પરમાર્થથી સર્વજ્ઞ એક જ છે. તેથી ભિન્ન ભિન્ન દર્શનવાળા પણ ઉપાસ્ય એવા એક સર્વજ્ઞને કપિલ, બુદ્ધ આદિ જુદા જુદા નામોથી કહે છે, તોપણ પરમાર્થથી તે સર્વના ઉપાસ્ય એક જ સર્વજ્ઞ છે. તેથી સર્વ દર્શનોને માન્ય એવા અધ્યાત્મને કહેનારા આગમથી પ્રવૃત્તિ કરવામાં આવે તો સત્ તત્ત્વની પ્રાપ્તિ થાય, એ પ્રકારનું જોડાણ શ્લોક-૧૦૧ સાથે છે. અને તેની જ યુક્તિ આપતાં શ્લોક-૧૧૦થી બતાવ્યું કે સંસારી દેવોની ભક્તિ ચિત્ર હોય છે અને સંસારથી અતીત અર્થમાં જનારાઓની ભક્તિ અચિત્ર હોય છે, તેથી પણ નક્કી થાય છે કે સંસારથી અતીત તત્ત્વના સર્વ ઉપાસકો એક જ દેવની ઉપાસના કરે છે.

આ રીતે બતાવ્યા પછી સંસારથી અતીત તત્ત્વ તરફ જનારાઓનો માર્ગ એક જ છે, એ વાત શ્લોક-૧૨૮માં બતાવી. વળી સંસારથી અતીત તત્ત્વને ભિન્ન ભિન્ન દર્શનવાળા જુદા જુદા શબ્દોથી વાચ્ય કરે છે, તોપણ તે સર્વ શબ્દો દ્વારા એક નિર્વાણસંજ્ઞાવાળું સંસારથી અતીત એક તત્ત્વ જ વાચ્ય છે, તે વાત શ્લોક-૧૩૦-૧૩૨થી સિદ્ધ કરી.

હવે તે સર્વ કથનનું ઐદંપર્ય શ્લોક-૧૩૨-૧૩૩થી બતાવે છે –

**શ્લોક :-**

**ज्ञाते निर्वाणतत्त्वेऽस्मिन्नसंमोहेन तत्त्वतः ।**
**प्रेक्षावतां न तद्भक्तौ, विवाद उपपद्यते ।।१३२।।**

**અન્વયાર્થ :-**

तत्त्वतः=**પરમાર્થથી** असंमोहेन=**અસંમોહ વડે** अस्मिन् निर्वाणतत्त्वे ज्ञाते=**આ નિર્વાણતત્ત્વ જણાયે છતે** प्रेक्षावतां=**વિચારકોને** तद्भक्तौ=**તેની ભક્તિમાં=નિર્વાણતત્ત્વની ઉપાસનામાં** विवादः=**વિવાદ** उपपद्यते न=**ઉત્પન્ન થતો નથી. ।।૧૩૨।।**

**શ્લોકાર્થ :-**

**પરમાર્થથી અસંમોહ વડે આ નિર્વાણતત્ત્વ જણાયે છતે વિચારકોને નિર્વાણતત્ત્વની ઉપાસનામાં વિવાદ ઉત્પન્ન થતો નથી. ।।૧૩૨।।**

**ટીકા :-**

**'ज्ञाते'=परिच्छिन्ने, 'निर्वाणतत्त्वेऽस्मिन्' एवम्भूते 'असंमोहेन'-बोधेन, 'तत्त्वतः'=परमार्थतः, किमित्याह 'प्रेक्षावतां'=बुद्धिमतां, 'न तद्भक्तौ'=न निर्वाणतत्त्वसेवायाम्, किमित्याह 'विवाद उपपद्यते' तत्तत्त्वज्ञानभेदाभावात् अन्यथा प्रेक्षावत्त्वविरोधादिति ।।१३२।।**

**ટીકાર્થ :-**

**ज्ञाते' ..... प्रेक्षावत्त्वविरोधादिति ।। તત્ત્વથી=પરમાર્થથી, અસંમોહરૂપ બોધ વડે આવા પ્રકારનું=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનું, આ નિર્વાણતત્ત્વ જણાયે છતે વિચારકોને=બુદ્ધિમાનોને, તેની ભક્તિમાં= નિર્વાણતત્ત્વની સેવામાં, વિવાદ ઉત્પન્ન થતો નથી; કેમ કે તેના તત્ત્વજ્ઞાનના ભેદનો અભાવ છે=નિર્વાણના સ્વરૂપના જ્ઞાનના ભેદનો અભાવ છે. અન્યથા=પ્રેક્ષાવાનને નિર્વાણના સ્વરૂપના જ્ઞાનના ભેદનો અભાવ ન હોય તો, પ્રેક્ષાવાનમાં પ્રેક્ષાવત્ત્વનો વિરોધ પ્રાપ્ત થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૩૨।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૦ અને શ્લોક-૧૩૧માં સ્થાપન કર્યું કે જુદા જુદા દર્શનકારો સંસારથી અતીત તત્ત્વને જુદા જુદા શબ્દોથી કહે છે, તોપણ તે સર્વને માન્ય એવું સંસારથી અતીત તત્ત્વ એક જ છે. તેથી જે વિચારકને પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવામાં સંમોહ ન હોય તેવા સંમોહ વગરના સાધકો, સર્વ દર્શનોને માન્ય એવા નિર્વાણતત્ત્વનું સ્વરૂપ અસંમોહરૂપ બોધ વડે પરમાર્થથી જાણે, તો તે વિચારકોને વિવાદ થાય નહિ, કે આ દર્શનને માન્ય નિર્વાણતત્ત્વ ઉપાસ્ય છે. અને આ દર્શનને માન્ય નિર્વાણતત્ત્વ ઉપાસ્ય નથી; પરંતુ તેમને નિર્ણય થાય કે સર્વ દર્શનોને માન્ય તે તે શબ્દથી વાચ્ય નિર્વાણતત્ત્વ એક જ છે; માટે સદાશિવ શબ્દથી પણ હું નિર્વાણતત્ત્વની ઉપાસના કરીશ, કે પરંબ્રહ્મ શબ્દથી પણ હું નિર્વાણતત્ત્વની ઉપાસના કરીશ, તોપણ મને અભિમત એવું જ સંસારથી અતીત તત્ત્વ પ્રાપ્ત થશે; કેમ કે દરેક વિચારક શબ્દના પરમાર્થને જોનાર હોય છે; તેથી સંસારથી અતીત તત્ત્વના સ્વરૂપને કહેનારા સર્વ શબ્દોમાં તેમને નિર્વાણ અવસ્થાનું સ્વરૂપ દેખાય છે, અને જો કોઈ સાધકને તેવું સ્વરૂપ ન દેખાતું હોય તો તે સાધક પ્રેક્ષાવાન નથી તેમ જ માનવું પડે.

અહીં 'તત્ત્વથી' નો અર્થ 'પરમાર્થથી' કહ્યું. તેનાથી એ કહેવું છે કે અસંમોહરૂપ બોધથી કોઈપણ વિચારક સદાશિવ આદિ શબ્દોના અર્થનો વિચાર કરે, તો તે તે શબ્દોથી વાચ્ય જુદા જુદા અર્થો તેમને દેખાય છે, તોપણ પરમાર્થથી તેમને તે તે શબ્દોથી વાચ્ય નિર્વાણનું એક જ સ્વરૂપ દેખાય છે.

વળી ટીકામાં કહ્યું કે અસંમોહરૂપ બોધ વડે નિર્વાણના સ્વરૂપનો બોધ થાય તો વિચારકને તેની ભક્તિમાં વિવાદ થતો નથી. ત્યાં 'અસંમોહરૂપ બોધથી' એ કહેવું છે કે અધ્યાત્મમાર્ગને જાણીને સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિ માટે જે સાધકો અધ્યાત્મમાર્ગને સેવતા હોય, અને તે અધ્યાત્મમાર્ગના અનુષ્ઠાનના સેવનને કારણે તે અનુષ્ઠાનથી નિવર્તન કરવા યોગ્ય એવો મોહનો પરિણામ જેમનો ચાલ્યો ગયો છે, એવા સાધકોને અસંમોહવાળો બોધ છે; કેમ કે શ્લોક-૧૨૧માં કહેલ કે સદનુષ્ઠાનવાળું આ જ્ઞાન અસંમોહ કહેવાય છે. આવા સાધકો અધ્યાત્મનાં અનુષ્ઠાનોને સેવીને સંસારથી અતીત તત્ત્વને જોવા માટે યત્ન કરે છે, ત્યારે તેમને સંસારથી અતીત તત્ત્વ બાધા વગરનું, દ્રવ્ય-ભાવરોગ વગરનું, સર્વ ક્રિયાથી રહિત, જન્મ-જરા-મરણથી રહિત દેખાય છે, અને તેવું તત્ત્વ સદાશિવ આદિ શબ્દોથી વાચ્ય છે, તેમ દેખાય છે. તેથી સદાશિવ આદિ સર્વ શબ્દોથી વાચ્ય એવા તત્ત્વની ભક્તિમાં તેમને વિવાદ ઉત્પન્ન થતો નથી. **॥૧૩૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૩૨ની અવતરણિકામાં કહેલ કે ઐદંપર્યને કહે છે, અને તે ઐદંપર્યને બતાવતાં શ્લોક-૧૩૨માં કહ્યું કે વિચારકને નિર્વાણતત્ત્વનો બોધ થાય તો સદાશિવ આદિ શબ્દોથી વાચ્ય એવા સંસારથી અતીત તત્ત્વની ભક્તિમાં વિવાદ થતો નથી. હવે તે કથનથી ઐદંપર્ય શું પ્રાપ્ત થાય ? તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

सर्वज्ञपूर्वकं चैतन्नियमादेव यत्स्थितम् ।
आसन्नोऽयमृजुमार्गस्तद्भेदस्तत्कथं भवेत् ।।१३३।।

**અન્વયાર્થ :-**

**च=અને यत्=જે કારણથી एतद्=આ=નિર્વાણ નામનું અધિકૃત તત્ત્વ नियमात् एव=નિયમથી જ सर्वज्ञपूर्वकं स्थितम्=સર્વજ્ઞપૂર્વક રહેલું છે, (અને) अयम् ऋजुमार्गः=આ ઋજુમાર્ગ आसनः=નજીક છે= નિર્વાણની નજીક છે, तत्=તે કારણથી तद्भेदः=તેનો ભેદ=સર્વજ્ઞનો ભેદ कथं भवेत्=કેવી રીતે થાય ? ॥૧૩૩॥**

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી નિર્વાણ નામનું અધિકૃત તત્ત્વ નિયમથી જ સર્વજ્ઞપૂર્વક રહેલું છે, અને આ ઋજુમાર્ગ નિર્વાણની નજીક છે, તે કારણથી સર્વજ્ઞનો ભેદ કેવી રીતે થાય ? ॥૧૩૩॥**

**ટીકા :-**

'सर्वज्ञपूर्वकं च' 'एतद्'=अधिकृततत्त्वं निर्वाणाख्यं, 'नियमादेव यत्स्थितम्' असर्वज्ञस्य निर्वाणानुपपत्तेः, 'आसन्नोऽयं' निर्वाणस्य सर्वज्ञलक्षण 'ऋजुः'=अरवक्रो, 'मार्गः'=पन्थाः, 'तद्भेदः'= सर्वज्ञभेदो मतभेदलक्षणः, 'तत्'=तस्मात्, 'कथं भवेद्' नैव भवतीति ।।१३३।।

**ટીકાર્થ :-**

**'सर्वज्ञपूर्वकं च' ..... भवतीति ।। અને यत्=જે કારણથી एतद्=આ=નિર્વાણ નામનું અધિકૃત તત્ત્વ નિયમથી જ સર્વજ્ઞપૂર્વક રહેલું છે; કેમ કે અસર્વજ્ઞને નિર્વાણની અનુપપત્તિ છે; અને આ સર્વજ્ઞલક્ષણ ઋજુ માર્ગ=અવક્ર માર્ગ, નિર્વાણને આસન્ન છે, तत्-तस्मात्=તે કારણથી, તેનો ભેદ= મતભેદસ્વરૂપ સર્વજ્ઞનો ભેદ, કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે.**

❖ અહીં સર્વજ્ઞલક્ષણ ઋજુમાર્ગ છે એમ કહ્યું, ત્યાં સર્વજ્ઞ શબ્દ સર્વજ્ઞ વ્યક્તિનો વાચક છે, અને સર્વજ્ઞલક્ષણ ઋજુમાર્ગ, સર્વજ્ઞ વ્યક્તિમાં રહેલો નિર્વાણનો માર્ગ છે. તેથી સર્વજ્ઞત્વરૂપ માર્ગ છે તેમ કહેવું જોઈએ, તોપણ સર્વજ્ઞત્વના અર્થમાં જ સર્વજ્ઞમાર્ગ છે, તેમ કહેલ છે; કેમ કે સર્વજ્ઞત્વ સાથે સર્વજ્ઞનો અભેદ છે. **॥૧૩૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૨માં સ્થાપન કર્યું કે વિચારકને નિર્વાણતત્ત્વનો બોધ થાય તો તેની ભક્તિમાં વિવાદ થાય નહિ; કેમ કે નિર્વાણતત્ત્વ એટલે સંસારથી અતીત અવસ્થા. સંસારથી અતીત અવસ્થાનું વર્ણન ભિન્ન ભિન્ન શબ્દોથી સર્વ દર્શનકારોએ કર્યું છે, તે અવસ્થા જન્માદિ ભાવોથી રહિત એક સ્વરૂપ છે, અને સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિ સર્વજ્ઞતાપૂર્વક થાય છે; કેમ કે સર્વજ્ઞ થાય તો યોગનિરોધ કરી શકે, અને યોગનિરોધ કરે તો નિર્વાણ અવસ્થા પ્રાપ્ત કરે. માટે સર્વજ્ઞપૂર્વક નિર્વાણ તત્ત્વ રહેલું છે.

વળી સર્વજ્ઞલક્ષણ આ માર્ગ નિર્વાણઆસન્ન અર્થાત્ નિર્વાણને નજીક છે; કેમ કે સર્વજ્ઞ થયા પછી માત્ર યોગનિરોધ કરવાથી નિર્વાણઅવસ્થા પ્રાપ્ત થાય છે. જ્યારે સર્વજ્ઞ થયા પૂર્વેનો મોહને જીતવાનો આખો યોગમાર્ગ નિર્વાણઆસન્ન નથી, પરંતુ પરંપરાએ સર્વજ્ઞતાની પ્રાપ્તિ દ્વારા નિર્વાણનું કારણ છે.

વળી સર્વજ્ઞમાર્ગ=કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછીનો માર્ગ, એ નિર્વાણનો ઋજુમાર્ગ છે અર્થાત્ સીધો માર્ગ છે; જ્યારે તેની પૂર્વેનો યોગમાર્ગ સીધો માર્ગ નથી, પરંતુ મોહ જીતવા માટેનો માર્ગ છે; અને મોહ જીતવાની ક્રિયામાં યત્ન કરતાં ક્ષપકશ્રેણી આવે તો મોહ જિતાય, અને ક્ષપકશ્રેણી ન આવે અથવા ઉપશમશ્રેણી આવે તોપણ મોહ જિતાય નહિ, અને મોહ જીત્યા પછી પણ બાકીનાં ઘાતિકર્મોને જીતવાં પડે, ત્યારપછી સર્વજ્ઞત્વની પ્રાપ્તિ દ્વારા નિર્વાણની પ્રાપ્તિ થાય. તેથી સર્વજ્ઞમાર્ગની પૂર્વેનો યોગમાર્ગ નિર્વાણનો માર્ગ હોવા છતાં ઋજુમાર્ગ નથી, જ્યારે ત્યારપછીનો સર્વજ્ઞલક્ષણ માર્ગ ઋજુમાર્ગ છે. તેથી સર્વ ઉપાસકો જેમ લક્ષ્યરૂપે નિર્વાણ અવસ્થાની ઉપાસના કરે છે, તેમ નિર્વાણમાર્ગને બતાવનારા અને નિર્વાણની પ્રાપ્તિમાં આસન્ન રહેલા સર્વજ્ઞની પણ ઉપાસના કરે છે. આમ છતાં સર્વ દર્શનકારો જેમ નિર્વાણને જુદા જુદા શબ્દોથી વાચ્ય કરે છે, તોપણ અર્થથી એક જ નિર્વાણઅવસ્થા ઉપાસ્ય બને છે; તેમ નિર્વાણને આસન્ન એવો સર્વજ્ઞલક્ષણ ઋજુમાર્ગ જેઓને પ્રાપ્ત થયો છે તેવા સર્વજ્ઞ એવા ઇષ્ટદેવની પણ સાધક ઉપાસના કરે છે, અને તેમની ઉપાસના કરીને તેમણે બતાવેલા અધ્યાત્મમાર્ગનું સેવન કરીને સ્વ ઇષ્ટ એવા નિર્વાણ માટે યત્ન કરે છે. તેથી સર્વ દર્શનોમાં રહેલા અધ્યાત્મયોગીઓને માન્ય અને ભિન્ન ભિન્ન શબ્દોથી વાચ્ય

નિર્વાણમાં જેમ પ્રેક્ષાવાનને વિવાદ થતો નથી, તેમ ઉપાસ્ય એવા કપિલ, બુદ્ધ કે અરિહંતાદિ શબ્દથી વાચ્ય સર્વજ્ઞના અભેદમાં પણ વિવાદ થતો નથી; કેમ કે પ્રેક્ષાવાન વિચારે છે કે સર્વ અધ્યાત્મયોગીઓ, કોઈક બુદ્ધને તો કોઈક કપિલને તો કોઈક વીર ભગવાનને સર્વજ્ઞ શબ્દથી ઉલ્લેખ કરે છે, તોપણ તે સર્વ શબ્દોથી વાચ્ય એક જ સર્વજ્ઞની પ્રાપ્તિ છે કે જે સર્વજ્ઞ નિર્વાણને અતિ આસન્ન છે. માટે સર્વજ્ઞના વિષયમાં મતભેદ નથી, અને સર્વ દર્શનોમાં રહેલા યોગીઓ એક જ સર્વજ્ઞની ઉપાસના કરે છે. આ પ્રકારનું ઐદંપર્ય શ્લોક-૧૩૨-૧૩૩ થી પ્રાપ્ત થાય છે. આ રીતે શ્લોક-૧૦૨ની અવતરણિકામાં કહેલ કે 'આ જ અર્થને કહે છે' તે જ અર્થનો અત્યાર સુધી વિસ્તાર કર્યો, અને તે સર્વનું ઐદંપર્ય શ્લોક-૧૩૨-૧૩૩માં બતાવ્યું. **॥૧૩૩॥**

**અવતરણિકા :-**

**देशनाभेदः कथमित्याशङ्क्याह –**

**અવતરણિકાર્થ :-**

**દેશનાનો ભેદ કેમ છે ? એ પ્રમાણે આશંકા કરીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૦૨થી માંડીને અત્યાર સુધી સ્થાપન કર્યુ કે સર્વ દર્શનોમાં રહેલા યોગીઓ એક જ સર્વજ્ઞની ઉપાસના કરે છે; ફક્ત તેઓમાંથી કોઈ સર્વજ્ઞ શબ્દથી કપિલનો ઉલ્લેખ કરે છે, કોઈ બુદ્ધનો ઉલ્લેખ કરે છે તો કોઈ મહાવીરનો ઉલ્લેખ કરે છે, તોપણ તે સર્વ શબ્દથી વાચ્ય સર્વજ્ઞ એક છે, માટે સર્વજ્ઞના ભેદનું આશ્રયણ યોગીઓને હોય નહિ. ત્યાં શંકા થાય કે જો કપિલાદિ સર્વ સર્વજ્ઞોમાં કોઈ ભેદ નથી, તો તેઓની દેશનામાં ભેદ કેમ છે ? એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકાર કહે છે –

**શ્લોક :-**

**चित्रा तु देशनैतेषां, स्याद्विनेयानुगुण्यतः ।**
**यस्मादेते महात्मानो, भवव्याधिभिषग्वराः ।।१३४।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી एतेषां=એઓની=કપિલ, સુગતાદિની चित्रा देशना=જુદા જુદા પ્રકારની દેશના विनेयानुगुण्यतः= શિષ્યોના અનુરૂપપણાથી स्यात्=હોય, यस्मात्=જે કારણથી एते महात्मानः=આ મહાત્માઓ=સર્વજ્ઞ મહાત્માઓ भवव्याधिभिषग्वराः=ભવરૂપ વ્યાધિનો નાશ કરવામાં શ્રેષ્ઠ વૈદ્યો છે. ।।૧૩૪।।**

**શ્લોકાર્થ :-**

**વળી કપિલ, સુગતાદિની જુદા જુદા પ્રકારની દેશના શિષ્યોના અનુરૂપપણાથી હોય, જે કારણથી આ સર્વજ્ઞ મહાત્માઓ ભવરૂપ વ્યાધિનો નાશ કરવામાં શ્રેષ્ઠ વૈદ્યો છે. ।।૧૩૪।।**

**ટીકા :-**

**'चित्रा तु'=नानाप्रकारा पुनः, 'देशना' "नित्य आत्मा, अनित्य इति च" इत्यादिरूपा 'एतेषां'= सर्वज्ञानां कपिलसुगतादीनां, 'स्याद्'=भवेत्, 'विनेयानुगुण्यतः'=तथाविधशिष्यानुगुण्येन, कालान्तरापाय-भीरुमधिकृत्योपसर्जनीकृतपर्याया द्रव्यप्रधाना नित्यदेशना, भोगास्थावतस्त्वधिकृत्योपसर्जनीकृतद्रव्या पर्यायप्रधाना अनित्यदेशना, न तु तेऽन्वयव्यतिरेकवद्वस्तुवेदिनो न भवन्ति, सर्वज्ञत्वानुपपत्तेः, एवं देशना तु तथातद्गुणसंदर्शनेनऽदुष्टैवेत्याह 'यस्मादेते महात्मानः' सर्वज्ञाः किमित्याह 'भवव्याधिभि-षग्वराः'=संसारव्याधिवैद्यप्रधानाः ।।१३४।।**

**ટીકાર્થ :-**

**'चित्रा तु' ..... गुण्येन ।। વળી નિત્ય આત્મા અને અનિત્ય આત્મા ઈત્યાદિ રૂપ ચિત્ર પ્રકારની=ભિન્ન ભિન્ન પ્રકારની, આમની=સર્વજ્ઞ એવા કપિલ, સુગતાદિની, દેશના, વિનેયના અનુગુણ્યથી= તેવા પ્રકારના શિષ્યના અનુરૂપપણાથી, થાય.**

અહીં પ્રશ્ન થાય કે તેવા પ્રકારના શિષ્યના અનુસરણથી નિત્ય કે અનિત્યદેશના કેમ છે ? તેથી કહે છે -

**कालान्तरापाय ..... अनित्यदेशना, કાલાન્તરના અપાયના ભીરુ એવા શ્રોતાને આશ્રયીને=અમુક કાળ પછી મારો અભાવ છે તેમ માનીને યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં ભીરુ અર્થાત્ અનુત્સાહી એવા શ્રોતાને આશ્રયીને, ઉપસર્જન કર્યો છે પર્યાય જેમાં=ગૌણ કર્યો છે પર્યાય જેમાં, એવી દ્રવ્યપ્રધાન નિત્યદેશના છે અર્થાત્ સર્વજ્ઞ એવા કપિલની નિત્યદેશના છે. વળી ભોગઆસ્થાવાળાને આશ્રયીને=પોતાને મળેલી ભોગસામગ્રીમાં જેઓને આસ્થા છે, તેથી પરલોકની ઉપેક્ષા કરીને ભોગમાત્રની હુંફથી નિશ્ચિંત રીતે જીવે છે, તેવા જીવોને આશ્રયીને, ઉપસર્જન કર્યું છે દ્રવ્ય જેમાં એવી પર્યાયપ્રધાન અનિત્યદેશના છે અર્થાત્ સર્વજ્ઞ એવા સુગતની અનિત્યદેશના છે.**

અહીં પ્રશ્ન થાય કે કપિલની કાલાન્તરઅપાયભીરુને આશ્રયીને દેશના છે અને સુગતની ભોગઆસ્થાવાળાને આશ્રયીને દેશના છે તે કેમ નક્કી થાય ? કેમ કે કપિલની દેશનામાં તો માત્ર નિત્ય પદાર્થની પ્રરૂપણા છે અને સુગતની દેશનામાં માત્ર અનિત્ય પદાર્થની પ્રરૂપણા છે. તેથી જો તેઓની ભિન્ન ભિન્ન દેશના હોય તો તેઓ પદાર્થને પૂર્ણ જોનાર નથી, માટે તેવી અપૂર્ણ દેશના આપેલ છે તેમ માનવું પડે. તેથી કહે છે –

**न तु ..... नुपपत्तेः, તેઓ અન્વયવ્યતિરેકવાળી વસ્તુને=સર્વ પદાર્થમાં અનુગત એવા અન્વયધર્મવાળી અને સર્વ પદાર્થોનો પરસ્પર ભેદ બતાવનાર એવી વ્યતિરેકધર્મવાળી વસ્તુને જાણનાર નથી, એમ નહિ; કેમ કે જો તેઓ અન્વયવ્યતિરેકવાળી વસ્તુને જાણનાર ન હોય તો તેઓમાં સર્વજ્ઞપણાની અનુપપત્તિ છે=અપ્રાપ્તિ છે.**

શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે –

**एवं ..... प्रधानाः ।। વળી આ રીતે=પૂર્વમાં બતાવ્યું કે કાલાન્તરઅપાયભીરુને આશ્રયીને કપિલની દેશના છે અને ભોગઆસ્થાવાળાને આશ્રયીને સુગતની દેશના છે એ રીતે, દેશના તે પ્રકારે=શ્રોતાની યોગમાર્ગમાં પ્રવૃત્તિ થાય તે પ્રકારે, તેના ગુણના સંદર્શનને કારણે=દેશનાનું ફળ શ્રોતામાં દેખાવાને કારણે, અદુષ્ટ જ છે, એથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –**

**જે કારણથી આ સર્વજ્ઞ મહાત્માઓ ભવવ્યાધિના વૈદ્યો છે=સંસારવ્યાધિ મટાડવા માટે શ્રેષ્ઠ વૈદ્યો છે, તેથી જીવની યોગ્યતાને આશ્રયીને જુદી જુદી દેશના આપે છે, જેનાથી તે તે પ્રકારના યોગ્ય જીવોની યોગમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. માટે તે દેશના શ્રોતામાં ગુણ સંપાદન કરનાર હોવાથી અદુષ્ટ છે, એમ અન્વય છે. ॥૧૩૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં શ્લોક-૧૦૯ અને શ્લોક-૧૩૩ દ્વારા સ્થાપન કર્યું કે સર્વ દર્શનકારોને ઉપાસ્ય જુદા જુદા સર્વજ્ઞો પરમાર્થથી જુદા નથી, ફક્ત નામભેદ માત્ર છે. ત્યાં પ્રશ્ન થાય કે તો પછી કપિલે નિત્યદેશના કેમ આપી ? અને બૌદ્ધે અનિત્યદેશના કેમ આપી ? અર્થાત્ જો બન્ને સર્વજ્ઞ હોય તો બન્નેએ એકસરખી દેશના આપવી જોઈએ. તેનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે –

તેવા પ્રકારના શિષ્યને અનુસારે કપિલે નિત્યદેશના આપી છે અને સુગતે અનિત્યદેશના આપી છે, તેથી કોઈ દોષ નથી. ત્યાં પ્રશ્ન થાય કે કેવા પ્રકારના શિષ્યને અનુસારે કપિલે નિત્યદેશના આપી છે ? અને કેવા પ્રકારના શિષ્યને અનુસારે સુગતે અનિત્યદેશના આપી છે ? તેથી કહે છે –

જે શ્રોતા અમુક કાળ પછી મારું અસ્તિત્વ નથી એમ માનીને યોગમાર્ગના કષ્ટપ્રદ માર્ગને સેવવા માટે ભીરુ છે અર્થાત્ આવો કષ્ટવાળો માર્ગ હું સેવું અને અમુક કાળ પછી મારું અસ્તિત્વ રહેવાનું ન હોય તો આ કષ્ટનું કંઈ ફળ નથી, એમ વિચારીને યોગમાર્ગ સેવવામાં જે અનુત્સાહી છે, તેવા શ્રોતાને પોતે શાશ્વત છે, અને યોગનું ફળ પોતાને મળશે, તેવો બોધ કરાવવા માટે કપિલે પદાર્થમાં રહેલા પર્યાયને ગૌણ કરીને દ્રવ્યપ્રધાન નિત્યદેશના આપી; જેથી દ્રવ્યપ્રધાન દેશનાથી શ્રોતાને સ્થિર આસ્થા થાય કે હું શાશ્વત છું, માટે મારા આત્માને શાશ્વત સુખ મળે તે માટે કષ્ટસાધ્ય પણ યોગમાર્ગમાં મારે યત્ન કરવો જોઈએ, પરંતુ તુચ્છ અલ્પકાલીન એવા ભોગો પાછળ શક્તિનો વ્યય કરવો જોઈએ નહિ.

અને બુદ્ધે જે શ્રોતા ભોગઆસ્થાવાળા છે તેવા શ્રોતાને આશ્રયીને અનિત્યદેશના આપી છે અર્થાત્ જે શ્રોતાઓ પોતાને મળેલા ભોગસુખમાં સંતોષવાળા છે અને પરલોકની ઉપેક્ષા કરીને માત્ર ઐહિક ભાવોમાં જ પ્રવૃત્તિ કરે છે; છતાં કંઈક આત્મહિતને અભિમુખ થયેલા છે, તોપણ ભોગ પ્રત્યેનું વલણ ક્ષીણ થયું નથી; તેવા જીવો જ્યારે તત્ત્વ જાણવા અર્થે યોગી પાસે આવે છે, ત્યારે સુગતે તેવા જીવોને આશ્રયીને 'આ સંસારવર્તી સર્વ પદાર્થો ક્ષણિક છે, માટે તેની આસ્થા કરવા જેવી નથી' એમ બતાવવા માટે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયપ્રધાન દેશના આપી; જે દેશનાને સાંભળીને શ્રોતા પદાર્થના ક્ષણિકભાવને જુએ છે અને પરમાર્થને જાણીને તે પદાર્થથી વિરક્ત બને છે.

અહીં પ્રશ્ન થાય કે કપિલે અને સુગતે યોગ્ય શ્રોતાના લાભને સામે રાખીને ભિન્ન દેશના આપી છે ? કે તેઓનો બોધ જુદા પ્રકારનો છે ? તે કેમ નક્કી થાય ? તેથી કહે છે –

કપિલ, સુગતાદિ અન્વયવ્યતિરેકી વસ્તુને જાણનાર નથી એમ નહિ, પરંતુ જાણનાર જ છે; કેમ કે જો જાણનાર ન હોય તો તેઓ સર્વજ્ઞ છે તેમ કહી શકાય નહિ; અને સર્વ ઉપાસકો પોતાના ઇષ્ટદેવને સર્વજ્ઞ સ્વીકારીને ઉપાસના કરે છે, તેથી અર્થથી નક્કી થાય છે કે તેઓ યથાર્થ વસ્તુને જાણનાર છે, ફક્ત શ્રોતાના ઉપકારને સામે રાખીને દેશનાનો ભેદ કરેલ છે.

સર્વ દર્શનોમાં રહેલા ઉપાસકોના સર્વજ્ઞો અન્વય-વ્યતિરેકવાળી વસ્તુને જાણનાર નથી એમ નહિ, એમ કહ્યું, ત્યાં વસ્તુમાં અન્વય ધર્મ એ છે કે દરેક પદાર્થમાં કોઈ અનુગત ધર્મ છે, જેમ દરેક પદાર્થમાં સત્તાધર્મ અનુગત છે, જે સામાન્ય ધર્મ છે અને તે અન્વય ધર્મ છે; અને વ્યતિરેક ધર્મ એ છે કે દરેક પદાર્થમાં એકબીજાને જુદા પાડનારો કોઈ ધર્મ પણ છે, જે વિશેષ ધર્મ છે અને તે વ્યતિરેક ધર્મ છે; અને તેનાથી આ પદાર્થ કરતાં આ પદાર્થ જુદો છે તેવો બોધ થાય છે. જેમ ઘટ કરતાં પટ જુદો છે તેવો બોધ વ્યતિરેકધર્મને કારણે થાય છે. વળી આત્માદિ પદાર્થની પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણમાં પણ જે ભેદ જણાય છે તે વ્યતિરેકધર્મને કારણે જણાય છે. તેથી દરેક પદાર્થ ક્ષણિક છે તેવો બોધ પણ વ્યતિરેકધર્મથી થાય છે. વળી અન્વયધર્મને કારણે જેમ ઘટ પણ સત્ છે અને પટ પણ સત્ છે તેવો બોધ થાય છે, તેમ અન્વયધર્મને કારણે દરેક પદાર્થની પૂર્વ-ઉત્તર અવસ્થામાં પણ અનુગતતાની પ્રતીતિ થાય છે. તેથી આત્માની બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થામાં પણ આત્મા અનુગત પ્રતીત થાય છે, અને અન્ય ભવમાં પણ 'આ તે જ આત્મા છે જે પૂર્વે હતો' તે પ્રકારની પ્રતીતિ પણ અન્વયધર્મને કારણે થાય છે. આમ, પદાર્થમાં રહેલા અન્વયધર્મ અને વ્યતિરેકધર્મમાંથી અન્વયધર્મને સામે રાખીને કપિલે નિત્યદેશના આપી અને વ્યતિરેકધર્મને સામે રાખીને સુગતે અનિત્યદેશના આપી; તોપણ કપિલ અને સુગત સર્વજ્ઞરૂપે તે તે ઉપાસકોને માન્ય છે, તેથી તેઓ અન્વયવ્યતિરેકી વસ્તુને જાણનારા છે એમ અર્થથી ફલિત થાય છે.

પદાર્થ નિત્યાનિત્ય હોવા છતાં નિત્ય કે અનિત્ય પ્રકારની દેશના શ્રોતાના ઉપકારને કરનાર હોવાથી કપિલ, સુગતની આ ભિન્ન ભિન્ન પ્રકારની દેશના અદુષ્ટ છે, તે વાત શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે –

જે કારણથી કપિલ-સુગતાદિ મહાત્માઓ સંસારરૂપ વ્યાધિને મટાડનારા શ્રેષ્ઠ વૈદ્યો છે, તેથી જે રોગીનો રોગ જેનાથી મટે તેવું જ ઔષધ આપે, અન્ય નહિ. તેથી જે ભવરોગવાળાને હું અમુક કાળ પછી મૃત્યુ પામીશ એવી બુદ્ધિ હોવાથી કષ્ટવાળા યોગમાર્ગમાં અનુત્સાહ છે, એવા શ્રોતાને યોગમાર્ગમાં ઉત્સાહી કરવાને અનુરૂપ ઔષધસ્થાનીય નિત્યદેશના કપિલે આપેલી છે; અને ભોગ પ્રત્યેની આસ્થાને કારણે યોગમાર્ગ પ્રત્યે અનુત્સાહી જીવોને યોગમાર્ગમાં ઉત્સાહી કરવા માટે અનિત્યદેશના સુગતે આપી છે. આ રીતે ઉચિત ઔષધ જેવી તે દેશનાને સાંભળીને તે શ્રોતાઓ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, તેથી તેઓનો ભવરોગ મટે છે.

અહીં વિશેષ એ છે કે કપિલ-બુદ્ધાદિ સર્વજ્ઞ છે તેવું ગ્રંથકારને માન્ય નથી. આથી જ યોગબિંદુ શ્લોક-૯૭માં સ્વયં કહેલ છે કે કપિલાદિ વડે બતાવાયેલી યમનિયમાદિ પૂર્વસેવા ચરમાવર્તથી અન્ય આવર્તની= અચરમાવર્તની છે એમ હું માનું છું. એમ કહીને કપિલ જે યમ-નિયમરૂપ સંન્યાસધર્મ સેવે છે તે અસદ્ગ્રહથી દૂષિત હોવાને કારણે કપિલ ચરમાવર્ત બહાર હશે તેમ પૂ. હરિભદ્રસૂરિ મહારાજ સંભાવના કરે છે. વળી પૂ. હરિભદ્રસૂરિ મહારાજે અન્યત્ર પણ કહેલ છે કે पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।। આનાથી એ ફલિત થાય કે પૂ. હરિભદ્રસૂરિ મહારાજને વીર ભગવાન પ્રત્યે પક્ષપાત નથી કે કપિલ પ્રત્યે દ્વેષ નથી, પરંતુ વીર ભગવાનનું વચન યુક્તિવાળું છે અને તેઓ સર્વજ્ઞ છે, માટે ગ્રંથકારને ઉપાસ્ય તરીકે માન્ય છે; જ્યારે કપિલનું વચન યુક્તિવાળું નથી, તેથી કપિલ સર્વજ્ઞ નથી, માટે કપિલ ઉપાસ્ય તરીકે માન્ય નથી. આમ છતાં અહીં તેઓને સર્વજ્ઞ પણ ગ્રંથકારે જ કહ્યા છે. તેનો આશય એ છે કે પ્રથમ ચાર દૃષ્ટિમાં રહેલા અન્યદર્શનવાળા યોગીઓ કદાગ્રહ વગર યોગમાર્ગને સેવી રહ્યા છે, અને યોગમાર્ગને સેવીને મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્ન કરી રહ્યા છે; અને તેઓ સ્વદર્શન અનુસાર સંસારથી અતીત તત્ત્વને સદાશિવ આદિ શબ્દથી ઉપસ્થિત કરે છે, અને તેવી મોક્ષની આસન્ન અવસ્થાને પામેલા કપિલાદિ સર્વજ્ઞ છે એમ તેઓ માને છે. તેથી તેઓ સિદ્ધઅવસ્થાને સદાશિવ આદિ શબ્દથી જેમ ઉલ્લેખ કરે છે, તેમ સર્વજ્ઞને સર્વજ્ઞરૂપે કપિલાદિ શબ્દથી ઉપસ્થિત કરે છે, અને તેમના બતાવેલા અધ્યાત્મમાર્ગને સેવે છે. તેથી તેઓના માટે ઉપાસ્ય કપિલ આદિ શબ્દથી ઉલ્લેખ્યમાન સર્વજ્ઞ છે; અને તે સર્વજ્ઞ અપેક્ષાએ નિત્યદેશના આપે છે તેમ કહેવામાં કોઈ વિરોધ નથી; કેમ કે તેમની ઉપસ્થિતિમાં કપિલનું સ્વરૂપ સર્વજ્ઞરૂપે છે.

વળી કપિલે જે નિત્યદેશના આપી છે તે તત્ત્વથી સર્વજ્ઞ વડે કહેવાયેલી છે, એમ પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે આરાધક-વિરાધક-ચતુર્ભંગી શ્લોક-૨માં કહેલ છે. તેથી એ ફલિત થાય કે કપિલની નિત્યદેશના સર્વજ્ઞના વચનમાંથી નીકળેલી છે અને તે દેશના અનુસાર કપિલના ઉપાસકો યોગમાર્ગની ઉપાસના કરે છે, અને ઉપાસ્ય તરીકે કપિલને સર્વજ્ઞરૂપે સ્વીકારે છે, તોપણ તત્ત્વથી નામમાત્રથી કપિલનો ઉલ્લેખ છે, સ્વરૂપથી તો સર્વજ્ઞરૂપે કપિલનો ઉલ્લેખ કરે છે. તેથી તેઓની ઉપાસનાનો વિષય કપિલના નામથી પણ સર્વજ્ઞ છે, અને તે સર્વજ્ઞના વચનાનુસાર તેઓ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. તેથી તેઓની બુદ્ધિમાં સર્વજ્ઞરૂપે ઉપસ્થિત એવા કપિલને સર્વજ્ઞરૂપે સ્વીકારવામાં ગ્રંથકારને કોઈ વિરોધ નથી; છતાં જ્યારે કપિલના બતાવેલા દર્શનને અવલોકન કરે છે ત્યારે કપિલની યુક્તિરહિત વાતોને સામે રાખીને તે પ્રરૂપણા કરનાર કપિલ સર્વજ્ઞ નથી તેમ પણ કહેલ છે. તેથી એ ફલિત થાય કે કપિલની અસંબદ્ધ પ્રરૂપણાને સામે રાખીને કપિલ સર્વજ્ઞ નથી તેમ અન્યત્ર કહેલ છે; પરંતુ યોગમાર્ગને સેવનારા, અને સર્વજ્ઞ તરીકે કપિલનો ઉલ્લેખ કરીને તેમની ઉપાસના કરનારા ઉપાસકોની બુદ્ધિમાં ઉપસ્થિત 'કપિલ', શબ્દથી કપિલરૂપે, અર્થથી તો સર્વજ્ઞની જ ઉપસ્થિતિ છે. માટે તેઓને સર્વજ્ઞ તરીકે ઉલ્લેખ કરીને અહીં ભવરોગને મટાડનારા શ્રેષ્ઠ વૈદ્યો કહ્યા છે. **॥૧૩૪॥**

**અવતરણિકા :-**

अतः किमित्याह –

**અવતરણિકાર્થ :-**

આનાથી શું ? એથી કરીને કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૪ના ઉત્તરાર્ધમાં કહ્યું કે આ કપિલાદિ મહાત્માઓ ભવરૂપી વ્યાધિ મટાડવા માટે શ્રેષ્ઠ વૈદ્યો છે. એનાથી શું ?=એના કારણે તેઓ શું કરે છે ? એને કહે છે –

**શ્લોક :-**

**यस्य येन प्रकारेण, बीजाधानादिसम्भवः ।**
**सानुबन्धो भवत्येते, तथा तस्य जगुस्ततः ।।१३५।।**

**અન્વયાર્થ :-**

ततः=તે કારણથી=જે કારણથી કપિલાદિ મહાત્માઓ ભવરોગને મટાડવા માટે શ્રેષ્ઠ વૈદ્યો છે તે કારણથી यस्य=જેને येन प्रकारेण=જે પ્રકારે बीजाधानादिसम्भवः=બીજાધાનાદિનો સંભવ છે (અને) सानुबंधो भवति=સાનુબંધ થાય છે=બીજાધાનાદિ સાનુબંધ થાય છે तथा=તે પ્રકારે एते=આમણે=આ સર્વજ્ઞોએ तस्य=તેને=તે જીવને जगुः=કહ્યું છે=ઉપદેશ આપ્યો છે. ।।૧૩૫।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી કપિલાદિ મહાત્માઓ ભવરોગને મટાડવા શ્રેષ્ઠ વૈદ્યો છે, તે કારણથી જેને જે પ્રકારે બીજાધાનાદિનો સંભવ છે અને જે પ્રકારે બીજાધાનાદિ સાનુબંધ થાય છે, તે પ્રકારે આ સર્વજ્ઞોએ તે જીવને કહ્યું છે. ।।૧૩૫।।**

**ટીકા :-**

'यस्य'-प्राणिनो, 'येन प्रकारेण'-नित्यदेशनादिलक्षणेन, 'बीजाधानादिसम्भवः' तथाभवोद्वेगादिभावेन, 'सानुबन्धो भवति' तथातथोत्तरगुणवृद्ध्या 'एते'=सर्वज्ञाः, 'तथा'=तेन प्रकारेण, 'तस्य' 'जगुः'= गीतवन्तः, 'ततः' इति ।।१३५।।

**ટીકાર્થ :-**

'यस्य' ..... 'ततः' इति ।। ततः=પૂર્વ શ્લોક-૧૩૪માં બતાવ્યું કે જે કારણથી આ સર્વજ્ઞો સંસારવ્યાધિ મટાડવા માટે શ્રેષ્ઠ વૈદ્યો છે તે કારણથી, જે પ્રાણીને નિત્યદેશનાદિ લક્ષણ જે પ્રકારે તે પ્રકારના ભવઉદ્વેગ આદિ ભાવથી બીજાધાનાદિનો સંભવ છે, (અને) તે તે પ્રકારે ઉત્તરગુણની વૃદ્ધિથી=યોગમાર્ગની

**વૃદ્ધિના કારણ બને તે તે પ્રકારના ઉત્તરગુણની વૃદ્ધિથી, સાનુબંધ થાય છે=થયેલું બીજાધાન સાનુબંધ થાય છે, तथा=તે પ્રકારે, આ=સર્વજ્ઞોએ, તેને=તે પ્રાણીને, जगुः-गीतवन्तः=કહ્યું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૩૫॥**

❖ 'बीजाधानादिसम्भवः' માં 'आदि' પદથી અંકુર આદિનું ગ્રહણ કરવું.

❖ 'नित्यदेशनादिलक्षणेन' માં 'आदि' પદથી અનિત્યદેશનાનું ગ્રહણ કરવું.

❖ 'भवोद्वेगादिभावेन' માં 'आदि' પદથી મોક્ષાભિલાષનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૪માં કહ્યું કે આ મહાત્માઓ ભવરોગને મટાડનારા શ્રેષ્ઠ વૈદ્યો છે, તે કારણથી, કપિલ, બુદ્ધાદિએ નિત્ય કે અનિત્ય જે દેશનાથી શ્રોતાને ભવનો ઉદ્વેગ થાય તે રીતે દેશના આપી, જેથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિને અનુકૂળ તે જીવોમાં બીજાધાનાદિ થાય. વળી જે જીવોને બીજાધાન થયેલું છે તેઓને પણ તે સાનુબંધ થાય અર્થાત્ ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિ કરાવવા માટે નિત્ય કે અનિત્ય દેશના આપી છે. જેમ કેટલાક જીવોને નિત્યદેશનાથી બીજાધાન થયેલું હોય, આમ છતાં ફરી તે દેશના મહાત્મા પાસેથી સાંભળે ત્યારે જાગૃતિ આવે છે, અને યોગમાર્ગની વૃદ્ધિનું કારણ બને તે તે પ્રકારના ઉત્તરગુણની વૃદ્ધિ થાય છે=જે પ્રકારનો ગુણ પ્રગટ્યો છે તેનાથી ઉત્તરના ગુણના પ્રાદુર્ભાવરૂપ વૃદ્ધિ થાય છે. તેથી તેવા જીવોને યોગમાર્ગની પ્રવૃત્તિ સાનુબંધ કરાવવા માટે નિત્યદેશના આપે છે. વળી ભોગઆસ્થાવાળા જીવોને સામે રાખીને ભવ પ્રત્યે ઉદ્વેગ કરાવવા માટે બુદ્ધે અનિત્યદેશના આપી, જેથી તે જીવોમાં મોક્ષમાર્ગને અનુકૂળ બીજનું આધાન થાય; અને જે જીવોએ મોક્ષમાર્ગને અનુકૂળ બીજાધાન કર્યું છે, છતાં બુદ્ધનાં વચન સાંભળીને જાગૃતિ આવવાથી ભોગની આસ્થાના ત્યાગ માટે દૃઢ યત્ન કરીને ઉત્તર ઉત્તર ગુણની વૃદ્ધિ માટે પ્રયત્ન કરે તેવા છે, તેઓને પણ સાનુબંધ યોગમાર્ગની પ્રવૃત્તિ કરાવવા અર્થે અનિત્યદેશના આપી છે.

જે જીવને આત્મા નિત્ય છે તેવો બોધ થાય, અને તેના કારણે નિત્ય એવા આત્માના હિતની ચિંતા પ્રગટે, અને આ લોકનાં તુચ્છ ઐહિક સુખો પ્રત્યે ઉદ્વેગ ઉત્પન્ન થાય, અને ભવભ્રમણ પ્રત્યે ઉદ્વેગ ઉત્પન્ન થાય, તો તે જીવને ભવથી વિમુખ ભાવના સંસ્કારો પડે છે, જે સંસ્કારો મોક્ષને અનુકૂળ બીજાધાનરૂપ છે. વળી નિત્યદેશનાના શ્રવણથી જે જીવોને ભવભ્રમણથી પર એવા મોક્ષનો અભિલાષ થાય તે પણ મોક્ષને અનુકૂળ એવા બીજાધાનરૂપ છે; કેમ કે મોક્ષની ઇચ્છાના સંસ્કારો મોક્ષની પ્રવૃત્તિના બીજભૂત છે. તે બતાવવા માટે 'તથાભવઉદ્વેગાદિ ભાવથી બીજાધાનાદિનો સંભવ છે' એમ કહેલ છે. **॥૧૩૫॥**

**અવતરણિકા :-**

**परिहारान्तरमाह -**

**અવતરણિકાર્થ :-**

**અન્ય પરિહારને કહે છે –**

ભાવાર્થ :-

શ્લોક-૧૦૯ અને શ્લોક-૧૩૩થી સ્થાપન કર્યું કે કપિલ, સુગતાદિ સર્વજ્ઞોમાં નામનો ભેદ છે, વસ્તુતઃ સર્વજ્ઞપણામાં ભેદ નથી. ત્યાં શંકા થયેલ કે તો પછી કપિલ, સુગતાદિની દેશનાનો ભેદ કેમ છે ? તેનું સમાધાન શ્લોક-૧૩૪ અને શ્લોક-૧૩૫થી કરેલ. હવે બીજી રીતે કપિલ, સુગતાદિની દેશનાનો ભેદ કઈ રીતે સંગત થઈ શકે ? તે રૂપ પરિહારાન્તરને કહે છે –

શ્લોક :-

एकापि देशनैतेषां यद्वा श्रोतृविभेदतः ।
अचिन्त्यपुण्यसामर्थ्यात् तथा चित्राऽवभासते ।।१३६।।

અન્વયાર્થ :-

यद्वा=અથવા एतेषां एकापि देशना=આમની એક પણ દેશના=સર્વજ્ઞ એવા કપિલ, સુગતાદિની એક પણ દેશના अचिन्त्यपुण्यसामर्थ्यात्=અચિંત્ય પુણ્યના સામર્થ્યને કારણે श्रोतृविभेदतः=શ્રોતાના ભેદથી तथा=તે પ્રકારે=નિત્યાદિ પ્રકારે चित्रा=વિવિધ પ્રકારની अवभासते=ભાસે છે. ।।૧૩૬।।

શ્લોકાર્થ :-

અથવા સર્વજ્ઞ એવા કપિલ, સુગતાદિની એક પણ દેશના, અચિંત્ય પુણ્યના સામર્થ્યને કારણે શ્રોતાના ભેદથી નિત્યાદિ પ્રકારે વિવિધ પ્રકારની ભાસે છે. ।।૧૩૬।।

ટીકા :-

'एकापि देशना' तन्मुखविनिर्गममधिकृत्य 'एतेषां'=सर्वज्ञानां, 'यद्वा श्रोतृविभेदतः' तथाभव्यत्वभेदेन 'अचिन्त्यपुण्यसामर्थ्यात्'-परबोधाश्रयोपात्तकर्मविपाकादित्यर्थः, 'तथा'=नित्यादिप्रकारेण, 'चित्राऽवभासते' इति ।।१३६।।

ટીકાર્થ :-

'एकापि देशना' ..... 'चित्राऽवभासते' इति ।। અથવા તેમના મુખથી વિનિર્ગમને આશ્રયીને= સર્વજ્ઞના મુખથી વિનિર્ગમને આશ્રયીને, આમની= સર્વજ્ઞોની, એક પણ દેશના, તથાભવ્યત્વના ભેદને કારણે શ્રોતાના ભેદથી, અચિંત્ય પુણ્યના સામર્થ્યથી=સર્વજ્ઞના અચિંત્ય પુણ્યના સામર્થ્યથી અર્થાત્ બીજાને બોધ કરાવવાના આશ્રયવાળા ગ્રહણ કરાયેલા કર્મના વિપાકથી, તે પ્રકારે=નિત્યાદિ પ્રકારે, ચિત્રા=જુદી જુદી, ભાસે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૩૬।।

❖ 'एकापि' માં 'अपि' થી એ કહેવું છે કે દેશના જુદી જુદી હોય તો તો જુદી જુદી ભાસે, પરંતુ એક પણ દેશના શ્રોતાના ભેદથી જુદી જુદી ભાસે છે.

**ભાવાર્થ :-**

કપિલ, સુગતાદિ સર્વ સર્વજ્ઞો છે અર્થાત્ જે તીર્થંકર થયા છે તે જ કપિલ, સુગતાદિ શબ્દોથી તે તે ઉપાસકો દ્વારા ઉપાસ્યરૂપે સ્વીકારાયા છે, અને તેઓએ ભૂતકાળમાં બીજા જીવોને બોધ કરાવે તેવું તીર્થંકરનામકર્મ બાંધ્યું છે, અને તે તીર્થંકરનામકર્મના વિપાકને કારણે તે સર્વની એક જ દેશના શ્રોતાના ભેદથી, કોઈક શ્રોતાને નિત્યરૂપે ભાસે છે, તો વળી અન્ય કોઈક શ્રોતાને અનિત્યરૂપે ભાસે છે; કેમ કે તે તે શ્રોતાઓનું તથાભવ્યત્વ જુદા જુદા પ્રકારનું છે અર્થાત્ જે શ્રોતાને "પોતે નિત્ય નથી તેથી કાલાન્તરમાં મારું અસ્તિત્વ નથી" તેવો ભ્રમ વર્તે છે, અને તેના કારણે યોગમાર્ગમાં ઉત્સાહ થતો નથી, તેવા શ્રોતાનું તેવા પ્રકારનું ભવ્યત્વ છે કે જેથી તીર્થંકરની દેશના સાંભળે ત્યારે "હું નિત્ય છું" તેવી સ્થિર બુદ્ધિ થાય છે અને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ થાય છે; અને તેવી જ રીતે ભોગમગ્ન શ્રોતાને અનિત્યતાનું ભાન થાય છે. વળી તીર્થંકરના આત્માની પણ તેવી પુણ્યપ્રકૃતિ છે કે એક જ દેશનાથી જુદા જુદા શ્રોતાને જે જે પ્રકારનો સંશય હોય તે તે પ્રકારે તેમની દેશનાથી બોધ થાય અને સંશયનો ઉચ્છેદ થાય. આ રીતે શ્રોતાના તથાભવ્યત્વના ભેદથી અને તીર્થંકરની અચિંત્ય પુણ્યપ્રકૃતિથી કાલાન્તરે અપાયના ભીરુ એવા શ્રોતાને તે દેશના નિત્યરૂપે ભાસે છે. તેથી કાલાન્તરે અપાયના ભીરુ શ્રોતા, તીર્થંકરની દેશનાથી પોતે નિત્ય છે એમ જાણે છે, અને તેના કારણે તેમનું ભવ્યત્વ પરિપાકને પામે છે, અને તે ભવ્યત્વના પરિપાકને કારણે તે શ્રોતા તે દેશનાથી પોતાને નિત્ય જાણીને હિતમાં પ્રવૃત્તિ કરે છે; જ્યારે ભોગઆસ્થાવાળા શ્રોતાને તે દેશના અનિત્યરૂપે ભાસે છે. તેથી ભોગની આસ્થાવાળા શ્રોતા તે તીર્થંકરની દેશનાથી પોતાને અનિત્યરૂપે જાણીને આ સંસારને ઇંદ્રજાળરૂપે જોઈ શકે છે, અને તેનાથી તેમનું ભવ્યત્વ પરિપાકને પામે છે અને યોગમાર્ગમાં ઉત્સાહિત થઈને પ્રવૃત્તિ કરે છે.

આનાથી એ ફલિત થયું કે સાક્ષાત્ સર્વજ્ઞ અને તીર્થંકરો જ્યારે વિદ્યમાન હતા, ત્યારે તેઓએ યોગમાર્ગની જે દેશના આપી, તે દેશના સાંભળીને કેટલાક શ્રોતાઓ પોતાને નિત્ય જાણીને યોગમાર્ગમાં પ્રવૃત્ત થયા અને કેટલાક શ્રોતાઓ પોતાને ક્ષણિક જાણીને યોગમાર્ગમાં પ્રવૃત્ત થયા, અને તે શ્રોતાઓએ પોતાના શિષ્યાદિને પણ તે જ યોગમાર્ગ સમજાવ્યો જે યોગમાર્ગ વર્તમાનમાં પ્રવૃત્ત છે. તે યોગમાર્ગને આશ્રયીને વર્તમાનમાં જે યોગીઓ પોતાને નિત્ય માનીને પ્રવૃત્તિ કરે છે તેઓ કહે છે કે અમારા સર્વજ્ઞ એવા કપિલે આ યોગમાર્ગ કહ્યો છે, અને તેમણે આત્મા નિત્ય છે એમ કહેલ છે; વળી પોતે ક્ષણિક છે તેવું જાણીને યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલા યોગીઓએ પોતાના શિષ્યોને ક્ષણિકવાદનો ઉપદેશ આપ્યો, અને વર્તમાનમાં તેમની પરંપરા પ્રમાણે યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલા જે યોગીઓ છે, તેઓ કહે છે કે અમારા સર્વજ્ઞએ આત્મા ક્ષણિક છે તેમ કહેલ છે, અને તે સર્વજ્ઞ બુદ્ધ છે. તેથી કપિલ શબ્દથી કે બુદ્ધ શબ્દથી ઉલ્લેખ્યમાન એક જ સર્વજ્ઞ છે કે જે તીર્થંકરનામકર્મના ઉદયવાળા છે, અને તેમણે એક જ દેશના આપી છે; આમ છતાં શ્રોતાના તેવા પ્રકારના ભવ્યત્વના કારણે અને તીર્થંકરના અચિંત્ય પ્રભાવને કારણે તે દેશના તેમને જુદી જુદી ભાસે છે; અને તે દેશના આપનારને તેઓ સર્વજ્ઞ કહે છે, અને તે સર્વજ્ઞને કોઈ કપિલથી ઉલ્લેખ કરે છે તો કોઈ બુદ્ધથી ઉલ્લેખ કરે છે; ફક્ત નામનો ભેદ છે, પરંતુ દેશના આપનાર સર્વજ્ઞ એક જ છે, અને નિત્યાનિત્યત્વની તે દેશના પણ એક જ છે.

અહીં વિશેષ એ છે કે તીર્થંકરોમાં જેમ ઋષભદેવ પણ છે, અજિતનાથ પણ છે અને વીર ભગવાન પણ છે, તે રીતે દેશના આપનારમાં વ્યક્તિઓનો ભેદ હોઈ શકે, તોપણ તે સર્વ તીર્થંકરો સમાન જ દેશના આપનાર છે. તેથી તે તીર્થંકરોની એક જ દેશના છે અને તે તીર્થંકરની દેશના સાંભળીને શ્રોતાઓ પોતાના ભવ્યત્વ પ્રમાણે નિત્યરૂપે કે અનિત્યરૂપે કે નિત્યાનિત્યરૂપે કે નિત્યાનિત્યરૂપે બોધ કરીને તેમના બતાવેલા યોગમાર્ગમાં પ્રવૃત્ત છે. તેથી યોગમાર્ગમાં પ્રવૃત્ત સર્વ યોગીઓના આદ્ય પ્રરૂપક તીર્થંકરો જ છે, અને તે તીર્થંકરને કોઈ કપિલથી ઉલ્લેખ કરે કે કોઈ બુદ્ધથી ઉલ્લેખ કરે કે કોઈ મહાવીરથી ઉલ્લેખ કરે, તેટલો જ નામમાત્ર ભેદ છે, અન્ય કોઈ ભેદ નથી. માટે સર્વ દર્શનોમાં વર્તતા યોગીઓ એક જ સર્વજ્ઞના ઉપાસકો છે. **॥૧૩૬॥**

**અવતરણિકા :-**

**न च नैवमपि गुण इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે પણ=તીર્થંકરની દેશનાથી કેટલાક શ્રોતાઓ આત્માને નિત્યરૂપે ગ્રહણ કરે છે, તો કેટલાક અનિત્યરૂપે ગ્રહણ કરે છે એ રીતે પણ, ગુણ નથી એમ નહિ, એ પ્રમાણે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૬માં સ્થાપન કર્યું કે તીર્થંકરની એક દેશના પણ શ્રોતાઓના ભેદથી કોઈકને નિત્યરૂપે ભાસે છે, તો કોઈકને અનિત્યરૂપે ભાસે છે. ત્યાં પ્રશ્ન થાય કે તીર્થંકરો તો પદાર્થને નિત્યાનિત્ય કહે છે, તેથી જેઓને પદાર્થ નિત્યાનિત્યરૂપે ભાસે તેઓને સાચો બોધ થયો કહેવાય; તેને બદલે કોઈક શ્રોતા પદાર્થને નિત્યાનિત્યરૂપે ગ્રહણ કરવાને સ્થાને કેવળ નિત્યરૂપે ગ્રહણ કરે કે કેવળ અનિત્યરૂપે ગ્રહણ કરે, તેનાથી તેમને ગુણ કેવી રીતે થાય ? તેથી કહે છે –

આ રીતે પણ તે શ્રોતાને ગુણ નથી એમ નહિ અર્થાત્ નિત્યાનિત્યરૂપે ગ્રહણ કરે તો તો ગુણ છે જ, પરંતુ કોઈક નિત્યરૂપે કે કોઈક અનિત્યરૂપે ગ્રહણ કરે તોપણ ગુણ છે, એ પ્રમાણે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે.

**શ્લોક :-**

**यथाभव्यं च सर्वोषामुपकारोऽपि तत्कृतः ।**
**जायतेऽवन्ध्यताप्येवमस्याः सर्वत्र सुस्थिता ।।१३७।।**

**અન્વયાર્થ :-**

**च=અને सर्वोषाम्=સર્વ શ્રોતાઓને यथाभव्यं=ભવ્યસદૃશ तत्कृतः उपकारोऽपि=તેના કૃત ઉપકાર પણ=દેશનાકૃત ઉપકાર પણ जायते=થાય છે, एवम्=એ રીતે अस्याः=આની=દેશનાની सर्वत्र=સર્વ શ્રોતાઓમાં अवन्ध्यतापि=અવંધ્યતા પણ सुस्थिता=સુસંગત છે. ।।૧૩૭।।**

**શ્લોકાર્થ :-**

**અને સર્વ શ્રોતાઓને ભવ્યસદૃશ=ભવ્યત્વને અનુરૂપ દેશનાકૃત ઉપકાર પણ થાય છે, એ રીતે દેશનાની સર્વ શ્રોતાઓમાં અવંધ્યતા પણ સુસંગત છે. ॥૧૩૭॥**

❖ 'उपकारोऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે ભવ્યત્વને અનુરૂપ દેશનાથી બોધ તો થાય છે, પરંતુ ઉપકાર પણ થાય છે.

❖ 'अवन्ध्यतापि' માં 'अपि' થી એ કહેવું છે કે ભવ્યત્વને અનુરૂપ દેશનાથી ઉપકાર તો થાય છે, પરંતુ દેશનાની અવંધ્યતા પણ સુસંગત છે.

**ટીકા :-**

**'यथाभव्यं'=भव्यसदृशं, च 'सर्वेषां'-श्रोतृणाम्, 'उपकारोऽपि'=गुणोऽपि, 'तत्कृतो'=देशनानिष्पन्नः, 'जायते'= प्रादुर्भवति, 'अवन्ध्यताऽपि'=अनिष्फलतापि, 'एवम्'=उक्तनीत्या, 'अस्याः'=देशनायाः, 'सर्वत्र सुस्थिता' इति ।।१३७।।**

**ટીકાર્થ :-**

**'यथाभव्यं' ..... सुस्थिता' इति ।। અને સર્વ શ્રોતાઓને તત્કૃત=દેશનાથી નિષ્પન્ન, યથાભવ્ય=ભવ્યસદૃશ=ભવ્યત્વને અનુરૂપ, ઉપકાર પણ થાય છે=ગુણ પણ થાય છે, એ રીતે=ઉક્ત નીતિથી=દેશનાકૃત સર્વને ઉપકાર થાય છે એ નીતિથી, આની=દેશનાની, અવંધ્યતા પણ=અનિષ્ફળતા પણ, સર્વત્ર=સર્વ શ્રોતાઓમાં, સુસ્થિત છે=સુસંગત છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૩૭॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૬માં સ્થાપન કર્યું કે તીર્થંકરની દેશનાથી શ્રોતાના ભેદને આશ્રયીને કોઈકને આત્મા નિત્યરૂપે તો કોઈકને અનિત્યરૂપે ભાસે છે, એ રીતે પણ સર્વ શ્રોતાઓને તેઓના ભવ્યત્વને અનુરૂપ ભગવાનની દેશનાકૃત ઉપકાર પણ થાય છે અર્થાત્ તેઓ નિત્યાનિત્યરૂપ અનેકાંતવાદને સમજી શકતા નથી, તોપણ તેઓના ભવ્યત્વને અનુરૂપ નિત્યના બોધથી કે અનિત્યના બોધથી તેમની યોગમાર્ગની પ્રવૃત્તિ થાય છે, તે રૂપ ઉપકાર તેઓને દેશનાથી થાય છે.

વળી આ રીતે શાસ્ત્રમાં ભગવાનની દેશનાને અવંધ્યદેશના કહી છે તે સંગત થાય છે અર્થાત્ જે જીવો હજી સ્યાદ્વાદના પરમાર્થને સમજી શકે તેવી ભૂમિકાવાળા નથી, તેઓને કેવલ નિત્યનો કે કેવલ અનિત્યનો બોધ થાય છે, અને તેના દ્વારા યોગમાર્ગની ચાર દૃષ્ટિ સુધીનો વિકાસ તેઓ સાધી શકે છે. એ રીતે ભગવાનની દેશનાથી ઉપકાર પણ તેઓને થાય છે. તેથી ભગવાનની દેશના અવંધ્ય છે, એ પ્રકારનું શાસ્ત્રવચન સુસંગત થાય છે. આથી જ 'અભયદયાણં', 'ચક્ખુદયાણં', 'મગ્ગદયાણં' અને 'સરણદયાણં' એ ચાર પદો દ્વારા તીર્થંકરો અનુક્રમે ચાર યોગદૃષ્ટિની ચાર ભૂમિકાને આપનાર છે, એમ બતાવેલ છે. ॥૧૩૭॥

**અવતરણિકા :-**

**प्रकारान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**બીજા પ્રકારને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં શંકા કરેલ કે કપિલ, સુગતાદિ સર્વજ્ઞ હોય તો કપિલે નિત્ય આત્મા અને સુગતે અનિત્ય આત્મા કેમ કહ્યો ? તેનું સમાધાન શ્લોક-૧૩૪-૧૩૫માં બતાવ્યું કે જુદા જુદા પ્રકારના શિષ્યોના ઉપકાર માટે કપિલે અને સુગતે સર્વજ્ઞ હોવા છતાં જુદી જુદી દેશના આપી છે. આમ એક રીતે સમાધાન કર્યા પછી શ્લોક-૧૩૬માં બીજી રીતે સમાધાન કર્યું કે તીર્થંકરોનું અચિંત્ય પુણ્ય હોવાને કારણે એક પણ દેશના શ્રોતાના ભેદથી તેના ભવ્યત્વ અનુસાર કોઈને નિત્યરૂપે અને કોઈને અનિત્યરૂપે ભાસે છે. આ રીતે બે પ્રકારે સમાધાન કર્યા પછી કપિલની દેશના નિત્ય કેમ છે ? અને સુગતની દેશના અનિત્ય કેમ છે ? તેનું સમાધાન અન્ય પ્રકારે કરે છે –

**શ્લોક :-**

**यद्वा तत्तन्नयापेक्षा, तत्तत्कालादियोगतः ।**
**ऋषिभ्यो देशना चित्रा, तन्मूलैषापि तत्त्वतः ।।१३८।।**

**અન્વયાર્થ :-**

**यद्वा=અથવા तत्तत्कालादियोगतः=તે તે કાલાદિના યોગથી=દુષમાદિના યોગથી तत्तन्नयापेक्षा चित्रा देशना=તે તે નયની અપેક્ષાવાળી જુદી જુદી દેશના ऋषिभ्यः=ઋષિઓથી અપાએલી છે. एषापि=આ પણ=ઋષિઓથી જુદી જુદી અપાએલી દેશના પણ, तत्त्वतः=પરમાર્થથી तन्मूला=સર્વજ્ઞમૂલા છે. ।।૧૩૮।।**

**શ્લોકાર્થ :-**

**અથવા દુષમાદિના યોગથી તે તે નયની અપેક્ષાવાળી જુદી જુદી દેશના ઋષિઓથી અપાએલી છે. ઋષિઓથી જુદી જુદી અપાએલી દેશના પણ પરમાર્થથી સર્વજ્ઞમૂલા છે. ।।૧૩૮।।**

❖ 'एषापि' માં 'अपि' થી એ કહેવું છે કે સર્વજ્ઞની દેશના તો તે તે નયઅપેક્ષાવાળી છે, પરંતુ ઋષિઓની દેશના પણ તે તે નયઅપેક્ષાવાળી તત્ત્વથી સર્વજ્ઞમૂલા છે.

**ટીકા :-**

**'यद्वा तत्तन्नयापेक्षा' द्रव्यास्तिकादीनधिकृत्य 'तत्तत्कालादियोगात्'=दुःषमादियोगात्, 'ऋषिभ्यः'-कपिलादिभ्य एव 'देशना चित्रा' इति, न चेयमपि निर्मूलेत्याह-'तन्मूलैषापि'=सर्वज्ञदेशनामूलैषापि, 'तत्त्वतः'=परमार्थेन, तत्प्रवचनानुसारतस्तथाप्रवृत्तेरिति ।।१३८।।**

**ટીકાર્થ :-**

**'यद्वा तत्तन्नयापेक्षा' ..... तथाप्रवृत्तेरिति ।। અથવા તે તે કાલાદિના યોગથી=દુષમાદિના યોગથી, દ્રવ્યાસ્તિક આદિ નયને આશ્રયીને તે તે નયોની અપેક્ષાવાળી ચિત્રા દેશના=વિવિધ પ્રકારની દેશના, કપિલાદિ જ ઋષિઓથી અપાએલી છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

શ્લોકના ચોથા પાદનું ઉત્થાન કરે છે –

**આ પણ=કપિલાદિ ઋષિઓની દેશના પણ, નિર્મૂલ નથી. इति=एतद्=એને, શ્લોકના ચોથા પાદમાં કહે છે –**

**તત્ત્વથી=પરમાર્થથી, તન્મૂલા=સર્વજ્ઞદેશનામૂલા, આ પણ=કપિલાદિની દેશના પણ, છે; કેમ કે તત્પ્રવચન અનુસારથી=સર્વજ્ઞના પ્રવચન અનુસારથી, તે પ્રકારની પ્રવૃત્તિ છે=તે તે નયની અપેક્ષાએ દેશનાની પ્રવૃત્તિ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૩૮।।**

❖ 'द्रव्यास्तिकादीन्' માં 'आदि' પદથી પર્યાયાસ્તિકનયનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

અન્ય દર્શનકારોમાંથી કેટલાક કપિલને અનુસરનારા છે તો કેટલાક બુદ્ધને અનુસરનારા છે, અને તેઓ કપિલ અને બુદ્ધને અનુસરીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી રહ્યા છે; અને તેઓની યોગમાર્ગની પ્રવૃત્તિ સર્વજ્ઞમૂલક છે તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે કે દુષમાદિના યોગને કારણે કપિલ ઋષિએ દ્રવ્યાસ્તિકનયને આશ્રયીને આત્મા નિત્ય છે એ પ્રકારની દેશના આપી છે, અને સુગતે પર્યાયાસ્તિક નયને આશ્રયીને આત્મા અનિત્ય છે એ પ્રકારે દેશના આપી છે; અને કપિલ-સુગતાદિ સર્વજ્ઞ નહોતા, પરંતુ ઋષિઓ હતા, અને તે ઋષિઓએ જે દેશના આપી છે તે પરમાર્થથી સર્વજ્ઞમૂલક છે; કેમ કે સર્વજ્ઞના પ્રવચનને અનુસારે તે તે નયથી કપિલ-સુગતાદિ ઋષિઓએ દેશનામાં પ્રવૃત્તિ કરી છે. માટે જે યોગીઓ તે દેશના અનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, તે યોગમાર્ગને કહેનાર આગમવચન સર્વજ્ઞમૂલક છે. તેથી સર્વદર્શનોમાં યોગમાર્ગને કહેનારાં આગમવચનો એક સર્વજ્ઞથી કહેવાયેલાં છે, અને તેને અનુસારે પ્રવૃત્તિ કરનારા બધા યોગીઓ એક સર્વજ્ઞના ઉપાસક છે.

તેથી તે આગમ પ્રમાણે=કપિલાદિ ઋષિઓએ કહેલા આગમ પ્રમાણે, તત્ત્વનો નિર્ણય કરવામાં આવે, ત્યારબાદ અનુમાનથી તે પદાર્થને જોડવામાં આવે, અને ત્યાર પછી તે યોગમાર્ગના અનુષ્ઠાનને સેવવામાં આવે, તો શ્લોક-૧૦૧માં કહેલ તે પ્રમાણે આગમ દ્વારા, અનુમાન દ્વારા અને યોગના અભ્યાસ દ્વારા ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. માટે ઉત્તમ તત્ત્વના અર્થીએ કુતર્કનો ત્યાગ કરીને તત્ત્વપ્રાપ્તિ માટે આગમવચનાનુસાર યત્ન કરવો જોઈએ, એ પ્રકારનો ધ્વનિ શ્લોક-૧૩૪થી ૧૩૮ સુધીમાં દેશનાભેદનું સમાધાન કરનાર કથનથી પ્રાપ્ત થાય છે. **॥૧૩૮॥**

**અવતરણિકા :-**

**प्रकृतयोजनमाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રકૃતમાં યોજનને=શ્લોક-૧૩૩માં કહ્યું કે સર્વજ્ઞનો ભેદ નથી એ રૂપ પ્રકૃતમાં શ્લોક-૧૩૩થી શ્લોક-૧૩૮ સુધી જે કથન કર્યું તેના યોજનને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૩માં કહ્યું કે સર્વજ્ઞનો મતભેદ નથી, પરંતુ યોગમાર્ગના ઉપાસકો એક જ સર્વજ્ઞના ઉપાસકો છે, તે પ્રકૃતમાં, શ્લોક-૧૩૪ થી શ્લોક-૧૩૮ સુધીમાં કપિલ, સુગતાદિ સર્વજ્ઞ હોવા છતાં તેઓની ચિત્રા દેશના કઈ રીતે સંગત થાય છે તે બતાવ્યું. હવે તેના યોજનને કહે છે –

**શ્લોક :-**

**तदभिप्रायमज्ञात्वा, न ततोऽर्वाग्दृशां सताम् ।**
**युज्यते तत्प्रतिक्षेपो, महानर्थकरः परः ।।१३९।।**

**અન્વયાર્થ :-**

**ततः=તે કારણથી=કપિલાદિની દેશનાનો ભેદ કેમ છે ? તે પૂર્વમાં સ્પષ્ટ કર્યું, તે કારણથી तदभिप्रायमज्ञात्वा=તેના અભિપ્રાયને નહિ જાણીને=સર્વજ્ઞના અભિપ્રાયને નહિ જાણીને, अर्वाग्दृशां सतां=છદ્મસ્થ એવા સત્પુરુષોને महानर्थकरः परः तत्प्रतिक्षेपः=પ્રધાન મહાઅનર્થને કરનાર એવો તેનો પ્રતિક્ષેપ=પ્રધાન મહાઅનર્થને કરનાર એવો સર્વજ્ઞનો અપલાપ युज्यते न=યોગ્ય નથી. ।।૧૩૯।।**

**શ્લોકાર્થ :-**

**કપિલાદિની દેશનાનો ભેદ કેમ છે ? તે પૂર્વમાં સ્પષ્ટ કર્યું. તે કારણથી, સર્વજ્ઞના અભિપ્રાયને નહિ જાણીને, છદ્મસ્થ એવા સત્પુરુષોને પ્રધાન મહાઅનર્થને કરનાર એવો સર્વજ્ઞનો અપલાપ યોગ્ય નથી. ।।૧૩૯।।**

**ટીકા :-**

'तदभिप्रायं'=सर्वज्ञाभिप्रायं, 'अज्ञात्वा,' 'न ततः'-कारणात् 'अर्वाग्दृशां सतां'-प्रमातॄणाम्, किमित्याह 'युज्यते' 'तत्प्रतिक्षेपः'=सर्वज्ञप्रतिक्षेपः, किंविशिष्ट इत्याह 'महानर्थकरः परः' - महानर्थकरणशीलः प्रधान इति ।।१३९।।

**ટીકાર્થ :-**

**'तदभिप्रायं' ..... प्रधान इति ।। તે કારણથી=શ્લોક-૧૩૪થી શ્લોક-૧૩૮ સુધી કથન કર્યું કે કપિલ-સુગતાદિએ અપેક્ષાભેદથી દેશનાભેદ કરેલ છે તે કારણથી, તેના અભિપ્રાયને=સર્વજ્ઞના અભિપ્રાયને, નહિ જાણીને, છદ્મસ્થ એવા સત્ પ્રમાતૃને=વિચારીને પદાર્થનો નિર્ણય કરનાર છદ્મસ્થોને, પ્રકૃષ્ટ મહાઅનર્થ કરનાર એવો સર્વજ્ઞનો અપલાપ કરવો યોગ્ય નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૩૯।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૪ થી શ્લોક-૧૩૮ સુધી સ્થાપન કર્યું કે કપિલાદિ સર્વજ્ઞ હોવા છતાં તેમણે શ્રોતાના ઉપકાર માટે તે તે પ્રકારની દેશના આપી, અને કપિલાદિ સર્વજ્ઞોના તે અભિપ્રાયને જાણ્યા વગર છદ્મસ્થ એવા સત્ પ્રમાતૃને તે સર્વજ્ઞનો અપલાપ કરવો ઉચિત નથી અર્થાત્ 'કપિલે કહેલો યોગમાર્ગ સર્વજ્ઞનો નથી, અમારા ભગવાને કહેલો યોગમાર્ગ સર્વજ્ઞનો છે' તેમ વિચાર્યા વગર કહેવું ઉચિત નથી; કેમ કે કપિલથી કે સુગતથી જે કંઈ યોગમાર્ગ બતાવાયો છે તે તત્ત્વથી સર્વજ્ઞથી કહેવાયેલો જ છે; આમ છતાં તે માર્ગને કહેનારા સર્વજ્ઞ નથી, એમ કહીને તેમનો અપલાપ કરવો એ મહાઅનર્થને કરનાર છે. તેથી તત્ત્વને જાણવા માટે પ્રયત્ન કરનાર એવા વિચારકે તેઓનો પ્રતિક્ષેપ કરવો ઉચિત નથી=તેઓ સર્વજ્ઞ નથી એમ કહેવું એ ઉચિત નથી.

અહીં વિશેષ એ છે કે ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા કે કપિલ સર્વજ્ઞ હતા એ કાંઈ દેખાતો પદાર્થ નથી, પરંતુ તેમના યુક્તિયુક્ત વચનથી જ નક્કી થાય છે કે આ સર્વજ્ઞ છે કે નથી. વળી કપિલાદિએ જે યોગમાર્ગ બતાવ્યો છે તે યુક્તિયુક્ત છે, છતાં કપિલે નિત્યદેશના આપી કે સુગતે અનિત્યદેશના આપી તેટલો નિર્ણય કરીને કપિલાદિ સર્વજ્ઞ નથી તેમ કહેવું ઉચિત નથી; કેમ કે શ્લોક-૧૩૪ થી અત્યાર સુધી ખુલાસો કર્યો તેવા અભિપ્રાયથી કપિલે નિત્યદેશના આપી હોય, અને જે યોગમાર્ગ બતાવ્યો છે તે યોગમાર્ગ મોક્ષનું કારણ દેખાતું હોય, તો તેઓ સર્વજ્ઞ નથી તેમ છદ્મસ્થથી કહી શકાય નહિ; આમ છતાં કપિલની જ કોઈ અસંબદ્ધ વાતો ગ્રંથકારને ઉપલબ્ધ હોય તે વાતને સામે રાખીને સ્વયં ગ્રંથકારે કપિલ સર્વજ્ઞ ન હતા તેમ पक्षपातो न मे वीरे ઇત્યાદિ વચનથી કહેલ છે, તેમાં કોઈ વિરોધ નથી; કેમ કે સર્વજ્ઞ ક્યારેય અસંબદ્ધ કહે નહિ, અને જે અસંબદ્ધ વચનો કપિલના નામથી પ્રાપ્ત છે તે વચનની અપેક્ષાએ તેઓ સર્વજ્ઞ નથી તેમ કહેવામાં દોષ નથી. જેમ પતંજલિ આદિ ઋષિઓને ઉપાધ્યાયજી મહારાજે તેમનાં યુક્તિયુક્ત વચનોની અપેક્ષાએ મહર્ષિ પણ કહ્યા, અને અસંબદ્ધ વચનોને સામે રાખીને આ ઉન્મત્તનો પ્રલાપ છે તેમ પણ કહેલ છે. તેથી સદ્વચનની અપેક્ષાએ કપિલને સર્વજ્ઞ કહેવામાં કોઈ વિરોધ નથી, અને અસદ્વચનની અપેક્ષાએ તેઓ સર્વજ્ઞ નથી એમ પણ કહેવામાં કોઈ વિરોધ નથી. ફક્ત પ્રસ્તુતમાં કપિલ કે સુગતાદિ દ્વારા કહેવાયેલ યોગમાર્ગરૂપ આગમને આશ્રયીને તેઓ સર્વજ્ઞ છે તેમ કહ્યું છે.

શ્લોક-૧૦૧માં કહેલું કે યોગમાર્ગને કહેનારા સર્વજ્ઞના આગમવચનથી, યુક્તિથી અને અનુભવથી તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. તેમાં કોઈને શંકા હતી કે સર્વ દર્શનકારોનાં આગમો પરસ્પર વિરોધી છે તો

આગમથી તત્ત્વની પ્રાપ્તિ કેમ થઈ શકે ? તેનું નિરાકરણ અત્યાર સુધી એટલે શ્લોક-૧૩૯ સુધી કરેલ છે. તેથી યોગમાર્ગને કહેનારાં યુક્તિથી અવિરુદ્ધ એવાં આગમવચનોને ગ્રહણ કરીને તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે, તે ફલિત થાય છે. **॥૧૩૯॥**

**અવતરણિકા :-**

इहैव निदर्शनमाह –

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=છદ્મસ્થ પ્રમાતૃને સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વગર સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો ઉચિત નથી એમાં જ, દૃષ્ટાંતને કહે છે -**

**શ્લોક :-**

**निशानाथप्रतिक्षेपो, यथाऽन्धानामसङ्गतः ।**
**तद्भेदपरिकल्पश्च, तथैवार्वाग्दृशामयम् ।।१४०।।**

**અન્વયાર્થ :-**

यथा=જે પ્રમાણે अन्धानाम्=આંધળાઓને निशानाथप्रतिक्षेपः=ચંદ્રનો પ્રતિક્ષેપ च=અને तद्भेदपरिकल्पः= તેના ભેદની પરિકલ્પના=ચંદ્રના ભેદની પરિકલ્પના असङ्गतः=અસંગત છે, तथा एव=તે પ્રમાણે જ अर्वाग्दृशाम्=છદ્મસ્થોને अयम्=આ=સર્વજ્ઞનો પ્રતિક્ષેપ અને સર્વજ્ઞના ભેદની પરિકલ્પના અસંગત છે. ॥૧૪૦॥

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે આંધળાઓને ચંદ્રનો પ્રતિક્ષેપ અને ચંદ્રના ભેદની પરિકલ્પના અસંગત છે, તે પ્રમાણે જ છદ્મસ્થોને સર્વજ્ઞનો પ્રતિક્ષેપ અને સર્વજ્ઞના ભેદની પરિકલ્પના અસંગત છે. ॥૧૪૦॥**

**ટીકા :-**

'निशानाथप्रतिक्षेपः'=चन्द्रप्रतिक्षेपः', 'यथा' 'अन्धानां'=चक्षुर्विकलानां, 'असङ्गतो' नीत्या, 'तद्भेदपरिकल्पश्च'=निशानाथभेदपरिकल्पश्च वक्रचतुरस्रत्वादिः, 'तथैवार्वाग्दृशां'-छद्मस्थानाम् 'अयं'=सर्वज्ञप्रतिक्षेपः, तद्भेदपरिकल्पश्चासङ्गत इति ।।१४०।।

**ટીકાર્થ :-**

'निशानाथप्रतिक्षेपः' ..... सङ्गत इति ।। જે પ્રમાણે આંધળાઓને=ચક્ષુરહિતોને, નિશાનાથનો પ્રતિક્ષેપ=ચંદ્રનો પ્રતિક્ષેપ, અને વાંકો, ચોરસ આદિ રૂપ ચંદ્રના ભેદની પરિકલ્પના, નીતિથી અસંગત છે; તે પ્રમાણે જ છદ્મસ્થોને આ=સર્વજ્ઞનો પ્રતિક્ષેપ અને સર્વજ્ઞના ભેદની પરિકલ્પના અસંગત છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૪૦॥

**ભાવાર્થ :-**

આંધળો માણસ ચંદ્રને જોઈ શકતો નથી, છતાં કોઈ તેને કહે કે ઉપર ચંદ્ર દેખાય છે, ત્યારે, ઉપર ચંદ્ર નથી તેમ તે આંધળો કહે અથવા ચંદ્ર વાંકો છે, ચોરસ છે ઇત્યાદિ રૂપે ભેદની પરિકલ્પના કરે, તે ઉચિત નથી; કેમ કે જે વસ્તુ પોતે જોઈ ન શકે તે વસ્તુ નથી તેમ કહેવું તેને ઉચિત નથી; અને જે ચંદ્ર પોતાને દેખાતો નથી, તેને સ્વીકારીને પણ તે વાંકો છે, ચોરસ છે વગેરે કહેવું પણ ઉચિત નથી; તેમ છદ્મસ્થો, કપિલ સર્વજ્ઞ હતા કે બુદ્ધ સર્વજ્ઞ હતા તે જોઈ શકતા નથી, છતાં કપિલ સર્વજ્ઞ નથી કે બુદ્ધ સર્વજ્ઞ નથી તેમ કહે તે સંગત નથી; અથવા તો અનાદિશુદ્ધ હોય તે જ સર્વજ્ઞ હોય, અથવા અન્ય અન્ય રીતે સર્વજ્ઞની વિશેષ કલ્પનાઓ કરે, કે જે આવા હોય તે સર્વજ્ઞ કહેવાય, અન્ય નહિ, તેવી કલ્પનાઓ છદ્મસ્થને ઉચિત નથી; ફક્ત તેમનાં યુક્તિયુક્ત વચનોના બળથી કહી શકે કે આ વચનોને કહેનાર જે કોઈ છે તે સર્વજ્ઞ છે. તેને છોડીને સ્વસ્વદર્શનના રાગથી કપિલ સર્વજ્ઞ નથી કે બુદ્ધ સર્વજ્ઞ નથી તેમ કહે, અથવા તો જેઓમાં ચોત્રીશ અતિશય છે એવા વીરભગવાન આદિ જ સર્વજ્ઞ છે, અન્ય નહિ; અને કપિલ, બુદ્ધાદિમાં તેવા અતિશયો નથી માટે સર્વજ્ઞ નથી, તેવા ભેદની કલ્પના છદ્મસ્થો સ્વમતિકલ્પનાથી કરે તે ઉચિત નથી; કષ, છેદ, તાપથી શુદ્ધ શાસ્ત્રના વચનનો નિર્ણય કરીને કહે કે આ વચન કહેનારા સર્વજ્ઞ છે, તે ઉચિત છે. **॥૧૪૦॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૧૩૯માં કહ્યું કે સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વગર છદ્મસ્થએ સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો યોગ્ય નથી, તે વાતની પુષ્ટિ શ્લોક-૧૪૦માં કરી. તેને દૃઢ કરવા માટે 'किञ्च' થી સમુચ્ચય કરે છે -**

**શ્લોક :-**

**न युज्यते प्रतिक्षेपः, सामान्यस्यापि तत् सताम् ।**
**आर्यापवादस्तु पुनर्जिह्वाच्छेदाधिको मतः ।।१४१।।**

**અન્વયાર્થ :-**

**सामान्यस्यापि=સામાન્યનો પણ=સામાન્ય એવા કોઈ પુરુષાદિનો પણ प्रतिक्षेपः न युज्यते=પ્રતિક્ષેપ કરવો યોગ્ય નથી=તેના કોઈક વિશેષ સ્વરૂપથી લોકોમાં તે વિખ્યાત હોય, તે પુરુષને તેવો નથી તેમ કહેવું યોગ્ય નથી, तत्=તે કારણથી सताम्=મુનિઓને आर्यापवादस्तु पुनः=આર્યઅપવાદ વળી=સર્વજ્ઞનો પરિભવ વળી जिह्वा=જિહ્વાછેદથી અધિક मतः=કહેવાયો છે. ।।૧૪૧।।**

**શ્લોકાર્થ :-**

**સામાન્ય એવા કોઈ પુરુષાદિનો પણ, તેના કોઈક વિશેષ સ્વરૂપથી લોકોમાં તે વિખ્યાત હોય, તે પુરુષને તેવો નથી તેમ કહેવું એ રૂપ પ્રતિક્ષેપ યોગ્ય નથી, તે કારણથી મુનિઓને સર્વજ્ઞનો પરિભવ વળી જિહ્વાછેદથી અધિક કહેવાયો છે. ॥૧૪૧॥**

**ટીકા :-**

**'न युज्यते प्रतिक्षेपो'-निराकरणरूपः 'सामान्यस्यापि' कस्यचित्पुरुषादेः 'तत्'=तस्मात्, 'सतां'= मुनीनाम्, 'आर्यापवादस्तु पुनः'-सर्वज्ञपरिभव इत्यर्थः, किमित्याह 'जिह्वाच्छेदाधिको मतः'- तथाविधप्रत्यपायभावेन ।।१४१।।**

**ટીકાર્થ :-**

**'न युज्यते ..... तथाविधप्रत्यपायभावेन ।। સામાન્ય એવા પણ કોઈ પુરુષાદિનો નિરાકરણરૂપ પ્રતિક્ષેપ યોગ્ય નથી, તે કારણથી મુનિઓને વળી આર્યનો અપવાદ=કપિલાદિ સર્વજ્ઞ નથી એ પ્રકારનો સર્વજ્ઞનો પરિભવ, જિહ્વાછેદથી અધિક કહેવાયો છે; કેમ કે તેવા પ્રકારના પ્રત્યપાયનો ભાવ છે=જાણ્યા વગર ગુણવાનને નિર્ગુણ કહેવાથી જે પ્રકારના ક્લિષ્ટ કર્મનો બંધ થાય છે, તે પ્રકારના ક્લિષ્ટ કર્મબંધની પ્રાપ્તિરૂપ પ્રત્યપાય અર્થાત્ અનર્થનો સદ્ભાવ છે. ॥૧૪૧॥**

**ભાવાર્થ :-**

જે કારણથી સર્વજ્ઞ ન હોય તેવા સામાન્ય પણ કોઈ પુરુષાદિની વિદ્વાન આદિ રૂપે જગતમાં ખ્યાતિ હોય, એને કોઈ માણસ આ વિદ્વાન નથી તેમ કહીને તેનું નિરાકરણ કરે તે યોગ્ય નથી, તે કારણથી મુનિઓને 'કપિલ સર્વજ્ઞ નથી કે બુદ્ધ સર્વજ્ઞ નથી' તેવો કોઈ નિર્ણય ન હોય, છતાં સર્વજ્ઞ નથી તેમ કહીને સર્વજ્ઞનો પરિભવ કરે તો જિહ્વાછેદથી અધિક છે; કેમ કે જિહ્વાછેદથી આ ભવમાં મૃત્યુની પ્રાપ્તિ થાય, પરંતુ સર્વજ્ઞનો પરિભવ ક્લિષ્ટ કર્મો બંધાવીને અનેક ભવો સુધી સન્માર્ગથી દૂર રાખીને સંસારપરિભ્રમણનું કારણ બને, તેથી જિહ્વાછેદથી અધિક છે.

અહીં વિશેષ એ છે કે કપિલના કે બુદ્ધના કે વીરભગવાનના ઉપદેશના વચનને જાણીને પરીક્ષા કરે, અને જેનાં વચન કષ, છેદ, તાપશુદ્ધ જણાય તે સર્વજ્ઞ છે, અને જેનાં વચન કષ, છેદ, તાપશુદ્ધ નથી તેવું જણાય તે સર્વજ્ઞ નથી, તેમ કોઈ કહે, તો દોષ નથી; પરંતુ સ્વદર્શનના રાગથી, યુક્તિયુક્ત પણ કપિલાદિના વચનને જોઈને આ વચન કહેનાર કપિલાદિ સર્વજ્ઞ નથી, તેમ કહેવું દોષરૂપ છે. **॥૧૪૧॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વના કથનની પુષ્ટિ માટે 'किञ्च' થી સમુચ્ચય કરતાં કહે છે –**

**શ્લોક :-**

**कुदृष्टादि च नो सन्तो, भाषन्ते प्रायशः क्वचित् ।**
**निश्चितं सारवच्चैव, किन्तु सत्त्वार्थकृत्सदा ।।१४२।।**

**અન્વયાર્થ :-**

सन्तः=મુનિઓ प्रायशः=ઘણું કરીને क्वचित्=ક્યારેય कुदृष्टादि=કુદષ્ટાદિ भाषन्ते नो=બોલતા નથી, किन्तु=પરંતુ सदा=હંમેશાં सत्त्वार्थकृत्=સત્ત્વાર્થને કરનારું=પરના ઉપકારને કરનારું निश्चितं सारवच्चैव= નિર્ણીત અને સારવાળું જ બોલે છે. ।।૧૪૨।।

**શ્લોકાર્થ :-**

**મુનિઓ ઘણું કરીને ક્યારેય કુદષ્ટાદિ બોલતા નથી, પરંતુ હંમેશાં પરના ઉપકારને કરનારું, નિર્ણીત અને સારવાળું જ બોલે છે. ।।૧૪૨।।**

**ટીકા :-**

**'कुदृष्टादि च' कुदृष्टं कुश्रुतं कुज्ञातमित्यादि, 'नो' 'सन्तो'=मुनयो, भाषन्ते ('प्रायशः'-प्रायेण) क्वचित्, कथं तर्हि भाषन्त इत्याह 'निश्चितं'=असन्दिग्धं, 'सारवच्चैव', नापार्थकम्, किन्तु 'सत्त्वार्थकृत्'=परार्थकरणशीलं, सदा भाषन्ते ।।१४२।।**

**ટીકાર્થ :-**

'कुदृष्टादि च' ..... सदा भाषन्ते ।। સંતો=મુનિઓ, ઘણું કરીને કુદષ્ટ=અસ્પષ્ટ જોવાયેલું કે કુત્સિત જોવાયેલું, કુશ્રુત=અસ્પષ્ટ સાંભળેલું કે કુત્સિત સાંભળેલું, કુજ્ઞાત=શાસ્ત્રવચનથી અસ્પષ્ટ નિર્ણીત, ક્યારેય બોલતા નથી.

તો કેવું બોલે છે ? એથી કરીને કહે છે –

નિશ્ચિત=અસંદિગ્ધ, સારવાળું જ=અર્થ વગરનું નહિ પરંતુ અર્થવાળું જ, અને સત્ત્વાર્થ કરનારું= પરના પ્રયોજનને કરવાના સ્વભાવવાળું, હંમેશાં બોલે છે. ।।૧૪૨।।

**ભાવાર્થ :-**

મુનિઓ સંસારથી અતીત તત્ત્વની ઉપાસના કરનારા હોય છે, અને સંસારથી અતીત તત્ત્વની પ્રાપ્તિ અર્થે યોગમાર્ગમાં સદા પ્રવૃત્ત હોય છે, તેથી યોગમાર્ગને વ્યાઘાત કરે તેવું કુદષ્ટાદિ તેઓ પ્રાયઃ ક્યારેય બોલતા નથી.

અહીં પ્રાયઃ કહેવાથી એ કહેવું છે કે ક્વચિત્ અનાભોગથી બોલાઈ જાય તે સંભવ છે, પરંતુ સામાન્ય રીતે મુનિઓ ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરનારા હોય છે, માટે કુદષ્ટાદિ ક્યારેય બોલતા નથી.

અહીં કુદૃષ્ટાદિમાં આદિ પદથી કુશ્રુત અને કુજ્ઞાતનું ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે મુનિઓએ જે સ્પષ્ટ જોયું હોય તે સુદૃષ્ટ કહેવાય, અને જે અસ્પષ્ટ જોયું હોય તે અથવા કહેવા જેવું ન હોય તેવું જોયું હોય તે કુદૃષ્ટ કહેવાય. કોઈક પાસેથી સાંભળેલું હોય તે અસ્પષ્ટ સાંભળેલું હોય કે સાંભળવા જેવું ન હોય તેવું સાંભળેલું કુશ્રુત કહેવાય. કોઈક શાસ્ત્રવચનથી પોતે જાણ્યું હોય, પરંતુ સ્પષ્ટ તાત્પર્ય જ્ઞાત ન હોય તો તે કુજ્ઞાત કહેવાય. આવું કુદૃષ્ટ, કુશ્રુત, કુજ્ઞાત મુનિઓ ક્યારેય બોલતા નથી. તો કેવું બોલે છે ? તે કહે છે -

બીજા જીવોને ઉપકારને કરનારું હોય, અસંદિગ્ધ હોય અર્થાત્ શાસ્ત્રના વચનથી કે આપ્તપુરુષ પાસેથી સાંભળેલું હોય અને સ્પષ્ટ નિર્ણયવાળું હોય, તેવું અને સારવાળું બોલે છે અર્થાત્ યોગમાર્ગની પ્રાપ્તિમાં ઉપકારક બને તેવું સારવાળું જ બોલે છે.

આનાથી એ ફલિત થાય કે જ્યારે મુનિઓ આવું બોલતા હોય, અને તે મુનિઓના વચનથી કોઈ યોગીઓ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા હોય, અને મુનિઓના વચનથી આ યોગમાર્ગને કહેનારા સર્વજ્ઞ છે તેમ કહીને સર્વજ્ઞ તરીકે કપિલાદિને સ્વીકારતા હોય, તેવા યોગમાર્ગમાં પ્રવર્તેલા સાધકોને, આ સર્વજ્ઞની ઉપાસના કરનારા નથી, તેમ કહેવું અનુચિત છે; કેમ કે સર્વજ્ઞના વચનાનુસાર તેઓ યોગમાર્ગમાં પ્રવર્તે છે અને સર્વજ્ઞ તરીકે કપિલને ઉપાસ્ય માને છે, અને કપિલ શબ્દથી તે પૂર્ણ પુરુષને જ ઉપસ્થિત કરીને સર્વજ્ઞની ઉપાસના કરે છે. તેથી કપિલાદિ સર્વજ્ઞના તે તે નયના અભિપ્રાયને જાણ્યા વગર સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો ઉચિત નથી, તેમ શ્લોક-૧૩૯ સાથે સંબંધ છે. **॥૧૪૨॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह -**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩૯ થી શ્લોક-૧૪૨ સુધી કથન કર્યું કે છદ્મસ્થ એવા પ્રમાતૃને સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વગર સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો યોગ્ય નથી. તે કથનના ઉપસંહારને કરતાં ગ્રંથકાર કહે છે –

**શ્લોક :-**

**निश्चयोऽतीन्द्रियार्थस्य, योगिज्ञानादृते न च ।**
**अतोऽप्यत्रान्धकल्पानां, विवादेन न किञ्चन ।।१४३।।**

**અન્વયાર્થ :-**

**च=અને योगिज्ञानादृते=યોગીના જ્ઞાન વગર अतीन्द्रियार्थस्य निश्चयः=અતીન્દ્રિય અર્થનો નિર્ણય न=નથી. अतोऽपि=આથી પણ अन्धकल्पानां=અંધકલ્પોને=વિશેષથી સર્વજ્ઞને અતત્ત્વરૂપે જોનારા હોય એવા અંધકલ્પોને विवादेन=વિવાદથી न किञ्चन=કંઈ નથી અર્થાત્ સર્યું. ।।૧૪૩।।**

**શ્લોકાર્થ :-**

**અને યોગીના જ્ઞાન વગર અતીન્દ્રિય અર્થનો નિર્ણય નથી. આથી પણ વિશેષથી સર્વજ્ઞને અતત્ત્વરૂપે જોનારા હોય એવા અંધકલ્પોને વિવાદથી સર્યું. ॥૧૪૩॥**

❖ 'अतोऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વગર સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો એ જિહ્વાછેદથી અધિક છે, એથી તો અંધકલ્પોએ વિવાદ ન કરવો જોઈએ, પરંતુ યોગીના જ્ઞાન વગર અતીન્દ્રિય અર્થનો નિશ્ચય થતો નથી, આથી પણ અંધકલ્પોએ વિવાદ ન કરવો જોઈએ.

**ટીકા :-**

**'निश्चयोऽतीन्द्रियार्थस्य'-सर्वज्ञादेः 'योगिज्ञानादृते न च,' तत एव तत्सिद्धेः, 'अतोऽपि' कारणाद् 'अत्र'=सर्वज्ञाधिकारे, 'अन्धकल्पानां'-विशेषतस्तदतत्त्वदर्शिनां, 'विवादेन न किञ्चन' सच्चित्तनाश-फलेन ।।१४३।।**

**ટીકાર્થ :-**

**'निश्चयोऽतीन्द्रियार्थस्य' ..... सच्चित्तनाशफलेन ।। અને યોગીના જ્ઞાન વગર સર્વજ્ઞાદિરૂપ અતીન્દ્રિય અર્થનો નિશ્ચય નથી; કેમ કે તેનાથી જ= યોગીના જ્ઞાનથી જ, તેની=અતીન્દ્રિય અર્થની, સિદ્ધિ છે. આ પણ કારણથી અહીં=સર્વજ્ઞના અધિકારમાં, વિશેષથી તેને અતત્ત્વરૂપે જોનારા હોય એવા=સર્વજ્ઞને અતત્ત્વરૂપે જોનારા હોય એવા, અંધકલ્પોને સત્ ચિત્તના નાશરૂપ ફળવાળા એવા વિવાદ વડે સર્યું. ॥૧૪૩॥**

**ભાવાર્થ :-**

યોગીઓ આગમવચનથી, અનુમાનથી અને યોગના અભ્યાસથી વિશેષ પ્રકારનું જ્ઞાન મેળવે છે, અને એવા છદ્મસ્થ પણ યોગીઓને આ ત્રણથી સર્વજ્ઞાદિરૂપ અતીન્દ્રિય અર્થનો નિશ્ચય થાય છે; પરંતુ જેઓએ આગમવચનાનુસાર યોગમાર્ગનો બોધ કર્યો નથી, અને બોધ કર્યા પછી યુક્તિથી તેને જાણવા પ્રયત્ન કર્યો નથી, અને યુક્તિથી જાણીને યોગના અભ્યાસમાં યત્ન કર્યો નથી, તેવા છદ્મસ્થોને, સર્વજ્ઞાદિરૂપ અતીન્દ્રિય અર્થનો નિશ્ચય થતો નથી. તેથી "કપિલ સર્વજ્ઞ છે કે સુગત સર્વજ્ઞ છે" એ વિષયમાં અંધકલ્પ એવા છદ્મસ્થોએ વિવાદ કરવા જેવો નથી; કેમ કે તે વિવાદથી યોગમાર્ગને અનુકૂળ એવા સત્ ચિત્તનો નાશ થાય છે. માટે કોઈપણ દર્શનના યોગમાર્ગને કહેનારા આગમવચન દ્વારા યોગમાર્ગને જાણીને, અને યુક્તિથી તેનું યોજન કરીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ; પરંતુ વિચાર્યા વગર સ્વદર્શનના રાગથી કપિલ સર્વજ્ઞ નથી અને બુદ્ધ સર્વજ્ઞ છે તેમ કહેવું, કે બુદ્ધ સર્વજ્ઞ નથી કપિલ સર્વજ્ઞ છે તેમ કહેવું, અથવા કપિલ પણ સર્વજ્ઞ નથી બુદ્ધ પણ સર્વજ્ઞ નથી પણ ભગવાન મહાવીર સર્વજ્ઞ છે તેમ કહેવું, ઉચિત નથી; કેમ કે તેમ કહે તો સ્વદર્શનના રાગ અને પરદર્શનના દ્વેષને કારણે, તત્ત્વને જ પ્રાપ્ત કરવાની સદ્ જિજ્ઞાસારૂપ સત્ ચિત્તનો નાશ થાય છે.

અહીં કહ્યું કે યોગીના જ્ઞાનથી સર્વજ્ઞાદિ અતીન્દ્રિય અર્થનો નિર્ણય થાય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે યોગીઓ "સર્વ દર્શનનાં આગમવચનો જાણવા પ્રયત્ન કરે છે, અને યુક્તિથી તેને સમજવા પ્રયત્ન કરે છે, અને વિચારે છે કે "સર્વ દર્શનો મોક્ષમાર્ગ બતાવનારાં છે, અને મોક્ષના ઉપાયરૂપે અહિંસાદિ પ્રવૃત્તિઓ બતાવે છે, તેથી મોક્ષ અને મોક્ષના ઉપાયરૂપ અહિંસાદિમાં કોઈને વિવાદ નથી. આમ છતાં મોક્ષના ઉપાયને કહેનારાં આગમવચનો કયાં યુક્તિયુક્ત છે અને કયાં યુક્તિયુક્ત નથી, તેનો નિર્ણય કરવા માટે આગમવચનોની કષ, છેદ અને તાપથી પરીક્ષા કરવી જોઈએ, અને તે યુક્તિયુક્ત વચનાનુસાર યોગમાર્ગના સેવનની પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી અનુભવથી પણ આ વચનઅનુસાર પ્રવૃત્તિ કરવાથી આ જ યોગમાર્ગને બતાવનાર સર્વજ્ઞ છે તેવો નિર્ણય થાય." આ રીતે વિચારીને યોગીઓને જે આગમવચનો કષ-છેદ-તાપશુદ્ધ જણાય તે આગમને કહેનારા સર્વજ્ઞ છે તેમ નિર્ણય થાય છે. તેથી યોગીના જ્ઞાનથી અતીન્દ્રિય એવા સર્વજ્ઞાદિ પદાર્થોનો પણ નિર્ણય થાય છે; અને તેથી યોગીઓના જ્ઞાનથી કષ-છેદ-તાપશુદ્ધ એવા આગમને કહેનારા વીરભગવાન સર્વજ્ઞ છે, અને કષ-છેદ-તાપશુદ્ધ આગમને કહેનાર કપિલાદિ નથી, માટે સર્વજ્ઞ નથી, તેમ પણ નિર્ણય થાય છે. આથી પૂ. હરિભદ્રસૂરિ મહારાજે પણ કહ્યું છે કે અમને વીર ભગવાન પ્રત્યે પક્ષપાત નથી કે કપિલ પ્રત્યે દ્વેષ નથી, પરંતુ વીર ભગવાનનું વચન યુક્તિયુક્ત છે માટે વીર ભગવાનને અમે સર્વજ્ઞરૂપે સ્વીકારીએ છીએ. આ રીતે યોગીઓને સર્વદર્શનકારોથી બતાવાયેલાં યોગમાર્ગને કહેનારાં વચનોથી, અને તે વચનોની યુક્તિયુક્તતાના નિર્ણયથી, અને તે વચનાનુસાર યોગમાર્ગના સેવનથી પ્રગટેલી નિર્મળ પ્રજ્ઞાને કારણે નિર્ણય થાય છે કે આ વચન કહેનારા ભગવાન મહાવીર સર્વજ્ઞ છે; કેમ કે તેમનાં સર્વ વચનો કષ, છેદ, તાપથી શુદ્ધ છે; અને અમુક વચનને કહેનારા કપિલાદિ સર્વજ્ઞ નથી; કેમ કે તેમનાં આ વચનો કષ, છેદ, તાપથી શુદ્ધ દેખાતાં નથી. આ રીતે યોગીઓ છદ્મસ્થ હોવા છતાં આગમ, અનુમાન અને યોગના અભ્યાસ દ્વારા અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરી શકે છે.

જે યોગમાર્ગના અર્થીઓ હજી વિશેષથી સર્વજ્ઞના તત્ત્વને જોનારા નથી તેઓ અંધકલ્પ છે, અને તેવા જીવો, અમારા ભગવાન સર્વજ્ઞ છે અન્યના નહિ, તેમ વિવાદ કરીને અન્ય દર્શનમાં રહેલા પણ યુક્તિયુક્ત એવા યોગમાર્ગને કહેનારાં વચનોને, આ કપિલથી કહેવાયેલાં છે અને કપિલ સર્વજ્ઞ નથી માટે આ વચન બરાબર નથી અને તે યોગમાર્ગના ઉપાસકો સર્વજ્ઞના ઉપાસકો નથી, તેમ કહીને મોક્ષમાર્ગને અનુકૂળ એવાં યુક્તિયુક્ત વચનોને પણ, સ્વદર્શનના રાગથી વિચાર્યા વગર જ આ વચનો સર્વજ્ઞનાં નથી તેમ જેઓ કહે છે, તેઓ તેનાથી તત્ત્વની જિજ્ઞાસારૂપ પોતાના સત્ ચિત્તનો નાશ કરે છે.

વિશેષથી તેના=અતત્ત્વદર્શી એવા અંધકલ્પોના, વિવાદ વડે કોઈ અર્થ નથી એમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે જે જીવો અતીન્દ્રિય પદાર્થને આગમ, અનુમાન અને અનુભવથી જોઈ શકતા નથી, તેઓ વિશેષથી સર્વજ્ઞાદિરૂપ અતીન્દ્રિય પદાર્થોને જોવામાં અંધકલ્પ છે અર્થાત્ કેટલાક માને છે કે સર્વજ્ઞ નથી; વળી કેટલાક માને છે કે અનાદિશુદ્ધ હોય તે જ ઈશ્વર હોય, અન્ય નહિ; વળી કેટલાક માને કે કવલભોજી હોય તે સર્વજ્ઞ ન હોય; આ સર્વ કથનો કરનારા વિશેષથી અતત્ત્વદર્શી એવા અંધકલ્પ છે; અને તેઓ અતીન્દ્રિય પદાર્થ

એવા સર્વજ્ઞના સ્વરૂપમાં વિવાદ કરે છે, અને યુક્તિઓ દ્વારા પોતાની માન્યતાનું સ્થાપન કરવા યત્ન કરે છે, અને અન્યદર્શનવાળા સાથે વિવાદ કરે છે, તેઓના વિવાદથી સત્ ચિત્તનો નાશ થાય છે.

અહીં વિશેષ એ છે કે જે જીવો ઉપદેશાદિ સાંભળીને તત્ત્વને અભિમુખ થયા છે અને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, આમ છતાં વિશેષથી આ શાસ્ત્રવચનને કહેનારા સર્વજ્ઞ છે અને આ શાસ્ત્રવચનને કહેનારા સર્વજ્ઞ નથી તેવો નિર્ણય કરી શક્યા નથી, તેઓ અંધકલ્પ છદ્મસ્થો છે. તેવા જીવોએ ગ્રંથકાર શ્લોક-૧૪૯ થી ૧૫૨ સુધી જે યોગમાર્ગ બતાવશે તે યોગમાર્ગમાં સમ્યગ્ યત્ન કરીને આત્મકલ્યાણ માટે યત્ન કરવો જોઈએ. તે રીતે પ્રવૃત્તિ કરતાં કરતાં તેઓ સર્વદર્શનોના યોગમાર્ગને શક્તિ અનુસાર જાણવા યત્ન કરે, અને તે યોગમાર્ગ કઈ રીતે મોક્ષનું કારણ છે તેને યુક્તિથી જોવા પ્રયત્ન કરે, અને જે જે યોગનાં અનુષ્ઠાનો શાસ્ત્રવચનથી અને યુક્તિથી મોક્ષને અનુકૂળ દેખાય તેમાં યત્ન કરે, તો તે અનુષ્ઠાનના સેવનથી તે અંધકલ્પોને પણ નિર્મળ પ્રજ્ઞા પ્રગટે છે, અને તેના બળથી તેઓમાં વિશેષ પ્રકારના યોગમાર્ગની નિષ્પત્તિ થાય છે. તેવા નિર્મળ પ્રજ્ઞાવાળા બનેલા યોગીઓ યોગમાર્ગને કહેનારાં શાસ્ત્રવચનોની સુવર્ણની જેમ કષ, છેદ, તાપથી પરીક્ષા કરે તો તે કષ, છેદ, તાપથી શુદ્ધ આગમવચનનો નિર્ણય કરી શકે, અને તેના બળથી અતીન્દ્રિય એવા સર્વજ્ઞ, આત્મા આદિ પદાર્થોનો નિર્ણય કરી શકે; અને સમ્યગ્ યોગમાર્ગના સેવનથી મોક્ષની પણ પ્રાપ્તિ કરી શકે; પરંતુ યોગમાર્ગને સન્મુખ થયેલા પ્રારંભિક આરાધક જીવો પણ, વિશેષ જાણ્યા વગર, કપિલ સર્વજ્ઞ નથી અને બુદ્ધ સર્વજ્ઞ છે કે બુદ્ધ સર્વજ્ઞ નથી અને વીરભગવાન સર્વજ્ઞ છે તેમ વિવાદ કરે, તો તત્ત્વની પ્રાપ્તિ થાય નહિ.

વિચારક યોગીઓ આગમની=શાસ્ત્રવચનની, કષ, છેદ, તાપથી પરીક્ષા કરે તેનું સ્વરૂપ સંક્ષેપથી આ પ્રમાણે છે :

યોગમાર્ગને કહેનારાં જે શાસ્ત્રવચનો મોક્ષને અનુકૂળ એવા ધ્યાન-અધ્યયનની વિધિને કહેતાં હોય, અને મોક્ષને પ્રતિકૂળ અને સંસારવૃદ્ધિને અનુકૂળ એવા હિંસાદિના નિષેધને કહેતાં હોય તે વચનો કષશુદ્ધ છે; કેમ કે તે શાસ્ત્રનાં વિધિવચનો રાગાદિનો હ્રાસ કરીને મોક્ષનું કારણ બને છે, અને નિષેધવચનો સંસારવૃદ્ધિને અનુકૂળ એવા હિંસાદિ ભાવોમાંથી નિવૃત્તિ કરાવીને મોક્ષનું કારણ બને છે. તેથી તે આગમવચનો કષશુદ્ધ છે.

વળી જે શાસ્ત્રવચનો મોક્ષને અનુકૂળની વિધિ અને મોક્ષને પ્રતિકૂળનો નિષેધ કરીને, તે વિધિ-નિષેધને અનુકૂળ એવાં સર્વ ઉચિત અનુષ્ઠાનો બતાવે, તે શાસ્ત્રવચનો છેદશુદ્ધ છે; પરંતુ જે શાસ્ત્રવચનો મોક્ષને અનુકૂળની વિધિ અને મોક્ષને પ્રતિકૂળનો નિષેધ કર્યા પછી, તે વિધિ અને નિષેધને પોષક એવી કેટલીક ઉચિત ક્રિયાઓ બતાવવા છતાં, સર્વ ઉચિત ક્રિયાઓ બતાવી શકતાં નથી, અથવા કોઈ અનુચિત ક્રિયાઓ પણ બતાવે, તે શાસ્ત્ર છેદશુદ્ધ નથી.

જેમ કે દિગંબરનું આગમ મોક્ષને અનુકૂળ એવા ધ્યાન-અધ્યયનની વિધિ બતાવે છે, અને મોક્ષને પ્રતિકૂળ એવા હિંસાદિનો નિષેધ કરે છે તેથી કષશુદ્ધ છે. વળી દિગંબરશાસ્ત્ર મોક્ષને અનુકૂળ ધ્યાન-અધ્યયનની પોષક અને મોક્ષને પ્રતિકૂળ એવા હિંસાદિના નિષેધના પાલનને અનુકૂળ એવી કેટલીક ક્રિયાઓ બતાવવા છતાં,

વસ્ત્રમાં એકાંત ગ્રહણ કરીને સાધુને વસ્ત્રનો સર્વથા નિષેધ કરે છે. તેથી જે વસ્ત્રધારણ ધ્યાન-અધ્યયનની વૃદ્ધિમાં સહાયક છે, તેવા પણ વસ્ત્રનો નિષેધ કરે છે; અને જે વસ્ત્ર-પાત્ર સાધુને અહિંસાના પાલનમાં સહાયક છે તેનો પણ નિષેધ કરે છે, પણ પ્રતિકૂળ બતાવે છે, તેથી તે આગમ છેદશુદ્ધ નથી. તે આ રીતે –

જે સાધુઓ સંસારથી નિર્મમ થઈને આત્મકલ્યાણ માટે ઉત્થિત છે તેવા સાધુઓ ધ્યાન-અધ્યયન કરીને સંવેગની વૃદ્ધિ કરે છે, પરંતુ અત્યંત ઠંડી આદિના કારણે ધ્યાન-અધ્યયનમાં યત્ન સ્ખલના પામતો હોય તોપણ દિગંબર આગમ અનુસાર વસ્ત્ર ગ્રહણ ન કરે તો તે સાધુઓ ધ્યાન-અધ્યયનમાં સુદૃઢ યત્ન કરી શકતા નથી, તેથી તેમની યોગમાર્ગની પ્રવૃત્તિ વ્યાઘાત પામે છે. વળી સાધુ પાસે વસ્ત્ર-પાત્ર ન હોય તો જીવરક્ષામાં પણ સમ્યગ્ યત્ન કરી શકતા નથી; કેમ કે કામળી આદિનો અભાવ હોવાને કારણે સંપાતિમ જીવોનું રક્ષણ થઈ શકતું નથી, અને પાત્રાદિનો અભાવ હોવાને કારણે સમ્યગ્ અહિંસાપાલનને અનુકૂળ યત્ન થઈ શકતો નથી; અને કરપાત્રલબ્ધિ વગરના મુનિઓ દિગંબર વચન અનુસાર હાથમાં આહાર ગ્રહણ કરે તો નીચે પડેલા આહારમાં ત્રસાદિ જીવોની વિરાધનાનો પણ સંભવ છે. વળી દિગંબર વચન અનુસાર સાધુ સર્વથા વસ્ત્રરહિત રહે તો શિષ્ટલોકમાં પણ વ્યવહારનો બાધ થાય છે. શિષ્ટ લોકોને પણ લાગે કે આ ધર્મ અનાપ્ત પુરુષથી પ્રણીત છે, અને તેથી શાસનનું માલિન્ય થાય છે. આ રીતે દિગંબર શાસ્ત્ર અનેક સ્થાને વિધિ-નિષેધને અનુકૂળ ઉચિત અનુષ્ઠાનો બતાવે છે, તોપણ કોઈક કોઈક સ્થાનોમાં વિધિ-નિષેધને અનુકૂળ અનુષ્ઠાનો બતાવતું નથી, પણ વિધિ-નિષેધને પ્રતિકૂળ અનુષ્ઠાનો બતાવે છે; તેથી છેદશુદ્ધ નથી.

જ્યારે સર્વજ્ઞનું આગમ સર્વ સ્થાનોમાં વિધિ-નિષેધને અનુકૂળ ઉચિત અનુષ્ઠાનો બતાવે છે, અને જે યોગી સર્વજ્ઞના આગમ અનુસાર સર્વ વિધિઓને સેવે છે અને નિષેધથી દૂર રહે છે, તેવા યોગીઓને આગમના વચનથી, યુક્તિથી અને અનુષ્ઠાનના સેવનથી પ્રગટ થયેલી નિર્મળ પ્રજ્ઞાને કારણે દેખાય છે કે આ સર્વજ્ઞના વચન અનુસાર અનુષ્ઠાનો સેવવામાં આવે તો અહિંસાદિનું સમ્યગ્ પાલન થાય છે, અને ધ્યાન-અધ્યયન દ્વારા સંવેગની વૃદ્ધિ થાય છે, માટે આવા અનુષ્ઠાનને બતાવનાર વચન છેદશુદ્ધ છે. જેમ કે કોઈ સાધુ સંસારના ભાવોથી અત્યંત વિમુખ થઈને સંવેગની વૃદ્ધિ થાય તે રીતે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં યત્ન કરતા હોય, અને શીતાદિ પરિષહ અતિશય હોય અને તેના કારણે ધ્યાન-અધ્યયનની ક્રિયા સ્ખલના પામતી જણાય તો શાસ્ત્રવિધિની મર્યાદાથી ઉચિત વસ્ત્ર ધારણ કરીને ધ્યાન-અધ્યયનમાં સમ્યગ્ યત્ન તે સાધુ કરે તો સંવેગની વૃદ્ધિ થાય છે; એમ તે સાધુને અનુભવસિદ્ધ છે. વળી ષટ્કાયના પાલન માટે જે યતનાઓ શાસ્ત્રમાં બતાવી છે, તે યતનાના પાલન માટે સાધુ વસ્ત્ર કે પાત્ર ગ્રહણ કરે તો તે વસ્ત્ર કે પાત્રનું ગ્રહણ મમતાની વૃદ્ધિનું કારણ બનતું નથી, પરંતુ જીવરક્ષામાં ઉપષ્ટંભક બનીને સમતાની વૃદ્ધિનું કારણ બને છે, એમ વિધિપૂર્વક અનુષ્ઠાન સેવનારા યોગીને અનુભવસિદ્ધ છે. તેથી આગમવચનથી, યુક્તિથી અને અનુષ્ઠાનના સેવનથી થયેલા અનુભવના બળથી, આ વચનને કહેનાર શાસ્ત્ર છેદશુદ્ધ છે તેવો નિર્ણય યોગીને થાય છે.

વળી જે શાસ્ત્ર મોક્ષને અનુકૂળ વિધિ-નિષેધ બતાવે છે, અને તે વિધિ-નિષેધને અનુકૂળ સર્વ ઉચિત અનુષ્ઠાનો બતાવે છે, અને પદાર્થ પણ અનેકાંતરૂપે સ્વીકારે છે, તે શાસ્ત્ર તાપશુદ્ધ છે. વળી પદાર્થને અનેકાંતરૂપે સ્વીકારે છે, તેથી આત્માને નિત્યાનિત્ય સ્વીકારે છે; જેથી તટસ્થ વિચારકને નિર્ણય થાય છે કે 'આત્મા પરિણામી છે, માટે હું યોગસાધના કરીને મોક્ષને પામીશ', તે વાત પણ આત્માને નિત્યાનિત્ય માનવાથી સંગત થાય છે; પરંતુ જો આત્માને ફૂટસ્થ નિત્ય કે એકાંત ક્ષણિક માનવામાં આવે તો 'હું સાધના કરીને મોક્ષ પામીશ,' તે વાત પણ યુક્તિથી સંગત થાય નહિ. માટે એકાંતવાદને કહેનાર શાસ્ત્ર તાપશુદ્ધ નથી.

જોકે દિગંબર શાસ્ત્ર અનેકાંતવાદને માને છે અને આત્માને પરિણામી માને છે, તેથી સ્થૂલથી વિચારકને જણાય કે તે તાપશુદ્ધ છે; વસ્તુતઃ વસ્ત્રમાં એકાંત સ્વીકારીને વસ્ત્રથી થતી સંયમશુદ્ધિના સ્થાનમાં અનેકાંતનો અપલાપ કરે છે. તેથી વિધિ-નિષેધને પોષક એવી પણ સાધુના વસ્ત્રધારણની પ્રવૃત્તિનો અપલાપ થાય છે. માટે દિગંબરનું શાસ્ત્ર છેદશુદ્ધ નથી, વળી સર્વત્ર અનેકાંતવાદ સ્વીકારનાર નહિ હોવાથી તાપશુદ્ધ પણ નથી. **II૧૪૩II**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૪૩માં કહ્યું કે યોગીના જ્ઞાન સિવાય અતીન્દ્રિય અર્થનો નિર્ણય થતો નથી. ત્યાં કોઈને શંકા થાય કે યોગીના જ્ઞાનનો વિષય ભલે અતીન્દ્રિય અર્થ હોય, તોપણ યોગીથી અન્યોના અનુમાનનો વિષય અતીન્દ્રિય અર્થ થઈ શકશે. તેનું નિરાકરણ કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**न चानुमानविषय एषोऽर्थस्तत्त्वतो मतः ।**
**न चातो निश्चयः सम्यगन्यत्राप्याह धीधनः ।।१४४।।**

**અન્વયાર્થ :-**

**च=અને एषोऽर्थः=આ અર્થ=સર્વજ્ઞવિશેષલક્ષણ અર્થ तत्त्वतः=પરમાર્થથી अनुमानविषयः=અનુમાનનો વિષય मतः न=મનાયો નથી, च=અને अतः=આનાથી=અનુમાનથી सम्यग् निश्चयः न=સમ્યગ્ નિશ્ચય નથી=અતીન્દ્રિય અર્થનો સમ્યગ્ નિશ્ચય નથી. अन्यत्रापि=અન્યત્ર પણ=સામાન્ય અર્થના વિષયમાં પણ=અતીન્દ્રિય સામાન્ય અર્થના વિષયમાં પણ=યાવત્ અતીન્દ્રિય અર્થમાં પણ धीधनः=બુદ્ધિમાન ભર્તૃહરિ आह=કહે છે – ।।૧૪૪।।**

**શ્લોકાર્થ :-**

**અને સર્વજ્ઞવિશેષલક્ષણ અર્થ પરમાર્થથી અનુમાનનો વિષય મનાયો નથી, અને અનુમાનથી અતીન્દ્રિય અર્થનો સમ્યગ્ નિશ્ચય નથી. અતીન્દ્રિય સામાન્ય અર્થના વિષયમાં પણ બુદ્ધિમાન ભર્તૃહરિ કહે છે –।।૧૪૪।।**

**ટીકા :-**

**'न चानुमानविषयो'=न च युक्तिगोचरः, 'एषोऽर्थः'-सर्वज्ञविशेषलक्षणः 'तत्त्वतो मतः'=परमार्थेनेष्टः, 'न चातः' अनुमानात् निश्चयः 'सम्यगन्यत्रापि' सामान्यार्थे 'आह धीधनः' स भर्तृहरिः ।।१४४।।**

**ટીકાર્થ :-**

'न चानुमानविषयो' ..... भर्तृहरिः ।। **અને સર્વજ્ઞવિશેષલક્ષણ આ અર્થ તત્ત્વથી=પરમાર્થથી, અનુમાનનો વિષય મનાયો નથી=યુક્તિનો વિષય ઈષ્ટ નથી, અને આનાથી=અનુમાનથી, સમ્યગ્ નિશ્ચય નથી= સર્વજ્ઞવિશેષરૂપ અર્થનો સમ્યગ્ નિશ્ચય નથી=કપિલ સર્વજ્ઞ છે કે વીરભગવાન સર્વજ્ઞ છે કે બુદ્ધ સર્વજ્ઞ છે તેનો સમ્યગ્ નિશ્ચય નથી; અને તેની પુષ્ટિ માટે ભર્તૃહરિની સાક્ષી બતાવવા અર્થે કહે છે –**

**અન્યત્ર પણ સામાન્ય અર્થમાં=સર્વજ્ઞવિશેષના નિશ્ચયમાં નહિ, પરંતુ અતીન્દ્રિય અર્થમાત્રના વિષયમાં, બુદ્ધિમાન એવા તે ભર્તૃહરિ કહે છે. (તે આગળના શ્લોકમાં બતાવશે.) ।।૧૪૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૪૩માં સ્થાપન કર્યું કે અતીન્દ્રિય પદાર્થો યોગીજ્ઞાનનો વિષય છે, તેથી જે લોકો આગમાનુસાર યોગનું સેવન કરીને અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરી શકે એવી પ્રજ્ઞાવાળા નથી, અને પોતપોતાના દર્શનની અતીન્દ્રિય પદાર્થવિષયક માન્યતાને તત્ત્વરૂપે જોનારા છે, અને અન્યદર્શનની અતીન્દ્રિય પદાર્થવિષયક માન્યતાને અતત્ત્વરૂપે જોનારા છે, તેઓ પોતપોતાના દર્શનની માન્યતા પ્રમાણે પદાર્થને સ્થાપન કરવા માટે વિવાદ કરે છે, તે ઉચિત નથી.

ત્યાં કોઈને પ્રશ્ન થાય કે અતીન્દ્રિય પદાર્થો અંધકલ્પોનો વિષય નથી, તોપણ અનુમાનનો વિષય થઈ શકશે. તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

સર્વજ્ઞવિશેષસ્વરૂપ અર્થ અનુમાનનો વિષય નથી. જેમ કે યોગબિંદુ ગાથા-૩૦૪માં ક્ષણિકવાદને નહિ માનનારા એવા સાંખ્યાદિ દર્શનકારો ક્ષણિકવાદીને કહે છે કે તમારા મતમાં અર્થક્રિયા ઘટશે નહિ, માટે ક્ષણિકવાદ સ્વીકારવો ઉચિત નથી, તેથી અનાદિશુદ્ધ ઈશ્વર સ્વીકારવો જોઈએ. તેની સામે બૌદ્ધ કહે છે કે એકાંત નિત્યવાદમાં અર્થક્રિયા ઘટી શકે નહિ, માટે તમારા મત પ્રમાણે અનાદિશુદ્ધ ઈશ્વર ઘટી શકે નહિ. આ રીતે અતીન્દ્રિય પદાર્થમાં અંધકલ્પો અનુમાન દ્વારા સર્વજ્ઞવિશેષનો નિર્ણય કરી શકે તેમ નથી. માટે અનુમાનથી કે પ્રત્યક્ષથી અતીન્દ્રિય એવા સર્વજ્ઞ આદિનો નિર્ણય થઈ શકે નહિ. તેથી શ્લોક-૧૦૦-૧૦૧માં કહ્યું એ રીતે આગમથી, અનુમાનથી અને યોગના અભ્યાસથી અતીન્દ્રિય તત્ત્વની પ્રાપ્તિ થાય છે. માટે અતીન્દ્રિય પદાર્થને નહિ જોનારાએ શુષ્ક તર્ક કરીને સત્ ચિત્તનો નાશ કરવો જોઈએ નહિ, પરંતુ આગળ શ્લોક-૧૪૯ થી ૧૫૨ સુધી બતાવાશે તે રીતે ધર્મમાં યત્ન કરવો જોઈએ, જેથી અતીન્દ્રિય તત્ત્વની પ્રાપ્તિ થાય. **।।૧૪૪।।**

❖ આગમ, અનુમાન અને યોગના અભ્યાસથી અતીન્દ્રિય અર્થનો નિર્ણય કેમ થાય છે, તેના માટે યોગબિંદુ ગાથા-૪૧૨ જોવી.

❖ સર્વજ્ઞના વિશેષ સ્વરૂપનો નિર્ણય માત્ર અનુમાનથી થતો નથી, તે માટે યોગબિંદુ ગાથા-૩૦૪ની ટીકા જોવી.

**અવતરણિકા :-**

**किमाहेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**શું કહે છે ?=શ્લોક-૧૪૪માં કહ્યું કે અતીન્દ્રિય એવા સામાન્ય અર્થમાં ભર્તૃહરિ કહે છે. તે શું કહે છે ? इति= एतद्=એને કહે છે –**

**શ્લોક :-**

**यत्नेनानुमितोऽप्यर्थः, कुशलैरनुमातृभिः ।**
**अभियुक्ततरैरन्यैरन्यथैवोपपाद्यते ।।१४५।।**

**અન્વયાર્થ :-**

**कुशलैरनुमातृभिः=કુશલ અનુમાતાઓ વડે यत्नेन=યત્નથી अनुमितोऽप्यर्थः=અનુમાન કરાયેલો પણ અર્થ=અનુમાન કરાયેલો પણ અતીન્દ્રિય અર્થ अभियुक्ततरैरन्यैः=અભિયુક્તતર એવા અન્યો વડે= કુશલ અનુમાન કરનારા કરતાં અધિક અન્વયાદિ જાણનારા એવા અન્યો વડે अन्यथा एव=અન્યથા જ=કુશલ અનુમાતાએ જે રીતે અતીન્દ્રિય અર્થ સ્થાપન કરેલ છે તેના કરતાં વિપરીત જ उपपाद्यते=ઉપપાદન કરાય છે=સ્થાપન કરાય છે. ।।૧૪૫।।**

**શ્લોકાર્થ :-**

**કુશલ અનુમાતાઓ વડે યત્નથી અનુમાન કરાયેલો પણ અતીન્દ્રિય અર્થ, કુશલ અનુમાન કરનારા કરતાં અધિક અન્વયાદિ જાણનારા એવા અન્યો વડે, કુશલ અનુમાતાએ જે રીતે અતીન્દ્રિય અર્થ સ્થાપન કરેલ છે તેના કરતાં વિપરીત જ ઉપપાદન કરાય છે. ।।૧૪૫।।**

**ટીકા :-**

'यत्नेनानुमितोऽप्यर्थः'-अन्वयाद्यनुसारेण, 'कुशलैरनुमातृभिः'-अन्वयादिज्ञैः, 'अभियुक्ततरैः'-अन्वयादिज्ञैरेव 'अन्यथैवोपपाद्यते' - तथाऽसिद्धादिप्रकारेण ।।१४५।।

**ટીકાર્થ :-**

'यत्नेनानुमितोऽप्यर्थः' ..... तथाऽसिद्धादिप्रकारेण ।। અન્વયાદિના જાણનારા વડે=અન્વયવ્યાપ્તિ, વ્યતિરેકવ્યાપ્તિ, અન્વયદૃષ્ટાંત, વ્યતિરેકદૃષ્ટાંત આદિના જાણનારા એવા કુશલ અનુમાનને કરનારા વડે,

**અન્વયાદિ અનુસાર યત્નથી અનુમાન કરાયેલો પણ અર્થ=અનુમાન કરાયેલો પણ અતીન્દ્રિય અર્થ, અભિયુક્તતર એવા અન્વયાદિ જાણનારા વડે જ=કુશળ અનુમાન કરનારા કરતાં અધિક અન્વયાદિ જાણનારા વડે જ, અન્યથા જ ઉપપાદાન કરાય છે=તે રીતે અસિદ્ધાદિ પ્રકારથી=કુશળ અનુમાન કરનારા વડે જે સ્થાપન કરાયું તેના કરતાં વિપરીત રીતે અસિદ્ધાદિ પ્રકારથી, ઉપપાદન કરાય છે. ।।૧૪૫।।**

❖ 'तथाऽसिद्धादिप्रकारेण' માં 'आदि' પદથી બાધાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

અતીન્દ્રિય પદાર્થો કેવલ યુક્તિથી જોડવા માટે યત્ન કરનારાઓને સામે રાખીને ભર્તૃહરિ કહે છે કે કોઈક વિદ્વાન અન્વયવ્યાપ્તિ, વ્યતિરેકવ્યાપ્તિ, અન્વયદૃષ્ટાંત, વ્યતિરેકદૃષ્ટાંત, સદ્હેતુઓ, અસદ્હેતુઓ વગેરે જાણવામાં કુશળ હોય, અને કુશળતાપૂર્વક અન્વયાદિ અનુસારે યત્ન કરીને પોતાને અભિમત અતીન્દ્રિય અર્થ યુક્તિથી સ્થાપન કરે; તો વળી તેના કરતાં અન્વયાદિના યોજનમાં અધિક કુશળ હોય તેવો કોઈ અન્ય પ્રતિવાદી, જે કુશળ અનુમાતાએ સ્થાપન કરેલો અતીન્દ્રિય અર્થ છે તેના કરતાં વિપરીત અર્થને યુક્તિથી સ્થાપન કરે છે. તેથી અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય માત્ર યુક્તિના બળથી થઈ શકતો નથી. માટે અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય સર્વજ્ઞનાં કહેવાયેલાં આગમોથી, આગમને અનુસારી યુક્તિથી અને આગમમાં બતાવાયેલા યોગમાર્ગના અનુષ્ઠાનના સેવનથી થયેલી નિર્મળ એવી અનુભવની પ્રજ્ઞાથી થાય છે. માટે અનુમાનના બળથી કપિલ સર્વજ્ઞ છે કે બુદ્ધ સર્વજ્ઞ છે તેવો સર્વજ્ઞ વિશેષ લક્ષણ નિર્ણય કરવો ઉચિત નથી, તેમ પૂર્વ શ્લોક સાથે આ શ્લોકનો સંબંધ છે. **।।૧૪૫।।**

**અવતરણિકા :-**

**अभ्युच्चयमाह –**

**અવતરણિકાર્થ :-**

**અભ્યુચ્ચયને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૪૫ના કથનથી અર્થથી એ ફલિત થયું કે અતીન્દ્રિય પદાર્થો માત્ર અનુમાનથી સિદ્ધ થઈ શકે નહિ. તે કથનને દૃઢ કરવા માટે સમુચ્ચયને કહે છે અર્થાત્ પ્રસ્તુત શ્લોકની યુક્તિથી પણ એ ફલિત થશે કે માત્ર અનુમાનથી પદાર્થોનો નિર્ણય થઈ શકે નહિ. તે બતાવવા માટે બીજી યુક્તિરૂપે સમુચ્ચયને કહે છે -

**શ્લોક :-**

**ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।**
**कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात्तेषु निश्चयः ।।१४६।।**

**અન્વયાર્થ :-**

**यदि=જો अतीन्द्रियाः पदार्थाः=અતીન્દ્રિય પદાર્થો हेतुवादेन=હેતુવાદથી=અનુમાનથી ज्ञायेरन्=જણાય તો एतावता कालेन=આટલા કાળથી तेषु=તેઓમાં=અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં प्राज्ञैः=પ્રાજ્ઞ પુરુષો વડે निश्चयः कृतः स्यात्=નિશ્ચય કરાયેલો થાય. ।।૧૪૬।।**

**શ્લોકાર્થ :-**

**જો અતીન્દ્રિય પદાર્થો અનુમાનથી જણાય તો આટલા કાળથી અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં પ્રાજ્ઞ પુરુષો વડે નિશ્ચય કરાયેલો થાય. ।।૧૪૬।।**

**ટીકા :-**

**'ज्ञायेरन्' 'हेतुवादेन'=अनुमानवादेन, 'पदार्था यद्यतीन्द्रियाः' सर्वज्ञादयः 'कालेनैतावता प्राज्ञैः' तार्किकैः, 'कृतः स्यात्तेषु निश्चयः' अवगम इति ।।१४६।।**

**ટીકાર્થ :-**

**'ज्ञायेरन्' ..... अवगम इति ।। હેતુવાદથી=અનુમાનવાદથી, જો અતીન્દ્રિય એવા સર્વજ્ઞાદિ પદાર્થો જણાય, તો આટલા કાળથી પ્રાજ્ઞ એવા તાર્કિકો વડે તેઓમાં=અતીન્દ્રિય અર્થોના વિષયમાં, નિર્ણય કરાયેલો થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૪૬।।**

**ભાવાર્થ :-**

અતીન્દ્રિય એવા સર્વજ્ઞાદિ પદાર્થોનો હેતુવાદથી નિર્ણય થઈ શકતો હોત તો અનંતકાળમાં ઘણા બુદ્ધિધન પુરુષો થઈ ગયા, તે તાર્કિકો તર્કના બળથી તે પદાર્થોને અત્યાર સુધી સ્થાપન કરી શક્યા હોત; અને જો તેઓ તે સ્થાપન કરી શક્યા હોત તો તેઓ વડે સ્થાપન કરાયેલો પદાર્થ કોઈપણ બુદ્ધિમાન તેમની બતાવેલી યુક્તિથી નિર્ણય કરી શકત, પરંતુ તેનો નિર્ણય યુક્તિના બળથી થતો નથી. એક તાર્કિક યુક્તિના બળથી જે અર્થને સ્થાપન કરે છે તેના કરતાં અધિકતર કુશળ અન્ય તાર્કિક યુક્તિના બળથી અન્ય રીતે વિપરીત અર્થને સ્થાપન કરે છે. તેથી નક્કી થાય છે કે આટલા કાળ સુધીમાં અનુમાનના બળથી કોઈ તાર્કિક અતીન્દ્રિય પદાર્થો સ્થાપન કરી શક્યા નથી. તેથી એ ફલિત થાય કે અનુમાનના બળથી અતીન્દ્રિય પદાર્થોની સ્થાપના થઈ શકતી નથી, પરંતુ આગમના બળથી અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિ થઈ શકે છે. માટે અતીન્દ્રિય પદાર્થના વિષયમાં આગમવચન, આગમાનુસારી યુક્તિ અને આગમે બતાવેલા અનુષ્ઠાનના સેવનથી, અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય પણ છદ્મસ્થો કરી શકે છે, માત્ર અનુમાનના બળથી છદ્મસ્થો નિર્ણય કરી શકતા નથી. **।।૧૪૬।।**

અવતરણિકા :-

શ્લોક-૧૪૩માં કહેલું કે યોગીજ્ઞાન સિવાય અતીન્દ્રિય અર્થનો નિર્ણય થઈ શકતો નથી. ત્યાં કોઈને શંકા થયેલી કે અનુમાનથી તેનો નિર્ણય થઈ શકશે. તેથી શ્લોક-૧૪૪-૧૪૫-૧૪૬ થી સ્થાપન કર્યું કે અતીન્દ્રિય અર્થનો નિર્ણય અનુમાનનો વિષય નથી. તે સ્થાપન કરીને ગ્રંથકારને શું કહેવું છે ? તે બતાવવા માટે કહે છે –

શ્લોક :-

**न चैतदेवं यत्तस्माच्छुष्कतर्कग्रहो महान् ।**
**मिथ्याभिमानहेतुत्वात्त्याज्य एव मुमुक्षुभिः ।।१४७।।**

અન્વયાર્થ :-

यत्=જે કારણથી एतद्=આ=અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય અનુમાનથી થાય છે એ, एवं न=આ પ્રમાણે નથી=અનુમાનથી નિર્ણય થાય છે એ પ્રમાણે નથી तस्मात्=તે કારણથી मिथ्याभिमानहेतुत्वात्= મિથ્યાભિમાનનો હેતુ હોવાથી महान् शुष्कतर्कग्रहः=અતિ રૌદ્ર એવો શુષ્ક તર્કનો ગ્રહ मुमुक्षुभिः= મુમુક્ષુઓ વડે त्याज्य एव=ત્યાગ કરવા યોગ્ય જ છે. ।।૧૪૭।।

શ્લોકાર્થ :-

**જે કારણથી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય અનુમાનથી થાય છે એ પ્રમાણે નથી, તે કારણથી મિથ્યાભિમાનનો હેતુ હોવાથી અતિ રૌદ્ર એવો શુષ્ક તર્કનો ગ્રહ મુમુક્ષુઓ વડે ત્યાગ કરવા યોગ્ય જ છે. ।।૧૪૭।।**

ટીકા :-

'न चैतदेवं' 'यत्'-येन कारणेन 'तस्माच्छुष्कतर्कग्रहो' 'महान्'=अतिरौद्रः, 'मिथ्याभिमानहेतुत्वात्त्याज्य एव' 'मुमुक्षुभिः'=मोक्तुमिच्छुभिः ।।१४७।।

ટીકાર્થ :-

'न चैतदेवं' ..... मोक्तुमिच्छुभिः ।। यत् - येन कारणेन=જે કારણથી, एतद्=આ=અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય અનુમાનથી થાય છે એ, एवं न=એ પ્રમાણે નથી=અનુમાનથી નિર્ણય થાય છે એ પ્રમાણે નથી, તે કારણથી મિથ્યાભિમાનનો હેતુ હોવાથી=તર્કના બળથી આ અતીન્દ્રિય પદાર્થ આમ છે એ પ્રકારનો નિર્ણય મિથ્યાભિમાનનો હેતુ હોવાથી, મહાન=અતિ રૌદ્ર, શુષ્ક તર્કનો ગ્રહ મુમુક્ષુઓ વડે= મુક્તિમાં જવાની ઇચ્છાવાળાઓ વડે, ત્યાગ કરવા યોગ્ય જ છે. ।।૧૪૭।।

**ભાવાર્થ :-**

શ્લોક-૧૪૩માં બતાવ્યું કે યોગીજ્ઞાન સિવાય અતીન્દ્રિય અર્થનો નિર્ણય થતો નથી, માટે અંધકલ્પોને, બુદ્ધ સર્વજ્ઞ નથી કપિલ સર્વજ્ઞ છે અથવા કપિલ સર્વજ્ઞ નથી બુદ્ધ સર્વજ્ઞ છે, એ પ્રકારનો વિવાદ, સત્ ચિત્તનો નાશ કરનાર હોવાથી ત્યાજ્ય છે. ત્યાં કોઈકને પ્રશ્ન થાય કે યોગીજ્ઞાન સિવાય તેનો નિશ્ચય ન થઈ શકે, તોપણ અનુમાનથી સર્વજ્ઞવિશેષનો નિર્ણય થઈ શકશે. તેથી શ્લોક-૧૪૪થી શ્લોક-૧૪૬ સુધી બતાવ્યું કે અનુમાનથી પણ સર્વજ્ઞવિશેષનો નિર્ણય થઈ શકતો નથી. તેનાથી શું ફલિત થયું તે પ્રસ્તુત શ્લોકમાં બતાવતાં કહે છે કે અનુમાનથી પણ અતીન્દ્રિય અર્થનો નિર્ણય થતો ન હોવાથી સ્વસ્વદર્શનના રાગથી 'કપિલ સર્વજ્ઞ નથી અને બુદ્ધ સર્વજ્ઞ છે' એના અનુમાનને કરનારા શુષ્ક તર્કો મિથ્યા અભિમાનના હેતુ છે અર્થાત્ 'હું તર્કોના બળથી અમારા ભગવાન સર્વજ્ઞ છે એવો નિર્ણય કરું છું' એ પ્રકારના મિથ્યા અભિમાનનો હેતુ છે, અને આ શુષ્ક તર્ક મિથ્યા અભિમાનનો હેતુ હોવાથી યોગમાર્ગને અનુકૂળ સત્ ચિત્તનો નાશ કરનાર છે, તેથી અતિ રૌદ્ર છે. માટે મોક્ષના અર્થી જીવોએ શુષ્ક તર્ક છોડવો જોઈએ, અને વિચારવું જોઈએ કે અતીન્દ્રિય પદાર્થોમાં આગમવચન જ બળવાન પ્રમાણ છે. માટે આગમાનુસારી યુક્તિ અને અનુભવના બળથી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ, પરંતુ વિચાર્યા વગર સ્વસ્વદર્શનના રાગથી શુષ્ક તર્કો કરીને આત્મવંચના કરવી જોઈએ નહિ. **॥૧૪૭॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૧૪૭માં કહ્યું કે મુમુક્ષુએ શુષ્ક તર્કનો આગ્રહ છોડવો જોઈએ. તેની પુષ્ટિ કરવા માટે 'किञ्च' થી અન્ય યુક્તિ આપે છે –**

**શ્લોક :-**

**ग्रहः सर्वत्र तत्त्वेन, मुमुक्षूणामसङ्गतः ।**
**मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः किमनेन तत् ।।१४८।।**

**અન્વયાર્થ :-**

**मुमुक्षूणाम्=મુમુક્ષુઓને तत्त्वेन=પરમાર્થથી सर्वत्र=સર્વ વસ્તુમાં ग्रहः असङ्गतः=ગ્રહ અયુક્ત છે.** प्रायः=પ્રાયઃ मुक्तौ=મુક્તિમાં धर्मा अपि=ધર્મો પણ त्यक्तव्याः=ત્યાગ કરવા યોગ્ય છે, तत्=તે કારણથી अनेन किम्=આના વડે શું ?=ગ્રહ વડે શું ? ।।૧૪૮।।

**શ્લોકાર્થ :-**

**મુમુક્ષુઓને પરમાર્થથી સર્વ વસ્તુમાં ગ્રહ અયુક્ત છે. મુક્તિમાં ધર્મો પણ પ્રાયઃ ત્યાગ કરવા યોગ્ય છે, તે કારણથી આના વડે શું ? ।।૧૪૮।।**

**ટીકા :-**

**'ग्रहः सर्वत्र'-वस्तुनि, 'तत्त्वेन'=परमार्थेन, 'मुमुक्षूणाम्' 'असङ्गतः'=अयुक्तः, कुत इत्याह 'मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः', प्रायोग्रहणं क्षायिकधर्मव्यवच्छेदार्थम्, 'किम्' 'अनेन'=ग्रहेण 'तत्' ? न किञ्चिदित्यर्थः ।।१४८।।**

**ટીકાર્થ :-**

**'ग्रहः सर्वत्र' ..... किञ्चिदित्यर्थः ।। મુમુક્ષુઓને તત્ત્વથી=પરમાર્થથી, સર્વ વસ્તુમાં ગ્રહ અસંગત છે=અયુક્ત છે. કેમ ? એથી કરીને કહે છે;**

**મુક્તિમાં પ્રાયઃ ધર્મો પણ ત્યાગ કરવા યોગ્ય છે, તે કારણથી अनेन ग्रहेण=આ ગ્રહ વડે=આ આગ્રહ વડે, શું ? અર્થાત્ કંઈ અર્થ નથી, એ પ્રકારનો અર્થ છે.**

**શ્લોકમાં 'प्रायः' શબ્દનું ગ્રહણ ક્ષાયિકધર્મના વ્યવચ્છેદ માટે છે અર્થાત્ મુક્તિમાં ક્ષાયિકધર્મો ત્યાગ કરવાના નથી. ।।૧૪૮।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૪૭માં સ્થાપન કર્યું કે મુમુક્ષુએ શુષ્ક તર્કનો ત્યાગ કરવો જોઈએ. તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે મુમુક્ષુએ સર્વ વસ્તુઓમાં 'આ મને રુચે છે' એ પ્રકારની રુચિરૂપ આગ્રહ રાખવા જેવો નથી અર્થાત્ કોઈ પદાર્થ પ્રત્યે રાગ રાખવા જેવો નથી; કેમ કે મુક્તિમાં ક્ષયોપશમભાવના ક્ષમાદિ ગુણો પણ છોડવાના છે, તો બાહ્ય કોઈપણ પદાર્થ પ્રત્યે રાગ રાખવાનું પ્રયોજન નથી; અને જ્યારે બાહ્ય કોઈ વસ્તુમાં રાગ રાખવાનો ન હોય તો સ્વદર્શનના રાગથી 'સ્વદર્શનના ભગવાન સર્વજ્ઞ છે અન્ય દર્શનના નહિ' તેવો રાગ રાખવાથી શું ? અર્થાત્ તેવો રાગ મુમુક્ષુએ કરવો જોઈએ નહિ. **।।૧૪૮।।**

**અવતરણિકા :-**

**यत एवम् –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૪૭-૧૪૮માં સ્થાપન કર્યું કે મુમુક્ષુએ શુષ્ક તર્ક કરવો જોઈએ નહિ. તેનાથી શું કહેવું છે તે બતાવવા માટે કહે છે કે જે કારણથી આમ છે=જે કારણથી મુમુક્ષુએ શુષ્ક તર્ક કરવો જોઈએ નહિ એમ છે, તે કારણથી શું ? તે શ્લોકમાં બતાવે છે –

શ્લોક :-

तदत्र महतां वर्त्म, समाश्रित्य विचक्षणैः ।
वर्तितव्यं यथान्यायं, तदतिक्रमवर्जितैः ।।१४९।।

**અન્વયાર્થ :-**

तत्=તે કારણથી=અતીન્દ્રિય પદાર્થોમાં મુમુક્ષુએ શુષ્ક તર્ક કરવો ઉચિત નથી તે કારણથી, अत्र= અહીં=મોક્ષ અર્થે કરાતી યોગમાર્ગની પ્રવૃત્તિમાં महतां वर्त्म समाश्रित्य=મોટા પુરુષોના માર્ગને આશ્રયીને तदतिक्रमवर्जितैः विचक्षणैः=તેના અતિક્રમથી વર્જિત એવા પંડિતો વડે=મોટા પુરુષોના માર્ગનું ઉલ્લંઘન કરવારૂપ અતિચરણથી રહિત એવા પંડિત પુરુષોએ यथान्यायं=ન્યાય અનુસાર=ઔચિત્ય અનુસાર वर्तितव्यं=વર્તવું જોઈએ. ।।૧૪૯।।

**શ્લોકાર્થ :-**

**અતીન્દ્રિય પદાર્થોમાં મુમુક્ષુએ શુષ્ક તર્ક કરવો ઉચિત નથી, તે કારણથી, મોક્ષ અર્થે કરાતી યોગમાર્ગની પ્રવૃત્તિમાં મોટા પુરુષોના માર્ગને આશ્રયીને, મોટા પુરુષોના માર્ગનું ઉલ્લંઘન કરવારૂપ અતિચરણથી રહિત એવા વિચક્ષણ પુરુષોએ, ઔચિત્ય અનુસાર વર્તવું જોઈએ. ।।૧૪૯।।**

**ટીકા :-**

**'तदत्र' व्यतिकरे, 'महतां वर्त्म' 'समाश्रित्य'=अङ्गीकृत्य, 'विचक्षणैः'=पण्डितैः, 'वर्तितव्यं' 'यथान्यायं'= न्यायसदृशं, 'तदतिक्रमवर्जितैः'=महद्वर्त्मातिचाररहितैः ।।१४९।।**

**ટીકાર્થ :-**

'तदत्र' व्यतिकरे, ..... महद्वर्त्मातिचाररहितैः ।। તે કારણથી=અતીન્દ્રિય પદાર્થોમાં મુમુક્ષુએ શુષ્ક તર્ક કરવો ઉચિત નથી તે કારણથી, આ વ્યતિકરમાં=મોક્ષ અર્થે કરાતી યોગમાર્ગની પ્રવૃત્તિમાં, મોટા પુરુષોના માર્ગને આશ્રયીને તેના અતિક્રમથી વર્જિત=મોટા પુરુષોના માર્ગનું ઉલ્લંઘન કરવારૂપ અતિચારથી રહિત, એવા વિચક્ષણ પુરુષોએ, યથાન્યાય=ન્યાય અનુસાર=ઔચિત્ય અનુસાર, વર્તવું જોઈએ. ।।૧૪૯।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે 'કપિલ સર્વજ્ઞ છે ? કે બુદ્ધ સર્વજ્ઞ છે ? કે વીર ભગવાન સર્વજ્ઞ છે ?' તે પદાર્થોનો નિર્ણય અનુમાનનો વિષય નથી, તેથી સ્વદર્શનના રાગથી શુષ્ક તર્ક કરીને તેને સ્થાપન કરવાનો પ્રયાસ અનર્થકારી હોવાથી મુમુક્ષુએ તેમ કરવું જોઈએ નહિ. તો મુમુક્ષુએ શું કરવું જોઈએ ? તે વાત પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે.

મોક્ષના અર્થી એવા વિચક્ષણ પુરુષે યોગમાર્ગની પ્રવૃત્તિના વિષયમાં મોટા પુરુષોના માર્ગના ઉલ્લંઘન વગર, મોટા પુરુષના માર્ગને આશ્રયીને યત્ન કરવો જોઈએ, જેથી મોટા પુરુષો જે માર્ગને આશ્રયીને આ સંસારથી પારને પામ્યા તેમ પોતે પણ આ સંસારના પારને પામી શકે.

અહીં 'यथान्यायं' કહ્યું, તેનાથી એ કહેવું છે કે મોટા પુરુષોએ જે માર્ગ અપનાવ્યો હોય તે માર્ગને બુદ્ધિમાન પુરુષોએ પોતાની શક્તિ અનુસાર અનુસરવો જોઈએ; પરંતુ પોતાની શક્તિનો વિચાર કર્યા વગર જે તેમણે આચર્યું છે તે આચરવા જો પોતે યત્ન કરે તો ફળની પ્રાપ્તિ થાય નહિ. તેથી પોતાની શક્તિ અનુસાર મોટા પુરુષોના માર્ગનું આચરણ કરવું જોઈએ. **॥૧૪૯॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

**આને જ કહે છે=શ્લોક-૧૪૯માં કહ્યું કે મોટા પુરુષોના માર્ગને આશ્રયીને વિચક્ષણે વર્તવું જોઈએ, તેથી મોટા પુરુષોના માર્ગને જ કહે છે –**

**શ્લોક :-**

**परपीडेह सूक्ष्मापि, वर्जनीया प्रयत्नतः ।**
**तद्वत्तदुपकारेऽपि, यतितव्यं सदैव हि ।।१५०।।**

**અન્વયાર્થ :-**

इह=અહીં=લોકમાં सूक्ष्मापि परपीडा=સૂક્ષ્મ પણ પરપીડા प्रयत्नतः=પ્રયત્નથી वर्जनीया=વર્જન કરવી જોઈએ. तद्वत्=તેની જેમ तदुपकारेऽपि=તેમના ઉપકારમાં પણ सदैव हि=હંમેશાં જ यतितव्यं=યત્ન કરવો જોઈએ. ।।૧૫૦।।

**શ્લોકાર્થ :-**

**લોકમાં સૂક્ષ્મ પણ પરપીડા પ્રયત્નથી વર્જન કરવી જોઈએ. તેની જેમ તેમના ઉપકારમાં પણ હંમેશાં જ યત્ન કરવો જોઈએ. ।।૧૫૦।।**

**ટીકા :-**

'परपीडा'=परबाधा, 'इह'=लोके, 'सूक्ष्मापि' आस्तां महतीति, किमित्याह 'वर्जनीया'=परित्यक्तव्या, 'प्रयत्नतः'=सूक्ष्माभोगेन, 'तद्वत्'=प्रयत्नत एव 'तदुपकारेऽपि'=परोपकारेऽपि, 'यतितव्यम्' अनुष्ठानद्वारेण, 'सदैव हि' इति ।।१५०।।

**ટીકાર્થ :-**

'परपीडा'=परबाधा, ..... 'सदैव हि' इति ।। અહીં=લોકમાં, સૂક્ષ્મ પણ પરપીડા=પરબાધા, પ્રયત્નથી= સૂક્ષ્મ આભોગથી=સૂક્ષ્મ ઉપયોગથી, વર્જન કરવી જોઈએ.

**'सूक्ष्मापि' માં 'अपि' થી એ કહેવું છે કે મોટી પીડા તો વર્જન કરવી જોઈએ, પરંતુ સૂક્ષ્મ પણ પરપીડા વર્જન કરવી જોઈએ.**

**તેની જેમ=પરપીડાના વર્જનની જેમ, પ્રયત્નથી જ તેમના ઉપકારમાં પણ=પરના ઉપકારમાં પણ, અનુષ્ઠાન દ્વારા=કૃત્ય દ્વારા, હંમેશાં જ યત્ન કરવો જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૫૦।।**

❖ 'तदुपकारेऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે પરપીડાના પરિહારમાં તો પ્રયત્ન કરવો જોઈએ, પરંતુ પરના ઉપકારમાં પણ સદા યત્ન કરવો જોઈએ.

**ભાવાર્થ :-**

મોટા પુરુષોનો માર્ગ એ છે કે કોઈને પણ સૂક્ષ્મ પણ પીડા ન થાય તેવો પ્રયત્ન કરે; એટલું જ નહિ, પરના ઉપકારમાં પણ શક્તિ અનુસાર હંમેશાં યત્ન કરે જ; અને આ પરપીડાના વર્જનનો પ્રયત્ન અને પરના ઉપકારનો પ્રયત્ન મોટા પુરુષો સૂક્ષ્મ ઉપયોગથી સદા જ કરે છે. તેથી મોટા પુરુષોના માર્ગના અનુસરણ માટે વિચક્ષણ પુરુષે પણ તેમાં યત્ન કરવો જોઈએ. વળી આ પરપીડાવર્જન અને પરના ઉપકાર માટેનો સૂક્ષ્મ યત્ન સૂક્ષ્મ બોધથી થાય છે; અને તે બોધ કરવા માટે સર્વદર્શનોનાં વચનો સ્વદર્શનના રાગ વગર જાણવા યત્ન કરે, તો જે દર્શનમાં પરપીડાના પરિહાર માટેની સૂક્ષ્મ યતનાઓ બતાવી હોય અને પરના ઉપકાર માટે પણ સૂક્ષ્મ ઉપાયો બતાવ્યા હોય, તે દર્શન શુદ્ધ છે તેવો નિર્ણય થાય. તેથી મોટા પુરુષોના માર્ગના અનુસરણનો યત્ન કરનારને કયું દર્શન સર્વજ્ઞકથિત છે અને કયું નહિ, તે સ્વયં પ્રાપ્ત થાય, અને સ્વદર્શનના રાગથી સ્વદર્શનને માન્ય એવા સર્વજ્ઞાદિ પદાર્થોને સ્થાપવા માટે શુષ્ક તર્કથી યત્ન થાય નહિ. **।।૧૫૦।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૫૦માં કહ્યું કે મોટા પુરુષોના માર્ગનું અનુસરણ કરવા માટે પરપીડાનો પરિહાર કરવો જોઈએ અને પરના ઉપકારમાં પણ યત્ન કરવો જોઈએ. હવે મોટા પુરુષોના માર્ગનું અનુસરણ કરવા માટે બીજું શું કરવું જોઈએ ? તે બતાવવા માટે 'तथा' થી સમુચ્ચય કરે છે –

**શ્લોક :-**

**गुरवो देवता विप्रा, यतयश्च तपोधना ।**
**पूजनीया महात्मानः, सुप्रयत्नेन चेतसा ।।१५१।।**

**અન્વયાર્થ :-**

गुरवः=ગુરુ=માતા-પિતા વગેરે, देवता=દેવતા विप्राः=બ્રાહ્મણો यतयः=પ્રવ્રજિતો तपोधनाः=તપ કરનારા महात्मानः=મહાત્માઓને सुप्रयत्नेन चेतसा=સુપ્રયત્નવાળા ચિત્ત વડે=તેમની આજ્ઞાને અનુસરનારા ચિત્ત વડે पूजनीया=પૂજવા જોઈએ. ।।૧૫૧।।

**શ્લોકાર્થ :-**

**માતા-પિતા વગેરે, દેવતા, બ્રાહ્મણો, પ્રવ્રજિતો, તપ કરનારા મહાત્માઓને તેમની આજ્ઞાને અનુસરનારા ચિત્ત વડે પૂજવા જોઈએ. ।।૧૫૧।।**

**ટીકા :-**

**'गुरवो'=मातापितृप्रमुखाः, 'देवता' सामान्येनैव, 'विप्राः'=द्विजाः, 'यतयश्च'=प्रव्रजिताश्च, 'तपोधनाः'=तद्वन्तः, 'पूजनीया महात्मानः' सर्व एवैते यथार्हम्, कथमित्याह 'सुप्रयत्नेन चेतसा' आज्ञाप्रधानेनेत्यर्थः ।।१५१।।**

**ટીકાર્થ :-**

**'गुरवो' ..... आज्ञाप्रधानेनेत्यर्थः ।। ગુરુઓ=માતા-પિતા વગેરે, દેવતા સામાન્યથી જ=જે કોઈ પૂર્ણપુરુષ હોય તે પૂર્ણપુરુષરૂપ દેવતા, વિપ્રો=બ્રાહ્મણો=બ્રહ્મની ઉપાસના કરનારા પરલોકપ્રધાન એવા બ્રાહ્મણો, યતિઓ=જે લોકોએ આત્મકલ્યાણ માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે એવા પ્રવ્રજિતો, તપોધનો=આત્મકલ્યાણ અર્થે તપને કરનારા, સર્વ જ આઓને=માતા-પિતાદિ મહાત્માઓને, યથાયોગ્ય સુપ્રયત્નથી=આજ્ઞાપ્રધાન એવા ચિત્તથી પૂજવા જોઈએ. ।।૧૫૧।।**

**ભાવાર્થ :-**

**ગુરુઓ :-** શ્લોક-૧૫૦માં મોટા પુરુષોનો માર્ગ પરપીડાનો પરિહાર અને પરોપકાર કરવાનો છે તે રૂપ ઉચિત પ્રવૃત્તિ બતાવી. હવે સર્વ પૂજનીય વ્યક્તિઓ સાથે કેવું ઉચિત વર્તન કરવું જોઈએ તે બતાવે છે : ત્યાં પ્રથમ માતા-પિતા વગેરે વડીલોનું તેમની આજ્ઞાને પ્રધાન કરનારા એવા ચિત્ત વડે પૂજન કરવાનું કહ્યું. તેથી એ ફલિત થાય કે ધર્મને બાધ ન કરનારી હોય તેવી સર્વ પ્રવૃત્તિઓ તેમની ઇચ્છાનુસાર કરવા યત્ન કરવો જોઈએ અને હંમેશાં તેમના ઉપકારને યાદ કરીને ત્રિસંધ્યા તેમને નમસ્કાર કરવો જોઈએ. આ કથન 'यथार्हम् पूजनीयाः' થી બતાવાય છે.

**દેવતા :-** જ્યાં સુધી દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કરીને 'આ જ દેવતા પૂર્ણ પુરુષ છે, અન્ય નહિ', તેવો નિર્ણય ન થયો હોય ત્યાં સુધી, જે કોઈ પૂર્ણ પુરુષ છે એ પ્રકારે સામાન્યથી ઉપસ્થિતિ કરીને દેવતાની પૂજા કરવી જોઈએ, જેથી વિચાર્યા વગર સ્વદર્શનના રાગથી અન્ય દર્શનના દેવતાને આ પૂર્ણ પુરુષ નથી એવો આક્ષેપ કરવાનો પરિણામ થાય નહિ; અને જેમ જેમ દર્શનવાદના અભ્યાસથી પૂર્ણ પુરુષરૂપ દેવતાના સ્વરૂપનો વિશેષ બોધ થાય, ત્યારે જે પૂર્ણ હોય તેમને જ દેવતારૂપે સ્વીકારે અન્યને નહિ, એ પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરવી એ મહાપુરુષોનો માર્ગ છે.

**વિપ્રો :-** અહીં 'બ્રાહ્મણ' શબ્દથી બ્રાહ્મણ જાતિને ગ્રહણ કરવી નથી, પરંતુ જે બ્રાહ્મણો પરલોકપ્રધાન હોય અને યોગમાર્ગને અનુસરનારા હોય તેમને ગ્રહણ કરવાના છે. તેવા બ્રાહ્મણોની પૂજા કરવી જોઈએ, જેથી તેમની પાસેથી પણ યોગમાર્ગની પ્રાપ્તિ થાય.

**યતિઓ :-** જે લોકોએ આત્મકલ્યાણ માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે, તેવા મહાત્માઓની પૂજા કરવી જોઈએ, જેથી તેમની પાસેથી યોગમાર્ગની પ્રાપ્તિ થાય અને તેમની જેમ જ યોગમાર્ગની પ્રવૃત્તિનું બળ પ્રાપ્ત થાય.

**તપોધનો :-** જે લોકો આત્મકલ્યાણ માટે તપમાં ઉદ્યમવાળા છે, એવા તપસ્વીઓની પણ યથાયોગ્ય પૂજા કરવી જોઈએ, જેથી પોતાનામાં પણ તે પ્રકારનું તપ કરવાનું બળ પ્રાપ્ત થાય.

આ સર્વની પૂજા માત્ર નમસ્કારાદિ ક્રિયારૂપ કરવાની નથી, પરંતુ આજ્ઞાપ્રધાન એવા ચિત્તથી કરવાની છે; કેમ કે ગુણવાન પ્રત્યે જેમને ભક્તિ હોય તેઓ તેમની આજ્ઞાને અનુસરે તેવા ચિત્તથી તેમની ભક્તિ કરે, જેથી પોતાનામાં પણ તેવા ગુણો આવે. આ પ્રકારની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ યોગમાર્ગ છે. તેથી પોતાની ભૂમિકા પ્રમાણે તેમાં યત્ન કરવામાં આવે તો કલ્યાણની પ્રાપ્તિ થાય. **||૧૫૧||**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**મોટા પુરુષોના માર્ગના અનુસરણ માટે અન્ય શું કરવાનું છે ? તે બતાવવા માટે 'किञ्च' થી સમુચ્ચય કરે છે –**

**શ્લોક :-**

**पापवत्स्वपि चात्यन्तं, स्वकर्मनिहतेष्वलम् ।**
**अनुकम्पैव सत्त्वेषु न्याय्या धर्मोऽयमुत्तमः ।।१५२।।**

**અન્વયાર્થ :-**

च=અને अत्यन्तं=અત્યંત स्वकर्मनिहतेषु पापवत्स्वपि सत्त्वेषु=સ્વકર્મથી હણાયેલા એવા પાપવાળા

**પણ જીવોમાં अलम्=અતિશય अनुकम्पा एव न्याय्या=અનુકંપા જ યુક્ત છે. अयम्=આ=શ્લોક-૧૫૦ થી ૧૫૨ સુધીમાં બતાવ્યું એ, उत्तमः धर्मः=ઉત્તમ ધર્મ છે. ॥૧૫૨॥**

**શ્લોકાર્થ :-**

**અને અત્યંત સ્વકર્મથી હણાયેલા એવા પાપવાળા પણ જીવોમાં અતિશય અનુકંપા જ યુક્ત છે. શ્લોક-૧૫૦ થી ૧૫૨ સુધીમાં બતાવ્યું એ ઉત્તમ ધર્મ છે. ॥૧૫૨॥**

**ટીકા :-**

**'पापवत्स्वपि चात्यन्तं,' लुब्धकादिषु, 'स्वकर्मनिहतेष्वलम्' अत्यर्थम्, 'अनुकम्पैव सत्त्वेषु न्याय्या', न मत्सरो, 'धर्मोऽयमुत्तमः' कारणे कार्योपचारादिति ॥१५२॥**

**ટીકાર્થ :-**

**'पापवत्स्वपि चात्यन्तं,' ..... कार्योपचारादिति ॥ અને અત્યંત સ્વકર્મથી હણાયેલા એવા પાપવાળા પણ લુબ્ધકાદિ સત્ત્વોમાં=જીવોમાં, अलम्=अत्यर्थं= અતિશય, અનુકંપા જ ન્યાય્ય છે=યુક્ત છે, મત્સર નહિ=દ્વેષ કરવો યોગ્ય નથી. આ=શ્લોક-૧૫૦ થી ૧૫૨ સુધીમાં બતાવ્યું એ, ઉત્તમ ધર્મ છે; કેમ કે કારણમાં=ધર્મની નિષ્પત્તિના કારણભૂત કૃત્યમાં, કાર્યનો ઉપચાર કરવાથી=ધર્મરૂપ કાર્યનો ઉપચાર કરવાથી, કૃત્યોને ઉત્તમ ધર્મ કહેલ છે. ॥૧૫૨॥**

❖ 'अत्यन्तं स्वकर्मनिहतेषु पापवत्स्वपि' એમ કહ્યું ત્યાં 'अपि' થી એ કહેવું છે કે જે લોકો અત્યંત સ્વકર્મથી હણાયેલા નથી એવા પાપવાળા જીવોમાં તો અનુકંપા કરવાની છે, પરંતુ અત્યંત સ્વકર્મથી નિહત એવા પાપવાળા જીવોમાં પણ અનુકંપા કરવાની છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૫૦માં પરપીડાના પરિહારરૂપ અને પરોપકારરૂપ ઉચિત આચરણા બતાવી, શ્લોક-૧૫૧માં માતા-પિતા અને અન્ય ગુણવાન પુરુષો પ્રત્યેની ઉચિત પ્રવૃત્તિઓ બતાવી, અને જે જીવો અત્યંત અનુચિત પ્રવૃત્તિ કરનારા છે તેવા જીવો પ્રત્યે પણ અનુકંપા કરવી ઉચિત છે, પરંતુ તેઓની અનુચિત પ્રવૃત્તિ જોઈને અનુચિત વૃત્તિરૂપ દ્વેષ કરવો યોગ્ય નથી, એમ પ્રસ્તુત શ્લોકમાં બતાવ્યું; અને આ જાતની ઉચિત પ્રવૃત્તિઓ ઉત્તમ ધર્મ છે, કેમ કે ઉચિત પ્રવૃત્તિ એ યોગનું લક્ષણ છે અને અનુચિત પ્રવૃત્તિ એ યોગથી વિપરીત આચરણા છે અને સંસારનું કારણ છે.

આમ, ઉચિત પ્રવૃત્તિઓ બતાવીને ગ્રંથકારને એ બતાવવું છે કે વિચાર્યા વગર અતીન્દ્રિય પદાર્થોમાં શુષ્ક તર્ક કરવો ઉચિત નથી, પરંતુ શ્લોક-૧૫૦ થી ૧૫૨ સુધીમાં બતાવ્યું તે પ્રમાણે ઉચિત પ્રવૃત્તિઓ કરવામાં આવે તો ઉત્તમ ધર્મની નિષ્પત્તિં થાય; અને શ્લોક-૮૮-૮૯માં કહ્યું તેમ કુતર્કમાં અભિનિવેશને છોડીને શ્રુત,

શીલ, સમાધિ અને પરોપકારમાં અભિનિવેશ કરવામાં આવે તો ઉત્તમ શ્રુતના અભિનિવેશને કારણે શ્રુતઅધ્યયનની પ્રવૃત્તિ થાય; અને શ્રુતજ્ઞાન એ આગમવચનરૂપ છે, તેથી સર્વ દર્શનોમાં બતાવાયેલાં વચનોમાં જે વચનો આવી ઉચિત પ્રવૃત્તિને પરિપૂર્ણ બતાવતાં હોય તે વચનો સર્વજ્ઞકથિત છે તેવો નિર્ણય થાય. તેથી આગ્રહ વગર તત્ત્વજિજ્ઞાસાથી શ્રુતઅધ્યયનની પ્રવૃત્તિ કરવામાં આવે તો શ્લોક-૧૦૧માં કહ્યું તેમ આગમથી, અનુમાનથી અને ઉચિત અનુષ્ઠાનના સેવનથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય. માટે યોગમાર્ગમાં પ્રવૃત્ત ચાર દૃષ્ટિ સુધી આવેલા જીવો આ પ્રકારનો સમ્યગ્ યત્ન કરે તો તેઓને ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય, તેથી તેઓમાં રહેલું અવેદ્યસંવેદ્યપદ નિવર્તન પામે અને વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થાય. અહીં અવેદ્યસંવેદ્યપદના નિવર્તન માટે શ્લોક-૮૫માં ઉપદેશ આપેલ અને ત્યારપછી તેના પરિહાર માટે કુતર્કના પરિહારનો ઉપદેશ શ્લોક-૮૭થી શરૂ કરેલ, તે પ્રસ્તુત શ્લોકમાં પૂર્ણ થાય છે.

અહીં અત્યંત સ્વકર્મનિહત એવા પાપવાળા જીવો કહેવાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી ભગવાનના વચનાનુસાર પરિપૂર્ણ યત્ન કરે છે તેઓ લેશ પણ સ્વકર્મથી નિહત નથી; પરંતુ સંયમ ગ્રહણ કર્યા પછી સ્ખલના પામતા સાધુઓ પણ જે કંઈ સ્ખલના પામે છે, તેઓ તે અંશથી સ્વકર્મથી હણાયેલા છે, પરંતુ અત્યંત સ્વકર્મથી હણાયેલા નથી; અને જે જીવો કેવલ કર્મને પરતંત્ર થઈને સંસારની ભોગાદિની પ્રવૃત્તિ કરે છે, તેઓ અત્યંત સ્વકર્મથી હણાયેલા છે; અને તેમાં પણ જેઓ શિકારાદિ કૃત્યો કરે છે, તેઓ અત્યંત પાપવાળી પ્રવૃત્તિ કરનારા છે, તેઓના પ્રત્યે પણ અનુકંપા કરવી એ જ ઉચિત કૃત્ય છે. **॥૧૫૨॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

૫૭મા શ્લોકથી ચોથી દૃષ્ટિનો પ્રારંભ કર્યો અને ૬૬મા શ્લોકમાં ચોથી દૃષ્ટિનું વર્ણન પૂરુ થયું. ત્યાં પ્રશ્ન થયેલો કે પહેલી ચાર દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ કેમ નથી ? તેથી શ્લોક-૬૭માં કહ્યું કે પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ તેવું ઉલ્બણ છે માટે તેઓને સૂક્ષ્મબોધ નથી. ત્યારપછી અવેદ્યસંવેદ્યપદ અને વેદ્યસંવેદ્યપદ કેવું છે તે શ્લોક-૮૪ સુધી બતાવ્યું અને પછી શ્લોક-૮૫માં ઉપસંહાર કરીને બતાવ્યું કે ચાર દૃષ્ટિવાળા મહાત્માઓએ અવેદ્યસંવેદ્યપદ જીતવા માટે યત્ન કરવો જોઈએ, અને તે જીતવાનો ઉપાય કુતર્કનો ત્યાગ છે. તેથી ત્યારપછી કુતર્કના ત્યાગનું વર્ણન શ્લોક-૧૫૨ સુધી કર્યું, જે પ્રાસંગિક કથન છે અર્થાત્ ચાર દૃષ્ટિના વર્ણનના પ્રસંગથી કુતર્કના ત્યાગનો પ્રસંગ પ્રાપ્ત થયો, તેથી તે પ્રાસંગિક કથન છે. હવે તે પ્રાસંગિક કુતર્કના ત્યાગના કથનનો ઉપસંહાર કરતાં કહે છે –

**શ્લોક :-**

**कृतमत्र प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमोऽधुना ।**
**तत्पुनः पञ्चमी तावद्योगदृष्टिर्महोदया ।।१५३।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં=દૃષ્ટિના વર્ણનના વિષયમાં प्रसङ्गेन कृतं=પ્રસંગથી સર્યું अधुना=હવે प्रकृतं प्रस्तुमः=પ્રકૃતને કહીએ છીએ तत्पुनः=તે વળી=પ્રકૃત વળી महोदया पञ्चमी योगदृष्टिः=મહોદયવાળી પાંચમી યોગદૃષ્ટિ છે. तावत्='તાવત્' શબ્દ વાક્યાલંકારમાં છે. ।।૧૫૩।।**

**શ્લોકાર્થ :-**

**દૃષ્ટિના વર્ણનના વિષયમાં પ્રસંગથી સર્યું, હવે પ્રકૃતને કહીએ છીએ. પ્રકૃત વળી મહોદયવાળી પાંચમી યોગદૃષ્ટિ છે. 'तावत्' શબ્દ વાક્યાલંકારમાં છે. ।।૧૫૩।।**

**ટીકા :-**

**'कृतं'=पर्याप्तं, 'अत्र'=व्यतिकरे, प्रसङ्गेन, 'प्रकृतं प्रस्तुमः' अधुना=साम्प्रतं, 'तत्पुनः' प्रकृतं 'पञ्चमी तावद्योगदृष्टिः' स्थिराख्या किंविशिष्टेत्याह 'महोदया'-निर्वाणपरमफलेत्यर्थः ।।१५३।।**

**ટીકાર્થ :-**

**'कृतं'=पर्याप्तं, ..... निर्वाणपरमफलेत्यर्थः ।। અહીં=વ્યતિકરમાં=દૃષ્ટિના વર્ણનના વ્યતિકરમાં, પ્રસંગથી= કુતર્કત્યાગના પ્રાસંગિક કથનથી, સર્યું, હવે પ્રકૃતને કહીએ છીએ. તે=પ્રકૃત, વળી સ્થિરા નામની પાંચમી યોગદૃષ્ટિ છે.**

**સ્થિરાદૃષ્ટિ કેવી વિશિષ્ટ છે ? એથી કહે છે –**

**મહોદયવાળી છે=નિર્વાણરૂપ પરમ ફળવાળી છે. ।।૧૫૩।।**

**ભાવાર્થ :-**

ચાર દૃષ્ટિનું વર્ણન કર્યા પછી ચાર દૃષ્ટિમાં વર્તતા અવેદ્યસંવેદ્યપદને કાઢવા માટે શ્લોક-૮૫માં ઉપદેશ આપ્યો, અને ત્યારપછી તે કાઢવાનો ઉપાય કુતર્કત્યાગ છે, તેથી કુતર્કના ત્યાગનું પ્રાસંગિક કથન શરૂ કર્યું, તે અહીં પૂરું થાય છે, તે બતાવવા માટે કહે છે કે પ્રસંગથી સર્યું. હવે દૃષ્ટિનું વર્ણન જે પ્રકૃત હતું તેનો અમે પ્રારંભ કરીએ છીએ, અને ચાર દૃષ્ટિનું વર્ણન થઈ ગયું, તેથી સ્થિરા નામની પાંચમી દૃષ્ટિ પ્રકૃત છે અને તે નિર્વાણરૂપ પરમફળ આપનારી છે.

અહીં પ્રશ્ન થાય કે બધી જ યોગની દૃષ્ટિઓ નિર્વાણફળને આપનારી છે, આમ છતાં પહેલી ચાર દૃષ્ટિને નિર્વાણરૂપ પરમફળને આપનારી ન કહેતાં પાંચમી દૃષ્ટિને જ નિર્વાણરૂપ પરમફળને આપનારી કેમ કહી ? તેનું તાત્પર્ય એ છે કે પહેલી ચાર દૃષ્ટિઓ યોગમાર્ગરૂપ હોવા છતાં અવેદ્યસંવેદ્યપદથી આક્રાંત હોય છે, તેથી મોક્ષનું કારણ હોવા છતાં મોક્ષથી વિપરીત ભાવોમાં રુચિ કરાવે એવા અવેદ્યસંવેદ્યપદવાળી પણ છે; જ્યારે પાંચમી દૃષ્ટિ તો વેદ્યસંવેદ્યપદરૂપ છે. તેથી તેનો સંપૂર્ણ બોધ મોક્ષ પ્રત્યે એકાંત રુચિવાળો છે. તેથી તેના બોધથી અવશ્ય નિર્વાણફળ પ્રાપ્ત થશે; અને ક્વચિત્ પાપની પ્રવૃત્તિ હશે તોપણ વેદ્યસંવેદ્યપદને કારણે પાપની પ્રવૃત્તિ હણાયેલી શક્તિવાળી હોવાથી પાંચમી દૃષ્ટિ નિર્વાણરૂપ પરમફળને આપનારી છે, તેમ કહેલ છે. **॥૧૫૩॥**

*** 

## યોગદૃષ્ટિસમુચ્ચય ભાગ-૨ સમાપ્ત

प्राणायामवती दीप्रा, न योगोत्थानवत्यलम् ।
तत्त्वश्रवणसंयुक्ता, सूक्ष्मबोधविवर्जिता ॥

प्राणायामवाळी दीप्रा अत्यंत
योगउत्थानवाळी नथी,
तत्वश्रवणसंयुक्त सूक्ष्मबोधथी रहित छे.

: પ્રકાશક :

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9428500401
9824048680